# નવપદ - ચિન્તન



પં. ચન્દ્રશેખરવિજયજી

જે ન લખતાં, જે લખાઈ ગયું; લેખકના હૃદયના
પટ ઉપર; છપાઈ ગયું, અંતસ્તલમાં;
તે નવપદ ભગવંતનું શરણ
આપતું પુસ્તક...

# નવપદ - ચિન્તન

યુગપ્રધાન સમ્ આચાર્ય
પૂ. ચન્દ્રશેખરસૂરીશ્વરજી

૨૬૩

ACHARYA SHRI KAILASSAGARSURI GYANMANDIR
SHRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382007.
Phone : (079) 23276252, 23276204-05

કમલ પ્રકાશન ટ્રસ્ટ

**નવપદ ચિંતન**

**પ્રકાશક :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
૧૦૨/એ, ચંદનબાળા કોમ્પલેક્ષ,
આનંદનગર પોસ્ટ ઓફિસ પાસે,
ભઠ્ઠા-પાલડી, અમદાવાદ - ૩૮૦ ૦૭.
ફોન : ૨૬૬૦૫૩૫૫, ૨૬૬૪૧૫૫૮

**લેખક-પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ, સચ્ચારિત્રચૂડામણિ,
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**યુગપ્રધાન સમ્ આચાર્ય પૂ. ચન્દ્રશેખરસૂરીશ્વરજી**

**આવૃત્તિ :**
પ્રથમ આવૃત્તિ : ૪૦૦૦
દ્વિતિય આવૃત્તિ : ૩૦૦૦ વિ.સં. ૨૦૬૧ તા. ૧૫-૪-૨૦૦૫
તૃતીય આવૃત્તિ : ૩૦૦૦ વિ.સં. ૨૦૬૯ તા. ૧-૪-૨૦૧૩

મૂલ્ય રૂા. ૪૦/-

**મુદ્રક :**
**ભગવતિ ઓફસેટ**
અજય એસ્ટેટ, બારડોલપુરા,
અમદાવાદ.
ફોન : ૨૨૧૬૭૬૦૩

# લેખકીય

વીતેલા મુનિજીવનના ઓગણચાલીસ વર્ષમાં અનેક વખત સિદ્ધચક્ર-ભગવંતને અનુલક્ષીને તેના નવ પદો ઉપર શાશ્વતી ઓળીના સમયમાં પ્રવચનો કરવાનો પ્રસંગ આવ્યો છે. છેલ્લે વિ.સં. ૨૦૪૯ની ચૈત્રી ઓળી સુરતમાં કરી. સનાતન હોલમાં પ્રવચનો થયા. ખૂબ સુંદર ભાવો સિદ્ધચક્ર-ભગવંત વિષે જાગ્યા. ઘણો નવો ક્ષયોપશમ સદ્‌ગુરૂની કૃપાથી થયો. પછી મારાથી ન રહેવાયું. તપોવન આવીને તરત જ સંકલન કરીને આ પુસ્તક મેં પચ્ચીસ દિવસમાં લખ્યું. લખતાં લખતાં એ લખાઈ ગયું છે મારા હૃદય-પટ ઉપર. આ લખાણની મારી ઉપર ઘેરી અસરો થઈ છે. નવપદમાં ક્યાંક પ્રવેશ પામવાની મને જ તાલાવેલી જાગી છે. એનો અ-પ્રવેશ મને તરફડાવી રહ્યો છે.

વિશ્વવત્સલ જિનશાસનને મેં અનેક સ્વરૂપે વિચાર્યું છે. એમાં હવે મને એનું જે સ્વરૂપ દેખાયા કરે છે તે સ્વરૂપશાસન છે.

જિનશાસન એટલે સ્વરૂપશાસન.

જિન એટલે આપણા પોતાના આત્માનું સ્વરૂપ. ભગવાન જિનનું સ્વરૂપ એટલે આપણો પોતાનો જ આત્મા. ભગવાન જિનનું શાસન આપણી ઉપર ચલાવીને આપણા સ્વરૂપને આપણે શોધવાનું છે, જોવાનું છે, માણવાનું છે.

ભગવાન જિનેશ્વરદેવ આપણી ઉપર તેમનું નિશ્ચયાત્મક અને વ્યવહારાત્મક શાસન ચલાવીને જો આપણા સ્વરૂપને પ્રગટ કરતા હોય અને પછી તે સ્વરૂપનું જ આપણી ઉપર શાસન થઈ જતું હોય તો જિનશાસન એ જ સ્વરૂપશાસન એમ કહેવામાં કશું ખોટું જણાતું નથી.

એટલે હવે એ વાત નક્કી થઈ ગઈ કે જિનશાસનને તે જ જૈન પામ્યો કહેવાય કે જૈનને 'સ્વરૂપ' શોધવાની અને શોધ્યા પછી જોયા કરવાની તથા તેને સદા માણવાની તાલાવેલી જાગી હોય.

જ્યારે આવું 'સ્વરૂપ' પ્રગટશે ત્યારે તેનું જ શાસન 'સ્વ' ઉપર ચાલવા લાગશે. ત્યારે જ તે જૈન કૃતકૃત્ય બની શકશે.

માનવભવ કે મુનિજીવન પામીને આપણે એક જ કામ કરવાનું છે : ખોવાયેલા (સ્વરૂપ)ને ખોળવા માટે આપણે ખોવાઈ જઈએ. પરપદાર્થોની પ્રીતિમાંથી તદ્દન બહાર નીકળી જઈએ. આમ થશે તો જ 'સ્વરૂપ' જડશે, જોવાશે અને સદા માટે મણાશે.

જિનશાસન દ્વારા સ્વરૂપશાસનને પામવા માટેની માસ્ટર-કી નવપદદર્શન છે, નવપદનું ચિન્તન-મનન છે, નવપદનું નિદિધ્યાસન છે.

પહેલા નવપદ આપણામાં સંક્રાન્ત થાય, પછી આપણે નવપદમાં જઈ બેસીએ. નવપદના આવા અભેદ-મિલનથી જે પાપશુદ્ધિ અને પુણ્યવૃદ્ધિ થશે તે જ આપણને અને આખા જગત્‌ને દુઃખોથી, પાપોથી છોડાવી શકશે.

હા, છોડાવી શકશે તો તે જ છોડાવી શકશે. કદાચ કાળ 'ફેવર' નહિ કરતો હોય, નિયતિને તે મંજૂર નહિ હોય, સામી વ્યક્તિઓમાં પાત્રતા નહિ હોય તો બીજા તો હજાર ઉપાયો કરીએ તો ય નકામા છે. તેઓમાં છૂટવાની અને છોડવાની એકેય તાકાત નથી.

જો કોઈ પુણ્યાત્માનું સત્વ સ્ફુરાયમાન થતું હોય, જો તેના તન-મનનું સ્વાસ્થ્ય સુંદર જણાતું હોય તો તેવા પ્રત્યેક આત્માએ નવપદમય બનવા તરફ અત્યારથી જ ડગ માંડવું જોઈએ. બીજા ફાંફા મારવાનું બંધ કરી દેવું જોઈએ.

જેમ જેના ઘરના આંગણે જ આંબળા ઉગ્યા છે તેને રક્તવૃદ્ધિ પામવા માટે બીજો કોઈ પ્રયત્ન કરવાની જરૂર નથી તેમ જે મહાભાગ્યશાળી જૈનોને, જૈન મુનિઓને નવપદ ભગવાન મળ્યા છે તેમણે કોઈ પણ સ્થૂળ પરિબળોનો આશ્રય લઈને સ્વને કે સર્વને તારવાના પ્રયત્નો કરવાની કશી જરૂર નથી.

કેવી વાત્સલ્યમયી આ મા છે ! તે કહે છે, 'બેટા ! મારી ગોદમાં આવીને બેસી જા, હું તારા હૈયામાં પેસી જઈશ. અથવા તું મને તારા હૈયે ધારણ કર, હું મારામાં તને સમાવી દઈશ.

મને ઝંખના જાગી છે નવપદમાં બેસવાની, કાંઈ નહિ તો છેવટે સાધુ-પદમાં બેસી જવાની. મારા જેવા ભીતરના ભિખારી માટે તો આ ય ઘેબરીઉં ભોજન છે. પણ ખબર નથી આ પુણ્યહીન આત્માના એ અરમાન આ ભવમાં પૂરા થશે કે નહિ ! કાંઈ નહિ તો છેવટે નવપદ ભગવાન પાસે રડતી આંખે એક જ પ્રાર્થના કરું છું કે મારી ઝંખના જ્યાં સુધી સાકાર ન થાય ત્યાં સુધી મને રડતો અને તરફડતો તો અવશ્ય રાખજે. એથી આવતા ભવે તો નક્કી હું નવપદના પંચમપદમાં બેસી જવાનું સૌભાગ્ય પ્રાપ્ત કરીશ. અનંત ભવોનું પરિભ્રમણ કરી ચૂકેલા મારા આતમને એકાદ ભવનું મોડું થશે તો બહુ અફસોસ નહિ થાય. જો કે આ જ ભવમાં, આજે જ, અત્યારે જ નવપદમાં સમાઈ જવું તો છે પરન્તુ સત્વહીન આત્મા માટે એ બધું કાંઈ થોડું જ શક્ય છે ?

જેમના અંતરમાં આરાધકભાવ પ્રગટ થયો હોય તે પુણ્યવાન મહાત્માઓને મારે વિનમ્રપણે જણાવવું છે કે આ દિશામાં શીઘ્ર આગળ વધી જવાય તે માટે તમે સહુ આટલું જરૂર કરજો :

આતમને મળ-સહજમળ-થી મુક્ત કરજો. (તીવ્ર પશ્ચાત્તાપ કરવા દ્વારા) મનને દોષમુક્ત કરજો (રાગ-દ્વેષની પરિણતિઓને શાન્ત કરવા દ્વારા). તનને રોગમુક્ત કરજો (વધુમાં વધુ તપસ્યાઓ કરવા દ્વારા અને બ્રહ્મચર્ય પાળવા દ્વારા) નિસ્તરંગ (રાગાદિ દોષોના જાગરણ વિનાનું) મન એ જ આપણું જીવન-સ્વપ્ન બની રહો. તે સ્વપ્નને સત્યરૂપે ધરતી ઉપર ઉતારવું હોય તો ઉપર જણાવ્યા મુજબ આતમને, મનને અને તનને મળમુક્ત, દોષમુક્ત અને રોગમુક્ત કરવું પડશે.

જિનાજ્ઞાવિરૂદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડં માંગું છું.

**૧-૧૨-૯૦** — લિ.

**૨૦૪૭ માગસર સુ. ૧૪'સ** — **ગુરૂપાદપદ્મરેણુ**

**નવસારી** — **પં. ચન્દ્રશેખરવિજય**

# અનુક્રમણિકા


- ખંડ ૧ :
- ભુમિકા

| | | |
|---|---|---|
| **૧.** | **ભયાનક સંસાર** | **૧** |
| | દુઃખપ્રતીકાર સુખ | ૨ |
| | અસ્વચ્છ અસર્વઃ વિનાશી ભોગસુખ | ૩ |
| | અસાંયોગિક સુખની અનુભૂતિ : આ સંસારમાં | ૬ |
| | છ અપમાનોને વેઠતો બિચારો જીવ | ૬ |
| | ત્રણ ભ્રમણાથી ભ્રમણ | ૭ |
| **૨.** | **આતમ ઝંખે છૂટકારો** | **૯** |
| | કેવા કેવા ? કેટલા બધા મોક્ષે ગયા ? હું કેમ નહિ ? | ૯ |
| | શું મારે મોક્ષે જવું ન હતું ? | ૧૨ |
| **૩.** | **આરાધના અને વિરાધના** | **૧૪** |
| | ધર્મથી જ મોક્ષઃ પાપથી જ સંસાર | ૧૫ |
| | આરાધનાઓ કહે છે | ૧૫ |
| | વિરાધક ભાવોની કાતીલતા | ૧૬ |
| | આરાધનાઓએ પણ ઘણું આપ્યું તો છે જ | ૧૭ |
| | કરણઃ ઉપકરણઃ અન્તઃકરણ | ૧૯ |
| | બે જીવનશૈલિ વચ્ચે વર્ત્તમાન સંઘર્ષ | ૨૧ |
| **૪.** | **આરાધકભાવ અને વિરાધકભાવ** | **૨૪** |
| | ભાવમળની અલ્પતા કાળબળે જ મળે | ૨૪ |
| | ભાવથી જ ભાવ હણાય | ૨૫ |
| | આરાધકભાવ એટલે આજ્ઞા બહુમાન | ૨૭ |
| | જ્યોત જ્વાળા બને તો ? | ૨૭ |
| | વિરાધકભાવ એટલે નિષ્ઠુર પરિણતિ | ૨૮ |
| | વિરાધક ભાવ તોડી પાડ્યો તો કેવા બચી ગયા ? | ૨૯ |
| | વિરાધક ભાવ જીવતો રાખ્યો તો કેવા હેરાન થઈ ગયા ? | ૨૯ |
| | છ પદાર્થોની વિરાધના કદી કરશો નહિ. | ૩૧ |
| | આજ્ઞા બહુમાનથી શું શું મળવા લાગે ? | ૩૨ |

● ખંડ ૨ :

**સિદ્ધચક્રયન્ત્રસ્વરૂપ**

૫. **સિદ્ધચક્રયન્ત્ર-સ્વરૂપ** ૩૬

આવશ્યક અને અનિવાર્ય ૩૬

નવપદો:ત્રણ વિભાગમાં ૩૬

વર્ણોનું રહસ્ય ૩૬

અરિહંત પદ અને સિદ્ધપદ ૩૭

ગુરુતત્વના ત્રણ પદો ૩૯

★ નવપદોમાં ક્યાંક બેસીએ : કોકને બેસાડીએ ૪૦

★ સમ્યગ્દર્શનપદ અને સાધુપદ ૪૦

★ સાધુ થવાને લાયક કોણ ? ૪૧

★ ઉલ્લાસથી દીક્ષા લેવામાં જ ઘણો ફાયદો ૪૨

★ નિમિત્તોની ભયાનકતા ૪૩

★ ગેટ વે ઓફ નવપદ ૪૩

★ સંસાર, સાર પણ કેમ નહિ ? ૪૪

★ ભક્તિ:જ્ઞાન:શૌર્ય: શુદ્ધિના છેલ્લા ચાર પદો ૪૫

★ પૂર્ણ અને શૂન્ય પાંચ પરમેષ્ઠિઓ ૪૫

● ખંડ ૩ :

**નવપદદર્શન**

૬. **દેવતત્ત્વ**

**અરિહંતપદ** ૪૯

૧. વિરાધકભાવ: સ્વાર્થભાવ ૪૯

૨. આરાધકભાવ: પરાર્થભાવ ૫૪

૩. અરિહંત સ્વરૂપ ૫૮

૪. અરિહંત શરણાગતિ ૬૯

૫. અરિહંત શરણાગત ભક્તજનો ૭૭

૭. **સિદ્ધપદ** ૮૫

૧. વિરાધકભાવ: દેહભાવ ૮૫

૨. આરાધકભાવ: દેહાધ્યાસત્યાગ ૯૨

૩. સિદ્ધસ્વરૂપ ૧૦૨

૪-૫) સિદ્ધ શરણાગતિ અને સિદ્ધ ભગવંતના ભક્તજનો ૧૧૦

૮. ગુરૂપદ
આચાર્યપદ ૧૧૫
૧-૨) વિરાધક-આરાધક ભાવ : અનાચાર-સદાચાર ભાવ ૧૨૪
૩) આચાર્ય-સ્વરૂપ ૧૩૧
૪-૫) આચાર્યપદસ્થોની શરણાગતિ અને તેમના ભક્તજનો ૧૩૬
★ ગીતાર્થતા ૧૩૭
★ સંવિગ્નતા ૧૩૯
★ પુણ્યશાલિતા ૧૩૯
★ સૂક્ષ્મની જબરી તાકાત ૧૪૦
૯. ઉપાધ્યાયપદ ૧૪૨
૧) વિરાધકભાવ-અજ્ઞાનભાવ ૧૪૨
૨) આરાધકભાવ-જ્ઞાનભાવ ૧૪૬
૩) ઉપાધ્યાય-સ્વરૂપ ૧૪૬
૪-૫) ઉપાધ્યાય પદની શરણાગતિ અને તેમના
(ગુણાનુવાદ કરતાં) ભક્તજનો ૧૪૮
૧૦. સાધુપદ ૧૫૦
૧) વિરાધકભાવ-અસહિષ્ણુતાદિ ૧૫૦
૨) આરાધકભાવ-સહિષ્ણુતાદિ ૧૫૩
૩) સાધુ-સ્વરૂપ ૧૫૬
૪-૫) સાધુપદના આરાધકો અને શરણાગતો ૧૬૪
● ધર્મખંડ
૧૧. સમ્યગ્દર્શનપદ ૧૭૧
પૂર્ણદર્શન તે સમ્યગ્દર્શન ૧૭૮
ત્રણ પદાર્થોનું સમ્યગ્દર્શન ૧૭૯
જગદ્દર્શન ૧૮૧
શરણાગતિ તે સમ્યગ્દર્શન ૧૯૧
જિનવચન શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન ૧૯૨
ભક્તિચતુષ્ક એ સમ્યગ્દર્શન ૧૯૫
પાપધિક્કારઃ રાગવિરાગ એ સમ્યગ્દર્શન ૧૯૫
જાગરણ અને અ-ચિત્તપાત એ સમ્યગ્દર્શન ૧૯૭
સમકિતિની ધર્મ-જ્યોત જ્વાળા બને ૧૯૮

| | | |
|---|---|---|
| | આદર: કદર એ સમ્યગ્દર્શન | ૧૯૮ |
| | ત્રણ વાંદરા | ૧૯૯ |
| | વંદન તે નવપદશ્રેષ્ઠ સમ્યગ્દર્શનને | ૨૦૦ |
| | સુખે અલીનતાદિ એ સમ્યગ્દર્શન | ૨૦૧ |
| ૧૨. | **સમ્યગ્જ્ઞાન પદ** | ૨૦૮ |
| | સમ્યગ્ એટલે વિશિષ્ટ | ૨૦૮ |
| | ફુટપટ્ટીથી તે સમુદ્ર મપાતો હશે ? | ૨૦૯ |
| | મોહનીય કર્મના હ્રાસ વિનાના જ્ઞાનાદિ નકામા. | ૨૧૦ |
| | જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં | ૨૧૩ |
| | જ્ઞાની એટલે સ્યાદ્વાદી | ૨૧૪ |
| | ઉપમિતિમાં સદ્બુદ્ધિનો મહિમા | ૨૧૫ |
| | અજૈનોમાં સમ્યગ્જ્ઞાનની ઝલક | ૨૧૭ |
| | રત્નત્રયી ઉપર થતાં હુમલાઓ | ૨૧૯ |
| | ઓક્સીજન ઉપર જીવતી પાઠશાળાઓ | ૨૧૯ |
| ૧૩. | **સમ્યક્ચારિત્રપદ** | ૨૨૧ |
| | વિવિધ પ્રકારના ચારિત્ર | ૨૨૧ |
| | તારકો પણ સંસાર ત્યાગે: દીક્ષા લે | ૨૨૩ |
| | સહુ દીક્ષાના માર્ગે | ૨૨૪ |
| | સૂક્ષ્મની તાકાત એ જ ચારિત્ર | ૨૨૫ |
| | મહાન્ ચારિત્રધરો ઉપર પણ પાંચ હુમલા ! | ૨૨૯ |
| ૧૪. | **સમ્યક્તપ-પદ** | ૨૩૯ |
| | બાહ્ય અને અભ્યતર તપ | ૨૩૯ |
| | અનશનના બાહ્ય ફાયદાઓ | ૨૩૯ |
| | શરીર જ મોટો શત્રુ | ૨૪૦ |
| | તપ શા માટે ? કેવો તપ કરવો ? | ૨૪૧ |
| | આંબિલની મહાનતા | ૨૪૩ |
| | મોક્ષની શોર્ટકટ: તપ | ૨૪૪ |
| | બાર તપમાં જીવન-વિકાસના આઠ પગથીઆ | ૨૪૪ |

# ખંડ : ૧

# ભૂમિકા

अरिहाइं नवपयाइं झाइत्ता हिययकमलमज्झंमि ।

सिरिसिद्धचक्कमाहप्पं उत्तमं किंपि जंपेमो ॥

**હૃદયના કમલમાં અરિહંત આદિ નવપદોની સ્થાપના કરીને, તેમનામાં તન્મય બનીને હું ઉત્તમ એવા તે શ્રી સિદ્ધચક્ર ભગવંતનો કાંઈક મહિમા કહું છું.**

# (૧) ભયાનક સંસાર

અરેરે ! કેટલો બધો ભયાનક આ સંસાર છે ! રોગાદિથી દુઃખમય છે તેથી તો તે ભયંકર છે જ, હિંસાદિથી પાપમય છે તેથી પણ તે ભયંકર છે જ પરન્તુ આ સંસાર સુખમય મળ્યો હોય તો ય ખૂબ ભયંકર છે.

બેશક, ધર્મ કરવાથી પુણ્ય બંધાય. એ પુણ્ય ઉદયમાં આવે ત્યારે જ સંસારમાં સુખ મળે. આમાં ધર્મ સારી વસ્તુ છે, પુણ્ય પણ કદાચ (પુણ્યાનુબંધી હોય તો) સારી વસ્તુ કહી શકાય, પરન્તુ તેનો ઉદય થવાથી જે ભોગસામગ્રી મળે તે તો મહાભયંકર જ છે. તેના સુખને તો સારું ન જ કહેવાય.

ધર્મ સારો તેથી તેનાથી ઉત્પન્ન થતું ભોગસુખ સારું એવું સમજદાર માણસ કદી ન કહે.

ચંદનનું કાષ્ઠ ઠંડક આપે છે માટે તે સારું તેથી કાંઈ તેને બાળવાથી ઉત્પન્ન થતી આગ થોડી જ સારી કહેવાય ? તે કાંઈ થોડી ઠંડક આપે ? તે તો દઝાડીને જ રહે.

ધનદાન સારું તેથી જો દાન કરાવી શકતી લક્ષ્મી પણ સારી કહેવાશે તો ક્યારેક કોક માણસ કહેશે કે લક્ષ્મી પ્રાપ્ત કરાવતી અનીતિને પણ સારી કહેવી પડશે.

કમળ સારું હોવાથી કાંઈ કાદવને સારો ન કહેવાય. ભલે તે કાદવમાંથી સુંદર કમળ પેદા થયું હોય.

એટલે જ ધર્મથી-પુણ્યથી- પ્રાપ્ત થતો સુખમય સંસાર પણ દુઃખમય સંસાર જેટલો જ ભયંકર છે.

ખરેખર તો દુઃખ કરતાં સુખ જ વધુ ભયંકર છે. દુઃખ એ વીંછીનો ડંખ છે. તાત્કાલિક ચીસ પડાવી દે. પણ સુખ તો ઝેરી સાપનો ડંખ છે. કદાચ તેવી ચીસ જરાય ન પડાવે પણ જીવ જ લઈને જંપે.

આથી જ જ્ઞાનીઓએ દુઃખને લોઢાની છરી કહી છે તો સુખને કાંઈ ગુલાબની માળા નથી કહી. એને સોનાની છરી કહી છે. છરી તો કોઈ પણ હોય, તે મારે જ.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસારમાં ત્રણ શ્લોક દ્વારા સાબિત કરી આપ્યું છે કે પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત થતું સંસારસુખ એ પણ વસ્તુતઃ દુઃખ જ છે.

दुःखं पुण्यभवं सुखम् ।

એમણે કહ્યું છે કે :

(૧) એ સુખને મેળવવા પૂર્વે, તેને રક્ષવા માટે અને તેને વધારવા માટે પુષ્કળ ચિન્તાઓ કરવી પડે છે, માથાકૂટો કરવી પડે છે. અને છતાં ય તેના સ્વભાવમાં ચંચળતા છે, વિનાશિતા છે. એટલે તેનો વિયોગ થતાં અતિ ભારે આઘાતો અનુભવવા પડે છે.

(૨) સુખનો યોગ થતાં અણસમજુ માણસો પાપી બન્યા વિના રહેતા નથી અને વિયોગ થતાં પાગલ જેવા બની જાય છે. આના કરતાં તો દુઃખ ઓછું ખરાબ કહેવાય, કેમકે તેનો યોગ થતાં માણસ માત્ર દુઃખી થાય છે (ઝટ પાપી બની જતો નથી.) અને તેનો વિયોગ થતાં તો આનંદિત બની જાય છે.

(૩) વળી સુખના ભોગવટાની ક્ષણો દરમ્યાન પણ સુખની અનુભૂતિ કરતાં દુઃખની અનુભૂતિ વિશેષ હોય છે. એ જ વખતે એ સુખના ભોગવટાથી તૃપ્તિ થતી નથી અને પેટ વગેરે વધુ સુખ ભોગવવાની ના પાડે છે. એટલે અતૃપ્તિનું દુઃખ એ જ સુખની ક્ષણોમાં ચાલુ રહે છે અને એ વખતે પોતાનાથી પણ વધુ સુખ જેમને મળ્યું છે તે લોકોની પ્રત્યે ઈર્ષ્યાનો ત્રાસ શરૂ થઈ જાય છે. સુખના ભોગવટાની ક્ષણોમાં એ બીજું દુઃખ પેદા થાય છે. મનુષ્યો કરતાં દેવો પાસે ભૌતિક સુખસામગ્રી અત્યન્ત ચડીઆતી હોવા છતાં તમામ મિથ્યાદષ્ટિ દેવો એ સુખોના ભોગવટાની ક્ષણોમાં ય અતૃપ્તિ અને ઈર્ષ્યાના બે દુઃખોથી સતત પીડાતા હોય છે.

## દુઃખપ્રતિકાર સુખ

વળી સંસારનું ભોગસુખ એટલે બીજું કાંઈ જ નથી. અર્થાત્ એનું પોતાનું સ્વતન્ત્ર 'સુખ' રૂપે કોઈ અસ્તિત્વ જ નથી. તમે દુઃખને ધક્કો મારો : આવી પડેલા દુઃખનો ગમે તે રીતે અભાવ કરો એનું જ નામ સાંસારિક સુખ.

આમ આ સુખ એ દુઃખનો અભાવ છે, એ અભાવસ્વરૂપ છે. આમાં ય વળી કેવી કમાલ છે કે જેટલું આ સુખ તમારે વધુ અનુભવવું હોય તેટલું પહેલાં તમારે દુઃખ વધુ પેદા કરવું પડે.

એક ડીગ્રી તાવનું દુઃખ પેદા થાય તો તે દૂર થવાથી જે મજા(સુખ) ન મળે તેવું અપૂર્વ સુખ ૭ ડીગ્રી તાવ-તે પણ ખાસ્સા એકવીસ દિવસ સુધી -

'ટાઈફોઈડ'ના સ્વરૂપમાં તમે અનુભવો. અને ઉપચારથી તેને ધક્કો મારી દો તો બાવીસમાં દહાડે તાવ 'નોર્મલ' થઈ જતાં, પથારીમાંથી ઘણા દાડે પહેલી જ વાર ઉઠીને લોબીમાં ધીમા પગલે આંટા મારતા જે મજા આવે એ તો કોઈ 'ઓર' જ હોય.

સખત કબજીઆતનો ભયંકર ત્રાસ લાગટ ચાર દિવસ અનુભવ્યા બાદ હરડે લેવાથી જે જોરદાર રીતે પેટ સાફ થઈ જાય અને મળના ઢગલે ઢગલા નીકળી જઈને પેટ સાફ આવી જાય એનો જે મસ્ત (યોગીની સમાધિ જેવો) આનંદ આવે એવો આનંદ કાંઈ રોજ-રાબેતા મુજબ-પેટ સાફ આવતું રહે તેમાં તો ન જ આવે ને ?

દીકરો સદા ઘરે -આંખ સામે-રમતો જોવા મળે એનો આનંદ કેટલો ? અને એનું અપહરણ થાય, સાત દિ' ચારેકોર દોડધામ થાય, સહુના જીવ અદ્ધર થઈ જાય પછી સદ્નસીબે 'બાબલો' પ્રાપ્ત થાય એ વખતે જે આનંદ થાય એ તો અવર્ણનીય જ હોય ને ? અરે ! એવા વખતે તો સુખી માણસો સ્વજનો અને સ્નેહીજનોને આમન્ત્રીને મોટી મસ્ત પાર્ટીનું આયોજન કરે !

ઘરમાં જ પડેલા લાખ રૂપિઆનો જે આનંદ છે એના કરતાં એની ચોરી થયા બાદ પોલીસ દ્વારા એંસી હજાર પાછા મળ્યાનો આનંદ હંમેશા વર્ણનાતીત હોય છે.

આમ આ સંસારનું કોઈ પણ સુખ 'અભાવ' સ્વરૂપ છે, દુઃખને ધક્કો મારવા સ્વરૂપ છે. જેટલું દુઃખ વધુ તેટલું તેના ધક્કાનું સુખ વધુ. એ એની પ્રાથમિક શરત છે. આથી જ જ્ઞાનીઓએ આવા સુખને દુઃખપ્રતીકાર સુખ કહ્યું છે.

હાય ! આવા દુઃખના ધક્કા સ્વરૂપ સુખથી જો સંસાર સુખમય બનતો હોય તો તેને શું કરવાનો ? વસ્તુતઃ તો એ દુઃખમય જ છે.

## અસ્વચ્છ : અસર્વ : વિનાશી ભોગસુખ

ચાલો, હજી એક વાત કરું.

જીવને જે સુખ જોઈએ છે તે સુખ તો પુણ્યકર્મના ઉદયથી ઉત્પન્ન થતું સુખ છે જ નહિ. ચક્રવર્તી જીવ પણ તેવા સુખને પામી શકતો જ નથી.

જીવને જે સુખ જોઈએ છે તે :

(૧) દુઃખના મિક્ષ્ચર વિનાનું જોઈએ છે.

(૨) બધી જાતનું જોઈએ છે.

(૩) કદી જતું ન રહે તેવું જોઈએ છે.

આ ત્રણમાંથી એકપણ શરતે ઉણું સુખ કોઈપણ સંસારી જીવને હકીકતમાં તો બિલકુલ પસંદ નથી.

ધારો કે આ સંસારમાં ધન, કુટુંબ, શરીર, સ્ત્રી વગેરે બધા મળીને દસ જાતના સુખો છે. શું એ દરેક ધન વગેરેના સુખમાં તેની ચિન્તા, રક્ષા વગેરેનું દુઃખ ભળેલું નથી ?

નારીના સુખની સાથે જ નારીનો ખરાબ સ્વભાવ, રોગિષ્ટ શરીર, અણઘડપણું, દુઃશીલતા વગેરે દુઃખો ભળેલા હોતા નથી ?

શરીરના સ્વાસ્થ્યના આનંદ સાથે શરીરના રોગોના દુઃખ મિશ્રિત થએલા નથી શું ?

હવે કદાચ કોઈ પુણ્યવંતા જીવને નારીનું, શરીરનું કે ધનનું એક, બે કે ત્રણ, ચાર એવા સુખ મળ્યા કે જેમાં એક પણ દુઃખનું મિશ્રણ થયું નથી તો ય શું ? દસે ય સુખ તો તેને તેવા નહિ જ મળ્યા હોય ને ?

નારીના વિષયમાં તે બધી વાતે સુખી હોય તો ય તે શરીરની વાતમાં બધી વાતે સુખી નહિ જ હોય. અથવા તેમાં ય બધી વાતે સુખી હશે તો ધંધાના વિષયમાં પૂરો સુખી નહિ જ હોય.

હવે નવ સુખના વિષયમાં એ પૂરો સુખી હશે પણ જો એક સુખના વિષયમાં દુઃખી હશે તો એ દુઃખની આગમાં તે નવે ય સુખોનું સુખ સળગીને સાફ થઈ જશે.

રૂપાળો પતિ ! કરોડોની સંપત્તિ ! જબરદસ્ત બંગલો ! પાંચ મોટરો ! ખૂબ અનુકૂળ સાસુ-સસરા ! પણ અફસોસ.... એ વહુનો ખોળો ભરાતો નથી. એને એક પણ સંતાનની પ્રાપ્તિ થઈ નથી, લાખો ઉપાયો કરવા છતાં...

આવી સ્ત્રીને પૂછો કે, 'બેન ! તું ખૂબ સુખી ખરી કે નહિ ?'

કદાચ બે સંતાનોને બગલમાં ઉંચકીને ભીખ માંગતી ભીખારણને બતાડીને તે કહેશે કે મને તો આ ભીખારણ વધુ સુખી જણાય છે કે જેને મા બનવાનું મહાસુખ મળ્યું છે. મારા તો બધા ય સુખ વન્ધ્યત્વના દુઃખમાં સળગીને સાફ થઈ ગયા છે.

હજી એક ડગ આગળ વધીએ.

ધારો કે કોઈ મહા-મહા-પુણ્યવંતા જીવને દસેય જાતના સુખો મળ્યા છે અને તે ય દુઃખના કશા ય ભેળ વિનાના...

નિરોગી શરીર, કહ્યાગરી પત્ની, ધીકતો ધંધો, પિતૃભક્ત સંતાનો... પણ તો ય શું ? એ બધાનો એક દિ'- મોતની નોબત બજતાંની સાથે - એકી સાથે અંત આવી જવાનો.

હાય ! આટલી બધી મજા શું એક સાથે છોડી દેવાની ? શું આ બધું છોડી દેવા માટે મેળવ્યું ? અરેરે ! એનો આઘાત કેવો અસહ્ય હોય ! જેમ હરણને મારીને ઢસડીને પેલો સિંહ ખેંચી જાય તેમ મોત જીવને મારીને ઢસડીને પરલોકભેગો - એના કર્મો પ્રમાણે -કરી દે ! આ સ્થિતિ કેટલી બધી અસહ્ય છે ! કઈ અજાણી દુનિયામાં જવાનું ! કેવી રીતે અતિ પ્રિય બધું એક સાથે છોડી દેવાનું ! મરવા પડેલા માણસને કેન્સર થયું હોય તો તેની વેદનાનો જે ત્રાસ થતો હોય તેથી અનેકગણો ત્રાસ, પાથરેલા આ સંસારને - ઘરબાર, કુટુંબપરિવાર, દેહાદિને - છોડવાની કલ્પનાનો હોય છે.

વળી જો તે ધાર્મિક માણસ હોય તો કરેલા ઘણા બધા પાપોના હવે પરલોકમાં કેવા ભયાનક ફળો આવશે ? તેની ધ્રૂજારીઓ પણ ભીતરમાં સતત તેને પસાર થતી હોય છે.

આ ઉપરથી નક્કી થયું કે જીવને જે સુખ જોઈએ છે તે અદુઃખમિશ્રિત, સર્વ પ્રકારક અને અવિનાશી જ સુખ જોઈએ છે. સંસારનું જે સુખ છે- પછી તે નરેન્દ્રનું હોય કે દેવેન્દ્રનું હોય -તે બધું આવું સુખ તો નથી જ. આથી જ એમ કહેવાય કે સંસાર સુખમય મળતો હોય તો ય તે નકામો છે.

જીવને જેવું સ્વચ્છ, સર્વથા અને શાશ્વત સુખ જોઈએ છે તે માત્ર મોક્ષમાં મળે છે. આથી જ ડાહ્યા માણસો તેવું સુખ પામવા માટે સંયમધર્મને અંગીકાર કરે છે. આ સંયમધર્મમાં ભલે દેખીતી રીતે લોચ, વિહારાદિનું દુઃખ જણાતું હોય પરન્તુ તેની સામે જે મોક્ષસુખની કાયમી પ્રાપ્તિના પ્લસ પોઈન્ટ છે કે તેને જોઈને સુજ્ઞજનો લોચ વગેરેના સાધુજીવનના કષ્ટો ભોગવવાના દેખાતા માઈનસ પોઈન્ટ ભોગવી લેવા એકદમ સહેલાઈથી તૈયાર થતા હોય છે.

વળી સંસારમાં ય દુઃખ વિના તો ક્યું સુખ હાથમાં આવીને પડી જતું હોય છે ! દુઃખ ભોગવ્યા વિના તો સંસારનું સુખ પણ પામી શકાતું નથી.

## અસાંયોગિક સુખની અનુભૂતિ આ સંસારમાં

આ જ ધરતી ઉપર મોક્ષસુખની અનુભૂતિ કરાવે, એ સુખનો સ્વાદ ચખાડે એવું મુનિપણાનું સુખ વિદ્યમાન હોવા છતાં જીવો તેને સ્વીકારતા નથી એનું કારણ એ છે કે તેમણે તે સુખનો સ્વાદ કદી લીધો નથી. વળી સ્વાદ લેવામાં ય તેમને ડર લાગ્યા કરે છે.

શેઠને ઘરે લગન હતા. રોજ દૂધ આપી જતાં રબારીને શેઠે લગનના જમણવારમાં આમન્ત્રણ આપ્યું. જમણમાં ઘેબર હતા. પણ રબારી તો તેને જોઈને જ ગભરાઈ ગયો, કેમકે તેણે આવી ચીજ કદી જોઈ ન હતી. તેણે તો તેની કલ્પનાનું અતિ ઉત્તમ ભોજન ગોળની રાબ જ માંગી. પછી શેઠે તેનું ગળું પકડીને જ્યારે મોંમાં ઘેબરનો ટુકડો પરાણે મૂક્યો ત્યારે તે એટલો ખુશ થયો કે માંગીને ખૂબ ઘેબર ખાધા.

નારદે ભૂંડ-ભૂંડણને સ્વર્ગમાં આવી જવા કહ્યું તો તેમણે સવાલ કર્યો કે, તે સ્વર્ગમાં વિષ્ઠા, ગટર, ગંદકી વગેરે છે કે નહિ ? જો તે ન હોય તો સ્વર્ગમાં આનંદ શું ? અમારે નથી આવવું.

## છ અપમાનોને વેઠતો બિચારો જીવ !

કેવો ભયાનક છે આ સુખમય પણ સંસાર ! કર્મરાજા (પુણ્યકર્મ) રીઝે તો જ ભોગસુખ મળે. જો તે રીસે તો સુખી મોટો ભૂપ પણ ભૂ પીતો થઈ જાય ! આ સુખ તો નજરકેદનું સુખ કહેવાય, પરાધીન સુખ કહેવાય ! ક્યો ડાહ્યો માણસ નજરકેદના પરાધીન સુખને ઈચ્છે ?

આત્મા છે અજન્મા, છતાં સંસારમાં તેણે જન્મ લેવાનું એક અપમાન, અને તે ય કર્મો પ્રમાણે ગમે ત્યાં જન્મ લેવાનું બીજું અપમાન !

આત્મા છે અપ્રાણ અને અપાપ, છતાં તેણે સંસારમાં દસ પ્રાણો લઈને જીવવાનું અને તે ય પાપો કરીને.

આત્મા છે અસલમાં અમર, છતાં તેણે મરવાનું અને તે ય પ્રાયઃ રિબાઈને.

ક્રોધાયમાન થએલો સાત મણિવાળો સાત ફણાવાળો સાપ જ્યારે શિકાર ઉપર હુમલો કરવાની પૂર્વ તૈયારીમાં ડોલવા લાગે ત્યારે કેટલો સોહામણો લાગે ! પણ શું તેથી કાંઈ તેને ભેટવા દોડી જવાય ? એ ભીતરમાં તો અત્યન્ત બિહામણો છે !

આવો છે ભયાનક સંસાર ! પુણ્યે દેખાય સોહામણો , છતાં ભોગવટે બની જાય અત્યન્ત બિહામણો.

## ત્રણ ભ્રમણાથી ભ્રમણ

આ સંસારમાં સૌથી મોટા ત્રણ ભયંકર તત્વો છે : ઈચ્છા, જન્મ અને સુખ.

ઈચ્છા કરવા જેવું કોઈ દુઃખ નથી. જન્મ જેવો કોઈ રોગ નથી. સુખ જેવું કોઈ પાપ નથી.

ઈચ્છાને જેણે સુખ માન્યું, જન્મને જેણે વધાવ્યો, સુખને જેણે ભોક્તવ્ય માન્યું એ ભ્રમણામાં જ એણે એનું ભ્રમણ ચલાવ્યું. એ અનંત બન્યું, ધર્મ કરીને ય એનો અન્ત લાવી શકાયો નહિ.

ભ્રમણા ભાંગે નહિ તો ભ્રમણ પણ ભાંગે નહિ. ભ્રમણાથી જ ભ્રમણ છે.

ખરેખર આ સંસાર પુણ્યે મળ્યો હોય તો ય સોહામણી દેખાતી વિષકન્યા જેવો છે. જેને એ અડે એને એનું ઝેર ચડે, એ ખતમ થઈ જાય. લાખો, કરોડો, અનંત વાર મોતને ભેટ્યા જ કરે.

સંસાર દુઃખમય લાગે તેમાં કશી નવાઈ નથી. ગધેડાને પણ સંસાર દુઃખમય લાગે છે.

પાપો કરવા પડતાં હોવાથી સંસાર પાપમય લાગે તેમાં થોડીક બૌદ્ધિક પ્રગતિ થઈ કહેવાય. આવો આત્મા માણસ કહેવાને લાયક ગણી શકાય.

પરન્તુ માણસમાં ય જૈન તો તેને જ કહેવાય જેને પુણ્યે મળેલો સુખમય સંસાર પણ દુઃખમય સંસાર કરતાં ય વધુ ભૂંડો, નગુણો અને ભયાનક લાગે.

તો હવે શું કરવું ?

બસ, ગમે તે ઉપાય કરીને આ સંસારથી છૂટકારો જ મેળવવો રહ્યો.

આ ભયાનક સંસારમાં તો વધુ રહેવું જરાય પોષાય તેમ નથી.

આ સંસારમાં સદા માટે કોણ કોનો બાપ છે ! કોણ કોની બા છે, પત્ની છે ! બસ... જે તે જ્યારે ત્યારે ભેગા થઈને છૂટા પડે છે અને એમના સ્નેહના ફાંસલામાં ફસાઈને આ સંસારમાં ભટક્યા કરે છે, ભટક્યા જ કરે છે.

- कस्यापत्यं पिता कस्य, कस्याम्बा कस्य गेहिनी ।
  एक एव भवाम्भोधौ जीवो भ्रमति दुस्तरे ॥

- गगननगरकल्पं सङ्गमं वल्लभानाम्,
  जलदपटलतुल्यं यौवनं वा धनं वा ।
  स्वजनसुतशरीरादीनि विद्युच्चलानि,
  क्षणिकमिति समस्तं विद्धि संसारवृत्तम् ॥

- ऐहिकं यत्सुखं नाम सर्वं वैषयिकं स्मृतम् ।
  न तत्सुखं सुखाभासं किन्तु दुःखमसंशयम् ॥

જેટલા સંસારના-આલોકના કે પરલોકના-વિષયસુખો કહેવાય છે તે તમામ સુખો સુખ જ નથી, સુખાભાસ છે. અરે! એના વિપાકનો વિચાર કરીએ તો મહાભયાનક દુઃખ દેનારા એ સુખો દુઃખ જ છે.

- भोगे रोगभयं कुले च्युतिभयं वित्ते नृपालाद्भयम् ।
  माने दैन्यभयं बले रिपुभयं, रूपे तरुण्या भयम् ॥
  शास्त्रे वादभयं गुणे खलभयं काये कृतान्ताद्भयम् ।
  सर्वं वस्तु भयान्वितं भुवि नृणां वैराग्यमेवाभयम् ॥

પેલા ભર્તૃહરિએ કેવી વાત કરી છે! એ કહે છે કે આ સંસારની બધી વસ્તુઓ ભયથી ભરેલી છે. નિર્ભય જો કોઈ આ જગતમાં વસ્તુ હોય તો તે માત્ર વૈરાગ્યભાવ છે.

- પૂજ્ય વિનયવિજયજી મહારાજાએ કહ્યું છે,
  જન્મ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો,
  કર્યા કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો,
  શરણ એ અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો,
  શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો.

# (૨) આતમ ઝંખે છૂટકારો

સુખમય દેખાતો સંસાર પણ જ્યારે દુઃખમય સંસારથી ભૂંડો નક્કી થઈ જતો હોય તો હવે એક જ વાત રહી કે ગમે તે રીતે આ ચાર ગતિના ભયાનક સંસારથી સદા માટે છૂટકારો લઈ લેવો.

અરે ! એવો છૂટકારો તો આજ સુધીમાં અનંતા આત્માઓએ હાંસલ કર્યો છે. બસ, તો મારે પણ એ માર્ગે ડગ માંડીને એ સિદ્ધિ મેળવવી જ રહી. હા, એ માટે ભેજાનું દહીં કરવું પડશે, પુષ્કળ મંથન કરવું પડશે, ઉચ્ચતમ સત્સંગ કરવો પડશે, ઘોર પુરુષાર્થ પણ કરવો પડશે. શાસ્ત્રોનું વલોણું કરીને અનાદિ સંસારનો અન્ત લાવવાની કોઈ પ્રક્રિયા શોધવી તો પડશે જ. અનંત કાળમાં પાંચ, પચાસ, લાખ, અબજ કે અસંખ્ય આત્માઓ જ મોક્ષે ગયા નથી, સંસારની ચાર ગતિથી સર્વથા અને સર્વદા છૂટકારો પામ્યા નથી પરન્તુ અનંતાનંત આત્માઓ આ છૂટકારો પામ્યા છે.

## કેવા કેવા બધા મોક્ષે ગયા ? હું કેમ નહિ ?

તેઓ ગતિમોક્ષ પામ્યા, દુઃખમોક્ષ પામ્યા, ઈચ્છામોક્ષ પામ્યા. સદા માટે પામ્યા. ફરી કદી સંસારમાં તેઓ આવવાના નહિ. દુઃખી, પાપી, રાગી, દ્વેષી કશું કદી બનવાના નહિ. તેઓ આત્મામાંથી સહજ રીતે રહેલો સ્વચ્છ આનંદ સદા માણવાના. તેમને અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત ચારિત્ર સદા માટે, સ્વયંભૂ રીતે પ્રગટભાવે રહેવાના.

ધર્મીઓ જ મોક્ષે નથી ગયા; દઢપ્રહારી, ઈલાચીકુમાર વગેરે જેવા ચોર, લૂંટારા, ડાકુઓ ય મોક્ષે ગયા છે. બધા સાધુ થઈને જ મોક્ષે નથી ગયા, હસ્તમિલાપની ક્રિયામાં, સિંહાસન ઉપર બેઠા બેઠા, આરીસાભુવનમાં આયના સામે કપડાં ઉતારતા, સંન્યાસીના ભગવા વેષમાં ય ઘણા બધા આત્માઓ આ છૂટકારો પામ્યા છે.

કેટલાક મહાભયંકર પાપીઓ ભલે સીધો મોક્ષ પામ્યા નથી પણ એમણે સમ્યગ્દર્શન પામી લઈને પોતાના મોક્ષનું રીઝર્વેશન તો નક્કી કરી જ દીધું છે. તામલી તાપસ, ગોશાલક, ચિલાતી વગેરે ઘણાના આ વિષયમાં નામો આપી શકાય.

હવે લાખ રૂપિયાનો સવાલ એ છે કે, તો આપણો મોક્ષ કેમ ન થયો ? આટલા બધા અને આવા જીવો પણ જો મોક્ષે ગયા તો આપણે કાંઈ એટલા બધા ખરાબ તો સંસ્કારોથી જણાતા નથી પછી મોક્ષ કેમ ન થયો ? જો મોક્ષ થઈ જાય તો કેવી મઝા આવી જાય !

પેલા એકનાથ પૂજારીને મંદિરના વહીવટનો એક પૈસાનો હિસાબ મળતો ન હતો. છેવટે રાતે બે વાગે હિસાબ મળી જતાં એકનાથ જોરથી બોલી ઉઠ્યો, "મિલ ગયા ભાઈ ! મિલ ગયા, હિસાબ મેરા મિલ ગયા !"

આ અવાજ સાંભળીને મહંતશ્રી પણ જાગી ગયા. એકનાથની એ આનંદમુદ્રા જોઈને તે બોલ્યા, "બેટા એકનાથ ! અનાદિકાળના જીવના ભ્રમણનો કોઈ હિસાબ જ મળતો નથી. જો તે હિસાબ મળી જાય તો કેવી મજા પડી જાય !"

સો માળ સુધી લિફ્ટ પહોંચે અને પછી ખબર પડે કે ફલેટની ચાવી તો નીચે પાર્કીંગ કરેલી મોટરમાં જ રહી ગઈ છે ત્યારે ઠેઠ ફરી નીચે જવું પડે. આવી જ કોઈ ગરબડ તો નથી થઈ ને ? સાપ અને સીડીની રમત જેવું બન્યું લાગે છે. સીડીએ માંડ જીવ ચડ્યો, પણ સાપના મોંએ ગળાઈ ગયો ! સાવ હેઠે ઉતરી ગયો !

દૃઢપ્રહારી વગેરે જીવો ભલે મહાપાપી હતા. આપણો જીવ ભલે કદાચ તેવા મહાપાપોના સંસ્કારો ધરાવતો ન હોય પણ એક વાત નક્કી છે કે તે મહાપાપીઓને પાપ ઉપર જે પશ્ચાત્તાપ થયો હશે તેવો પશ્ચાત્તાપ નાનકડા પાપો કરનારા આપણને થતો જ નથી. કેન્સરની ગાંઠ જો ઓપરેશનથી કાઢી નાંખી હોય અને બાવળીઓ કાંટો જો કાઢ્યો ન હોય તો તેવા કેન્સર કરતાં કાંટો જ વધુ ખતરનાક ગણવો પડે ને !

હવે તો ગમે તેમ કરીને આપણે બુદ્ધિ ચલાવવી જ રહી કે ચાર ગતિના આ ભયાનક સંસારથી છૂટકારો પામવામાં અટક્યું છે ક્યાં ? અનંતા કાળમાં અનંતીવાર દીક્ષા લીધી, અનંત માસખમણો કર્યા તો ય છુટકારો કેમ નહિ ?

પેલી અમદાવાદની મીલના બધા સંચા એકાએક અટકી પડ્યા અને દિવસ ઉપર દિવસ જતાં લાખોનું નુકસાન શેઠને થયું ત્યારે એક ગામઠી ઈજનેરે દસ હજાર રૂપીઆનો ચેક પહેલાં હસ્તગત કરી લઈને માત્ર એક નાનકડી હથોડીના એક ઠેકાણે કરેલા એક જ ઘાએ બધા સંચા ચાલુ કરી દીધા, કેમકે તેને ખબર

પડી ગઈ હતી કે એક ઠેકાણે થીજી ગએલા તેલથી બે લોઢાની પટ્ટીઓ જામ થઈ ગઈ હતી. તેણે તે પટ્ટીઓને જોરથી ઘા મારીને છૂટી કરી કે તરત સંલગ્નં તમામ સંચા ચાલુ થઈ ગયા ! શેઠને તો એક ઘા મારવાના દસ હજાર રૂા. હવે ખૂબ વધુ પડતા લાગ્યા. પણ તેનું સમાધાન કરતાં ગામઠી ઈજનેરે કહ્યું કે, 'શેઠ ! ઘા મારવાનો તો એક જ રૂપીયો છે પણ તે ઘા ક્યાં મારવો ? તેની બુદ્ધિ લડાવવાનો ચાર્જ ૯૯૯૯ રૂા. છે !'

આપણે ય હવે આવી રીતે બુદ્ધિ લડાવવી જ પડશે. આડેધડ હજારો ઘા મારવા જેવી રીતે ધર્મક્રિયાઓ કરવાનું તો જાણે ઠીક છે પણ તો ય જ્યારે આ આતમનો આ સંસારથી મોક્ષ થતો જ નથી તો 'ક્યાં અટક્યું છે !' તે તો શોધવું જ પડશે.

કેટલી બધી લાગી છે હવે તો લગન છૂટકારાની ! ત્રાસી ગયો છે આ જીવ સુખમય પણ સંસારથી ! માત્ર એક જ વાતનું એ રટણ કર્યા કરે છે, છૂટકારો. બસ... છૂટકારો, આતમ ઝંખે છૂટકારો...

સંસારની ભયાનકતાનું સ્વરૂપ પૂરેપૂરું સમજાયા બાદ કોઈ પણ આત્મા તેનાથી છૂટકારો જ ઈચ્છે. જે સંસારનું સુખ એક ક્ષણ માટે ભોગવવાનું સાહસ કરનારને જો મણનું પાપકર્મ બંધાઈ જતું હોય અને એક ટન (પચાસ મણ) દુઃખ મળવાનું હોય તો ક્યો સમજદાર માણસ ક્ષણજીવી સુખમાં લપેટાય ? એની સામે સંયમજીવનનું થોડુંક દુઃખ ભોગવીને મોક્ષનું અનંત સુખ પામી જવાની ચાતુરી જ શા માટે ન કેળવવી !

આવી સમજણવાળા જીવોને તો જેટલી તાલાવેલી મોક્ષ પામવાની- ગજસુકુમાળને દીક્ષા લેતાંની સાથે હતી, તામલી તાપસને દેવીઓ સામે હતી, શુકદેવને ગર્ભમાં હતી, અગ્નિકાપુત્ર આચાર્યને ગોચરી પણ પડતી મૂકતાં હતી, વિવેકાનંદને અષ્ટમહાસિદ્ધિ મળતી વખતે હતી, ગૌતમસ્વામીજીને અષ્ટાપદ સ્વલબ્ધિથી ચડતા હતી, મૈત્રેયીને સાડી કે મીઠાઈના પેકેટો પતિ તરફથી પ્રાપ્ત થતા હતી, અરે ! ઓલા ઈબ્રાહીમ જેવા મુસ્લિમ રાજવીને પણ હિન્દુ ધર્મ-ગુરુઓના સત્સંગે લાગી હતી, મદાલસા અને દેવકી એના પુત્રોને 'અજન્મા' બનવાની શીખ દેતી વખતે પ્રગટ કરતી હતી, અવંતીસુકુમાલને નલિનીગુલ્મવિમાનમાં (દેવલોકે) જવાની ઈચ્છામાં ય તે અકબંધ જીવતી હતી, વૃદ્ધ કંચુકીના દર્શનમાં દશરથને હતી, પ્રશાન્તમુદ્રામાં ધ્યાનસ્થ રહેલા મુનિના

દર્શન માત્રમાં વજ્રબાહુકુમારને જાગી પડી હતી, ગુણસાગરને ચોરીમાં હસ્તમિલાપની ક્રિયામાં લાગી હતી એવી જ-એથી જરાય ઓછી નહિ એવી - તાલાવેલી સુખમય સંસારની પણ ભયાનકતા સમજેલા કોઈ પણ જીવને લાગે. ભલે આજે મોક્ષના દરવાજા બંધ હોય, પરન્તુ તેને પામવાની, તેના બારણે ટકોરા દેવાની, તે તરફ પ્રયાણ ચાલુ કરી દેવાની તાલાવેલી આજે પણ બંધ નથી, ક્યારેય પણ બંધ હોઈ શકે નહિ !

## શું મારે મોક્ષે જવું જ ન હતું ?

પણ તો પછી આ સંસારથી છૂટકારો કેમ થતો નથી ?

હા, એ વાત કબૂલ છે કે ભૂતકાળના અનંતા ભવોમાં આવી તાલાવેલી આ જીવને લાગી જ નહિ હોય. એટલું જ નહિ પણ એથી ઊલટું જ હશે, જીવને મોક્ષ ખપતો જ નહિ હોય. તેને તો સંસારમાં જ ખૂબ મજા આવતી હશે.

જેલમાં બે ટાઈમ ખાઈ-પીને પડી રહેનારા માણસને જેલમાં જ મજા આવતી હોય છે. એને છોડી દેવામાં આવે તો ફરી કોઈ ગુનો કરીને પાછો જેલમાં જતો રહે છે !

માછણો માછલીની ગંદી વાસ મારતા ટોપલાંને જ ઓશીકું બનાવીને સુવે ત્યારે ઊંઘ આવતી હોય છે ! ગુલાબની સુવાસ તો એની ઊંઘ હરામ કરી દે છે !

ભૂંડને કદી વિષ્ઠા વિનાના સ્વર્ગની ઈચ્છા પણ ન થાય !

ભોજન, ટી.વી., સ્ત્રી, બાગ-બગીચા, મોટર-સફરના કોઈ પણ સંયોગ વિનાની ઊંઘનું સુખ રોજ માણનારો સંસારી જીવ કહે કે મોક્ષમાં કોઈ પણ ભૌતિક વસ્તુનો સંયોગ નથી માટે ત્યાં જવાની મને જરાય ઈચ્છા થતી નથી ત્યારે કેવો વદતોવ્યાઘાત લાગે ?

વળી જૈન સાધુઓને સ્ત્રી આદિના સંયોગ વિનાના સુખે મસ્તાના જોવા છતાં સંસારી જીવો 'સંયોગ વિનાનું સુખ તે હોતું હશે ?' એવો જ્યારે સવાલ કરે ત્યારે કેવું હસવું આવે !

અલ્યા ભાઈ ! ખુજલીના ખણનારાને મીઠી ચળના સુખમાં જ સુખ માણવું - કલ્પવું હોય તો તેને ખુજલીના રોગ વિનાના-નિરોગિતાના-આનંદમાં તો શંકા જ પડે ને !

ભૂખ્યાને ભોજનનો આનંદ માણવા જોઈએ પણ તૃપ્તને તો તે આનંદની

અપેક્ષા પણ ન જ હોય ને !

મોક્ષના જીવો એકદમ તૃપ્ત છે, બધી વાતે તૃપ્ત છે. એમને ઈચ્છાની ખુજલી જ નથી. એમને ખણવા માટે નખની કે સળીની બિલકુલ જરૂર પડતી નથી. તદ્દન સીધી-સાદી અને સમજાય તેવી વાત હોવા છતાં જો ભૂતકાળમાં જીવને 'સંયોગથી જ સુખ'ની ઘર કરી ગએલી કલ્પનાને કારણે છૂટકારાની ઈચ્છા જ જાગી ન હોય તો તે એકદમ સંભવિત છે.

જેને મોક્ષની ઈચ્છા પણ નહિ (તાલાવેલીની તો ત્યાં વાત જ ક્યાં રહી ?) તેને મોક્ષ શી રીતે મળે ? કદાચ આપણો ભૂતકાળ આવો જ ગયો હશે.

હવે એ ભૂતકાળની વાત જવા દઈએ. 'પુનશ્ચ હરિ ઓમ્' કરીએ તો આ આતમનો આ ભયાનક સંસારથી છૂટકારો થાય.

હવે તો એક ભવ માટે પણ સંસારમાં જનમ લેવો પોષાય તેમ નથી. આ ભવે જ મોક્ષે પહોંચાતું હોય તો આવતા ભવે મહાવિદેહક્ષેત્રમાં - દેવાધિદેવ પરમાત્મા સીમંધરસ્વામીજીના ક્ષેત્રમાં ય જનમ લેવાની ઈચ્છા નથી. એ તો બધી નાછૂટકાની વાતો છે.

પહેલી વાત તો મોક્ષ પામવાની છે. અહીંથી તરત જ-ઓલા, ગજસુકુમાળની કે ગૌતમગણધર જેટલી જ અધીરાઈથી-મોક્ષ પામવાની ઈચ્છા છે.

છે કોઈ રસ્તો ? ભાઈ ! તરત બતાડો. તમારો આ ઉપકાર અમે કદી નહિ વિસરીએ.

**વિદ્યુત્, લક્ષ્મી, પ્રભુતા-પતંગ, આયુષ્ય તે તો જળના તરંગ,**
**પુરંદરી, ચાપ, અનંત રંગ, શું રાચીએ જ્યાં ક્ષણનો પ્રસંગ.**

**માત્ર મોક્ષની ઈચ્છા મન વિષે, બીજી કોઈ ગમે નહિ વાત... જીવ્યું ધન્ય તેહનું.**
**જેનો કાળ તે કિંકર થઈ રહ્યો, મૃગતૃષ્ણા ત્રૈલોક્ય... જીવ્યું ધન્ય તેહનું.**
**દાસા આશી પિશાચી થઈ, કામ, ક્રોધ તે કેદી લોક... જીવ્યું ધન્ય તેહનું.**

विरम विरम सङ्गात्, मुञ्च मुञ्च प्रपञ्चं ।
विसृज विसृज मोहं, विद्धि विद्धि स्वतत्वम् ॥
कलय कलय वृत्तं पश्य पश्य स्वरूपम् ।
कुरु कुरु पुरुषार्थं निवृतानन्दहेतोः ॥

-ज्ञानार्णव

## (3) આરાધના અને વિરાધના

આ જીવે અનંતા ભૂતકાલીન ભવોમાં એકલા પાપો જ નથી કર્યા, એણે ધર્મો પણ પુષ્કળ કર્યા છે. એણે જે ખૂબ આરાધના કરી તેથી તો તેનામાં ધર્મસંજ્ઞા પડી ગઈ. શાસ્ત્રે ક્રોધસંજ્ઞા આદિ પંદર સંજ્ઞાની જેમ જીવમાં સોળમી ધર્મસંજ્ઞા જણાવી છે. ખૂબ ધર્મ કરવાથી આ સંજ્ઞા તૈયાર થઈ છે.

પણ સબૂર ! અહીં ધર્મ એટલે ધર્મની ક્રિયાઓ સમજવી, આરાધનાઓ સમજવી.

આરાધના અને ધર્મ એ બે જુદી વસ્તુ છે. વિરાધના અને પાપ એ બે જુદી વસ્તુ છે.

જેટલી ધર્મક્રિયાઓ રૂપ આરાધનાઓ છે તે બધી જ ધર્મ સ્વરૂપ હોય તેવો નિયમ નહિ, તેમ જેટલી વિરાધના છે તે બધી પાપસ્વરૂપ છે તેવું પણ નહિ.

આ જીવે અનાદિકાળમાં આરાધનાઓ ખૂબ કરી પણ ધર્મ તો હજી કર્યો છે કે નહિ તે ભગવાન જાણે. હા, આ જીવે વિરાધનાઓ ખૂબ કરી છે તેમ પાપો પણ ખૂબ કર્યા છે.

આરાધનાઓ એટલે ધર્મની ક્રિયાઓ. એ જ ધર્મની ક્રિયાઓ ધર્મ બની જાય જો તે આરાધનાઓમાં આરાધકભાવ જોડાય.

વિરાધનાઓ એટલે પાપની ક્રિયાઓ. એ જ પાપની ક્રિયાઓ પાપ બની જાય જો તે વિરાધનાઓમાં વિરાધકભાવ જોડાય.

આ જીવે સામાન્યતઃ આરાધકભાવ વિનાની જ આરાધનાઓ (ધર્મની ક્રિયાઓ) ખૂબ-અનંતી-કરી છે અને વિરાધકભાવ સાથે જ વિરાધનાઓ (પાપની ક્રિયાઓ) ખૂબ કરેલ છે.

જે ધર્મ છે તે જ મોક્ષ આપી શકે છે. એકલી ધર્મની ક્રિયાઓ મોક્ષ આપવાને સમર્થ નથી.

જે પાપ છે તે જ દુર્ગતિ અને દુઃખ આપી શકે છે. એકલી પાપની ક્રિયાઓથી દુર્ગતિ અને દુઃખ મળી શકે નહિ.

## ધર્મથી જ મોક્ષ, પાપથી જ સંસાર

જો આપણને મોક્ષ જોઈતો હોય તો ધર્મ જ કરવો જોઈએ. દરેક ધર્મક્રિયાને ધર્મ બનાવવો જોઈએ. તે માટે દરેક ધર્મક્રિયા આરાધકભાવથી યુક્ત હોવી જોઈએ.

જો આપણને દુર્ગતિ અને દુઃખો ન જોઈતા હોય તો આપણે 'પાપ' કરવું ન જોઈએ. તે માટે પાપની ક્રિયા કરવી જ પડે ત્યારે તેમાં વિરાધકભાવનો પ્રવેશ થવા દેવો ન જોઈએ.

જેમ અર્થથી કે કામથી મોક્ષ મળતો નથી તેમ ધર્મક્રિયાઓ રૂપ આરાધના (ધર્મ) કરવાથી મોક્ષ મળતો નથી. એમ વિરાધકભાવ વિનાની વિરાધના (પાપની ક્રિયા) કરવાથી દુર્ગતિ પણ મળતી નથી.

આરાધનાઓ એટલે માત્ર ધર્મની ક્રિયાઓ અને વિરાધનાઓ એટલે માત્ર પાપની ક્રિયાઓ. આ બે વાત નજરમાં રાખીને નીચેના નિર્ણયોને આપણે બરોબર હૃદયમાં ગોઠવવા જોઈએ.

## આરાધનાઓ કહે છે....

આરાધનાઓ કહે છે કે અમે તમારા :

**૧) દુઃખો દૂર કરી શકીએ પણ દોષો દૂર ન કરી શકીએ.**

**૨) દુર્ગતિ અટકાવી દઈએ પણ સદ્‌ગતિ અટકાવી શકીએ નહિ.**

**૩) સુખો આપી શકીએ પણ ગુણો નહિ. (અર્થાત્ તમને ધનવાન બનાવી શકીએ પણ દયાવાન નહિ.)**

**૪) અશુભ કર્મોના બંધ તોડી શકીએ, અનુબંધ નહિ.**

**૫) વિરાધનાના પાપો ખતમ કરી દઈએ પણ વિરાધકભાવને ખતમ ન કરી શકીએ.**

**૬) તમને સુખી કરી શકીએ પણ જગત્‌ને સુખી કરવાનું સામર્થ્ય ન દઈ શકીએ.**

આરાધનાઓ કહે છે કે જો તમારે દોષો પણ દૂર કરવા હોય, સદ્‌ગતિ પણ

અટકાવી દેવી હોય અને મોક્ષ જ પામવો હોય, ગુણી પણ બનવું હોય, અનુબંધો ય તોડવા હોય, વિરાધકભાવોને ખતમ કરવા હોય, જગત્‌ને પણ સુખી કરવાનું સામર્થ્ય પામવું હોય તો તમે એક જ કામ કરો, તમે અમારી સાથે આરાધકભાવને જોડી દો. અને બીજું, વિરાધનાઓ સાથે જોડાએલા વિરાધકભાવને વિરાધનાઓથી તોડી દો.

આરાધકભાવયુક્ત આરાધના એ જ ધર્મ છે. મોક્ષ ધર્મથી જ મળે છે, માત્ર આરાધના (ધર્મક્રિયા) થી મળતો નથી.

## વિરાધકભાવોની કાતીલતા

વિરાધકભાવયુક્ત વિરાધના એ જ પાપ છે. પાપથી જ સંસારનો અન્ત આવતો નથી. એકલી વિરાધનાઓમાં સંસારને અનન્ત બનાવવાની કોઈ તાકાત નથી.

દ્રૌપદીનો જીવ સુકુમાલિકા સાધ્વી, સંભૂતિ મુનિ, કંડરિક, સુમંગલ આચાર્ય, આર્દ્રકુમારનો જીવ સામયિક મુનિ, મેતાર્ય મુનિનો પૂર્વભવીય સાધુ વગેરેએ કેટલી બધી આરાધનાઓ કરી હતી, છતાં તેમણે જે વિરાધકભાવ સેવ્યો, પ્રાયશ્ચિત્ત કરવા દ્વારા તેનું વિસર્જન ન કર્યું, આરાધકભાવમાં અન્તે રહ્યા નહિ એટલે જ એમની ઘોર અને ઉગ્ર આરાધનાઓ રૂપી ધર્મક્રિયાઓ તેમને તત્કાળ મોક્ષ આપી શકી નહિ.

એકલી આરાધના બહુ બહુ તો (વિરાધકભાવ વિનાની હોય તો ભલે આરાધકભાવ વિનાની પણ હોય) દુર્ગતિ કાપે, પણ સદ્‌ગતિ તો આપે જ. એને ય કાપીને જો મુક્તિ જ પામવી હોય તો આરાધનાઓને આરાધકભાવથી યુક્ત બનાવવી જ પડે.

ચિંતનના આટલા ઉંડાણને સ્પર્શતાં હવે એવું કોઈ સત્ય પકડાતું લાગે છે કે આપણા જીવે ભૂતકાળમાં અનંતો ધર્મ કર્યો, અધર્મ પણ કર્યો પણ તેમાં જે ધર્મારાધના કરી તેમાં આરાધકભાવ હતો જ નહિ, અને જે અધર્મસ્વરૂપ અનંતી વિરાધનાઓ કરી એ તમામ વિરાધકભાવથી એકદમ તગડી બની હતી. આથી જ આરાધનાઓ મોક્ષ ન આપી શકી. બહુ બહુ તો એનું ચાલ્યું ત્યારે દુર્ગતિ કાપીને સદ્‌ગતિ આપી, અને વિરાધનાઓનું ચાલ્યું ત્યારે (આયુષ્યકર્મનો તે જ વખતે બંધ પડતાં) તેણે આપણા માથે દુર્ગતિઓ સતત ઝીંકે રાખી.

# આરાધનાઓએ પણ ઘણું આપ્યું તો છે જ

અહીં એક વાત વિચારતાં એટલું તો જરૂર લાગે છે કે મોક્ષ જ આપણું લક્ષ હોવાથી એકલી ધર્મની આરાધનાઓમાં મોક્ષ આપવાની તાકાત ન હોવાના કારણે તેને નિષ્ફળ ગણી દેવાનું દિલ થાય તે સ્વાભાવિક છે. પણ એ એટલું સાચું છે કે ધર્મની આરાધનાઓએ આપણને સદ્ગતિઓમાં વારંવાર મોકલતા રહીને તેટલો કાળ તો દુઃખ અને દુર્ગતિથી વેગળા તો રાખ્યા જ છે.

જો આરાધના કરી તો સ્વર્ગે ગયા.

નિયતિની દૃષ્ટિએ ધારો કે આપણો એક લાખ વર્ષ પછી મોક્ષ થવાનો છે તો આરાધનાઓએ તેમાંના પચીસ હજાર વર્ષ સદ્ગતિમાં સુખે પસાર તો કરી આપ્યા ને ! નહિ તો તે ય દુઃખમય પસાર થાત.

વળી જ્ઞાનીઓએ પણ દ્રવ્ય આરાધનાઓ (આરાધકભાવ વિનાની, કદાચ ભટકતા મનવાળી, પરન્તુ તે આરાધના તરફના ધિક્કારભાવ વિનાની) ની પણ કાંઈ ઓછી તાકાત આંકી નથી.

નવકારમન્ત્રના એક જ પદનું શ્રવણ સાત સાગરોપમના કે એક જ આખા નવકારનો જપ પાંચસો સાગરોપમના નારકના અશાતાવેદનીયના દળીઆઓને સત્તામાંથી સાફ કરી નાંખે !

દ્રવ્યારાધનાઓ પણ ત્યારે જ કરવાનું સદ્ભાગ્ય મળે જ્યારે ગ્રન્થિપ્રદેશની નજીકમાં જીવ આવી ગયો હોય. ૬૯ કોટાકોટિ સાગરોપમની મહાભયંકર એવી મોહનીય કર્મની સ્થિતિ આત્મામાં તે વખતે હોય નહિ. અને તેવી દીર્ઘ સ્થિતિ બાંધવા જેવા હલકા અધ્યવસાયો જાગી શકે પણ નહિ.

એક જ-૪૮ મિનીટનું - સામાયિક લગભગ બાણું ક્રોડ પલ્યોપમનું દેવાયુષ્ય બાંધી આપે.

મોક્ષ પ્રત્યેનો દ્વેષ જ દૂર થાય (ભલે રાગ ન થાય) અને જો સંયમધર્મની શુદ્ધ જિનોક્ત ક્રિયા કરાય તો અભવ્ય આત્મા પણ નવમા ગ્રૈવેયકના જબરદસ્ત ભૌતિક આનંદને માણી શકે.

હા, આરાધકભાવ સહિતની આરાધનાની તાકાત તો આત્મામાં સર્વત્ર વ્યાપી ગએલા રાગાદિના ઝેરને ચૂસીને સમૂળગું બહાર ફૂંકી દેવાની છે પણ એ વાત

તો બહુ મોટી છે, છતાં એક વાત કરી દઉં કે ઝેર ચૂસી ત્યારે જ શકાય છે જ્યારે એને ગારૂડિક ડંખભાગ આગળ આખા શરીરમાંથી ખેંચીને ભેગું કરે છે. બસ, આ કામ એકલી પણ આરાધના કરી આપે છે.

બોલો, હવે આરાધના એકલી સાવ નકામી કહેવાય ખરી ? જીવમાં જો પાત્રતા હોય તો દ્રવ્ય આરાધનાઓ કેવા કેવા અદ્‌ભુત આરાધકભાવોને પેદા કરી આપીને મોક્ષના પરમધામમાં શીઘ્ર પહોંચાડી દેવાનું સામર્થ્ય ધરાવે છે !

બાકી મોક્ષના જ ફળની પ્રાપ્તિના લક્ષથી વિચારણા કરવી હોય તો એમ પણ કહી શકાય કે આરાધનાઓ એટલે ઘાંચીના બેલના જેવી આખા દિવસની એક જ કુંડાળે ચાલવાની ગતિ. એમાં પ્રગતિનું નામ નહિ.

મંદિરે માત્ર ઘસારો તે આરાધના, જેમાં હૈયે રાગાદિ દોષોને જરાક પણ ઘસારો પહોંચે જ નહિ.

પણ હું પૂછું છું કે બધા જીવો મોક્ષપ્રાપ્તિના એકમેવ લક્ષની ઊંચી કક્ષાએ થોડા જ પહોંચેલા હોય છે ? જે પ્રાથમિક કક્ષાના બાળજીવો છે તેમને તો દોષ દૂર ન થાય તો ય દુઃખોના દૂરીકરણમાં ય ઘણો રસ હોય છે. મુક્તિ ન મળે તો ય દુર્ગતિ ન મળે અને સદ્‌ગતિ મળે તેમાં ય ઘણો રસ હોય છે. ગુણી ન બનાય અને ખૂબ સુખી થવાય તે ય તેમને તો ઈષ્ટ હોય છે.

આવા બધા કામ કરી આપવાની તાકાત તો એકલી આરાધનામાં પણ ખૂબ છે. એટલે જ આપણે તેને એકાન્તે કદી તિરસ્કારી શકીએ નહિ.

મોક્ષ તો આરાધકભાવ વિના ન જ મળે. પણ હા, આપણે તો મુમુક્ષુ છીએ. મોક્ષપ્રાપ્તિથી ઓછું જરાક પણ આપણને ખપતું નથી. આપણે ધર્મરાજના ઘરમાં બરોબર પ્રવેશ કરી દીધો છે. આવી સ્થિતિમાં તો આપણને સુખ, સદ્‌ગતિ, દુઃખદૂરીકરણ માત્રથી લેશ પણ સંતોષ ન થાય, એવા આશ્વાસન એકદમ હાસ્યાસ્પદ લાગે તેમાં કશી નવાઈ નથી.

આથી જ આપણે વિચારી રહ્યા છીએ કે અનંતી વાર ધર્મારાધનાઓ કરી તો ય જેમ અર્થોપાર્જન કે કામસેવનથી મોક્ષ ન થયો તેમ આ ધર્મારાધનાઓથી પણ કેમ મોક્ષ ન થયો ?

**૧) આપણે આરાધનાઓની ક્રિયા કરી : વિરાધનાઓની ક્રિયા છોડી.**

**૨) આપણે આરાધનાના સ્થાનોમાં બેસીને વિરાધનાના સ્થાનો છોડ્યા.**

**૩) આપણે આરાધનાની સામગ્રીઓ મેળવીને વિરાધનાની સામગ્રીઓ ત્યાગી.**

આમ છતાં આપણો મોક્ષ કેમ ન થયો ?

હવે જ એનો આછોપાતળો પણ જવાબ જડે છે કે આ બધું કરવા છતાં આપણે આરાધકભાવ સેવ્યો નહિ અને વિરાધકભાવ ત્યાગ્યો નહિ. જો આપણે આરાધકભાવ સેવવા દ્વારા વિરાધકભાવનો નાશ કર્યો હોત તો કદાચ આરાધનાના સ્થાન, તેની સામગ્રી અને તેની ક્રિયા વિના ય ઓલા ગુણસાગર શ્રેષ્ઠીપુત્રની જેમ મફતમાં કૈવલ્યની પ્રાપ્તિ કરી લેત.

પણ આપણે ભાવને બદલે ક્રિયાને વધુ પડતું એકાંગી મહત્વ આપી દીધું !

## કરણ : ઉપકરણ : અન્તઃકરણ

અહીં પ્રસંગથી આપણે કરણ, ઉપકરણ, અધિકરણ અને અન્તઃકરણને સમજી લઈએ.

જે સાધનો મોક્ષ પામવામાં સહાયક બનવા માટે પ્રસિદ્ધ હોય તે ઉપકરણ (ઓઘો, ચરવળો વગેરે) કહેવાય. એથી વિપરીત બનતા સાધનો (ધન, સ્ત્રી વગેરે) અધિકરણ કહેવાય.

પાંચ ઈન્દ્રિયો તે કરણ કહેવાય અને મન તે અન્તઃકરણ કહેવાય.

કેટલીકવાર જીવવિશેષે (ગુણસાગરાદિની જેમ) અધિકરણ ઉપકરણ બની શકે. વળી ક્યારેક ઉપકરણ પણ અધિકરણ બની શકે (ચંડકૌશિકના પૂર્વભવીય મુનિજીવનનો ઓઘો). એટલે જ જેટલા સ્થાનો ચડવાના તેટલા જ સ્થાનો પડવાના થઈ શકે, જેટલા સ્થાનો પડવાના છે તે બધા ચડવાના સ્થાનો પણ બની શકે. પર્વત ઉપર ચડવાના જેટલા પગથીઆં હોય છે તેટલા જ ઉતરવાના પગથીઆં હોય જ છે.

કહ્યું છે કે જાવइआ उस्सग्गा तावइआ चेव अववाया ।
जावइआ अववाया तावइआ चेव उस्सग्गा ॥

મોક્ષમાર્ગની સાધના દ્વારા મોક્ષ પામવામાં આ કરણ વગેરેનો કેટલા કેટલા ટકા ફાળો છે ? તે આપણે વિચારીએ.

જે ચોખ્ખા અધિકરણ રૂપ જ રહે છે તે અધિકરણો તો તે માટે તદ્દન નકામા છે. આરાધનાની શરૂઆતમાં ઉપકરણોની જરૂર ખરી, પરન્તુ છેવટે તો જે ઉપકરણો છે તેનું કરણમાં રૂપાન્તર કરવાનું છે. પછી કરણનું અન્તઃકરણમાં અને છેલ્લે અન્તઃકરણનું પરમાત્મસ્વરૂપ આપણા આત્મામાં- પરમાત્મામાં- રૂપાન્તર કરવાનું છે.

મોક્ષ પામવામાં ઉપકરણનો (કે ઉપકરણસ્વરૂપ બનતાં અધિકરણનો) હિસ્સો માત્ર એક ટકા જેટલો ગણાય, કરણોનો હિસ્સો નવ ટકા ગણાય, જ્યારે અન્તઃકરણનો હિસ્સો નેવું ટકા ગણાય.

જડ વ્યવહારવાદીઓ એક જ ટકો હિસ્સો ધરાવતાં ઉપકરણોની શુદ્ધિની બાબતમાં જ આગ્રહી બને છે અને અન્તઃકરણની- એના દ્વારા કરવી જોઈતી- શુદ્ધિના લેશ પણ આગ્રહી બનતા નથી. આવા લોકો સોમાંથી એક જ માર્ક મેળવે છે.

ખરેખર તો ઉપકરણ દ્વારા કરણોને વ્યવસ્થિત કરીને જ અન્તઃકરણમાં પ્રવેશી જવું જોઈએ, જેનાથી પરમાત્મ-સ્વરૂપમાં લીન બનીને પરમાત્મા બની શકાય.

આપણા જીવે ભૂતકાળમાં અનંતી વાર દીક્ષા પણ લીધી છતાં મોક્ષ ન થયો તેનું મુખ્ય કારણ આ જ બની રહ્યું કે આપણે જે સવાલના નેવું માર્કસ છે તે અન્તઃકરણની શુદ્ધિની કદાપિ ચિન્તા કરી નહિ, કેમકે આપણી પાસે આરાધના હતી પણ આરાધકભાવ ન હતો.જે વિરાધના હતી તેની સાથે વિરાધકભાવ એકરસ થઈને જરૂર પડેલો હતો.

હવે શી રીતે મોક્ષ થાય ?

અધિકરણથી દૂર રહેવાનો, ઉપકરણોને વળગી રહેવાનો, કરણોને નિષ્ફળ બનાવી દેવાનો જોરદાર આગ્રહ રાખ્યો તો તે અંગેના ૧+૯= ૧૦ માર્કસ્ મળ્યા, પરન્તુ અન્તઃકરણ અંગે કશી ચિન્તા ન કરી : ત્યાં પડેલા રાગાદિ મળો તરફ લાલ આંખ સુદ્ધાં ન કરી એટલે નેવું માર્કસ્ ગુમાવીને, સોમાંથી દસ જ માર્કસ્ મેળવીને કાયમ નાપાસ થતા રહ્યા.

ઉપકરણસ્વીકાર, અધિકરણત્યાગ તથા કરણોની ગુપ્તિ એ વ્યવહારમાર્ગ છે, પણ એના માત્ર દસ માર્કસ્ છે. અન્તઃકરણની શુદ્ધિ એ નિશ્ચયમાર્ગ છે, એના નેવું માર્કસ્ છે.

જેના વ્યવહારમાર્ગના પાલનથી જીવનમાં નિશ્ચયમાર્ગનું અવલંબન ક્યારેય પ્રગટ થનાર ન હોય તેના તે વ્યવહારમાર્ગની જૈનદર્શનમાં કોઈ કિંમત નથી.

આપણે અન્તઃકરણ તરફ લક્ષ જ આપ્યું નહિ.

હવે વળી નવું તોફાન નીકળ્યું છે; એનું નામ છે, અનુકરણ.

આ તો વળી અધિકરણ અને કરણથી પણ કદાચ વધુ નુકસાન કરતું હોય તેમ લાગે છે.

આર્યાવર્ત્તની મહાપ્રજાને પૂર્વે અધિકરણો અને કરણો (ઈન્દ્રિયો)થી ચેતવવામાં આવતી હતી, હવે આડેધડ અનુકરણ નહિ કરવાથી પણ સજ્જડ ચેતવવી પડે છે.

અનુકરણ એ ભયંકર કોટિનો અંધાપો છે. અહીં આવતી કાલનો, ભાવી પેઢીનો, પોતાની જાતનો, ઘડપણનો, આરોગ્ય કે આબરૂનો-કોઈનો ય -વિચાર કરાતો નથી. પૂરી ઘેંટાશાહી અહીં ચાલતી હોય છે. બુદ્ધિની બારી સાવ જ બંધ કરી દેવાઈ હોય છે. આ સ્થિતિમાં ઉપકરણો અદશ્ય બને અને અન્તઃકરણને ગળે ફાંસલો દેવાઈ જાય તેમાં શી નવાઈ ?

## બે જીવનશૈલિ વચ્ચે વર્તમાન સંઘર્ષ

આખા વિશ્વે-ભારત દેશની પ્રજા સુદ્ધાંએ-કોઈ સામ્યવાદી, સમાજવાદી, મૂડીવાદી જીવનશૈલિ અપનાવી જ નથી. આખા સૈકા સુધી આની ઉપર પરિસંવાદો યોજાયા છે, અખતરાઓ થયા છે. એમાં ઘણો ખતરો જ થયો છે. લાખો લોકોના જીવન સાથે ચેડાં કરાયા છે, ક્રોડો લોકોના જીવન આ નિર્ણય કરવામાં હોમાયા છે.

ખરો સંઘર્ષ તો સામ્યવાદ, સમાજવાદ વગેરે વચ્ચે નથી પરન્તુ ભોગલક્ષી અને ત્યાગલક્ષી એવી બે જીવનશૈલિ વચ્ચેનો છે. કઈ જીવનશૈલિ સ્વીકારવી ? તેનો નિર્ણય લેવાનો રહે છે. ભોગલક્ષી જીવનશૈલિ ભારતીય પ્રજાએ પશ્ચિમ પાસેથી ઝપાટાબંધ સ્વીકારી લઈને આત્મહત્યા કરી લીધી છે.

જ્યાં સુધી અન્તઃકરણનો મહિમા નહિ સમજાવાય ત્યાં સુધી હવે આ દુઃખોના ઉંડાને ઉંડા કલણોમાં ખૂંપાવતી જતી ભોગલક્ષી જીવનશૈલિ ભારતીય પ્રજાના લોહીમાંથી બહાર નહિ નીકળી શકે.

આ મહાન દેશની મહાન પ્રજાને ઘણા બધા નુકસાનો થયા છે પણ તેમાં આ સૌથી મોટું નુકસાન થયું છે, જેને સુધારતા હવે તો સૈકાઓની જરૂર પડશે.

★ કષાયની ઉપશાન્તતા, માત્ર મોક્ષ અભિલાષ,
ભવે ખેદ પ્રાણીદયા, ત્યાં આત્માર્થ નિવાસ.
દશા ન એવી જ્યાં લગી, જીવ લહે નહિ જોગ,
મોક્ષમાર્ગ પામે નહિ, મટે ન આંતરરોગ.

★ હું છોડી નિજરૂપ રમ્યો પરપુદ્ગલે,
ઝીલ્યો ઉલટ આણી, વિષયતૃષ્ણા-જલે.

★ वैराग्यरङ्गः परवञ्चनाय, धर्मोपदेशो जनरञ्जनाय ।
वादाय विद्याध्ययनं च मेऽभूत्, कियद् ब्रुवे हास्यकरं स्वमीश ॥

★ धर्मबीजं परं प्राप्य मानुष्यं कर्मभूमिषु ।
न सत्कर्मकृषावस्य प्रयतन्तेऽल्पमेधसः ॥

★ બહુ પુણ્ય કેરા પુંજથી શુભદેહ માનવનો મળ્યો,
તોયે અરે ! ભવચક્રનો આંટો નહિ એકે ટળ્યો.

★ पीत्वा मोहमयीं प्रमादमदिरामुन्मत्तीभूतं जगत् ।

★ બાહ્યક્રિયામાં રાચતા, અન્તર્ભેદ ન કાંઈ,
જ્ઞાનમાર્ગ નિષેધતા, તેહ ક્રિયા જડ અહિં.

★ यस्मात्क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ।

★ દ્રવ્યક્રિયારૂપી જીવડા રે, ભાવધર્મ રૂચિહીન,
ઉપદેશક પણ તેહવા રે, શું કરે જીવ નવીન ?

★ संपुण्णावि हि किरिया भावेण विणा ण होंति किरियत्ति ।
णियफलविगलत्तणओ, गेवेज्जउववायणाएणं ॥

★ નિજગુણ સંચે, મન નવિ ખંચે, ગ્રન્થભણી જન વંચે,
લુંચે કેશ ન મુંચે માયા, તો વ્રત ના રહે પંચે.

★ બહિરાતમ તજી અંતર આતમ, રૂપ થઈ થિર-ભાવ,
પરમાતમનું હો આતમ ભાવવું, આતમ અરપણ દાવ.

★ लोकाराधनहेतोर्या मलिनेनान्तरात्मना ।
क्रियते सत्क्रिया साऽत्र लोकपङ्क्तिरुदाहृता ॥

★ ધરમ ધરમ કરતો જગ સહુ ફીરે, ધરમ ન જાણે મર્મ,
ધર્મ જિનેશ્વર ચરણ ગ્રહ્યા પછી, કોઈ ન બાંધે કર્મ.

★ શુદ્ધભાવ ને શૂની કિરિયા, બેહુમાં અંતર કેતોજી ?
ઝળહળતો સૂરજ ને ખજુઓ, તાસ તેજમાં તેતોજી.

★ દુર્બલ, નગ્ન ને માસ-ઉપવાસી જો છે માયારંગ રે,
તો પણ ગર્ભ અનંતા લેશે, બોલે બીજું અંગ રે.

★ અવગુણ ઢાંકણ કાજ જિનમતક્રિયા,
છંડું ન અવગુણ ચાલ, અનાદિની જે પ્રિયા.

★ આશ્રવ સર્વ નિવારી, જેહ સંવર ધરે હો લાલ,
જે જિન આણા લીન, પીન સેવન કરે હો લાલ.

★ પ્રભુ આણા ભક્તે લીન, તિણો દેવચન્દ્ર કીન,
આણારંગે ચિત્ત ધરીજે, દેવચન્દ્ર પદ શીઘ્ર વરીજે.

★ જિનવર વચન અમૃત અનુસરીએ, તત્વરમણ આદરીએ,
દ્રવ્યભાવ આશ્રવ પરિહરિએ, દેવચન્દ્ર પદ વરીએ.

## (४) આરાધકભાવ અને વિરાધકભાવ

મુમુક્ષુ તે જ કહેવાય જેને મોક્ષ પામવાની માત્ર ઈચ્છા ન હોય, તાલાવેલી ય ન હોય, તલબ જાગી હોય.

મોક્ષ પામ્યા વિના જેનાથી જીવવું મુશ્કેલ બની જતું હોય તેનું નામ મોક્ષની તલબ.

અત્યાર સુધીના ચિંતનથી એ વાત સ્પષ્ટ થઈ છે કે માત્ર આરાધનાથી મોક્ષ થતો નથી. આપણા જીવે અનંતીવાર જે કરી તે માત્ર આરાધના કરી.

મોક્ષ તો આરાધકભાવ સહિતની આરાધનાથી થાય છે. ભલે પછી તે થોડીક જ હોય. એ રીતે વિરાધનાઓ કરવાથી જ દુ:ખો આવે ખરા પણ વિરાધકભાવ સહિતની વિરાધનાઓ તો મહાકાતીલ બની જતી હોય છે. એટલે હવે આપણે મોક્ષ અને સંસારભ્રમણમાં મુખ્ય બની જતાં આરાધકભાવ અને વિરાધકભાવ એ શું છે ? તેનું સ્વરૂપ જ જાણવું રહ્યું.

### ભાવમળની અલ્પતા કાળબળે જ મળે

એક વાત નક્કી છે કે :

(૧) જ્યારે સહજમળ-ભાવમળ (આત્માનો કર્મોને ગ્રહણ કર્યા કરવાનો સ્વભાવ અને કર્મોનો આત્માને પકડી રાખવાનો સ્વભાવ) મંદ, વધુ પડતો મંદ પડી જાય,

(૨) એથી જીવનો ચરમાવર્તમાં પ્રવેશ થાય,

(૩) એમાં જ્યારે છેલ્લું યથાપ્રવૃત્તકરણ આવી જાય (કે જેની પછી તરતમાં સમ્યગ્દર્શન નિશ્ચિત પામવાનું છે) ત્યારે જ જીવમાં આરાધકભાવ જન્મ પામે છે, જીવતો બને છે અને તે આરાધકભાવ વિરાધકભાવોને જન્મ જ પામવા દેતો નથી કે જીવતો રહેવા દેતો નથી.

આ ત્રણ બાબતોની પ્રાપ્તિમાં લગભગ નિયતિનું જ પ્રાધાન્ય છે, જીવનો કાળપરિપાક જ મુખ્ય કારણ છે. જો આપણે આ ત્રણ બાબતો પામવા માંગતા હોઈએ તો આપણે આરાધકભાવને સમજ્યા બાદ જ તેને પામી શકીએ, તેના દ્વારા વિરાધકભાવોને ખતમ પણ કરી શકીએ.

પણ આનંદો ! જો આપણને હવે સુખમય સંસાર પણ અનેક દૃષ્ટિકોણથી નગુણો લાગી ગયો હોય : ભયંકર જણાયો હોય : જીવને અકારો થઈ પડ્યો હોય તો પરમાત્મા સીમંધરસ્વામીજીને પૂછ્યા વિના-નિશ્ચિતપણે-આપણે આપણી જાત માટે એ સર્ટીફીકેટ નિર્ભયપણે અને નિશ્ચિતપણે આપી દઈ શકીએ કે ઉપર્યુક્ત ત્રણે ય બાબતો આપણને પ્રાપ્ત થઈ ચૂકી છે. મોક્ષમાર્ગ પામવાની પાત્રતા આપણામાં પૂરી પાંગરી ચૂકી છે.

તો ચાલો, હવે ખૂબ આનંદથી અને સાવધાન બની જઈને તે આરાધકભાવ અને વિરાધકભાવને આપણે સમજીએ, અપનાવીએ, માણીએ અને આપણને હવે પ્રિયતમ બની ગએલા મોક્ષને (છૂટકારાને) નિકટતમ બનાવી દઈએ. ઉપર્યુક્ત ત્રણ વસ્તુઓ પામેલા આપણને હવે સિદ્ધિ માટે હાંફી જવાનું રહેશે નહિ, સહેલાઈથી તે પ્રાપ્ત થઈ જશે.

સમગ્ર માનવ-દુનિયામાં આપણા જેવા ભાગ્યવાન ખરેખર ખૂબ જ થોડા છે. શેષ સમગ્ર જીવ-જગત્-આખું ય- અતિ ભયાનક સંસારમાં હજી બીજા અનંતાનંતકાળના ભ્રમણનું કારક પાપમય જીવનમાં જ ખદબદી રહ્યું છે.

એક આંખે આપણી થએલી પ્રગતિ બદલ હર્ષના આંસુ ટપકાવીએ, બીજી આંખે એ પાપમય જીવ-જગત્‌ના પરિભ્રમણ બદલ કરૂણાના દુઃખજનક આંસુ પણ ટપકાવીએ.

ચાલો, હવે ખૂબ અગત્યની, ખૂબ ગંભીર, નજીકના કાળમાં જ આપણી એકાન્તે મોક્ષપ્રાપક બાબતને વિચારવાની દુનિયામાં બરોબર પ્રવેશ કરીએ.

## ભાવથી જ ભાવ હણાય

આરાધકભાવ અને વિરાધકભાવ એ બે પરસ્પરના સમબળીઆ શત્રુઓ છે. વિરાધકભાવોને ખતમ કરવા માટે આરાધકભાવોની જ જરૂર પડે. ભાવથી જ ભાવ ખતમ થાય.

દુર્યોધને છેલ્લે ભીમ સાથે જ લડવાનું એટલા માટે પસંદ કર્યું હતું કે બે ય અજોડ ગદાધર હતા. ગદાધરને ખતમ કરવા માટે ગદાધર જ જોઈએ.

મીસાઈલોને મીસાઈલોથી જ ઉડાવાય. કરીમલાલાને દાઉદ જ હણી શકે. મેલા ભૂતને મેલું ભૂત જ કાઢી શકે. સજ્જનો કદી ગુંડાઓ સાથે લડે નહિ.

વિરાધકભાવોને આરાધકભાવો જ ખતમ કરી શકે. આરાધનાઓ ગમે તેટલી જોરદાર હોય પણ તેમનાથી વિરાધકભાવો ખતમ થઈ ન શકે. હા, તેઓ વિરાધનાઓને જરૂર ઉડાવી શકે.

આરાધનાઓ વિરાધનાઓને જ અટકાવી કે ઉડાવી શકે. આરાધનાની સામગ્રીઓ આપણી પાસે હોય તો વિરાધનાની સામગ્રીઓથી દૂર રહેવામાં સફળ થઈએ.

આરાધનાના સ્થાનોમાં રહીએ તો વિરાધનાના સ્થાનોથી એટલો સમય વેગળા રહી શકીએ.

પણ વિરાધનાના ભાવોનું શું ? આ ભાવ તો એવું ભયાનક અને એવું સૂક્ષ્મ તત્વ છે કે તે તો આરાધનાની ક્રિયામાં, સામગ્રીના સાથમાં અને સ્થાનમાં ય પેસી જાય. આમ પેઠેલો વાંદરો આરાધના વગેરેની તમામ તાકાતોને હતપ્રહત - નકામી - કરી દે.

આ વિરાધકભાવને તો માત્ર આરાધકભાવ જ તોડી શકે. હા, એ આરાધકભાવને પામવામાં અને જો પામ્યા હોઈએ તો તેનું સંરક્ષણ અને સંવર્ધન સતત કરતા રહેવામાં પેલી આરાધના, તેની સામગ્રીઓ અને તેના સ્થાનો અત્યન્ત ઉપયોગી, અનિવાર્ય અને આવશ્યક બની રહે એ તો નક્કી સ્વાનુભવસિદ્ધ વાત છે.

જો આરાધકભાવ એ કોહીનૂરનો હીરો છે તો આરાધનાદિ ત્રણે ય તેને સાચવી રાખનારા દાબડા છે.

વિરાધનાઓ, વિરાધનાની સામગ્રીઓ અને વિરાધનાના સ્થાનો તો એ આરાધકભાવ જન્મ્યો હોય તો તે બાળનો નિર્દયપણે ટોટો પીસી નાંખનારા હત્યારાઓ છે. માટે જ આરાધકભાવની પ્રાપ્તિના નિશ્ચયનયની રક્ષા માટે આરાધના વગેરેના વ્યવહારના ચુસ્ત પાલનની અત્યંત જરૂર રહે છે.

જીવમાત્ર માટે અત્યન્ત ઉપકારક, અનંત સંસારને ટૂંકા ભવોમાં જ સાન્ત અને શાન્ત કરી દેવાના અપ્રતીમ સામર્થ્યનો સ્વામી આ આરાધકભાવ જ્ઞાનયોગથી અને ભક્તિયોગથી પ્રાપ્ત થાય છે.

આ અંગેની વિચારણા આપણે કરીએ તે પૂર્વે આ બે ભાવોના સ્વરૂપને સમજી લઈએ.

## આરાધકભાવ એટલે આજ્ઞાબહુમાન

આરાધકભાવ એટલે જિનાજ્ઞાનો યોગ, અર્થાત્ જિનવચનબહુમાન, અર્થાત્ જિનની આજ્ઞાઓમાં જેટલી પાળી શકાય તેનું પાલન, શેષનો કટ્ટર પક્ષપાત, અર્થાત્ જિનવચન ઉપર અત્યન્ત અત્યન્ત સીમાતીત આદર.

ટૂંકમાં, આરાધકભાવ એટલે મોક્ષનું લક્ષ, સંયમધર્મનો પક્ષ અને યથાશક્તિ ધર્મપાલન યુક્ત કક્ષ.

કહેવાનો આશય એ છે કે આરાધકભાવ તે જીવમાં જ કહી શકાય જેને ભગવાન અતિ વહાલા હોવાના કારણે તેને લક્ષમાં મોક્ષ જ રહે, તે સંયમધર્મના પક્ષમાં કટ્ટરપણે રહે અને તેની સાથે બગલમાં (કક્ષમાં) યથાશક્તિ ધર્મ લઈને જ તે ફરતો રહે.

## જ્યોત જ્વાળા બને તો ?

જેમ જેમ આ આરાધકભાવ વિકસતો જાય તેમ તેમ આત્મામાં આરાધકભાવની એ નાનકડી પ્રગટેલી જ્યોત જ્વાળાનું સ્વરૂપ પકડતી જાય. એ દીવો દાવાનળ બની જાય. જે કાતીલ કર્મોના પવનના સૂસવાટા જ્યોત કે દીવાના નાનકડા સ્વરૂપોને હણી નાંખવાનું કામ કરતા હતા તે જ કર્મો હવે (ભોગદશામાં ય) જ્વાળા કે દાવાનળ બની ગએલા ધર્મને ફેલાઈ જવામાં : વિકસવામાં અત્યન્ત સહાયક બની જાય.

પૂર્વે સાધુવેષમાં ય નાગીલાનો જપ કરતો હતો તે જીવ હવે જંબૂકુમાર બનીને આઠ આઠ મર્ત્યલોકની અપ્સરાઓના કામણગારા હુમલાઓ સામે અડોલ ઉભો રહીને થોડાક જ કલાકોમાં સંયમના પંથે સંચરી ગયો !

જે કર્મોએ મરીચિને મારી મારીને અધમુઓ કરી દીધો તે જ કર્મોએ તેને મહાવીર બનેલા જોઈને એકવીસ તોપની સલામી આપી. લાલ કારપેટથી અભૂતપૂર્વ સન્માન કર્યું.

જે કર્મોએ સ્થૂલભદ્રને રાત ને દિ' રૂપકોશાના પાશમાં બાર બાર વર્ષ સુધી બાંધી રાખ્યો તે જ કર્મોએ તેને ગુરૂદેવ સંભૂતિ મુનિના ચરણોમાં આળોટતો કરી દીધો !

ધર્મની જ્યોત શરૂમાં તો જીવને પાપોથી દૂર રાખવા માટે નારકાદિના વિપાકોને યાદ કરાવીને કામ ચલાવે. પણ પછી જેમ જેમ તે ઉગ્ર-ઉગ્રતર જ્વાળા બને તેમ તે દુઃખોથી ભડકાવીને પાપોનું અકરણ કરાવવાના નબળા ઉપાયને દૂર કરીને જિનાજ્ઞા યાદ કરાવે.

વહાલાની આજ્ઞા છે કે પાપ કરાય જ નહિ અને છેલ્લે તો સ્વભાવદશાથી એને અપાપ બનાવી દે.

મારો સ્વભાવ જ એવો બની ગયો છે કે હું પાપ કરી શકું તેમ નથી.

ઢેફાં તે ખવાતા હશે ? ગમે તેવી ભૂખ લાગી હોય !

આગને તે અડાતું હશે ? ગમે તેવી ઈચ્છા થઈ હોય.

પાપ તે કરાતું હશે ? ગમે તેવા સંયોગો ઉભા થયા હોય.

પાપ ન કરાય. કેમ ? દુર્ગતિમાં દુઃખો ભોગવવા પડે.

પાપ ન કરાય. કેમ ? વહાલાની ના છે.

પાપ ન કરાય. કેમ ? ધર્મ કરવો એ જ મારો સ્વભાવ છે.

ધર્મજ્યોતમાંથી બનેલી ધર્મજ્વાળાનું આ ઉગ્રતમ સ્વરૂપ છે : પાપ થાય જ નહિં, મારો આત્મા જ મને ના પાડે છે, મારા સ્વભાવમાં જ પાપકરણ રહ્યું નથી.

આ રીતે વિકસતો જતો આરાધકભાવ એકલો જ વિરાધકભાવોને ખતમ કરી દઈને સંસારથી છૂટકારો આપી શકે.

આરાધના + આરાધનાની સામગ્રીઓ + આરાધનાના સ્થાનો, પણ એમાંથી આરાધકભાવની બાદબાકી થઈ હોય તો ત્રણે ય મોક્ષ આપવા માટે સાવ નબળા-નકામા.

વિરાધના+ વિરાધનાની સામગ્રીઓ+ વિરાધનાના સ્થાનો + આરાધકભાવ = ત્રણે ય સંસારને લાંબા ગાળા સુધી ચલાવવા માટે સાવ નબળા - નકામા.

અહીં આપણે જોયું કે આરાધકભાવ એટલે વહાલાના વચનો પ્રત્યે તીવ્ર બહુમાન.

## વિરાધકભાવ એટલે નિષ્ઠુર પરિણતિ

વિરાધકભાવ એટલે પાપો કરવામાં આત્માની અત્યન્ત નિષ્ઠુર પરિણતિ.

આ નિષ્ઠુર પરિણતિ એ એક જ માત્ર પાપ છે. હિંસાદિ જે સર્વે પાપો છે તેમની સાથે જો આત્માની નિષ્ઠુરતા જોડાય તો જ તે હિંસાદિ પાપો દુર્ગતિમાં લઈ જઈ શકે છે, દુઃખો આપી શકે છે.

આ નિષ્ઠુર પરિણતિ એ એવી ગાંધારી છે જે દુર્યોધન જેવા સો દુષ્ટ પાપોને જન્મ આપે છે. આ સો પાપોમાં ય મુખ્ય તો પાંચ જ પાપો છે જેમને આપણે આગળ ઉપર જોઈશું.

## વિરાધકભાવ તોડી પાડ્યો તો કેવા બચી ગયા !

વિરાધનાઓના પાપો કરનારા જીવો પણ વિરાધકભાવ વિનાના હોય અથવા તો વિરાધકભાવને પ્રાયશ્ચિત્ત દ્વારા તોડી પાડનારા હોય તો વિરાધનાઓ કરવા છતાં તેમની દુર્ગતિ તો હવે નથી થવાની પણ તેઓ કાં મુક્તિ પામે છે, છેવટે સદ્‌ગતિ જરૂર પામે છે.

સસક-ભસક રાજકુમારોની બેન સાધ્વી સુકુમાલિકા, પરસ્ત્રીગમનના કાતીલ પાપે સતત પોતાની જાતને ધિક્કારતો વિદ્યાધર સત્યકી, પરસ્ત્રી સીતા પાસે દેહસુખની કાકલુદી કરતો રાવણ, રાજીમતીને ભોગસુખાર્થે આમન્ત્રણ દેતા ગુફાનિષ્ઠ રહનેમિ મુનિ, રૂપકોશાના દેહલાવણ્ય સામે એક જ ક્ષણમાં ઝૂકી પડેલા સિંહગુફાવાસી મુનિ, વહાલી નાગિલાનો જ સતત જપ કરતા ભવદેવ મુનિ વગેરે કેટલાય દૃષ્ટાંતો આપી શકાય જેઓ વિરાધનામાં ફસાયા હતા તો ય ઉગરી ગયા !

કોકે વિરાધના ખતમ કરી, કોકે વિરાધકભાવને ઘોર પશ્ચાત્તાપથી ખતમ કર્યો અને સહુ અન્તે ઉગરી ગયા.

## વિરાધકભાવ જીવતો રાખ્યો તો કેવા હેરાન થઈ ગયા ?

હવે આથી ઊંધી વાત જોઈએ જેમાં તે જીવોએ પોતાની વિરાધનાનો કે તેના વિરાધકભાવનો ખાત્મો ન બોલાવ્યો અને તેથી કેવી દુર્ગતિઓમાં ફેંકાઈ ગયા !

ઠેઠ સુધી યોગપટ્ટના ટૂકડાની આસક્તિનો ત્યાગ નહિ કરતા સુમંગલ આચાર્ય અનાર્યદેશમાં રાજકુમાર થયા.

સ્વપત્ની-સાધ્વીને ચિરકાળે જોતાં મોહાઈ પડેલા, તેના આર્ત્તધ્યાનમાં જ મૃત્યુ પામેલા સામયિક મુનિ અનાર્યદેશે આર્દ્રકુમાર થયા !

બાળમુનિને ક્રોધથી મારવા ધસી જતાં થએલા અકસ્માતે મૃત્યુ પામેલા મુનિ ચંડકૌશિક નાગ થયા !

રાજરાણીના અંબોડાના વાળની લટના સ્પર્શે હચમચી ઉઠેલા સંભૂતિ મુનિ બ્રહ્મદત્ત ચક્રી બનીને સાતમી નારકભેગા થયા !

રસના અને રામાના ઉન્માદમાં ફસાઈ પડેલા કંડરિક મુનિ સીધા સાતમી ભેગા થયા !

દ્રૌપદીના પૂર્વભવની સાધ્વી સુકુમાલિકા ગુરૂદ્રોહના પાપે પાંચ પતિ પામવાનું દુઃખદ આશ્ચર્યને સર્જતી દ્રૌપદી બની.

માયાના પાપે લક્ષ્મણા તથા રૂક્મિ રાણી અને મંગુ આચાર્યના માથે કેવી પનોતી બેઠી ! ક્રમશઃ એંસી ચોવીસીનો સંસાર, એક લાખ ભવ અને ખાળનું ભૂતપણું લલાટે ટીચાયું !

મહાવૈયાવચ્ચી નંદિષેણ, મુનિભવે અન્તે નિયાણું કરીને હજારો રમણીઓ પોતાની પાછળ પાગલ બને તેવા રાજા વસુદેવ થયા !

પ્રભુ વીરનું અદ્ભુત નગરપ્રવેશ 'સામૈયું' કરનાર રાજા કોણિક છટ્ઠી નારકભેગો થયો !

રોહગુપ્ત મુનિ, અજ્જા સાધ્વી, જમાલિ મુનિ વગેરે કેટલા દૃષ્ટાન્તો આપું !

મરતાં પૂર્વે જેણે પોતાના વિરાધકભાવને વિધિપૂર્વકના પશ્ચાત્તાપ, પ્રાયશ્ચિત્ત કે પચ્ચક્ખાણથી ખતમ ન કર્યો તે બધાના નામ આ જીવોની હરોળમાં મુકાય.

અંગારમર્દક આચાર્ય, સંગમક દેવ, કપિલા દાસી, બે ય પાલકો, વિનયરત્ન, કાલસૌરિક કસાઈ વગેરે અભવ્ય આત્માઓની ચિત્તપરિણતિ તો કેટલી બધી નિષ્ઠુર હોય ! આનું જ નામ વિરાધકભાવ. અહીં હજી કદાચ ક્યારેક મોક્ષ પ્રત્યે અદ્વેષ હોઈ શકે પણ રાગ તો હોય જ નહિ.

શેમાંથી જન્મતી હશે વિરાધનાસ્વરૂપ પાપની પ્રવૃત્તિઓ ? શાથી ઉત્પન્ન થતો હશે વિરાધકભાવ ? સાંભળો જવાબ.

# છ પદાર્થોની વિરાધના કદી કરશો નહિ

જેણે પૂર્વભવોમાં સુદેવાદિ ત્રણ તત્વોની કે સમ્યગ્દર્શનાદિ ત્રણ રત્નોની-કોઈ પણ એકાદની ય-ઘોર નિંદા, હીલના, આશાતના કરી હોય તે આત્માઓ તેવા ચીંકણા કર્મો બાંધે કે જેનો ઉદય થતાં તેઓ વિરાધનાઓ કરી બેસે, વિરાધકભાવની નિષ્ઠુર પરિણતિનો પણ શિકાર બની જાય.

આ છ પદાર્થોમાંના કોઈની પણ વિરાધના થઈ ગઈ તો ભલે થઈ ગઈ, તેનું શુદ્ધ દિલે પ્રાયશ્ચિત્ત કરી દેવું જોઈએ. આથી તે વિરાધના કરતી વખતનો વિરાધકભાવ ખતમ થઈ જાય. આ પછી બહુ બહુ તો વિરાધનાનું પાપ ભોગવવાનું આવે પણ વિશેષ દુઃખ ન મળે. પરન્તુ જે આત્માઓ જીવનમાં કરેલી વિરાધનાનું પ્રાયશ્ચિત્ત મરતાં સુધી કરતા નથી, કરવાનું રહી જાય છે અને જેમનું મોત થાય છે એ મોત તો કૂતરાથી ય ભૂંડું મોત કહેવાય.

મરતાં પહેલાં જ શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરી લઈને વિરાધકભાવને તો મારી જ નાંખવો જોઈએ. આથી વિરાધનાના પાપકર્મનો બંધ એ નિરનુબંધ બની જાય છે. આ બહુ મોટી સિદ્ધિ છે. પછી તપ વગેરે આરાધનાઓ કરીને વિરાધનાનું પાપ જલદી તોડી શકાય છે.

વિરાધના તો સાપની કાંચળી છે. જો સાપના મોંમાં ઝેરની કોથળી ન હોય તો કાંચળી માત્રથી કાંઈ સાપ ભયાનક બની જતો નથી. વિરાધકભાવ એ ઝેરની કોથળી છે. એને તો ગમે તેમ કરીને દૂર કરવી જ રહી.

તત્વત્રયી અને રત્નત્રયીની જેમણે વિરાધના કરી. વળી તેના વિરાધકભાવનું જેમણે મરતાં સુધી પ્રાયશ્ચિત્ત પણ ન કર્યું તેમના થોડાક નામોનો અહીં નિર્દેશ કરું છું.

**દેવતત્વ** : ગોશાલકનો પૂર્વભવીય જીવ ઈશ્વર.

**ગુરુતત્વ** : કૂલવાલક મુનિ.

**ધર્મતત્વ** : દ્રૌપદીનો પૂર્વભવીય જીવ સુકુમાલિકા. (સ્ત્રીને આતાપના-નિષેધરૂપ ધર્મનો દ્રોહ કર્યો હતો.)

**સમ્યગદર્શન રત્ન** : અજ્જા સાધ્વી, જમાલિ મુનિ, રોહગુપ્ત મુનિ.

**સમ્યગ્જ્ઞાન રત્ન** : મરીચિ મુનિ.

**સમ્યક્ચારિત્ર રત્ન** : આર્દ્રકુમારનો પૂર્વભવીય જીવ સામયિક મુનિ, સુમંગલાચાર્ય, ભવદેવ મુનિ (બાર વર્ષ સુધી તો પશ્ચાત્તાપ ન જ હતો.)

રે ! સામાન્યકોટિની જ્ઞાનાદિ રત્નોની વિરાધના કરનાર સ્થૂલભદ્રમુનિ ! મલ્લમુનિ ! મેઘમુનિ ! નંદિષેણ મુનિ ! એ ય કેવા, ક્યાં જરાક પણ ફસડાઈ પડ્યા !

અષાઢાભૂતિ મુનિ ! પ્રસન્નચન્દ્ર રાજર્ષિ ! હરિભદ્રસૂરિજી ! દર્પ કે કન્દર્પનો ભોગ બનીને કેવા થોડાક સમય માટે પણ માર ખાઈ બેઠા !

આ ઉપરથી સમજાશે કે જીવના અનાદિ સંસારનો અન્ત જ ન આવવા દેવાનું કામ કરતો વિરાધકભાવ અને વિરાધનાઓ કેટલા બધા કાતીલ છે ! આટલા કાતીલ તો અગ્નિ, ઝેરી સાપ, તીક્ષ્ણ ભાલો, ભયંકર રાક્ષસ કે ભૂત પણ નથી હોતા. જીવના એક જ ભવનો વિરાધકભાવ તેને ભવોભવ સુધી માર માર કરે, પરેશાન કરે.

આવા ભયાનક વિરાધકભાવને તોડી પાડવાની, નબળો પાડવાની કે સદાનો માંદો પાડી દેવાની તાકાત એક માત્ર આરાધકભાવમાં છે.

## આજ્ઞાબહુમાનથી શું શું મળવા લાગે ?

આરાધકભાવ એટલે જિનવચન-બહુમાન ! અમલની હાલ વાત નથી. હાલ તો હૈયે જિનની પ્રત્યેક ઝીણામાં ઝીણી તમામ આજ્ઞાઓ પ્રત્યે અપાર પ્રેમ, એનું નામ આજ્ઞાયોગ.

આ આજ્ઞાબહુમાનની બહુ મોટી તાકાત છે. આટલી તાકાત માસક્ષમણાદિ કોઈ પણ આરાધનામાં ય હોતી નથી. એ બધી આરાધનાઓ ભેગી થઈને ય જીવને મોક્ષ અપાવી ન શકે અને નાનકડો પણ આરાધકભાવ ઝટપટ મોક્ષ તરફ જીવને દોડાવવા લાગે.

આ આજ્ઞાયોગ એટલે વચનબહુમાન ! જેના હૈયે વચન-બહુમાન પેદા થાય તે પ્રાયઃ તો પાપ (વચનવિરૂદ્ધ) કરી જ ન શકે, નહિ તો પાપ ઉપર પશ્ચાત્તાપ

તો ખૂબ જ કરે. વળી તેના હૈયેથી નિષ્ઠુરતા (વિરાધકભાવ) ખતમ થઈ જાય એટલે તે હૃદયથી સરળ બની જાય, જીવમાત્ર પ્રત્યે કોમળ બની જાય અને શિષ્ટ પુરૂષોને માટે પ્રજ્ઞાપનીય (બે શબ્દો કહેવા જેવો) બની જાય. આ આત્માની આંખે પાપ ઉપર પશ્ચાત્તાપના આંસુ, દુઃખિતો પ્રત્યે આર્દ્રતાના આંસુ અને સત્કાર્યો પ્રત્યે હર્ષના આંસુ વહેતા જ હોય.

આવો આત્મા વિરાધના કરે તો ય તેની દુર્ગતિમાં લઈ જવાની તાકાત (વિરાધકભાવપ્રેરિત) ખતમ થઈ ગઈ હોય એટલે તે સતત સદ્ગતિમાં જવા લાગે. ત્યાં તેને સતત સંતપુરૂષોનો સમાગમ (સત્સંગ) મળતો રહે. સત્સંગ થતાં મુક્તિને પછી કેટલું છેટું રહે ?

દરેક ભાવમાંથી મુખ્ય પાંચ સ્વરૂપો પેદા થાય છે. દરેક આરાધકભાવના એકેકા પરમેષ્ઠી સ્વામી છે, જેમણે તમામ વિરાધકભાવોને સર્વથા ખતમ કર્યા છે.

| | આરાધકભાવ | સ્વામી | વિરાધકભાવ |
|---|---|---|---|
| ૧. | પરાર્થસ્વરૂપ | અરિહંત | સ્વાર્થ સ્વરૂપ |
| ૨. | દેહાધ્યાસત્યાગસ્વરૂપ | સિદ્ધ | દેહાધ્યાસ સ્વરૂપ |
| ૩. | સદાચાર સ્વરૂપ | આચાર્ય | અનાચાર સ્વરૂપ |
| ૪. | જ્ઞાનસ્વરૂપ | ઉપાધ્યાય | અજ્ઞાનસ્વરૂપ |
| ૫. | સહિષ્ણુતાસ્વરૂપ | સાધુ | અસહિષ્ણુતા સ્વરૂપ |

અહીં આ ગન્થના પ્રથમ ખંડનું સમાપન કરીને આપણે બીજા ખંડમાં પ્રવેશ કરીએ.

- एतद् भावमले क्षीणे प्रभूते जायते नृणाम् ।
  करोत्यव्यक्तचैतन्यो महत्कार्यं न यत्क्वचित् ॥

- अस्मिन्हृदयस्थे सति हृदयस्थस्तत्वतो मुनीन्द्र इति ।
  हृदयस्थिते च तस्मिन् नियमात् सर्वार्थसंसिद्धिः ॥

- धर्मशक्तिं न हन्त्यत्र भोगयोगो बलीयसीम् ।
  हन्ति दीपापहो वायुर्ज्वलन्तं न दवानलम् ॥

- सहजं तु मलं विद्यात्कर्मसम्बन्धयोग्यताम् ।
  आत्मनोऽनादिमत्वेपि नायमेनां विना यतः ॥

- तस्मादवश्यमेष्टव्या स्वाभाविक्येव योग्यता ।
  तस्यानादिमती सा च मलनान्मल उच्यते ॥

- ભવ અનંતમાં દર્શન દીઠું, પ્રભુ એહવા દેખાડે જી,
  વિકટ ગ્રન્થ જે પોળ પોળીઓ, કર્મવિવર ઉઘાડે જી.
  સેવો ભવીઆ વિમલ જિનેસર...

- જ્યાં લગી આતમ-તત્વ ચિન્તવ્યો નહિ,
  ત્યાં લગી સાધના સર્વ જૂઠી.

- भावो हि पढमलिंगं ण दव्वलिंगं च जाण परमत्थं ।
  भावो कारण भूदो गुणदोसाणं जिणा बिंति ॥

- तह चेव उ मोक्खफला आणा आराहिया जिणिन्दाणं ।
  संसारदुक्खफलया, तह चेव विराहिया नवरं ॥

# ખંડ : ૨

## સિદ્ધચક્રયન્ત્ર - સ્વરૂપ

# (૫) સિદ્ધચક્રયન્ત્ર - સ્વરૂપ

## આવશ્યક અને અનિવાર્ય

શ્રી સિદ્ધચક્ર યન્ત્રાધિરાજ છે. જે એમાં સમાતું હોય તે બધી મન, વચન કે કાયાની વૃત્તિઓ અને પ્રવૃત્તિઓ, આચારો, વિચારો કે ઉચ્ચારો જિનશાસનને માન્ય છે. જે એમાં ક્યાંય ન સમાય તે તમામ જિનશાસનની બહાર છે, તેને અમાન્ય છે.

જો તેનું સેવન ન છૂટકે-અનિવાર્ય અનિષ્ટ-તરીકે સમજીને થાય તો તે આત્મા 'સમ્યગ્દષ્ટિ' કહેવાય. અન્યથા ઉપાદેય સમજીને તે વૃત્તિ-પ્રવૃત્તિઓને સેવનાર આત્મા ધરાર મિથ્યાદષ્ટિ કહેવાય.

જે આ યન્ત્રાધિરાજમાં સમાય તે બધું આવશ્યક ગણાય, ન સમાય તે બધું કરવું પડે તો અનિવાર્ય ગણીને કરાય. આવી જે માન્યતા તે સમ્યગ્દર્શન.

## નવ પદો ત્રણ વિભાગમાં

આ નવ પદોને ત્રણ વિભાગમાં ગોઠવી શકાય. પહેલા બે પદો તે દેવતત્વ-વિભાગ, પછીના ત્રણ પદો તે ગુરુતત્વ-વિભાગ અને છેલ્લા ચાર પદો તે ધર્મતત્વ-વિભાગ.

અથવા એમ પણ કહી શકાય કે પહેલાં પાંચ પદોના અધિષ્ઠાતાઓ - અરિહંતાદિ તે ધર્મી છે, શેષ ચાર સમ્યગ્દર્શનાદિ - તે ધર્મો છે.

## વર્ણોનું રહસ્ય

અરિહંત પરમાત્માનો વર્ણ શ્વેત હોઈને વિશ્વવાત્સલ્યનો પ્રેરક છે.

સિદ્ધ પરમાત્માનો લાલ વર્ણ આઠ કર્મોના દહન સ્વરૂપ જ્વાળા સૂચવે છે.

અરિહંતની ગેરહાજરીમાં અરિહંતદેવના માર્ગનો પ્રકાશ સૂર્યની જેમ સર્વત્ર ફેલાવતા હોઈને આચાર્ય-પદનો વર્ણ પીળો છે.

આચાર્યની ધર્મદેશનાથી દીક્ષિત બનેલા મુમુક્ષુઓને જ્ઞાન-ધ્યાનાદિની તાલીમની શીતલ છાંયડી દેતાં વૃક્ષના જેવા ઉપાધ્યાય-પદનો વર્ણ લીલો છે.

સાધના કરીને કાળાં-ડીબાંગ કર્મોને અંદરથી બહાર કાઢતાં સાધુ-પદનો વર્ણ શ્યામ છે.

સમ્યગ્દર્શનાદિ ચાર પદો આત્માના ઉજ્વળ ધર્મો હોવાથી તેમનો વર્ણ શ્વેત છે.

આ નવ પદોમાં પહેલાં પાંચ પદોના શરણે આપણે જવાનું છે, જ્યારે સમ્યગ્દર્શનાદિ શેષ ચાર પદોને આપણા શરણમાં લાવવાના છે.

દેવ, ગુરૂ અને ધર્મ એ ત્રણ તત્વો છે. તેમાં સમ્યગ્દર્શનાદિ ત્રણ ધર્મો એ ત્રણ રત્નો છે. સમ્યક્તપપદ એ સમ્યગ્દર્શનાદિ રત્નોની આરાધના કરતાં લાગી જતી અશુદ્ધિને દૂર કરવા માટેનું 'સાબુ' જેવું સ્વતન્ત્ર પદ છે. એના વિના તો રત્નત્રયીની મલિન આરાધનાથી કદી મુક્તિ મળે નહિ. પહેલાં પાંચ પદોમાં ક્યાંય પણ ગોઠવાઈ જવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય નહિ.

## અરિહંતપદ અને સિદ્ધપદ

આ સિદ્ધચક્ર-યન્ત્રની ગોઠવણમાં એક વસ્તુ એકદમ ધ્યાનાકર્ષક છે.

અરિહંત ભગવંતને સહુની વચ્ચે મૂકીને તેમને સર્વોત્કૃષ્ટ બનાવ્યા.

પણ સિદ્ધ ભગવંતને સહુથી ઊંચે મૂકીને અપેક્ષાએ તેમને પણ સર્વોત્કૃષ્ટ ગણાવ્યા છે.

તેઓ આઠે ય કર્મોથી મુક્ત છે, કદી મૃત્યુ પામવાના નથી. તેમને શરીર નથી એ દષ્ટિએ તેઓ ચાર કર્મોથી હજી યુક્ત, નિર્વાણ પામનારા અને સશરીરી એવા અરિહંતદેવથી બેશક સર્વોત્કૃષ્ટ ગણાય. અને તેથી જ આ યન્ત્રનું નામ અરિહંતચક્રયન્ત્ર નહિ રાખતા સિદ્ધચક્રયન્ત્ર રાખ્યું છે.

પણ સબૂર ! બીજી અપેક્ષાએ અરિહંત જ સર્વોત્કૃષ્ટ છે.

આ રહી તે અપેક્ષાઓ :

૧) જ્યાં સુધી તેમનો તારક આત્મા શાસનની સ્થાપના કરે નહિ ત્યાં સુધી કોઈ આત્મા સિદ્ધપદ પામી શકે નહિ.

૨) જગત્માત્રને તારવાનું, બોધ પમાડવાનું અને મોક્ષે પહોંચાડવાનું અપ્રતિહત સામર્થ્ય તેમનામાં જ છે. માત્ર સામાન્ય કેવલી બનીને સિદ્ધ બનેલા

આત્માઓમાં તે સામર્થ્ય નથી.

જિનશાસનમાં માત્ર સ્વનું હિત કરવાનું સામર્થ્ય ધરાવતા આત્માઓ કરતાં ઘણા બધાનું - સર્વનું - પરહિત કરવાનું સામર્થ્ય ધરાવતા આત્માઓને અગ્રિમતા આપવામાં આવી છે.

૧) આથી જ નમસ્કારમન્ત્રમાં સિદ્ધ ભગવંતોને બદલે પ્રથમ પદમાં અરિહંત ભગવંતને મૂકવામાં આવ્યા છે.

૨) આથી જ છદ્મસ્થ ગણધર ભગવંતો જ અરિહંતદેવના પાદપીઠ ઉપર બેસીને બીજા પ્રહરમાં દેશના આપતા હોય છે, તે પર્ષદામાં સામાન્ય કેવલી ભગવંતો હોવા છતાં.

૩) આથી જ શાસનની ધુરા સોંપીને નુતન આચાર્યને તૃતીય-પદ ઉપર આરૂઢ કરતી વખતે ગુરુ પોતે તેમને વંદન કરતા હોય છે અને તે દ્વારા તે નુતન આચાર્ય સર્વને વંદનીય બનો તેવી આશંસા પ્રગટ કરતા હોય છે.

૪) આથી જ તેઓની વિશિષ્ટ કોટિની સેવા (ભોજનાદિના સંબંધમાં) શિષ્યોએ કરવી તેવી શાસ્ત્રાજ્ઞા છે.

૫) આથી જ જિનધર્મને પુરુષપ્રધાન ધર્મ ગણવામાં આવ્યો છે. (એમાં કંઈ નારીનું અપમાન કરવાની દૃષ્ટિ નથી.)

સંસાર એ સાગર છે. તેને પાર પામવા માટે સ્ટીમર જોઈએ, તેને કપ્તાન જોઈએ, તેનું પહોંચવા માટેનું લક્ષ્યસ્થાન પણ હોવું જોઈએ.

અરિહંતદેવ તે કપ્તાન છે, કેમકે તેઓ મોક્ષમાર્ગના દેશક છે. પણ સિદ્ધ ભગવંત તે લક્ષ છે, ધ્રૂવનો તારો છે. (કપ્તાનના હાથમાં હોકાયન્ત્ર સતત રહે છે ને ?)

અરિહંતદેવોના તારક આત્માઓ સિદ્ધ ભગવંતોને 'નમો સિદ્ધાણં' એમ કહેવા દ્વારા નમસ્કાર કરીને જ પ્રવ્રજ્યાનો સ્વીકાર કરતા હોય છે.

અજૈન પરિભાષારૂપે અરિહંતદેવ એ સદેહ-મુક્ત એવા પરમાત્મા છે. સિદ્ધ ભગવંત એ વિદેહ-મુક્ત એવા પરમાત્મા છે.

આ તો થઈ બે ય પ્રકારના દેવાધિદેવોની વાત : દેવતત્વની વાત.

# ગુરુતત્ત્વના ત્રણ પદો

ગુરૂતત્વના ત્રણ વિભાગો છે.

જે આચાર્ય છે તેમનું કાર્ય અરિહંતોએ પ્રકાશેલા મોક્ષમાર્ગનું પ્રકાશન-કાર્ય ચાલુ રાખવાનું છે. અનેક આત્માઓને સદ્બોધ આપીને તેઓને સર્વવિરતિધર બનાવે છે.

આ સાધુઓને સર્વ પ્રકારની સંયમધર્મની તાલીમ આપવાનું કાર્ય ઉપાધ્યાય ભગવંતોનું છે.

જો ટૂંકમાં એમની કાર્યવાહી સમજાવવી હોય તો એમ કહી શકાય કે આચાર્ય એ તીર્થંકરદેવોની ગેરહાજરીમાં જિનશાસનના સરસંચાલક હોઈને મુખ્યત્વે વિદેશપ્રધાનં છે. મુખ્યત્વે વિવિધ નગરોના સર્વજીવોના ધર્મકાર્યો વગેરે તરફ તેમનું લક્ષ હોય છે.

ઉપાધ્યાય એ ગૃહપ્રધાન છે.

આચાર્ય એ સાધુઓના પિતા છે તો ઉપાધ્યાય એ સાધુઓની વાત્સલ્યમયી મા છે.

આચાર્યનો મુખ્ય ગુણ પંચાચારોનું પોતે કડકપણે પાલન કરવાનું અને યથાશક્ય બીજાઓ પાસે કરાવવાનું છે.

ઉપાધ્યાયનું કાર્ય સાધુઓને વિનયધર્મ શીખવવાનું, સ્વયં વિનયી બનીનેસ્તો.

સાધુપદમાં બિરાજતાં સાધુઓમાં જિનશાસનને માન્ય રાખતાં સર્વ પ્રકારના સુસાધુઓ-સ્થવિરકલ્પી, જિનકલ્પી, યાવત્ સામાન્ય કેવલજ્ઞાનીઓ કે તમામ સાધ્વીજીઓ આવી જાય.

અરિહંતપદમાં સામાન્ય કેવલજ્ઞાનીઓ આવે નહિ, કેમકે અરિહંત એટલે માત્ર અરિ (ચાર ઘાતીકર્મોરૂપી શત્રુ)ને હણનારા નહિ પણ તેની સાથે સાથે અષ્ટ પ્રાતિહાર્યોના ધારક, ચોત્રીસ અતિશયોથી સંપન્ન એવા કેવલી ભગવાન. આ વ્યાખ્યાથી માત્ર કેવળજ્ઞાની સાધુ-સાધ્વીજી ભગવંતોને પ્રથમ પદમાં સમાવિષ્ટ કરી શકાય નહિ.

વળી 'સવ્વ-સાહૂણં' પદનો બીજો અર્થ એટલે સાર્વ, સાર્વ એટલે સર્વજ્ઞને

પૂજનીય તરીકે બરોબર માનનારા સાધુઓ. આમ જે તે બાવા, સંન્યાસી - બધા - આં પદોમાં 'સર્વ' પદથી સમાવી શકાય નહિ. આવા પ્રકારનો ઔદાર્યભર્યો સમન્વય કદી કરી શકાય નહિ.

વળી આ 'સર્વ' પદનો અર્થ દેહલીદીપન્યાયથી પાંચમા પદને સ્પર્શે છે તેમ ઉપરના ચારે ય પદોને પણ સ્પર્શે છે. એટલે જ દરેક પદે પદે 'સર્વ' પદ મૂકવામાં આવ્યું નથી.

નવ પદના બનેલા આ યન્ત્રાધિરાજ શ્રી સિદ્ધચક્ર જેવું કોઈ યન્ત્ર નથી. એના પાંચ પદો તે ધર્મી છે. શેષ ચાર પદો એ ધર્મ છે.

### નવ પદોમાં ક્યાંક બેસીએ : કોકને આપણામાં બેસાડીએ

આ નવ પદોમાં પહેલાં પાંચ પદો એવા છે જેમાં આપણે ક્યાંક બેસવાનું છે. છેલ્લા ચાર પદો એવા છે કે જેમને આપણામાં બેસાડવાના છે. આમાં પાંચમું સાધુપદ અને છટ્ઠું સમ્યગ્દર્શન પદ જ ખૂબ મહત્વનું છે. જો જીવનને નવપદમય બનાવવું હોય, જો મયણાની જેમ નવપદમય બનવું હોય તો આપણે સાધુપદમાં બેસવું જોઈએ અને સમ્યગ્દર્શનપદને આપણામાં બેસાડવું જોઈએ.

## સમ્યગ્દર્શનપદ અને સાધુપદ

નિશ્ચયનયથી એમ કહી શકાય કે પહેલાં આપણા આત્મામાં સમ્યગ્દર્શન પદને બેસાડી દેવું જોઈએ. (તેની સાથે સમ્યગ્જ્ઞાન-પદ બેસી જવાનું છે.) અને પછી શક્ય તેટલું જલદી તેની રક્ષા માટે સાધુ-પદમાં બેસી જવું જોઈએ.

સંસારને ચોર-લૂંટારૂઓની ભયાનક પલ્લી કહી છે. એમાં રહીને પ્રાપ્ત થએલા સમ્યગ્દર્શન રત્નનું રક્ષણ કરવું એ અતિ અતિ મુશ્કેલ કાર્ય છે. વળી સમ્યગ્દષ્ટિ આત્મા પણ સાધુવેષ માટે અત્યન્ત તલસતો હોય છે. એટલે એનું બરોબર ચાલે તો એ સાધુવેષ ધારણ કરીને સાધુ-પદમાં બેસી ગયા વિના રહેતો પણ નથી.

સાધુવેષ સ્વીકારવામાં આંખે ઉડીને વળગે એવા ત્રણ લાભો તો એવા છે કે જેથી તેમાં સમ્યક્ત્વની રક્ષા કરવાનું કામ ખૂબ સહેલું થઈ જાય છે.

સાધુને જો ગુરૂ સારા મળી ગયા, ગ્રુપ સારું મળી ગયું તો તેને ગુરૂ તરફથી જે વાત્સલ્ય અને શાસ્ત્રગ્રંથોની વાચંના પ્રાપ્ત થાય તે સમ્યક્ત્વની રક્ષા માટે અને વિશેષ નિર્મળતા માટે અત્યન્ત આવશ્યક વસ્તુઓ છે. વળી આવા ઉપકારી ગુરૂની અને સુંદર સંયમી મુનિઓના ગ્રુપની સેવાનો લાભ ઉત્કૃષ્ટ પુણ્યબંધનો કારક બની રહે છે. પોતાના ઉપકારી ગુરૂને એક વાર પણ પાતરી ભરીને ઠંડુ કરેલું પાણી પાવાનો લાભ સાધુવેષમાં જ મળી શકે. આ લાભથી જીવનને ધન્ય બનાવી દેવા માટે પણ સાધુ થવું જોઈએ. વળી સાધુવેષ ધારણ કરવાથી અશુભ નિમિત્તોથી દૂર રહેવાનું કામ અત્યન્ત સરળ બનવાથી દુર્ધર બ્રહ્મચર્યનું પાલન અતિ સુલભ બની જાય છે.

અને.... જીવદયા તો અહીં જીવન જ બનેલું છે. એટલે ડગલે ડગલે, શ્વાસે શ્વાસે, વાણીના બોલે બોલે જીવરક્ષાની કાળજી સતત સહજપણે લેવાતી રહે છે.

ગુરૂસેવા, બ્રહ્મચર્ય અને જીવદયાનો લાભ સંસારીપણામાં તો સ્વપ્ને ય દુર્લભ છે. આ વાતો સાધુવેષ લેવા માત્રથી સાવ સુલભ બની જાય છે. આ ત્રણ ગુણો એટલા બધા મહાન્ છે કે તે જીવનમાં અગણિત ગુણો ખેંચી લાવી આપે છે. અરે ! સમ્યગ્દર્શન ગુણ પણ સાધુવેષ પ્રાપ્ત કર્યા બાદ જ ઘણા બધા જીવોને પ્રાપ્ત થતો હોય છે.

જો એક સો આત્માઓ સાધુવેષ ધારણ કરતાં હોય તો સમ્યગ્દર્શન સાથે સાધુવેષ પામનારા આત્મા તો મારી નજરે માંડ દસ હશે. બાકીના નેવું આત્માઓ તો સાધુવેષ અને ઉપર્યુક્ત ત્રણ જીવનચર્યા દ્વારા જ સમ્યગ્દર્શન પામે છે. સંસારમાં ચોરોની પલ્લીમાં રહીને સમ્યગ્દર્શન પામવું ખૂબ મુશ્કેલ છે. તેમાં ય તેની રક્ષા જારી રાખવી એ તો અતીવ મુશ્કેલ છે.

મહોપાધ્યાયજીએ અધ્યાત્મસારમાં કહ્યું છે કે માત્ર દ્રવ્યથી દીક્ષા લેનારા પણ અનંતા આત્માઓ દીક્ષા લીધા બાદ પોતાના પ્યારા ગુરૂદેવની આજ્ઞાને વફાદાર જીવન જીવીને ભાવ-દીક્ષા પામી ગયા છે !

## સાધુજીવનને લાયક કોણ ?

આથી જ કહ્યું છે કે મુમુક્ષુ આત્મા સમ્યગ્દર્શન પામ્યો હોય તો જ તેને દીક્ષા આપવી એવો આગ્રહ રાખવો નહિ. હા, એટલું જરૂર જોવું કે તે આત્માને સુખમય પણ સંસાર ભયાનક, નગુણો, નફરતપૂર્ણ લાગ્યો છે ? અને મહાવ્રતોના

કઠોર પાલન માટે તે સક્ષમ છે ? જો આ રીતે મનનો તે નિર્મળ હોય અને તનનો તે નિરોગી હોય તો તેને અવશ્ય દીક્ષા આપવી. વિધિપૂર્વક આપવી. અંતરમાં સમ્યગ્દર્શન આવી ગયું છે કે નહિ ? તે આપણા જેવા અલ્પજ્ઞાની છદ્મસ્થ જીવોને જાણવાનું ઘણું મુશ્કેલ કામ છે. એ જણાય તો જ દીક્ષા આપવાની વાત કરશું તો આજના કાળમાં તે જાણવાની તાકાત કોઈ છદ્મસ્થ ગુરૂમાં નહિ હોવાથી કોઈ પણ આત્માને દીક્ષા જ નહિ અપાય. એમ થતાં પરમાત્મા દેવાધિદેવોએ પ્રરૂપેલો સંયમમાર્ગ ઉચ્છેદ પામી જશે. ના, આમ તો કદી ન થાય.

કરી શકાય તેટલી બાહ્ય કસોટીઓ કરી લેવી અને તેમાં જરાય કચાશ ન રાખવી. જરૂર પડ્યે સારી એવી તાલીમ પણ આપવી. પછી તો જેવી ભવિતવ્યતા. કુંભાર દસ ઘડા બનાવે તો એમાંથી એકાદ-બે ફૂટે પણ ખરા, તો ય તેના સોમાંથી એંસી માર્કસ્ તો આવ્યા જ ને ?

## ઉલ્લાસથી દીક્ષા લેવામાં જ ઘણો ફાયદો

મોક્ષ જ પામવા માટેના ઉલ્લાસના ઉછળતા હૈયે દીક્ષા લેવાની વિધિ કરતાં કરતાં જ ઘણા બધા આત્માઓ છટ્ઠા-સાતમા ગુણસ્થાનને સ્પર્શી જતાં હોય છે. એમના પતનની સંભાવના નહિવત્ હોય છે. સારા નિમિત્તોના વસવાટ વચ્ચે પતનની શક્યતા જ શી રીતે રહે ? છતાં તીવ્ર અશુભ કર્મોદયે કોઈનું પતન થાય તો ય શું ? તેટલા માત્રથી સહુની દીક્ષા બંધ ન રખાય.

વળી પતન પામેલો દીક્ષિત આત્મા પણ દીક્ષા લેતી વખતે કે ગુરૂસેવા, સ્વાધ્યાય, તપ વગેરે કરતી વખતની કોક પળે સમ્યગ્દર્શન કે અપ્રમત્તભાવનું ચારિત્ર એક પળ માટે પણ સ્પર્શી ગયો તો હશે જ ને ? અહો ! આથી તો એનો સંસારરૂપી સાગર ખાબોચીયું બની ગયો ! એનો અનંતા પુદ્ગલ-પરાવર્તોનો સંભવિત સંસાર હવે ખતમ થઈ ગયો. હવે કદાચ એ મિથ્યાત્વ પામીને મહાપાપો કરે તો ય અડધા પુદ્ગલપરાવર્તકાળથી વધુ તો સંસારમાં ન જ રહે. આ કાંઈ નાનુંસૂનું ઉત્થાન છે ? અરે ! હાલિક ખેડૂત અને મહાતપસ્વી નંદિષેણના નિશ્ચિત પતનને જોતાં સર્વજ્ઞ ભગવંત મહાવીરદેવે તેમને દીક્ષા આપી છે કે નહિ ?

## નિમિત્તોની ભયાનકતા

મને તો ક્યારેક એવું પણ લાગે છે કે દીક્ષાની તાલીમનો સમય પણ ઘણો બધો લાંબો નહિ રાખવો જોઈએ. આમ કરવામાં મુમુક્ષુ આત્મા સંસારમાં અશુભ નિમિત્તોમાં રહેતો હોવાથી તેના શુભ પરિણામોનો ભંગ થઈ જાય યા તે નિર્ધ્વંસ-પરિણામી પણ બની જાય. જો તેને યોગ્ય સમય થતાં તુરંત દીક્ષા આપવામાં આવે તો આ અશુભ પરિસ્થિતિનું વાચનાશ્રવણાદિ શુભ નિમિત્તોની વચ્ચે નિર્માણ થવાની શક્યતા રહેવા પામે નહિ.

છતાં આ નિર્ણયની વાત ગીતાર્થ ગુરૂએ જ તે તે મુમુક્ષુની વ્યક્તિગત તાલીમને ધ્યાનમાં લઈને વિચારવી રહી. સર્વ માટે એક જ નીતિ નક્કી કરી શકાય નહિ.

મૂળ વાત ઉપર આવીએ.

## 'ગેઈટ વે ઓફ નવપદ'

નિશ્ચયથી તો પહેલાં સમ્યગ્દર્શન પામવું જોઈએ પછી સાધુવેષ ધારણ કરવો જોઈએ. પરન્તુ વ્યવહારનયથી તો પહેલાં સાધુવેષ ધારણ કરવો જોઈએ પછી સમ્યગ્દર્શનાદિ ગુણોની પ્રાપ્તિ થાય.

જેમ ભારતમાં પ્રવેશ કરવા માટે ગેઈટ વે ઓફ ઈન્ડીઆ એ મુંબઈની ગોદીનું બારૂ કહેવાય છે તેમ ગેઈટ વે ઓફ નવપદ એ નિશ્ચયનયથી સમ્યગ્દર્શન પદ છે, વ્યવહારનયથી સાધુપદ છે એમ કહી શકાય.

સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન સમભાવી છે. દીપક અને તેનો પ્રકાશ કેટલો સમભાવી છે ? આ બે સાથે જ રહે છે.

ચૌદ વિદ્યાના પારગામી બ્રાહ્મણ-શ્રેષ્ઠનું જ્ઞાન કે સાડા નવ જેટલા પૂર્વોનું જ્ઞાન ધરાવતા મિથ્યાદૃષ્ટિ જૈન સાધુનું જ્ઞાન તે પણ અજ્ઞાન છે. જો તેની પાસે સમ્યગ્દર્શન આવી જાય તો તે બંનેનું જ્ઞાન સમ્યગ્જ્ઞાન બની જાય.

જ્ઞાન, ચારિત્ર અને તપને જે સમ્યક્ પદ લાગેલું છે તે સમ્યગ્દર્શનને આભારી છે. સમ્યગ્દર્શનના સ્વામીનું જ્ઞાન, ચારિત્ર અને તપ બધું સમ્યગ્, ભલે પછી તે ગીતાનું જ્ઞાન હોય કે ભગવા વેષનું દેખાતું ચારિત્ર હોય. સમ્યગ્દર્શન વિનાનું

આચારાંગાદિ આગમસૂત્રોનું જ્ઞાન પણ મિથ્યા અને જૈન સાધુના વેષવાળું દેખાતું ચારિત્ર પણ મિથ્યા, માસખમણાદિનો જિનોક્ત વિધિવાળો તપ પણ મિથ્યા.

આ ઉપરથી સમજાશે કે ગેઈટ વે ઓફ નવપદ એ વસ્તુતઃ સમ્યગ્દર્શન પદ છે પરન્તુ તેને પામવા માટે સામાન્યતઃ (વ્યવહારનયથી) સાધુવેષની આવશ્યકતા હોવાથી ગેઈટ વે ઓફ નવપદ સાધુપદ છે.

## સંસાર, સાર પણ કેમ નહિ ?

આ સંસાર ભલે 'અસાર' કહેવાતો હોય પણ હે સિધ્ધચક્ર ભગવંત ! હે નવપદો ! આપના આ સંસારમાં હોવાના કારણે આ સંસાર સારમય છે. સિદ્ધચક્ર ભગવંત અને તે પ્રત્યેક પદોમાં સમાતી અગણિત વસ્તુઓ-નવકારમન્ત્ર, સિદ્ધાચલતીર્થ, મુનિગણ, તપ, ત્યાગ, સંયમ, સ્વાધ્યાય અને માતાપિતાદિ ગુરૂજનોની સેવા વગેરે આ સંસારમાં છે, તે બધા કાંઈ મોક્ષમાં નથી. તો આ બધાના કારણે આ સંસારને સાર પણ કેમ ન કહેવાય ?

અરે ! વસ્તુપાલ જેવા મહા-શ્રાવકોને પેદા કર્યા છે માટે તેઓની જનની 'સ્ત્રી' ને કારણે જો આ સંસારને સારભૂત કહેલ હોય તો સિદ્ધચક્રાદિ ભગવંતોના અસ્તિત્વના કારણે આ સંસારને સારમય કહેવામાં શું અયોગ્ય છે ?

અહા ! કેવી તો કમનસીબી છે આપણામાંના ઘણા બધાની કે આપણને છ છ પદાર્થો સુ અને સમ્યગ્ (સુદેવાદિ ત્રણ + સમ્યગ્દર્શનાદિ ત્રણ) મળ્યા, તેમનાથી આપણે ઘેરાયેલા, તેમના જ આપણે ઉપાસક, તેમના આપણે ઠેકેદાર, ઝંડાધારી, ઝગડાહારી છતાં આપણે કુ તે કુ જ રહ્યા. છ 'સુ' ભેગા થઈને ય આપણા જીવનને હજી 'સુ' બનાવી શક્યા નહિ. ના, તે તેમનો દોષ નથી, આપણી અપાત્રતાનો એ દોષ છે.

ખેર, હવે જાગ્યા ત્યારથી સવાર કરીએ. જો ભવની ભીતિથી ભગવાનમય બનીને ભગવાન બની શકાય છે તો આપણે નવ પદોની પરા પ્રીતિથી નવપદમય બનીને નવપદમાંના પહેલા પાંચ પદોમાં બેસી જઈએ. નવપદમાંના છેલ્લા ચાર પદોને આપણામાં બેસાડી દઈએ.

નવપદમય થઈને નવપદ બનીએ. જે જેનું ધ્યાન ધરે તે તેવો થાય. આને 'ઈલિકાભ્રમરી' ન્યાય કહ્યો છે. શ્રીરામનું સતત ધ્યાન ધરતી સીતાને રામ થઈ જવાનો ભય પેસી ગયો હતો. ભાઈ ! નવપદની ખરી ભક્તિ તો તે જ કરી શકે

જે નવપદમય બને. કહ્યું છે કે "દેવ બનીને દેવને પૂજો- देवो भूत्वा देवं यजेत, જિન સ્વરૂપ થઈ જિનં આરાધે."

આપણે નવપદમય બનીએ અને પછી નવપદ જ બનીએ (પહેલાં આપણામાં નવપદ, પછી નવપદમાં આપણે). જ્યાં સુધી હૈયે સંસારના ધન વગેરે પદો રમતા હશે ત્યાં લગી નવપદમય શી રીતે બની શકાશે ? તો ભલે... તે અનિત્ય, અશરણ, અશુભ પદાર્થોને હૈયેથી વાળીઝૂડીને સાફ કરી નાંખીએ અને પરમકૃપાલુ નવપદ-ભગવાનને કહીએ, "હે વહાલા ! હવે મારા મનોમંદિરમાં આપ પધારો. મંદિર વાળીઝૂડીને મેં સાફ સુંદર કરી નાંખ્યું છે. મારા વહાલાની બરોબરીમાં બેસવા માટે તે કચરા જેવા પદાર્થો તદન નાલાયક જણાયા. મેં તે તમામને કાઢી મૂક્યા છે ! પધારો વહાલા નવપદ ! પધારો, જલદી પધારો. હવે વધુ વિલંબ થશે તો તે મારા માટે અસહ્ય બની જશે."

## ભક્તિ : જ્ઞાન : શૌર્ય : શુદ્ધિના છેલ્લા ચાર પદો

હવે આપણે સમ્યગ્દર્શન આદિ ઉપર ઉડતી નજર નાંખીએ.

સમ્યગ્દર્શન એ ભક્તિયોગનું પદ છે, જ્યારે સમ્યગ્જ્ઞાન એ જ્ઞાનયોગનું પદ છે. એ પછીના બે પદોમાં સમ્યક્ચારિત્ર પદ એ શૌર્યનું પદ છે, જ્યારે સમ્યક્તપ પદ શુદ્ધિનું પદ છે. શૌર્ય અને શુદ્ધિની ભૂમિકામાં ભક્તિ અને જ્ઞાન પડેલા છે.

## પૂર્ણ અને શૂન્ય પાંચ પરમેષ્ઠીઓ

અરિહંતાદિ પાંચ પરમેષ્ઠીઓને લગતાં પરાર્થભાવાદિ પાંચ આરાધકભાવો છે, જેની મુખ્ય જનની (કુન્તી) આજ્ઞાબહુમાન નામનો આરાધકભાવ છે. એ રીતે આ પાંચ પરમેષ્ઠીઓમાં સ્વાર્થભાવ આદિ પાંચ વિરાધકભાવોનો પૂર્ણ અભાવ છે, જેની મુખ્ય જનની (ગાંધારી) નિષ્ઠુર પરિણતિ નામનો વિરાધકભાવ છે.

ટૂંકમાં એમ કહી શકાય કે પાંચ પરમેષ્ઠીઓ આરાધકભાવોથી પૂર્ણ છે અને વિરાધકભાવોથી શૂન્ય છે.

પૂર્ણ અને શૂન્ય એવા આ પાંચ પરમેષ્ઠી ભગવંતોના પાંચ આરાધકભાવો જાણવા તેમને લગતાં પાંચ વિરાધકભાવો જાણવા એ જ્ઞાનયોગ : સમ્યગ્જ્ઞાન છે. પાંચને સુંદર જાણીને પાંચને સ્વઘરમાં લાવવાથી પેલા શૂન્યતાવાળા પાંચને આપોઆપ

ભાગી જવું પડે. દીવો આવે અને અંધારાને જેમ આપમેળે ભાગી જવું પડે.

દા.ત. પરાર્થભાવને જાણો, તેની મૂઠીઉંચેરી મહાનતાને માણો એટલે તેના વિરાધકભાવ-સ્વાર્થભાવને આપમેળે ભાગે જ છૂટકો. જાણે કે બિલ્લી આવતાં જ ઉંદર નાઠો.

અંધારાને ધક્કો મારવાથી કાંઈ અંધારૂં જતું નથી. દીવો આવ્યો કે અંધારૂં એની મેળે ભાગે.

આ છે નવપદનું સમ્યગ્‌જ્ઞાન નામનું સાતમું પદ.

અહીં ખાસ કરીને પાંચ + પાંચ = દસ આરાધક-વિરાધકભાવોનું સ્વરૂપ જ આત્મસાત્ કરવાનું છે.

વળી આ જ જ્ઞાનયોગથી પાંચ પરમેષ્ઠી ભગવંતોના સ્વરૂપનું પણ જ્ઞાન કરવાનું છે.

આટલું થાય એટલે સહજ રીતે તે પૂર્ણ અને શૂન્ય પરમેષ્ઠીઓ પ્રત્યે અપાર ભક્તિ જાગે. એ ભક્તિ એટલે શરણાગતિ. આનું જ નામ સમ્યગ્‌દર્શન. જો કે આ સમ્યગ્દર્શનના અનેક વિવિધ સ્વરૂપો છે તે તો આપણે તેના વર્ણન વખતે વિચારશું. પણ અહીં આપણે એટલું તો એકદમ નક્કી કરી લઈએ કે નવપદના સાતમા પદ સમ્યગ્જ્ઞાનથી ૧) પાંચ વિરાધકભાવો, ૨) પાંચ આરાધકભાવો અને ૩) તે પાંચ આરાધકભાવને સ્વભાવરૂપ બનાવી ચૂકેલા પાંચ પરમેષ્ઠી ભગવંતો અંગેનું ભાન પ્રાપ્ત થશે અને સમ્યગ્દર્શનથી ૪) તે પરમેષ્ઠી ભગવંતોની શરણાગતિ અને ૫) જેઓ તેમના શરણાગતો છે તેમના જીવનનું સ્મરણ કરીને ધન્યતાની પ્રાપ્તિ કરીશું.

આ રીતે પાંચ પરમેષ્ઠીઓમાં દરેકના વિષયમાં સમ્યગ્જ્ઞાનની ત્રણ અને સમ્યગ્દર્શનની બે એમ કુલ પાંચ વાતો આપણે વિચારવાની રહેશે.

આ રીતે સાત પદોને આપણા હૈયે બરોબર રમતા કરી દઈએ કે તરત નવપદનું ચારિત્રપદ - કર્મો સાથે સંગ્રામ ખેલતું આઠમું પદ આપણામાં સ્થિર થશે. અને તેમાં જ્યાં જ્યાં અશુદ્ધિ આવશે ત્યાં ત્યાં સર્વત્ર શુદ્ધિ કાજે આપણે નવપદના નવમા તપપદનું-શુદ્ધિપદનું આરાધન કરશું.

આમ નવપદમાં આપણે અને આપણામાં નવપદ એવી રીતે કરતાં અન્તે અભેદ અવસ્થાને હાંસલ કરશું.

ચાલો, હવે ક્રમશઃ નવપદોને સ્પર્શીએ, જીવનને ધન્યાતિધન્ય બનાવીએ.

## સિદ્ધચક્રનો મહિમા ગાતા પદો

- आलंबणाणि जइवि हु बहुप्पयाराणि संति सत्थेसुं ।
  तहवि हु नवपयझाणं, सुपहाणं बिंति जगगुरुणो ॥

- अरिहंतसिद्धायरिया उवज्झाया साहुणो अ सम्मत्तं ।
  नाणं चरणं च तवो, इय पयनवगं मुणेयव्वं ॥

- एतदाराधनात् सम्यगाराध्यं जिनशासनम् ।
  यतः शासनसर्वस्वमेतदेव निगद्यते ।
  एभ्यो नवपदेभ्योऽन्यत् नास्ति तत्त्वं जिनागमे ।
  ततो नवपदी ज्ञेया सदा ध्येया च धीधनैः ॥

- ઈમ નવપદ ધ્યાવે, પરમ આનંદ પાવે,
  નવમે ભવ શિવ જાવે, દેવ નરભવ પાવે.
  જ્ઞાનવિમલ ગુણ ગાવે, સિદ્ધચક્ર પ્રભાવે,
  સવિ દુરિત સમાવે, વિશ્વ જયકાર પાવે.
  ઈસ્યા નવપદ ધ્યાનને જેહ ધ્યાવે,
  સદાનંદ ચિદ્રૂપતા તેહ પાવે.

- एवं च संथुणंतो सो जाओ नवपएसु लीणमणो ।
  जह कहति जहा पिक्खइ अप्पाणं तम्मयं चेव ॥

- યોગ અસંખ્ય તે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે,
  એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે.

- આરાધનાનું મૂલ જસ, આતમ ભાવ અછેહ,
  તિણે નવપદ છે આતમા, નવપદમાંહે તેહ.

# ખંડ : 3

# નવપદ-દર્શન

# દેવતત્વ

# (ક) અરિહંતપદ

## (૧) પહેલો વિરાધકભાવ : સ્વાર્થભાવ

મૂળ વિરાધકભાવ એટલે આત્મામાં રાગ-દ્વેષની નિષ્ઠુર પરિણતિ. આમાંથી મુખ્યત્વે પાંચ વિરાધકભાવો પેદા થાય છે, જેમાંનો પહેલો વિરાધકભાવ છે, સ્વાર્થભાવ.

આ જીવે અવ્યવહારરાશિની નિગોદમાં અનંતકાળ પસાર કર્યો. એક સોયના અગ્રભાગ જેટલી જગામાં અનંતાનંત જીવો દબાઈને અનંતકાળ સુધી રહ્યા. એક-બીજાની સંકડામણની જે ભીંસ આવી, એકી સાથે જે રીતે આપસમાં દબાયા તેથી તેઓ એકબીજા પ્રત્યે અત્યન્ત દ્વેષી બન્યા. તેમની પાસે એક માત્ર સ્પર્શનેન્દ્રિય હતી તે અત્યન્ત ઉપયોગી બનીને તેના સંસ્કાર ખૂબ કાતીલ બન્યા (આથી જ સ્થૂલભદ્રજીએ રૂપકોશાને ત્યાં ચાતુર્માસ કરતી વખતે તેની બધી કામોત્તેજક શરતો કંબૂલ કરી હતી છતાં સ્પર્શ નહિ કરવા માટે સદા સાડા ત્રણ હાથ છેટી રહેવાનું તેની પાસે કબુલાવ્યું હશે ને ?) અને પોતાના સુખ માટેનો સ્વાર્થભાવ પણ અતિ તીવ્ર બની ગયો !

આજે પણ સામાન્યતઃ જીવમાં કષાયભાવ, સ્વાર્થભાવ અને જાતીય સ્પર્શની તીવ્ર ઉત્તેજના એકદમ વધુ દેખાય છે તેની પાછળ આ ત્રણેયનો અનંતકાલીન અનુભવ કામ કરી રહ્યો લાગે છે.

જીવ નકરો સ્વાર્થી છે. એ એના પોતાના જ પ્રેમમાં પડ્યો છે ! એને જલતા ઘરમાં બળતી વહાલી સ્ત્રી બચાવવા કરતાં, ચોરોથી પ્રિયતમ ધન બચાવવા કરતાં પણ પોતાની જાતને બધેથી બચાવી લેવાનું અત્યન્ત પ્રિય છે !

સામાન્યતઃ એવું જોવા મળે છે કે જીવને પોતાની ઉપર જ રાગ છે, પોતાના વિચારો ઉપર જ પ્રેમ છે, પોતાને જે પ્રેમ આપે તેને જ એ પ્રેમ આપે. એમાં જરાય ખામી આવે, વાંધો પડે કે ગમે તેવા પ્રિયતમને કે નિકટતમને પણ જલાવી દેતાં કે ફસાવી દેતાં તે કાચી સેકંડની પણ વાર લગાડતો નથી.

પેલો રાવણ તો હજી ઓછો ખરાબ હતો કે તે બીજાના પ્રેમમાં પડ્યો હતો. દુર્યોધન તો ઘણો ખરાબ, જેને પોતાના સિવાય કોઈ ઉપર કશો સ્નેહ ન હતો.

સ્વાર્થી માણસો પોતાનો સ્વાર્થ સાધવા માટે બીજાઓનું હદ ઉપરાન્ત સત્યાનાશ વાળી નાંખતા હોય છે; ઠંડે કલેજે, કાતીલ બનીને, ક્રૂરતા સાથે...

જ્ઞાનીઓએ છ પ્રકારની ઉત્તરોત્તર ભયંકર એવી ચિત્તની પરિણતિઓ બતાડી છે, જેમના નામો છે : શુક્લલેશ્યા, પદ્મલેશ્યા, તેજોલેશ્યા, કાપોતલેશ્યા, નીલલેશ્યા અને કૃષ્ણલેશ્યા.

જાંબૂવૃક્ષના ઝાડ આગળ ભેગા થએલા છ માણસોનું દૃષ્ટાન્ત લઈને આ લેશ્યાઓની ઉત્તરોત્તર કાતીલતા અદ્‌ભુત રીતે જણાવી છે.

શ્રીકૃષ્ણની પાસે એક દેવદત્ત નગારૂં હતું. તેના ધ્વનિના શ્રવણમાત્રથી હજારો લોકોના ગમે તેવા રોગો પ્રાયઃ શાન્ત પડી જતા હતા. સ્વાર્થી શ્રીમંત લોકો આ નગારાના ચંદનકાષ્ટની કટકીઓ કાપી કાપીને ઘસીને ચાટીને નિરોગી થવા અધીરા બન્યા. એના પરિણામે આખું નગારૂં કૃત્રિમ-લાકડાની કટકીઓવાળું - બની ગયું. હજારો લોકોનું જીવનદાતા, આરોગ્યદાતા નગારૂં તેમના સ્વાર્થના પાપે ખતમ થઈ ગયું.

મને પેલી બનાસકાંઠાની બાઈ યાદ આવે છે. તેના પતિએ પોતાના સટ્ટાના ધંધામાં જ્યારે ખૂબ કમાણી કરી હતી ત્યારે તેણીને તેણે ઘણા બધા સોનાના દાગીના કરાવી આપ્યા હતા. એક વખત તેણે ધંધામાં બધું ગુમાવી દીધું. દાગીના પણ ગીરવે મૂકે તો જ આબરૂ બચે તેમ હતું. પણ કાશ ! દાગીનામાં મોહાએલી ધણીઆણીએ એક પણ દાગીનો કરગરતા પતિને ન આપ્યો. પતિ રાતે ભાગી ગયો. બીજી સવારે તો વલણનો દિવસ હતો. એટલે એણે રાતોરાત આપઘાત કરી નાંખ્યો ! એ વાતને વીસ વર્ષના વહાણાં વાઈ ગયા. લોકો પેલી બાઈને કહે, "તારા પતિએ આત્મહત્યા કરી લાગે છે માટે તું વેશવિભૂષાદિ ત્યાગી દે. તે તારા માટે સારું ગણાય." તેણીએ જવાબ દીધો, 'પતિનું મડદું હાજર કરો પછી જ તમારી વાત માનું.' કેટલો સ્વાર્થી સંસાર !

પેલા ભાઈચંદે ચુનીભાઈના ભૂલથી અપાઈ ગએલા રસૂલ મીંયાના હીરાના ચાર નંગ કેવા હજમ કરી નાંખ્યા. ચુનીભાઈએ તો મીંયાને તેની રકમ ચૂકવી દીધી, પણ પોતે તે નંગ લીધા જ નથી તેની ખાતરી કરી આપવા જતાં ભાઈચંદે પોતાના એકના એક દીકરાના જે સોગંદ ખાધા હતા તેથી જ માત્ર ચોવીસ

કલાકમાં તેનો કમાઉ દીકરો ઝેરી તાવમાં ખોઈ નાંખ્યો ! આ જીવલેણ આફત અસહ્ય થઈ. નવું બીજું કાંઈ બને તે પૂર્વે જ સામે જઈને ચુનીભાઈને તે ચાર નંગ પાછા આપી દીધા !

પરલોક તરફ જેમની નજર સતત રહ્યા કરતી હોય તે આત્માઓ આવી સ્વાર્થમયતાને કદી સ્પર્શે નહિ. ધર્મ તત્વના શ્રવણ વિના પરલોકદષ્ટિ અને પાપભીરૂતા કદી આવે નહિ.

દુર્યોધને સ્વાર્થાન્ધ બનીને કેટલું ગુમાવ્યું ! અરે, શું ન ગુમાવ્યું ?

રાણી પદ્માવતીએ સસરા તરફથી દિયરો-હલ્લ વિહલ્લ-ને ભેટ મળેલા હાર-કુંડલ મેળવવાનો સ્વાર્થ સાધવામાં ભયંકર યુદ્ધને નોતરૂં આપી દીધું.

રાજા કોણિક પાસે નારી કેવી હઠે ચડી ! દિયરોએ પોતાના મામા મહારાજા ચેડાના શરણે દોડી જવું પડ્યું. કોણિકે તેમની સાથે બે મહાયુદ્ધો ખેલ્યા ! એક ક્રોડ અને એંસી લાખ માણસોની લાશો પડી ગઈ !

આખા વિશ્વને આર્ય બનાવવાનો અને યહૂદીઓનું નિકંદન કાઢી નાંખવાનો પોતાનો હઠીલો સ્વાર્થ સિદ્ધ કરવા માટે હિટલરે બીજું વિશ્વયુદ્ધ છેડ્યું. કુલ પાંચ ક્રોડ માણસોનો સંહાર થયો ! સાઈઠ લાખ યહૂદીઓને તો ગેસચેમ્બરોમાં જીવતા સળગાવી દઈને ભડથું કરી નાંખ્યા !

પરશુરામે કહેવાય છે કે એકવીસ વાર પૃથ્વીને બહુધા ક્ષત્રિયવિહોણી કરી નાંખી.

ચક્રવર્તી બ્રહ્મદત્તે પૃથ્વીના તમામ બ્રાહ્મણોને અંધ કરી નાંખવાનો સંકલ્પ જાહેર કર્યો.

રાજૂર ગામના દીકરાને પેટે પાટા બાંધીને બાપે ભણવા માટે પરદેશ મોકલ્યો. એણે એના બધા સ્વાર્થ સાધી લીધા. માબાપના અરમાનો અધૂરા રહી ગયા. તેમના પત્રોના જવાબો દેવાનું ય માંડી વાળ્યું. બાપે પણ તેનું બારમું, તેરમું કરી નાંખ્યું. પણ સબૂર ! કર્મે તેને સાવ ભિખારી, રસ્તે રઝળતો પાગલ બનાવી દેવા સુધી મૂકી દીધો.

ચોટીલાની કન્યા ગ્રેજ્યુએટ થઈને ગ્રામીણ પતિ સાથે પરણી. ગામડે ગઈ. એને ગામડું ન ફાવ્યું. એને જોઈતા'તા શહેરના મોજવિલાસ. જ્યારે એ બધું અસંભવિત લાગ્યું ત્યારે સગા દ્વારા પતિની હત્યા કરાવી નાંખી. એ વખતે તે

સામે જ ઉભી રહી. બોલી, 'જો જો કાચો રહી ન જાય ! પૂરો જ કરીને રહેજો.'

રાજકુમારી મૃણાલને લાગ્યું કે પોતાનો પ્રિય જાર રાજા મુંજ મિત્રો દ્વારા ખોદાએલી સુરંગ દ્વારા ભાગી છૂટશે તો તેની સાથેનું જેલમાં મસ્ત મણાતું વિષયસુખ અન્ત પામી જશે. તેણીએ તરત મુંજની ભાગી છુટવાની યોજના ભાઈ તૈલપરાજને કરી દીધી ! મુંજની યોજના ધૂળભેગી થઈ. તેને રાજા તૈલપે હાથીના પગ તળે કરી નાંખ્યો. મૃણાલ હાથ ઘસતી રહી ગઈ.

ચીનના ભૂતપૂર્વ ચાઉ એન લાઈ. જેની પાસે જેવા સન્માનની અપેક્ષા રાખતા હતા તેમાં થોડીક ઉણપ આવતાં એવા તો વિફર્યા કે તે ભાઈને વિદાયવેળાએ કહ્યું કે, "તમારા ઘરે તમારૂં આજે અપૂર્વ રીતે સ્વાગત થશે !" પેલો ભાઈ આ શબ્દોની પાછળ રહેલા ભયાનક ભેદને પામી ન શક્યો. તે જ્યારે ઘરે પહોંચ્યો ત્યારે તેના દાદાથી માંડીને પૌત્રો સુધીના વીસેય કુટુંબીઓની કતલ કરીને તેમના અંગોપાંગોના ટૂકડાઓ દરેક ખંડોમાં છૂટા ફેંકી દેવામાં આવ્યા હતા.

દેરાણીનો ગર્ભ સાત માસનો થઈ ગયો. તે જ વખતે જેઠાણીને ગર્ભ રહ્યો. કુટુંબમાં બે બાળકો ઈષ્ટ ન હતા. દેરાણીના પાકી ગએલા ગર્ભને પાડી નાંખવા ચિક્કાર પ્રયત્નો થયા. જલ્દ દવાઓ લેવાઈ તો ય ગર્ભ ન પડતાં પેટ ચીરીને બહાર કાઢ્યો. હોસ્પીટલની નોકરડીને ડોક્ટરે ઓર્ડર કર્યો કે આ બાળકને ગટરમાં ફેંકી દે. સાતમા માળેથી બારી વાટે જીવતાં બાળકને ફેંકી દેવા માટે બાઈનો જીવ ન ચાલ્યો. તે બોલી, 'મારો રામ મને આમ કરવાની ના પાડે છે.' ડોક્ટરે તરત જ તે બાળકને ઊંચકીને જમીન ઉપર જોરથી પટક્યો. પળમાં તેના પ્રાણ ગયા. ડોક્ટરે હવે તે બાઈને કહ્યું, "લે, હવે તો ફેંકી દે. મરી ગયો છે. હવે તો તારો રામલો ના પાડતો નથી ને ?"

દીકરો સુકોશલ પણ દીક્ષા ન લઈ બેસે તે માટે રાજમાતાએ પોતાના પતિ ગામબહાર આવી ગયા હતા છતાં કીર્તિધર મુનિને નગરપ્રવેશ કરવા ન દીધો. માતાની આ સ્વાર્થમયતા ઉપર જ સુકોશલ સંસારવિરક્ત બની ગયો ! પિતા-મુનિની પાસે જઈને દીક્ષા લીધી. પણ હાય ! એના આર્ત્તધ્યાનમાં જ રાજમાતા મરીને વાઘણ બની. તે જ વનમાંથી પસાર થતાં બે ય મુનિઓને તેણે ફાડી ખાઈને વૈરની પિપાસા દૂર કરી.

આ સંસારમાં કેટલાક તો ધંધા જ એવા છે કે જેમાં બિલાડીની જેમ ઉંદરોના શિકારોને જ શોધતા રહેવા જેવી કાળી લેશ્યા સતત ચાલ્યા કરતી હોય છે.

અનાજનો ભંડાર ભરી ચૂકેલો વેપારી દુકાળ ઈચ્છતો હોય છે. ભલે તેમાં લાખો માણસો ભૂખમરાના ખપ્પરમાં હોમાઈ જતાં હોય!

ડોક્ટર સતત માંદગીનો વાયરો ચાલ્યા કરે તેમ ઈચ્છે છે. તેને ધૂમ કમાણી મળે તે વાસ્તે. અરે! તેનો તો સિદ્ધાન્ત હોય છે કે દર્દી મરે તો ચાલે પણ દર્દ તો ન જ મરવું જોઈએ, જેથી ઘરાકી સતત ધીકતી રહે.

સખ્ત કબજીઆતથી પેટ સાફ આવ્યું ન હોય ત્યાં જો હરડે લેવાથી એકદમ પેટ સાફ આવી જાય તો જીવને એટલો બધો આનંદ થાય છે જેટલો આનંદ કદાચ કોઈ માણસે દસ હજાર ગરીબોને ભોજન આપ્યાના સમાચાર સાંભળીને પણ થાય નહિ.

પચાસ છોકરાંઓને ટૂરમાં લઈ ગએલી બસ ક્યાંક નદીમાં ગબડી જાય. ૪૯ બાળકો ડૂબીને મૃત્યુ પામે પણ જો પોતાનું જ બાળક બચી ગયાના સમાચાર મળે તો તેના માબાપને એટલો બધો આનંદ થાય કે તેઓ પાર્ટી ગોઠવે. તેમને પેલા ૪૯ બાળકોના મરશીઆ લેતી, કાળું કલ્પાન્ત કરતી માતાઓની સહાનુભૂતિની લગીરે લાગણી ન હોય!

ચિક્કાર ભરાઈ ગએલી બસમાં કોઈ ડોસીમા હેંગર પકડીને ઊભા હોય, અને કોઈ હટ્ટોકટ્ટો જુવાન સીટ મેળવવાને બડભાગી બનીને સીટ ઉપર બેઠેલો તે માજીને પોતાની સીટ ઉપર બેસાડી દઈને પોતે હેંગર પકડીને જો ઉભો રહેવા માટે ધરાર લાચાર હોય તો આ સ્વાર્થમય સંસારને ધિક્કાર્યે જ છૂટકો નથી શું?

એક વાર નહિ, બે વાર નહિ, બાર બાર વાર નહિ, બારસો વાર હું કહેવા માંગું છું કે આ સંસાર નકરો સ્વાર્થમય છે. લગભગ બધા જ સ્વાર્થી છે. કોઈને કોઈની પડી નથી. અરિહંતદેવોના પરાર્થભાવને એમના જ નામે ઓચ્છવ-મહોત્સવ માંડીને લાખો રૂપીયા ખર્ચતા લોકોમાંના ઘણાખરાં લોકો સ્વાર્થાન્ધ છે. એમની પત્નીને પણ તેઓ સ્વાર્થ ન સધાય તો મૂઢ માર મારતા હોય છે. કાળઝાળ મોંઘવારીમાં તેમના નોકરોને, આશ્રિતોને, દુઃખી સગાંઓને લગીરે સહાયક બનવા તેઓ ધરાર તૈયાર હોતા નથી. ધંધાકીય બાબતોમાં દેણદારોને ગુંડાઓ પાસે ઢોર માર મરાવતાં ય અચકાતા નથી!

તેમને પત્નીને છૂટાછેડા દેતા, ગર્ભપાત કરાવી નાંખતા કે નાનકડા વાંકે નોકરને દુકાનેથી એક જ મીનીટમાં સડક ઉપર લાવીને ભૂખ્યો મૂકી દેતા જરાક પણ વાર લાગતી નથી.

શું કહેવું આ કાતીલ વિરાધકભાવ સ્વાર્થભાવ માટે ? એને શબ્દકોષના બધા જ કડક શબ્દોનો ઉપયોગ ખૂબ નબળો પડે.

## (૨) આરાધકભાવ : પરાર્થભાવ

નવપદના પ્રથમ પદમાં જેનું શૂન્યત્વ છે તે વિરાધકભાવ આપણે જોયો. હવે ત્યાં જેનું પૂર્ણત્વ છે તે આરાધકભાવ : પરાર્થભાવનું સ્વરૂપ જોઈએ.

મોક્ષની પ્રાપ્તિના-પુણ્યાનુબંધી પુણ્યના-મુખ્ય કારણો બે છે : મોક્ષનું એકમેવ લક્ષ અને પરાર્થભાવ.

મેઘમુનિનો જીવ જે પૂર્વભવમાં હાથી હતો તે ભવમાં માંડલું કરીને તેણે સસલાની રક્ષા કરવા જતાં પોતાનો પ્રાણ, સસલાને બચાવ્યાના ભારે આનંદપૂર્વક ગુમાવીને અપૂર્વ પરાર્થકરણ કર્યું. અહીં તેને મોક્ષનું તો જરાય લક્ષ ન હતું. આમ છતાં તેણે જે પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ કર્યો તેથી તે ભાવી તીર્થંકરના આત્મા મગધપતિ શ્રેણિકના દીકરા તરીકે જન્મ પામ્યો અને તે વખતના વર્તમાન તીર્થાધિપતિ ભગવાન મહાવીરદેવનો શિષ્ય બન્યો. અરે ! પ્રભુ તેના આડે પંથે ધસી જતાં જીવનરથના સારથિ પણ બન્યા !

આ ઉપરથી આપણે સમજવું જોઈએ કે મોક્ષલક્ષી ધર્માત્માઓની જેમ માત્ર પરાર્થરસિક આત્માઓ પણ સત્કારને પાત્ર છે. પરાર્થરસિકતા એ તીર્થંકરદેવના અંતરંગ વિકસિત ગુણની સ્પર્શના છે. વિરલ આત્માઓ જ આવી ધન્યતાને વરી શકતા હોય છે.

માનવમાં અને પશુમાં સ્વાર્થતા અને પરાર્થતાને કારણે જ ફરક છે. જે માત્ર સ્વાર્થી છે તે પશુ છે. જે પરાર્થી છે, સદા બીજાના સુખદુઃખનો વિચાર કરે છે તે જ માણસ છે. માણસનું એકમેવ લક્ષણ કરવું હોય તો આ જ થઈ શકે. પરાર્થરસિકતા, કરૂણા, પરગજુપણું, જેની આંખે દુઃખિતોના દુઃખોને જોઈને આંસુ ધસી આવે નહિ, જેના પગ તેનું દુઃખ દૂર કરવા માટે ધસી જાય નહિ તેને માણસ કહી શકાય નહિ.

માણસ અને તે તદ્દન સ્વાર્થી ? રે, આ વાત જ મારી માતા અને તે વન્ધ્યા જેવી હંબક લાગે છે. આખી જીવસૃષ્ટિ કોઈના પ્રેમની, હૂંફની, કરૂણાની મીઠી નજરને ઝંખે છે. માણસ જ આ પ્રેમ સહુને આપી શકે. એ સહુની ભલાઈના કામ કરવાની ભાવના કરી શકે. એ કદી કોઈની બુરાઈને તો સ્વપ્ને પણ ન ઈચ્છે.

સ્વાર્થ સાધી લેવાનું કામ આર્યાવર્ત્તની મહાપ્રજાની જીવનશૈલિમાં ક્યાંય જોવા મળી શકે નહિ.

માણસ એટલે દુઃખિતો પ્રત્યે ખૂબ કોમળ : ગુલાબ જેવો, પોતાના દેહ પ્રત્યે ખૂબ કઠોર : પાષાણ જેવો. એની આંખમાં ક્રોધની આગ ન હોય, એના સ્નેહમાં સ્વાર્થ ન હોય, એની મૈત્રીમાં દગો કદાપિ ન હોય.

માણસ તો સર્વના સુખે સુખી હોય, કોઈના ય દુઃખે દુઃખી હોય.

મારે કોઈ કોકને અને રડે આ ભાઈ ! બસ, એનું જ નામ માણસ. રશીયન તત્વચિંતક ચેખોવનું એવું જ હતું.

રામતીર્થ ગૃહસ્થજીવનમાં પિતાના આદેશથી વનમાં લાકડા મેળવવા ગયા હતા. પણ થડ ઉપર કુહાડાનો ઘા ઉગામીને થંભી ગયા હતા ! એના કાતીલ દુઃખની સમસંવેદના સ્પર્શતા ધ્રૂજી ગયા હતા.

મુસ્લીમ ઘરનો રસૂલ પિતાના આદેશથી બકરીઈદના દિવસે ધારદાર છરાથી બકરાને હલાલ કરવા તો ગયો પણ બકરાંના આખા શરીરના જીવલેણ કંપનોથી અને એની આંખોની દયાર્દ્રતાથી તે હચમચી ઉઠ્યો. પિતાએ તેને ધમકાવ્યો. તે ન માન્યો. તેણે ઈસ્લામ ધર્મનો ત્યાગ કરી દીધો !

અબજોપતિ માઘે ગરીબોને ક્રોડો સોનામહોરોનું દાન કરી દીધું. તદન ખાલી થઈ ગયો. પત્નીના અંગના તમામ આભૂષણો ય આપી દીધા ! પછી વળી એક ગરીબ ઘરમાં ધસી આવ્યો. કવિ માઘ હતાશ થઈ ગયા ! તેમને આઘાત લાગી ગયો. પોતાના પ્રાણોને આદેશ કર્યો કે, "જો આ માણસ કશું લીધા વિના મારા ઘરમાંથી બહાર નીકળે તો હે પ્રાણો ! તે પૂર્વે તમે જ આ દેહમાંથી બહાર નીકળી જાઓ !" અને તત્ક્ષણ માઘ ઢળી પડ્યા : હંસલો પિંજર છોડી ગયો !

અર્વાચીનયુગના સંગીતકાર માસ્ટર વસંત (સુરતવાસી) પણ આ કવિની મીની આવૃત્તિ હતા. શિષ્યો તેમના માટે પરદેશ જઈને તેમના પ્રોગ્રામો ગોઠવીને પાંત્રીસ હજાર રૂપિયા લઈને ભારત પાછા ફળ્યા. પરંતુ સુરત સ્ટેશને ઉભતાં જ વસંતે ગરીબોનું ટોળું જોયું. તમામ રકમ ગરીબોને તત્ક્ષણ વહેંચી નાંખી ! શિષ્યો તો બાઘા બનીને જોતાં જ રહી ગયા !

મરતી વખતે મરણપથારીએ સુતેલા શેઠ મોતીશાએ તે જમાનાનું (સિત્તેર વર્ષ પૂર્વેનું) એક લાખ રૂપિયાનું ગરીબ દેણદારોનું લેણું માફ કરી નાંખ્યું હતું.

દરેકને રૂબરૂ બોલાવીને ચોપડેથી તેમનું પોતાનું પાનું ફાડી નંખાવીને મહામૂલી દુવા મેળવી હતી.

પાંજરાપોળનું ત્રીસ હજારનું દેવું ખતમ કરવા માટે નીકળેલા કાર્યકરો સૌ પ્રથમ શેઠ માકુભાઈ પાસે ગયા. એટલી જ રકમની હીરાની વીંટી આંગળી ઉપર શોભતી હતી તે કાઢીને આપી દીધી! શેઠે કહ્યું કે, "જો આજે આ વીંટી નહિ કાઢું તો તો મરતી વેળા આંગળી ઉપર સોજા ચડી જશે તો દીકરાને આ વીંટી મેળવવા આંગળી કાપવાનું પાપ કરવું પડશે!"

પ્રિયતમ રાગ કેદારો ગીરવે મૂકીને ગરીબને બસો રૂપિઆ વેપારી પાસેથી અપાવતાં નરસિંહ મહેતા, કાદવમાં પડીને, કપડા ગંદા કરીને પણ ખૂંપી ગયેલા ડુક્કરને બહાર કાઢતાં કરૂણાર્ત અમેરિકન પ્રમુખ લિંકન, અત્યન્ત વિશ્વાસુ રસોઈઆ જગન્નાથ દ્વારા જ નન્નીજાને દયાનંદ સરસ્વતીને ઝેર અપાવ્યું તો ય જગન્નાથને વીસ રૂા. આપીને તત્કાળ દેશભેગા થવા ભાગી છૂટીને ભક્તોના ખોફથી ઉગરી જવાનું કહેતા એ પુરૂષ, એક જાંઘ ઉપર લોઢાના સળીઆનો જોરદાર પ્રહાર થવાથી લોહીની ધાર ચાલી તો ય હસતે મોંએ રમણ મહર્ષિ ચોરોને કહેતા કે, 'હજી બીજી જાંઘ બાકી છે. મારવામાં મજા આવતી હોય તો ત્યાં પણ એક ઘા ઝીંકી દો.'

**'अहिंसाप्रतिष्ठायां वैरत्यागः'** એવા પતંજલિ-સૂત્રને જીવંત કરી દેખાડતાં એ જ રમણ મહર્ષિ અને બીજા સન્ત ફ્રાન્સીસ.

બે ય આંખનો અંધાપો મન્ત્રીશ્વરનો દૂર કરતા સુરમાથી મન્ત્રીએ એક જ આંખનો અંધાપો દૂર કરીને બચેલા સુરમાની ઉપર અભ્યાસ કરીને કોથળાઓ ભરીને બીજો એવો જ આબેહૂબ સુરમો તૈયાર કર્યો. હજારો અંધાઓને દેખતા કરી દીધા! પોતે કાણાં રહેવાનું જ પસંદ કર્યું! પ્રજાનું કામ કરવા માટે તેને એક જ આંખ પણ કાફી હતી!

શત્રુના ઘાયલ સૈન્યને પણ બેઠું કરવા માટે વધેલા વિશલ્યા-જલનો ઉપયોગ કરવા માટે સુગ્રીવાદિને આદેશ કરતા રામચન્દ્રજી, માતા કૈકેયીને ઠપકો આપવાને બદલે તેમને વનવાસ અપાવીને કેટલા બધા અનુભવો મેળવવાની તક આપી? તેનું કૈકેયી પાસે વર્ણન કરીને તેનું અંતર જરાક પણ દુભાય નહિ તેની ભારે કાળજી કરતાં રામચન્દ્રજી, કુલટા રાણી અભયાને ફાંસી ન મળે

તેવી અપાર દયાથી પ્રેરાઈને રાજાએ ખૂબ પૂછવા છતાં એક અક્ષર પણ ન બોલતાં અને તેથી શૂળીની સજા સાંભળતા શેઠ સુદર્શન.

જગત્‌ને ભૂખમરાદિની પીડામાં રિબાતું રાખીને નિર્વિકલ્પ સમાધિની માંગણી કરતાં સ્વામી વિવેકાનંદને ઠપકો આપતાં રામકૃષ્ણ પરમહંસ !

અરે, કેટલા પરાર્થરસિકોને યાદ કરું ?

સંત નામદેવ યાદ આવે છે. ખંધક મુનિ યાદ આવે છે. અગ્નિકાપુત્ર આચાર્ય યાદ આવે છે. કૃષ્ણે કરેલા બુટ્ઢા કુંભારની ઈંટોની કથા કહેતાં ભગવાન નેમિનાથ યાદ આવે છે. આદિનાથ ભગવંતનો પૂર્વભવીય વૈદ્ય-જીવ યાદ આવે છે.

મહર્ષિ મહેશ કહે છે કે કોઈના પણ મનનો કલુષિત કોઈ પણ ભાવ નજીકની સોળ વ્યક્તિઓના મગજને અસ્વસ્થ-સંક્લિષ્ટ-કરી શકે છે.

મુનિઓની આખા દિવસની જીવદયામય દિનચર્યા સતત સાત દિવસ સુધી જોતાં રહીને યુદ્ધમાં થાકીને આરામ લેતો ઉપાશ્રય પાસેના ઝાડ નીચે બાંધી રાખેલો ખૂંખાર હાથી અહિંસક બની ગયાનો પ્રસંગ શાસ્ત્રોમાં આવે છે.

વર્તમાનકાળના એક સાધ્વીએ, પોતાના બાળકને રમતાં રમતાં ધક્કો મારી દેતાં મરી ગએલા બાળકની ખૂની ગણાએલી, બીજા બાળકના ખૂન માટે સતત લાગ જોતી બાઈને પુષ્કળ સમજાવીને સાવ અહિંસક બનાવી દીધી હતી ! ધન્યવાદ તે સાધ્વીને !

પોતાને ફાંસી મળવાની છે એવી નિરાધાર વાતથી ભડકી ઉઠેલી જેલની ગુનેગાર બાઈ ચીસાચીસ કરવા લાગી. તેણે બનાવેલી રસોઈ જેમણે ખાધી તે બધા માણસોને ઝાડા-ઉલટી થઈ ગયા !

જે માણસે એક કુંડાની વનસ્પતિના છોડને ચીમળી નાંખ્યો તે માણસ જેટલી વાર ત્યાંથી પસાર થયો તેટલી વાર ત્યાં રહેલા બીજા કુંડાના વનસ્પતિના જીવોએ ચીસાચીસ કરી મૂકી હતી. તેના તરંગોને સર જગદીશચન્દ્ર બોઝે પોતાના યન્ત્રમાં ઝીલ્યા હતા.

સ્વાર્થ એટલે સર્વનું સત્યાનાશ. માટે જ સહુએ પરાર્થભાવ જ નહિ કેળવવો પરન્તુ પરાર્થરસિક બનવું.

પૂજ્ય હરિભદ્રસૂરિજીએ ૧૪૪૪ ગ્રન્થો લખ્યા. દરેક ગ્રન્થના છેડે ગ્રન્થ

લખવાના પુણ્યથી આખા જગતનું કલ્યાણ, રોગમુક્તિ, મોક્ષ, દુઃખનાશની જ છેલ્લી પ્રાર્થના કરી છે.

જો આપણે સાચા અર્થમાં જૈન કે માણસ બનવું જ હોય તો આપણે પરાર્થભાવ-બીજાના સુખદુઃખનો વિચાર- ખાતાં, પીતાં વગેરે તમામ પ્રવૃત્તિમાં કરવો પડશે. મીઠાઈ ખાઓ પણ જેમને કદી મીઠાઈ ખાવા મળતી નથી તેવા બીજાઓનું (ગરીબોનું) શું થતું હશે ? બાબલાને સ્વેટર પહેરાવતાં લાખો નાગા બાબલાઓનું ઠંડીની કડકડતી ઋતુમાં શું થતું હશે ? આટલું પણ સતત વિચારતા રહેશો તો તમે પરાર્થભાવના આરાધકભાવને સ્પર્શ્યો ગણાશે.

આપણે બે ય જોયા : પહેલો વિરાધકભાવ અને પછી આરાધકભાવ, તેમના પહેલા બે સ્વરૂપ : સ્વાર્થભાવ અને પરાર્થભાવ.

આપણે બે ય મેળવ્યા : દીવો અને અંધારું.

બસ. હવે અંધારું ખતમ કરવું છે ને ? તો દીવો લઈ આવો.

ચંદનવનના તમામ સર્પોને ભગાડી મૂકવા છે ને ? તો એક મોરલાને ત્યાં લાવી દો. તેનો એક જ કેકારવ થવા દો. બધું કામ પતી જશે.

સ્વાર્થભાવની ખતરનાક અંધકારમયતા સમજાઈ.

પરાર્થભાવની પ્રકાશમય મહાનતા સમજાઈ.

પરાર્થભાવ લાવી દો, સ્વાર્થભાવને ખતમ થવું જ પડશે.

સેક્સી ફીલ્મના ગીતોની ટેપ ઉપર ધાર્મિક ગીતો ચડાવી દો, આપમેળે તે સેક્સી ગીતોને ભુંસાઈ જવું પડશે.

## (૩) અરિહંત-સ્વરૂપ

અનંત આત્માઓમાં જે આત્માઓ ભવિષ્યમાં ક્યારેક પણ, ક્યાંક પણ, અનંતકાળ બાદ પણ તીર્થંકરપદ પામવાના છે તે બધાનું જીવદળ બીજા જીવો કરતાં પહેલેથી જ આ રીતે જૂદું પડે છે.

અવ્યવહારરાશિની નિગોદમાં તેઓનો આત્મા હોય ત્યારથી જ તેમનું તીર્થંકર થવાનું ભવિતવ્ય નિશ્ચિત હોય છે. એટલે એમ કહી શકાય કે જેમની પાસે આવું ભવિતવ્ય પહેલેથી જ નથી તેવા આત્માઓ ગમે તેટલી ઉત્કૃષ્ટ

સાધના કરે તો ય તેઓ કદાપિ તીર્થંકર (નામકર્મ બાંધીને તીર્થંકર) તો નહિ જ બની શકે. હા, તેઓ સિદ્ધપદ જરૂર પામી શકે.

તીર્થંકરદેવ થનારા તારકનો આત્મા પોતાના અનંતભવોના ભૂતકાળમાં ય મેલો તેવો પણ રત્નનો ટૂકડો છે, જ્યારે ઉત્કૃષ્ટ સાધનાવાળા અન્ય આત્માઓ નિર્મળ ઝાકઝમાળ ભરેલા છતાં કાચના ટૂકડા છે.

અરિહંતદેવનો તારક આત્મા જે ભવે સમ્યગ્દર્શન પામે છે તે ભવથી તેમના મુખ્ય ભવોની સંખ્યા ગણાય છે. નયસારના ભવમાં સમ્યગ્દર્શન પામેલા પરમાત્મા મહાવીરદેવના આત્માએ ત્યાર પછી અસંખ્ય ભવ સંસારમાં કર્યા અને સમ્યગ્દર્શન પામવા પૂર્વે તો અનંતાનંત ભવ (અવ્યવહારરાશિની નિગોદ વગેરેમાં) કર્યા પરન્તુ ગણતરીમાં તો તેમના મુખ્ય ભવો સત્યાવીસ જ ગણાયા છે. એવું જ પરમાત્મા આદિનાથ ભગવંત વગેરેના તેર ભવ વગેરેમાં સમજવું.

તારકોના સમ્યગ્દર્શનને 'વરબોધિ' કહેવામાં આવે છે.

ખરેખરો તેમનો વિકાસ તો છેલ્લેથી ત્રીજા ભવથી શરૂ થાય છે. તે ભવમાં તેઓ વીસસ્થાનક પદોની-એકાદ, બે વગેરે પદની કે બધા પદોની-આરાધના કરે છે. પણ આથી જ તેઓ તીર્થંકર નામકર્મની નિકાચના કરતા નથી. આ આરાધના સાથે તેમને રોગાદિના દુઃખોથી, હિંસાદિના પાપોથી ભરાયેલા અને ઉભરાયેલા સમગ્ર જીવ- સંસારને તેમાંથી સર્વથા ઉગારી લેવાની કરૂણાભાવના ઉત્તરોત્તર વર્ધમાન થતાં પરાકાષ્ટાએ પહોંચે છે. 'મારું ચાલે તો સર્વ જીવોને આ અસાર સંસારમાંથી તારી દઉં, મોક્ષમાં પહોંચાડી દઉં' આ કરૂણા ભાવનાના પ્રકર્ષમાં જ તીર્થંકર નામકર્મની તેઓ નિકાચના કરે છે. આ કરૂણાભાવના જ તેમને તીર્થંકર બનવામાં અસાધારણ કારણ બને છે. આથી તીર્થંકરત્વની માતા કરૂણા છે. હા, વ્યક્તિગત તીર્થંકરોની જનેતા ત્રિશલા, મરૂદેવા વગેરેને જરૂર કહી શકાય.

જીવમાત્ર પ્રત્યેની કરૂણાને કારણે જ જડમાત્ર પ્રત્યેનો રાગ ઓગળે છે.

માતાને જો પોતાના બાળક ઉપર સ્નેહભાવ છે તો પોતે શિયાળાની ઋતુમાં ધ્રૂજતી હોઈને બ્લેંકેટ ઓઢીને સૂતી હોવા છતાં તે બ્લેંકેટનો રાગ સાવ દૂર કરી દઈને ઠંડીમાં ઠુઠવાતા ધ્રૂજતા વહાલા બાબલાને ઝટ ઓઢાડી દે છે ! હવે બ્લેંકેટ દૂર કરીને ય માતાને ટાઢ વાતી નથી. ઉપરથી પ્રિયતમ બાળકને ઓઢાડ્યાની

ભારે ગરમી તે અનુભવે છે. બાળક ઉપરની કરૂણા બ્લેંકેટના વિરાગને જન્મ આપી ગઈ !

અરિહંત એટલે તો જગત્‌ની માતા. સર્વજીવો ઉપરની તેના હૈયાની કોમળતામાંથી જ દેહાદિ તમામ જડ પદાર્થો ઉપરનો રાગનો ફ્યુઝ સાવ સદા માટે ઉડી જાય છે.

જીવ પ્રત્યે અત્યન્ત કોમળ, દેહ પ્રત્યે અત્યન્ત કઠોર બને છે.

હવે એમને ભોગસુખોમાં વિરાગભાવ ખૂબ જીવંતરૂપે જળવાઈ રહે છે અને અશુભકર્મોદયે આવી પડતાં દુઃખોને સહવામાં ભારેથી ભારે સમાધિ સચવાઈ રહે છે. આથી અરિહંતોના એ તારક આત્માઓ છેલ્લેથી બીજા ભવમાં જો સ્વર્ગે હોય તો વિરાગી જ હોય, જો નરકે હોય તો સમાધિસ્થ જ હોય. હા, કાયાને નારકનું દુઃખ જરૂર લાગે પણ તે દુઃખ તેઓ મન ઉપર તો ન જ લે.

આમ એમને છેલ્લેથી ત્રીજા ભવમાં કરૂણા ગુણનો પ્રચંડ વિકાસ થાય. સુખે વિરાગ અને દુઃખે સમાધિ પ્રાપ્ત થાય.

છેલ્લેથી ત્રીજા ભવમાં તીર્થંકર નામકર્મને નિકાચિત કર્યા પછી તેનો વ્યાપક ઉદય તો છેલ્લા ભવમાં સાધનાકાળની પૂર્ણાહૂતિ થતાં જ થશે. અને ત્યારે જ તેઓ વીતરાગ, સર્વજ્ઞ, સત્યવાદી, ત્રિલોકગુરૂ, તરણતારણહાર ભાવ પરમાત્મા બનશે.

પરન્તુ ત્યાં સુધી તે નામકર્મનો જે પ્રદેશોદય ચાલતો રહ્યો તે પણ કેટલો બધો જોરદાર કહેવાય કે તે દરમ્યાન તે તારકોના ત્રણ ત્રણ કલ્યાણકો-ચ્યવન, જન્મ અને દીક્ષા-ની નરેન્દ્રો અને દેવેન્દ્રો અસંખ્ય દેવાદિઓ સાથે જબરદસ્ત મહોત્સવ રૂપે ઉજવણી કરે. તેમનો મેરૂ ઉપર જન્માભિષેક થાય. તેમના તમામ કલ્યાણકોની ક્ષણે ચૌદે ય રાજલોકના સર્વ જીવોને ક્ષણભર શાતાનો અનુભવ થાય ! હા, જ્યારે એ તારકો મોક્ષ પામે ત્યારે તે નિર્વાણ કલ્યાણકની ઉજવણી સુખદુઃખના મિશ્રભાવે દેવેન્દ્રો કરતા હોય છે. અરિહંત પરમાત્મા હવે સિદ્ધ પરમાત્મા બન્યા તેના આનંદમાં તે બે હાથે મંજીરા બજાવતા હોય છે પરન્તુ પોતાના તરણતારણહાર કૃપાલુદેવનો વિરહ થયો તે બદલ તે જ વખતે આંખેથી અશ્રુની ધાર રેલાવતા હોય છે !

જન્મ જેવી ખરાબ વસ્તુ કોઈ નથી, કેમકે જે જન્મે છે તેને જ શરીર વળગે

છે, સંજ્ઞાઓ વળગે છે, રોગાદિ થાય છે. આધિ, ઉપાધિ જાગે છે. તાપ,સંતાપ આવે છે. મરવું પણં પડે છે. આ બધા ય ખરાબોનો જન્મદાતા જન્મ છે માંટે જન્મ સૌથી ખરાબ. અજન્માને આમાંનું કશું જ નહિ માટે અજન્માપણું જ સારું.

છતાં તારકોના જન્મની ઉજવણી થાય, કેમકે જન્મ લઈને જીવનમાં તેઓ જ સર્વને અજન્મા બનવાનો માર્ગ-મોક્ષમાર્ગ-બતાડે છે. અગણિત આત્માઓને અજન્મા બનાવે પણ છે. આથી જ તેમના જન્મને કલ્યાણકારી મનાય છે. તેની કલ્યાણક તરીકે ઉજવણી થાય છે.

પરમાત્માના તારક આત્માનું ચ્યવન કલ્યાણક એટલે દેવાવાસના કારાવાસમાંથી છૂટકારો.

તેમનું જન્મ કલ્યાણક એટલે તેમનો ગર્ભાવાસથી છૂટકારો.

તેમનું દીક્ષા કલ્યાણક એટલે ગૃહસ્થાવાસમાંથી છૂટકારો.

તેમનું કેવળજ્ઞાન કલ્યાણક એટલે ઘાતીકર્માવાસમાંથી છૂટકારો.

તેમનું મોક્ષ કલ્યાણક એટલે અઘાતીકર્મોના આપમેળે મરી પડનારા નિર્માલ્ય કર્મોના સંસારવાસમાંથી છૂટકારો.

તારકો બળવાન એવા ઘાતીકર્મો સાથે જ જંગ ખેલે. અઘાતી તો દૂબળાની જાત. એની જોડે શું લડવાનું ? એ આપમેળે ખરી પડે.

સામાન્ય કેવળજ્ઞાની ભગવંતો પોતે તરે ખરા, બુદ્ધ બને ખરા, મોક્ષ પામે ખરા. એટલે તેઓ તીર્ણ, બુદ્ધ, મુક્ત કહેવાય. પરન્તુ આ તીર્થંકરસ્વરૂપ કેવલી ભગવંતોનાં આત્મામાં તો જો પાત્રતા હોય તો સર્વ ભવી તો શું પણ અભવી જીવોને પણ તારવાનું, બુદ્ધ બનાવવાનું અને મોક્ષે પહોંચાડી દેવાનું અપ્રતીમ સામર્થ્ય હોય છે. એટલે જ તેઓ તીર્ણ તો છે જ કિન્તુ તારક પણ છે (तिन्नाणं, तारयाणं), બુદ્ધ તો છે જ પણ બોધકારી પણ છે (बुद्धाणं बोहयाणं), મુક્ત તો થયા છે પણ અનેકોને મુક્ત કરનારા પણ છે (मुत्ताणं, मोअगाणं). તેમનું તીર્થંકરત્વ તીર્ણત્વાદિ ત્રણને કારણે નથી પરન્તુ તારકત્વ વગેરે ત્રણને કારણે છે.

આથી જ તીર્થંકર એ અંધકારમય ભીમ ભયાનક વનમાં (સંસારમાં) માર્ગ ભૂલેલા ભૂખ્યાડાંસ આદમીને, 'ગભરાઈશ નહિ, હું તારી સાથે છું' એમ સહુ

પ્રથમ કહીને 'અભય' આપે છે. પછી તેને આંખે બાંધેલા પાટા દૂર કરીને તેને 'દ્રષ્ટિ' આપે છે. બાદ તેને તેનો 'સાચો માર્ગ' બતાડે છે. પછી તેને 'શરણ' આપે છે. અને ભૂખ દૂર કરવા માટે સમ્યગ્દર્શનરૂપ 'બોધિ'નું ભોજન આપે છે. અને ચારિત્રધર્મના માર્ગ ઉપર દોડતો કરી દે છે. આ વાત જ્ઞાનીઓને **अभयदयाणं** વગેરે પદો દ્વારા સુંદર રીતે કરી છે.

શાસ્ત્રકાર પરમર્ષિઓ કહે છે કે આ તારકોનો આત્મા પૂર્વના પોતાના અનંતા ભવોમાં જ્યાં હોય ત્યાં તેના દેશકાળાનુસાર પ્રાયઃ પરાર્થવ્યસની હોય છે, માતપિતાદિ ગુરૂજનોનો બહુમાની પણ હોય છે.

અમમ તીર્થંકરદેવનો જીવ શ્રીકૃષ્ણ પણ કેવા પરાર્થી હતા ! પેલા ડોસાને ઈંટો ઉપાડવામાં તત્કાળ સહાયક બન્યા હતા. દ્વારકાદહન થતાં માતાપિતાને પણ ઉગારી લેવા માટે જોરદાર યત્ન કર્યો હતો.

પ્રભુ નેમિનાથ અને શાન્તિનાથ ગૃહસ્થજીવનમાં ય કેવા કરૂણાર્ત હતા ! તેમનો પશુરક્ષાનો પ્રસંગ સુવર્ણાક્ષરે ચરિત્રોમાં કંડારાઈ ગયો છે !

આદિનાથ ભગવંતનો જીવ પૂર્વે વૈદ્ય હતો ત્યારે પણ એક સાધુની સેવામાં કેટલી બધી જીવદયાને જાળવી હતી !

દેવાધિદેવ પરમાત્મા મહાવીરનો અનંગસેનનો પૂર્વભવ પરાર્થકરણની વાતને કેટલી બધી જીવંત બનાવી ચૂક્યો છે ! માતા ત્રિશલા પ્રત્યે તેઓ કેટલો ઉત્કૃષ્ટ વિનય દાખવતા હતા ! નયસારના ભવમાં સાધુજનોની કેવી અપૂર્વ સેવા કરી હતી !

ઓ વીર ! વીર ! આપની તો કેવી પરાર્થવ્યસનિતા ! (રસિકતા નહિ, વ્યસનિતા !) આપે કરૂણાર્ત્ત બનીને માતપિતાને વચનદાન આપ્યું. ગર્ભકાળમાં જ અભિગ્રહ કર્યો. ગરીબ વિપ્રને વસ્ત્રદાન કરી દીધું. જીવ લેવા આવેલા ચંડકૌશિકને સ્વર્ગદાન કર્યું. આપને જલાવી દેવા માટે આગ છોડી ચૂકેલા ગોશાલકને સમ્યક્ત્વનું દાન કરી દીધું. ઔષધ લેવાની જીદે ચડેલા સિંહ અણગારને સંમતિદાન કર્યું. અને પેલો સંગમક દેવાધમ ! અભવી જીવ, એને આપ કશું દઈ શકો તેમ ન હતા, બધું ઊંધું પડે તેમ હતું તો છેવટે અશ્રુદાન કરી દીધું !

અને બીજી તો કેટલી જબરી વાત ! સાત સાત આત્માઓ- સુલસા, રેવતી, શ્રેણિક, કાકા સુપાર્શ્વ, સત્યકી, ઉદાયી, શતક (?) ને તો આપના જેવા જ તીર્થંકર

બનાવતાં તીર્થંકરત્વનું દાન કરી દીધું. વળી કેટલા સાધુ-સાધ્વીજી આદિને આપે મોક્ષદાન કર્યું એનો તો કોઈ હિસાબ જ નથી. કેટલા ઉત્કૃષ્ટ પરાર્થભાવના આપ સ્વામી !

તીર્થંકરદેવોનો તારક આત્મા વિશિષ્ટ કોટિના પુણ્યાનુબંધી પુણ્યકર્મના ઉદયને પામેલો હોય એટલે જ સર્વત્ર સ્વધર્મો-ગૃહસ્થજીવનમાં માતાપિતાદિની સેવા વગેરે ઔચિત્યો-નો ઉત્કૃષ્ટ આરાધક હોય.

પૂર્વના ત્રીજા ભવે કરૂણા, પછીના ભવે વિરાગ કે સમાધિ, પછી છેલ્લા ભવે ગૃહસ્થકાળમાં ઔચિત્યનું ઉત્કૃષ્ટ પાલન આપણે તારકોમાં જોયું.

હજી આગળ વધીએ.

લોકાન્તિક દેવોની વિનંતિ બાદ એક વર્ષ પછી શરૂ થતો સાધનાકાળ એ શુદ્ધિ કાજેના જબરદસ્ત સંગ્રામરૂપ હોય છે. રાગ-દ્વેષની પરિણતિનો સર્વથા-એકાન્તિક અને આત્યન્તિક-નાશ એ જ તેમના સંગ્રામનું એકમાત્ર લક્ષ બની રહે છે.

બેશક, આ શુદ્ધિ વીતરાગતા સ્વરૂપ છે. તે પ્રાપ્ત થતાં જ ધર્મમહાસત્તા એક જ અન્તર્મુહૂર્તમાં તેમને જાણે કે સંગ્રામવિજયની બક્ષીસરૂપે કેવળજ્ઞાન અને કેવળદર્શનની ભેટ આપે છે. હવે જ પ્રભુ ખરા અર્થમાં પ્રભુ બને છે, તીર્થંકર બને છે. આ પછીના શેષ જીવનમાં તેઓ વિજાતીયને સ્પર્શ નહિ, આધાકર્મી દોષની વસ્તુનું સેવન નહિ વગેરે અનેક પ્રકારનો વ્યવહારમાર્ગ કટ્ટરપણે પાળીને જગત્‌ને આ છેલ્લો સંદેશ આપે છે કે, "વ્યવહારમાર્ગના ક્રિયાકાંડી જીવનમાં તમે કટ્ટર રહેજો. કોરા નિશ્ચયથી નહિ ચાલે."

દેવાધિદેવના આ છ સંદેશ છે. એમનો એક જ આદેશ છે (નિરપવાદરૂપ) કે રાગ-દ્વેષની પરિણતિમાં કદી પડશો નહિ. (कज्जे सच्चेण होअव्वं)

એમના સમસ્ત ઉપદેશનો સાર બે જ વાક્યમાં આપી શકાય : બીજાના દુઃખોને સદા નજરમાં રાખજો અને તમારા દોષો તરફ સદા નજર કરજો. આથી ઊંધું કરશો નહિ. ટૂંકમાં આમાંથી બે પ્રશ્નો ઉભા થાય છે જેનું સતત સ્મરણ કરવું : (૧) એમનું શું થતું હશે ? (૨) મારું શું થશે ?

બીજી રીતે એમ કહી શકાય કે પ્રભુએ સમગ્ર ઉપદેશના સાર રૂપે આટલું જ કહ્યું છે કે મનુષ્યજીવનમાં સૌ પ્રથમ તમે માણસ બનો, પછી તમે મુનિ બનો

અને પછી મોક્ષ પામો.

માલિકીનો દાવો છોડીને 'માણસ' બનાય.

ઘર છોડીને 'મુનિ' થવાય.

મન છોડીને 'શિષ્ય' બનાય.

શરીર છોડીને 'મોક્ષ' પમાય.

તારકોના આત્માઓ શુદ્ધિ પામવા માટે જે કર્મસંગ્રામ ખેલે છે તેમાં તેઓ દેવેન્દ્ર વગેરે કોઈની પણ સહાય લેતા નથી. તેઓ એટલી બધી પ્રચંડ શક્તિ સાથે કર્મોની સામે ખડા થાય છે કે જાણે કર્મો ધ્રૂજી ઉઠે છે. અનંતકાળથી ત્રાસ આપી રહેલા કર્મોની ખૂબ જ ટૂંકા કાળમાં તેઓ શુદ્ધ સામાયિકભાવની તલવારથી સર્વથા કતલ કરી નાંખે છે. તેઓએ જગત્‌ને જણાવ્યું છે કે સમ્યગ્દર્શનનું મંગળરૂપ તિલક તો બધી ગતિમાં મળશે પણ વિશુદ્ધ સર્વવિરતિની તલવાર તો માત્ર માનવભવે મળી શકે. આ આંતરયુદ્ધની તક ક્વચિત્ જ મળે છે, માટે આ સંગ્રામ માનવભવમાં કઠોર બનીને ખેલી જ નાંખવો જોઈએ.

કેટલાક લોકોને જૈનધર્મ દ્વારા જાતકલ્યાણ થતું હશે પણ જગત્‌કલ્યાણ શી રીતે થાય ? તેવો સવાલ થતો હોય છે. તેનો જવાબ એ છે કે જૈની સાધના (નિશ્ચય-વ્યવહાર ઉભયસ્વરૂપ) કરવાથી આત્મામાં પાપશુદ્ધિ અને પુણ્યવૃદ્ધિ-બે ય એક સાથે થવા લાગે છે. આ બન્ને પરમસૂક્ષ્મ તત્ત્વો છે. એમના દ્વારા જાતનું કલ્યાણ થાય છે તેમ જગતનું પણ કલ્યાણ થાય છે.

શુદ્ધિ મુખ્યત્વે જાતકલ્યાણમાં સહાય કરે છે, જ્યારે પુણ્યવૃદ્ધિ જગત્‌કલ્યાણમાં સહાય કરે છે.

એક આત્મા શુદ્ધિ અને પુણ્યવૃદ્ધિની જે સિદ્ધિ કરે તે પોતે જ પરાર્થકરણ કરવા લાગી જાય છે. તારક તીર્થંકરદેવો પાસે આ શુદ્ધિ-વૃદ્ધિનો પ્રકર્ષ હતો તેથી જ તેમની ચારે બાજુ સવાસો યોજન સુધીમાં પ્રાયઃ કોઈ રોગી થતું નહિ, થયેલો રોગ પ્રાયઃ નાશ પામી જતો. જે કામ સેંકડો વૈદ્યો હજારો દવાઓ આપીને કરે તે કામ એક વિશિષ્ટ વ્યક્તિનું અસ્તિત્વ માત્ર કરે.

પુણ્યવાન વ્યક્તિ ઘરમાં હોય તો તેના પુણ્યે આખા ઘરને શાંતિ મળે; સુખ, સમૃદ્ધિ અને આબાદી મળે. એક વ્યક્તિમાં અહિંસાભાવ સિદ્ધ થઈને પ્રતિષ્ઠા પામે તો તેની નજીક આવેલા તમામ હિંસક જીવોનો હિંસક પરિણામ ખતમ

થઈ જાય. બળદેવ મુનિ, રમણ મહર્ષિ, ધર્મદત્તકુમારના દૃષ્ટાંત સુપ્રસિદ્ધ છે. યશરેખાવાળા ડોક્ટરના લગભગ બધા જ દર્દીઓના દર્દ તેની યશરેખાને કારણે દૂર થઈ જાય.

પુણ્યવાન્ વ્યક્તિનો જન્મ થતાં તે નગરનો બારવર્ષી દુકાળ વિલાઈ જાય. કલાકોમાં આકાશે ઘનઘોર વાદળો ધસી આવે, બારે ખાંગે મેઘ વરસે, સહુને હાશકારો થાય ! પ્રવરદેવનું દૃષ્ટાન્ત આ વિષયમાં સચોટ છે.

સાધના કરે મુનિઓ ! તેનાથી આમર્ષૌષધિ (આમર્ષ-સ્પર્શ એ જ દવા) સિદ્ધ કરે, પછી તેમને જે સ્પર્શે તે બધાના રોગો ખતમ થઈ જાય. રડતો પાદરી અને જટાયુ પ્રસંગના બે મુનિઓ આ વિષયમાં પ્રસિદ્ધ દૃષ્ટાંતો છે.

જૈન ધર્મનું પરાર્થકરણ સાધુઓ દ્વારા સૂક્ષ્મની આંતરસાધના દ્વારા જ હોઈ શકે. તેઓ બાહ્ય સાધનો (વૈજ્ઞાનિક) દ્વારા તે કામ ન કરી શકે. હા, તે રીતે તે કામ શાસ્ત્રસાપેક્ષ રહીને ગૃહસ્થો કરી શકે ખરા.

આથી જ સાધુઓ પોતાની શાસ્ત્રસંગત પવિત્રતાને જ વધુ ને વધુ ઊંચી લઈ જવા કોશિશ કરતા રહે એ જ તેમનું પરાર્થકરણમાં મોટામાં મોટું પ્રદાન છે. **'Raise the hight of puority.'** હું તો આને એટમબોમ્બનું પ્રચંડ સૂક્ષ્મ તત્વ યુ' ૨૯૧ કહું છું. આતમબોમ્બનું આ શુદ્ધિકરણ એ યુ'૨૯૧ છે.

ક્રોડો માનવતાના કામ કરતા એક જ પ્રભુભક્તિ ચડિઆતી છે. તેવી ક્રોડો લોકોની પ્રભુભક્તિથી એક જ નિર્મળ સામાયિક ચડી જાય છે. તેવા ક્રોડો સામાયિક કરતાં એક જ સર્વવિરતિધર મહાત્માની શુદ્ધિ ચડે છે. તેવા ક્રોડો સર્વવિરતિધર મહાત્માઓ કરતાં અનંતગુણ શક્તિમાન્ એક જ તારક તીર્થંકર ચડી જાય છે.

કહેવું એ છે કે, એક જ આત્માની જબરી પવિત્રતા આખા જગતનું કલ્યાણ કરી શકે છે. **One men's purification can save the world.**

જો આ વાતમાં આપણને વિશ્વાસ બેસતો હોય તો ક્રોડોની શુદ્ધિનો સ્થૂલ યત્ન કરવા કરતાં સ્વની શુદ્ધિનો સૂક્ષ્મ યત્ન કરવામાં જ લાગી જવું પડે. આમાં વ્યાપકતા ઘટે છે અને ઉંડાઈ વધે છે, સંખ્યા ઘટે છે અને ગુણવત્તા વધે છે. આ ન્યાય જેને મંજૂર હોય તેને જ સમજાય કે માઈકમાં બોલવા કરતાં મુહપત્તિનો ઉપયોગ રાખવામાં પરકલ્યાણ ઘણું વધારે થઈ શકે છે.

કોઈ એક માણસ એક લાખ માણસો ઉપર વિજય મેળવે અને એક માણસ માત્ર પોતાના એક દોષ ઉપર વિજય મેળવે તો આ પાછલો વિજય ઘણો મહાન્ છે, કેમકે તેથી પોતાના લાખો ભવોના મરણો ઉપર તેમાં વિજય હાંસલ થાય છે.

આથી જ ઉત્તરાધ્યયનસૂત્રકારે કહ્યું છે કે, "હે આત્મન્ ! તું તારી સાથે જ યુદ્ધ કર. તારા દુશ્મનો તારી અંદર જ બેઠેલા છે. એની ઉપર વિજય મેળવીને તું સાચા અર્થમાં સુખી બન."

હા, જરૂર તારી કોઈ પણ ધર્મપ્રવૃત્તિની પાછળ જે પુણ્ય તને મળે તેની પાછળ તું જગત્ના દુઃખોના દૂરીકરણનો જ સંકલ્પ કરજે અને જે શુદ્ધિ મળે તે તું તારા માટે લઈ લેજે. બિલકુલ કટ્ટરપંથી બનજે. તારા પોતાના ચારિત્રધર્મથી તસુભર પણ વિચલિત થઈશ નહિ. અને સાથે જ, તારા એકલાંના આત્મહિતની જ એકલપેટી વાત કરીશ નહિ. આખા જગતનું કલ્યાણ તારા ચિંતનમાં સદા સાબૂત રાખજે. **Think Globely, Act Locally.**

આવી જે ભાવના ભાવે છે એ ભાવથી તારક તીર્થંકરદેવોના પ્રત્યેક આત્મપ્રદેશમાં રહેલી કરૂણાને સ્પર્શે છે. તત્વતઃ આ જ સાચી જિનપૂજા છે.માત્ર નવાંગી પૂજા એ વાસ્તવિક પૂજા નથી.

ચાલો, આપણે સહુ તરણતારણહાર જગન્નાથના શરણે જઈએ. એમનું શરણ જ આપણું એકાન્તે કલ્યાણ કરશે. ભલે એ ભક્તિથી રીઝતા નથી વીતરાગ છે માટે, પણ તેમનો સ્વભાવ જ એવો છે કે તેમને રીઝવાની, ભક્તને ખુશ કરવાની ઈચ્છા કરવી જ ન પડે. એની મેળે એ ભક્તનું હિત કરે, મોક્ષ આપે, મોક્ષ ન મળે ત્યાં સુધી સ્વર્ગાદિના ભોગો આપે, અનાસક્તભાવની સાથેસ્તો.

સૂર્યને ક્યાં ઈચ્છા કરવી પડે છે કે, હું જગત્ને જડતામાંથી દૂર કરવા માટે મારા પ્રકાશકિરણો ધરતી ઉપર ફેંકું ? એ તો એનો એમ કરવાનો સ્વભાવ જ છે !

અગ્નિને ક્યારેય ઈચ્છા થઈ નથી કે ઈચ્છા કરવી પડતી નથી કે, ઠંડીમાં મારા તાપણાં પાસે આવેલાની હું ટાઢ ઉડાડું, કેમકે એ તો એનો એમ કરવાનો સ્વભાવ જ છે. હા, સબૂર ! આંખો બંધ રાખે એ ઘુવડ માટે સૂર્ય પણ કાંઈ ન કરી શકે. ગમે તેમ બેસે તો તેને અગ્નિ બાળી જ નાંખે અને પેલી તારવાના સ્વભાવવાળી હોડીના શરણે ગએલો તોફાન કરે તો હોડી વાંકી થઈ જઈને

એને ડૂબાડી પણ દે. પણ આમાં સૂર્યાદિને દોષ થોડો દેવાય ?

પ્રગટેલા દીવા જેવી આપણી અરિહંત-માં કહે છે કે, "સૌ બુઝાએલા દીવડાઓ ! તમે મને અડો. માત્ર મારી અભિમુખ થાઓ. મારા શરણે આવો. તમે તરત જ જેટલા હશો તે તમામ પ્રગટી જશો. મને પ્રગટતાં લાગેલા સાડા બારથી એક હજાર વર્ષની સાધના તમારે નહિ કરવી પડે !

મા વહેલી ઉઠે છે. બે કલાક ઘંટી દળે છે. ભૂલકાંઓને મજેથી રોટલા બનાવીને ખવડાવે છે ! મા તે મા !

અરિહંત તો આપણી મોટી બા ! કેટલા વહાલા છીએ આપણે તેને ?

પ્રચંડ પુણ્યવાન્ અને સંપૂર્ણ શુદ્ધિમાન્ અરિહંતોની ભક્તિથી થોડુંક પણ પુણ્ય પ્રગટે તો તે ય આત્મા દુષ્કાળોને દૂર કરવાની, ઓઝોનમાં પડેલા ગાબડાં પૂરી દેવાની કે સાગરોને મર્યાદામાં રાખવાની, ધરતીમાં કંપ નહિ થવા દેવાની, સૂરજ અને ચંદાના આકાશી બિંબોને ધરતી ઉપર નહિ ગબડી પડવાની સ્થિતિ હાંસલ કરી શકે તો સાક્ષાત્ અરિહંતોને કાંટા ય ઊંધા વળતા હોય, વૃક્ષો નમતા હોય, સહુના રોગાદિ ઉપદ્રવો શમતા હોય, શ્વાસ સદા સુવાસિત હોય, દેવોમાં ઓગણીસ ઓગણીસ અતિશયો તૈયાર કરવાનું સામર્થ્ય પ્રગટ થઈ જતું હોય, અરે ! તેમના નામ, તેમની આકૃતિ (મૂર્તિ વગેરે), તેમનું દાઢા વગેરે દ્રવ્ય પણ સર્વ કાળના, સર્વ ક્ષેત્રોના, સર્વ જીવોનું કલ્યાણ કરવાનું સામર્થ્ય ધરાવે તો તેમાં શી નવાઈ ?

વંદન વંદન તે અરિહંતોને, જેમની ગુણવૈભવ સિદ્ધિ એ જ બીજાઓના ગુણવૈભવને પ્રગટ કરવામાં સહજ રીતે કારણ બની જાય છે ! સિદ્ધિ જ પરાર્થસાધન (પરાર્થતા) બની જાય છે ! કેટલી બધી કમાલ !

સ્વહિતથી જ એકાન્તે પરહિતકરણનો સ્વયંભૂ યજ્ઞ એટલે ચારે ય નિક્ષેપાના અરિહંત દેવો !

ભવ ત્રીજે સમકિત ગુણ રમ્યા, જિનભક્તિ પ્રમુખ ગુણ પરિણમ્યા,
ઈન્દ્રિયસુખ આશંસના, કરી સ્થાનક વીસની સેવના,
અતિરાગ પ્રશસ્ત પ્રભાવતાં, મન ભાવના એહવી ભાવતા,
સવિ જીવ કરૂં શાસનરસી, એસી ભાવદયા મન ઉલ્લસી.

- जन्मजरामरणार्त्तं जगदशरणमभिसमीक्ष्य निःसारम् ।
  स्फीतमपहाय राज्यं शमाय धीमान् प्रवव्राज ॥
- जय जय नंदा, जय जय भद्दा, भद्दं ते खत्तियवरवसहा
  बुज्झाहि भयवं लोगनाहा ! पवत्तेहि धम्मतित्थं, सव्वलोए
  सव्वजीवाणं हियसुहनिस्सेयसकरं भविस्सइ त्ति
  कट्टु जय जय सद्दं पउंजंति ॥

- नारका अपि मोदन्ते यस्य कल्याणपर्वसु ।
  पवित्रं तस्य चारित्रं को वा वर्णयितुं क्षमः ॥

અહીં અભિધાનચિન્તામણિ કોષનો પ્રથમ દેવાધિદેવકાંડ જોઈ લેવો.

- मोहान्धकारगहने संसारे दुःखिता बत ।
  सत्त्वाः परिभ्रमन्त्युच्चैः सत्यस्मिन्धर्मतेजसि ॥
- अहमेतानतः कृच्छ्रान्यथायोगं कथंचन ।
  अनेनोद्धरिष्यामीति वरबोधिसमन्वितः ॥
- करुणादिगुणोपेतः परार्थव्यसनी सदा ।
  तथैव चेष्टते धीमान्वर्धमानमहोदयः ॥
- तत्तत्कल्याणयोगेन कुर्वन्सत्वार्थमेव सः ।
  तीर्थकृत्त्वमवाप्नोति परं सत्त्वार्थसाधनम् ॥

- ત્રીજે ભવે વર થાનક તપ કરી જેણે બાંધ્યું જિનનામ
  રે ભવિકા ! સિદ્ધચક્ર પદ વંદો.
- પરમ નિધાન પ્રગટ મુખ આગળે, જગત ઉલ્લંઘી જાય,
  જ્યોતિ વિના જુઓ જગદીશની અંધોઅંધ પલાય. જિ.....

- यस्य संक्लेशजननो रागो नास्त्येव सर्वदा ।
  न च द्वेषोऽपि सत्त्वेषु शमेन्धनदवानलः ॥

## (જ) અરિહંત-શરણાગતિ

દુ:ખથી ડરી જઈને કે સુખમાં લલચાઈ પડીને ચમરેન્દ્ર કે મેતાર્ય-ઘાતક સોની અથવા ચાણક્યના પ્રતિસ્પર્ધી મન્ત્રીની જેમ ધર્મના અનંતા શરણ લીધા પણ બધા ભેગા મળીને ય જીવને મોક્ષ આપી શક્યા નહિ.

શરણ તો મોક્ષપ્રદ તે છે જે સુખમય સંસારથી બી જઈને-ભયનું માર્યું - લેવાય. પાપોથી ડરી જઈને જે ધર્મશરણ લેવાય તેનું જ નામ ધર્મશરણ.

ભાઈબંધો સાથે રમતો બાબલો બા ગમે તેટલો બોલાવે તો ય ઘરે ન આવે, પણ જો અઘોરી બાવો ત્યાં આવી ચડે તો તેના ભયનો માર્યો વગર બોલાવ્યે બા પાસે કેવો ધસી જાય ! કેવો બાને બાઝી પડે ! કેવો અવાચક બની જાય ! બસ, આવું જ હોય અરિહંત-શરણ !

જો કે આરાધકભાવ (પરાર્થરસિકતા)ના દીવાથી વિરાધકભાવ (સ્વાર્થપ્રિયતા)નું અંધારૂં ભાગી જ છૂટે અને તેથી મોક્ષ પામવાનું કાર્ય ખૂબ સરળ બની જાય, પરન્તુ જો જ્ઞાનયોગની-સમ્યગ્જ્ઞાનપદની આ સાધના ક્ષયોપશમના અભાવે મુશ્કેલ જણાતી હોય તો ભક્તિયોગસ્વરૂપ સમ્યગ્દર્શન-પદની સેવા કરવી.

આ પદ એટલે પંચપરમેષ્ઠી ભગવંતોની શરણાગતિ. હવે પરાર્થભાવની આરાધનાને બદલે પરાર્થભાવના સ્વામીની શરણાગતિ લેવી જે સ્વાર્થભાવના વિરાધકભાવને ભગાડી મૂકે.

બાના શરણે ગએલા બાબલા પાસે અઘોરી બાવો ઊભો ય રહી ન શકે, એને ભાગી જ જવું પડે.

સમ્યગ્દર્શન પદ એટલે દેવશરણ : ભક્તિ પામવા.

સમ્યગ્જ્ઞાન પદ એટલે ગુરૂશરણ : જ્ઞાન પામવા.

સમ્યક્ચારિત્ર પદ એટલે ધર્મશરણ : મોક્ષ પામવા.

ગરીબ માણસ શ્રીમંતના જ શરણે જાય.

અભણ માણસ શિક્ષિતના શરણે જાય.

દરદી ડોક્ટરના શરણે જાય.

સંસારમાત્રથી ત્રાસી ઉઠેલો જીવ અસંસારી અરિહંતના શરણે જાય.

બાવનાચંદનના ઉપવન જેવા મનમાં અગણિત દોષો રૂપી ઝેરી સર્પો પડેલા છે. તે તમામને ભગાડી મૂકવા માટે ચીપીઆથી પકડીને કાઢવાનો કાતીલ પુરૂષાર્થ કરવા જઈએ તો ક્યાંક તો ચૂકીએ જ અને તે જ પળે કોઈ સાપનો એકાદ ઝેરીલો ડંખ જીવ લઈને જ રહે. આના કરતાં સાવ સરળ ઉપાય છે, એ મનના ઉપવનમાં અરિહંત નામના મોરલાને લાવીને બેસાડી દેવાનો. મોરલો આવ્યો નથી અને તમામ સાપ, સાપોળીઆ ભાગી છૂટ્યા નથી.

જેના હૈયે અરિહંત (ભક્તિ) એના હૈયે ક્યો ગુણ નહિ ?

જેના હૈયે અરિહંત નહિ એના હૈયે ક્યો દોષ નહિ ?

લડતાં લડતાં સાપના ઝેરી ડંખ ખાતો નોળીઓ પોતાનો જાન બચાવવા માટે નોળવેલને સુંઘતો રહે છે અને ઝેર તેમાં પ્રસારિત કરતો રહે છે. આથી જ તે મરતો નથી, ઉપરથી સાપને જોરદાર દાંતો ભરાવીને મારી નાંખતો હોય છે.

ત્રેવીસ કલાકના સત્તર પાપોના સાપોના ઝેર નોળવેલશા અરિહંતની એક કલાકની પરાભક્તિમાં નીચોવાઈ જતા હોય છે.

સાત દુકાળ પડે તો ય મોટો દૈત લીંબડો સુકાતો નથી, કેમકે તેના મૂળીઆં ઠંડા પાતાળે પહોંચીને કોક ઝરણાંને સ્પર્શી ચૂકેલા છે. આ જ એની તાજગીનું મૂળ છે.

આપણું મન જો અરિહંત-ભક્તિના ઝરણાંને સ્પર્શી જાય તો કદી સુખમાં છકીએ નહિ, દુઃખમાં ડગીએ નહિ, પાપોમાં તગડા બનીએ નહિ.

શરીરે લાગેલો મેલ એકલા અરીઠાંથી, સાબુથી કે સોડાથી ન જાય. હા, ચામડી જ ઉખડી જાય ખરી. પણ જો તેમની સાથે પાણી ભળે તો બધો મેલ સાફ થઈ જાય. અરે ! એકલું પાણી ય મેલ સાફ કરી શકે.

અર્હદ્ભક્તિ પાણી છે. જ્ઞાન, ધ્યાન કે તપની કોરી સાધનાઓ એકલા અરીઠાંદિ જેવી જોખમી છે.

અરિહંત તો અઢારમો હાથી. સત્તર પાપરૂપ સત્તર હાથીએ ઉભી કરેલી તમામ સમસ્યાઓ આ અઢારમો હાથી તેમાં ઉમેરાતાં ઉકલીને જ રહે. અઢારમું પાપ મિથ્યાત્વશલ્ય. એને દૂર કરીને ત્યાં અઢારમી અર્હદ્ભક્તિ મૂકી દો. પછી

હિંસાદિ સત્તર હાથીઓ બધા ભેગા મળીને ય દુર્ગતિ દઈ શકે તેમ નથી. (આની ઉપર શેઠના વીલની મૂંઝવણવાળી કથા કહી શકાય.)

આખા જીવનનો આરંભ અને અંત ભગવાનથી છે, ભગવાનમાં છે. હા, તે બે ની વચ્ચે બે તબક્કા આવે છે, જેમાં પ્રથમ સ્વકલ્યાણની આરાધના છે અને પછી પરકલ્યાણની ઉપાસના છે.

એક નાનકડી બેબી હાથમાં ગુલાબ લઈને મંદિરે જઈ રહી હતી. કોકે પૂછ્યું, 'બેબી ! આ ગુલાબ કોના માટે ?' જવાબ મળ્યો, 'ભગવાન માટે.'

તે કિશોરી થઈ. ફરી ગુલાબ લઈને જતી તેણીને એ જ પ્રશ્ન પૂછ્યો. જવાબ મળ્યો, 'મારા માટે (સ્વકલ્યાણ).'

તે પરિણીતા યુવતી થઈ. એ જ સ્થિતિમાં એ જ સવાલ થયો. જવાબ મળ્યો, 'એમના (પતિના) માટે (પરકલ્યાણ).' અને જ્યારે તે ડોસી થઈ ગઈ. એ જ રીતે ગુલાબ લઈને મંદિરે જતાં તેણીને એ જ સવાલ થયો. જવાબ મળ્યો, 'ભગવાન માટે.'

ગીતામાં અર્જુનના જીવન-રથના સારથિ શ્રીકૃષ્ણ ભગવાન કહેવાયા છે. તે જ વાત મેઘમુનિના પ્રસંગમાં કહેવાઈ છે. કર્મો સાથે સંગ્રામમાં પણ રથી આપણો જીવ છે પણ રથના સારથિ તો ભગવાન જ છે.

પ્રાર્થના-સૂત્ર 'જય વીયરાય !' પદથી શરૂ થાય છે. આ પદનો અર્થ 'હે વીતરાગ પ્રભુ ! તમે જય પામો' થાય છે. અરે, પ્રભુ તો મોહરાજની સાથેના સંગ્રામમાં ક્યારના જય પામી ગયા છે ! એમને વળી જય શેનો પામવાનો ? આનો જવાબ એ આપવામાં આવ્યો છે કે, "આપણે મોહરાજ સાથે જે આંતર-સંગ્રામ ખેલી રહ્યા છીએ તેમાં આપણા રથના સારથિ વીતરાગ પ્રભુને બનાવ્યા છે. એમને આપણે કહીએ છીએ કે મારા આ મોહરાજ સાથેના સંગ્રામમાં આપ અવશ્ય જય પામજો. (જેથી મારો મોક્ષ થાય.)"

મોહસંગ્રામ અતિ દુર્ધર છે, દુર્જેય છે. અગીઆરમા ગુણસ્થાને પહોંચેલા તમામ (છદ્મસ્થ) વીતરાગ ભગવંતોને ત્યાંથી હેઠે પછાડવામાં આવ્યા છે.આવા કાતીલ અને ક્રૂર આતતાયી સાથેનો સંગ્રામ માત્ર ખુલ્લો સંગ્રામ હોતો નથી, એના સંગ્રામમાં ગેરીલા-પદ્ધતિનો, ગમે ત્યાં અચાનક છાપો મારવાનો વ્યૂહ પણ હોય છે. આમાં તો ધર્મરાજ પણ હાંફી જતા હોય છે. આ વ્યૂહની સામે

ઉત્તરોત્તર ચડીઆતી બનતી કાયાની, વાણીની અને મનની ભાવભરી પૂજા સિવાય બીજો કોઈ સફળ વ્યૂહ નથી એમ વૈરાગ્યકલ્પલતાના પ્રથમ સ્તબકમાં કહ્યું છે.

વિરાગ શબ્દના બે અર્થ છે. તેમાં બીજા અર્થ વિનાનો પહેલો અર્થ સારો છતાં પાંગળો છે, બોદો છે.

વિરાગનો પહેલો અર્થ છે, વૈરાગ્ય (વિગત રાગ) ભાવ. સંસારના ભોગસુખો તરફ પણ નફરત. પરન્તુ આવી નફરતવાળો જીવ જો વિરાગ એટલે દેવાધિદેવ આદિ ત્રણ તત્વો પ્રત્યે 'વિશિષ્ટ રાગ' ન કેળવી શકે તો પેલો વૈરાગ્ય જીવનમાંથી ભાગી છૂટે. સાધુ પણ સંસારી બની જાય. ધર્મી પણ અધર્મી બની જાય. આવેલું સમકિત ભાગી છૂટે, કેમકે ક્યાંકથી મનને ઉઠાડી લીધા પછી તેને ક્યાંક બેસાડવું-ચોંટાડી દેવું તો પડે જ, નહિ તો ફરી તેના મૂળ સ્થાને જઈને બેસી જાય.

બે ય અર્થ જો જીવનમાં ભેગા થઈ જાય તો પહેલા વૈરાગ્યના અર્થથી વાસનાઓની શુદ્ધિ થાય. બીજા અર્થથી પુણ્યની પ્રચંડ વૃદ્ધિ થાય.

વાસનાની શુદ્ધિ એ શરીરની નિરોગિતા જેવી વસ્તુ છે પણ શરીરની પ્રતિભા માટે તેની પુષ્ટિ પણ જરૂરી છે તેમ આત્માને ય વાસનાશુદ્ધિ સાથે પુણ્યના તગડાપણાની પણ ખૂબ જરૂર છે. પુણ્યથી ધર્મની સામગ્રી-મહાવિદેહક્ષેત્રે જન્માદિ અથવા સદ્ગુરૂયોગાદિ મળે. એ મળે તો એના સત્સંગાદિથી વાસનાઓની શુદ્ધિ મળે.

બેશક, આપણો પ્રયત્ન પુણ્યની પ્રાપ્તિ કાજે હોવો ન ઘટે, પરન્તુ અનાજની સાથે ગૌણ તરીકે જેમ ઘાસ છે તેમ શુદ્ધિ સાધતા આત્માનો પુણ્ય એ **by product** છે. ન ઈચ્છીએ તો ય તે મળ્યા જ કરે. આવું જ પુણ્ય તારક છે. બાકીનું ભીખ માંગીને (ધર્મ કરીને) મેળવેલું પુણ્ય તો મારક છે.

પૂર્વે કહ્યું છે તેમ ઉત્પન્ન થયેલ પુણ્યનો લાભ જગત્‌ને મળે અને શુદ્ધિના લાભો પોતાને મળે તેવી જ આશંસા આપણે સદા રાખવી જોઈએ.

અરિહંતની ભક્તિએ દ્વારકાનું દહન થતું બાર વર્ષ સુધી અટકાવી રાખ્યું.

પેલા પ્રવીણભાઈનો ખોટનો ધંધો કલાકોમાં નફાનો બની ગયો !

ભીમા કુંડલીઆની બૈરીનો તો આખો સ્વભાવ પલટાઈ ગયો.

પ્રવરદેવના ત્યાગધર્મે બારે ખાંગે મેઘ તૂટી પડ્યો.

ચૈતન્ય મહાપ્રભુની લગાતાર સાત દિવસની સેંકડો માણસો સાથેની કૃષ્ણનામધૂન સ્વરૂપ પ્રભુભક્તિથી બંગાલના આતતાયી રાજાનો સ્વભાવ ઉપશાન્ત બની ગયો !

યક્ષદેવસૂરિજી અને માનદેવસૂરિજીના જીવનપ્રસંગોમાં જોવા મળે છે કે આખું આકાશ મલિન દેવ-તત્વોથી ખીચોખીચ ભરાઈ ગયું છે. જ્યાં પંચ 'મ'કારનું જોર છે ત્યાં જ તે દેવો અત્યન્ત તુષ્ટમાન બન્યા છે. આમાં ગાબડું પડે તો જ ધરતી ઉપર ઉતરી પડીને બધી પરિસ્થિતિને સુધારી નાંખવા ઉત્સુક બનેલા સમ્યગ્દષ્ટિ દેવો ધરતી ઉપર ધસી આવી શકે.

ગાબડું પાડવાની તાકાત એક માત્ર અકામભાવ અને અનન્યભાવ સાથેની વિધિપૂર્વકની મોક્ષલક્ષી જિનભક્તિથી ઉત્પન્ન થતાં પુણ્યમાં જ છે અથવા તેનાથી ઉત્પન્ન થતી શુદ્ધિમાં જ છે.

ગૃહસ્થો સ્વદ્રવ્યે અષ્ટપ્રકારી પૂજારૂપ જિનભક્તિથી પ્રચંડ પુણ્ય પેદા કરે.

સાધુઓ ચોવીસ કલાકના જિનાજ્ઞાપાલનરૂપ જિનભક્તિથી પ્રચંડ શુદ્ધિ પેદા કરે.

આ બે જ ગાબડું પાડી શકશે. ગાબડું પડશે તો જ સમ્યગ્દષ્ટિ દેવોનું ધરતી ઉપર અવતરણ થશે અને ત્યારે જ જિનધર્મનો જયવારો બોલાશે, કેમકે દૈવી સહાય વિના આ જયવારો બોલાવાઈ શકાય તેમ નથી.

ભક્તિ પણ બે જાતની છે. જેમાં આપણે ભગવાનને વળગવું પડે તે વાનરી-દેવભક્તિ છે અને જેમાં ગુરૂ આપણને વળગે તે માર્જારી-ગુરૂભક્તિ છે.

વાંદરીના બચ્ચાં વાંદરીને વળગે.

બિલ્લીના બચ્ચાં બિલાડી મોંમાં પકડી રાખે.

ભગવાન વીતરાગ છે, ગુરૂ સરાગ છે માટે આવું બને છે.

ભક્તિના બે સ્વરૂપોમાં અષ્ટપ્રકારી પૂજનાદિ દ્રવ્યભક્તિ કરતાં જિનાજ્ઞાપાલન(સર્વવિરતિધર્મ)રૂપ ચોવીસે ય કલાકની ભાવભક્તિ અતિ

ઉત્કૃષ્ટ ગણાય. આમાં તે દ્રવ્યભક્તિ કરવાની જરૂર પણ ન પડે. હા, 'અરિહંતચેઈઆણં'નો કાઉસ્સગ્ગ કરવા દ્વારા તે દ્રવ્યભક્તિના નિરવદ્ય તમામ અંશોની અનુમોદના જરૂર કરી શકાય : કરવી જ જોઈએ.

દશાર્ણભદ્રે દેવેન્દ્રની ઉત્કૃષ્ટ દ્રવ્યભક્તિ સામે સર્વવિરતિધર્મસ્વીકારરૂપ ભાવભક્તિ પ્રગટ કરીને દેવેન્દ્રને ભક્તિમાં હરાવ્યો હતો.

ભગવાન જેને વહાલા હોય તેને ભગવાનના વહાલા-સર્વ જીવો-પણ વહાલા હોય જ. અને ભગવાનને અત્યન્ત વહાલી જે શુદ્ધિ (વીતરાગતા) તે પણ વહાલી હોય જ. આવી સ્થિતિવાળો જીવ જ પ્રભુનો સાચો ભક્ત કહેવાય. આથી એને ત્રણ ત્રણ પ્રકારના આંસુ પડતા રહે.

વહાલાના વિરહના આંસુ. (ટાગોર કહે છે, 'તારા વિરહથી હું સદા ઝૂરતો રહું એટલું તો મને કરી આપ !' દેવચન્દ્રજી મહારાજ કહે છે, 'શું કરું ? હું તો પ્રભુ-વિરહમાં અત્યન્ત કાયર બની જાઉં છું.' મીરા કહે છે, 'જોગી ! મત જા, મત જા, અગરચંદનકી ચિતા જલાવું, મેરે કો જલા કે જા.. જોગી મત જા,' હનુમાન કેળના વનમાં રહે છે એવું ક્યાંકથી જાણીને નરેન્દ્ર (સ્વામી વિવેકાનંદ) આખી રાત તેના દર્શન માટે તે વનમાં જ બેસી રહેલો. રામકૃષ્ણને જગદંબાના દર્શન ન થયા ત્યાં સુધી ખૂબ ઝૂર્યા, છેલ્લે ગળા ઉપર તલવાર ઝીંકી દેવા ગયા કે તરત કાલી પ્રગટ થયા ! તુકારામે તો પાંડુરંગને દર્શન ન દેવા બદલ અતિ સખ્ત ઠપકો આપ્યો છે. તેણે કહ્યું છે કે, 'પતિત તરીકેનો મારો સ્વભાવ હું છોડતો નથી તો પતિતપાવન તરીકેનો તારો કહેવાતો સ્વભાવ તું કેમ છોડી રહ્યો છે ?')

વહાલાના વહાલા-સર્વ જીવો-ના દુર્ગતિ આદિના દુઃખોની કલ્પનાથી પણ ભક્તની આંખે આંસુ હોય. અને વહાલાની વહાલી શુદ્ધિમાં, પોતાને જ્યારે અશુદ્ધિ પેદા થાય, રાગ-દ્વેષની પરિણતિ જાગી પડે ત્યારે પશ્ચાત્તાપના આંસુ હોય.

આવા ત્રણ આંસુ જેની પાસે નથી-વિરહના, પરદુઃખના કે સ્વદોષના-તે સાચા અર્થમાં પ્રભુનો ભક્ત નથી.

શ્રેણિક કેવો પ્રભુભક્ત હતો ! રોજ પ્રભુ ક્યાં છે ? તેની તપાસ કરાવતો, તે દિશામાં સાત, આઠ ડગલાં આગળ વધીને વંદના કરતો.

આનંદઘનજીએ અભિનંદન-પ્રભુના દર્શનની કારમી તૃષા સ્તવનમાં કેવી વ્યક્ત કરી છે ?

વિરહની વ્યથા તો જેને વીતે તેને જ વીતે. તેનું વર્ણન શબ્દમાં શેં થાય ?

પેલી રાખીને પતિવિરહની કેવી વ્યથા હતી ?

વિરહકાળ અને મંથનકાળ પછી જ પિયુના મિલનનો મસ્તકાળ પ્રાપ્ત થતો હોય છે.

તેઓ જ કહી શકે છે, "તું મારો પ્રિયતમ છે. તું મારો નિકટતમ છે. હરિને હીંડતા લાગે મારો હાથ."

સાચા ભક્તોને ભક્તિમાં એટલી બધી મજા આવતી હોય છે કે તે મજા જ્યાં લુંટાઈ જાય છે તેવું ભગવાન થવું તેમને જરાય ઈષ્ટ નથી.

ધનપાળ પંડિત કહે છે કે, "મારે ભગવાન થવું નથી."

સીતા કહે છે, "મારે રામ થવું નથી."

ભરત કહે છે, "મારે રામની સમાન થવું નથી."

આવી અલબેલી છે, સાવ નોખી અને અનોખી ભક્તોની વાતો.



- नयनं गलदश्रुधारया, वचनं गद्गद्सुधया गिरा ।
  पुलकैर्निचितं वपुः कदा तव नामग्रहणे भविष्यति ॥
- अन्यथा शरणं नास्ति, त्वमेव शरणं मम ।
  तस्मात्कारुण्यभावेन रक्ष रक्ष जिनेश्वर ! ॥
- विलोकिते महाभागे, त्वयि संसारपारगे ।
  आसितुं क्षणमप्येकं संसारे नास्ति मे रतिः ॥
- वीतराग ! सपर्यायास्तवाज्ञापालनं परम् ।
  आज्ञाराद्धा विराद्धा च शिवाय च भवाय च ॥

- તરસ ન આવે હો જીવનમરણ તણો, સીઝે દરિસણ કાજ,
  દરિસણ દુર્લભ સુલભ કૃપા થકી, આનંદઘન મહારાજ.

- जो जाणइ अरिहंते, दव्वगुणपज्जवेहिं य ।
  जो जाणइ निय अप्पा, मोहो खलु जाई तस्स लयं ॥

- જન્મ જરા મરણે કરી એ, આ સંસાર અસાર તો,
  કર્યા કર્મ સહુ અનુભવે એ, કોઈ ન રાખણહાર તો,
  શરણ એક અરિહંતનું એ, શરણ સિદ્ધ ભગવંત તો,
  શરણ ધર્મ શ્રી જૈનનો એ, સાધુ શરણ ગુણવંત તો.
- એકવાર પ્રભુ વંદના રે, આગમ રીતે થાય,
  કારણ સત્યે કાર્યની રે, સિદ્ધિ પ્રતીત કરાય,
- પ્રભુપણે પ્રભુ ઓળખી રે, અમલ વિમલ ગુણગેહ,
  સાધ્યદ્રષ્ટિ સાધકપણે રે, વંદે ધન્ય નર તેહ.
- કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ,
  એ જન જીવે રે જિનજી ! જાણજો રે, આનંદઘન મત અંબ.

- पदस्थं मन्त्रवाक्यस्थं पिण्डस्थं स्वात्मचिंतनम् ।
  रूपस्थं सर्वचिद्रूपं रूपातीतं निरञ्जनम् ॥

- ત્હારું ધ્યાન તે સમકિત રૂપ, તેહ જ જ્ઞાન ને ચારિત્ર તેહ છે જી,
  તેહથી જાયે સઘળા પાપ, ધ્યાતા ધ્યેય સ્વરૂપ હુવે પછે જી.
- ઠવણા સમવસરણ જિન સેંતી, જો અભેદતા વાધી રે,
  એ આતમના સ્વભાવ ગુણ, વ્યક્ત યોગ્યતા સાધી રે.

## (૫) અરિહંતના શરણાગત ભક્તજનો

અરિહંત આદિ તમામ-નાના મોટા-પદાર્થો બે પ્રકારના છે : વાસ્તવિક અને કાલ્પનિક.

કેન્સર વાસ્તવિક રીતે ખરેખર ગળે થએલું હોય છે. તે થયા વિના તે ગળે થયાની કલ્પના પણ કરી શકાય અને તેવી કલ્પના સંસારની કારમી અસારતા, વિનાશિતા વગેરેનું ચિન્તન કરીને વાસ્તવિક કેન્સરથી કરી શકાતી કર્મનિર્જરા જેવી જ કરી શકાય છે.

સાચા ભૂતના દર્શનથી 'હાડ' બેસી જઈ શકે. કાલ્પનિક ભૂતના પડછાયાથી પણ બીક લાગી જતાં હાર્ટફેઈલ થઈ શકે.

ઘાસની ગંજીમાં રહેલા દેડકાના ડંખને સર્પદંશ માની લેવાય તો એવું જ ઝેર ચડીને મોત થાય જેવું વાસ્તવિક રીતે ઝેરી સર્પદંશથી થાય.

અર્જુનના દ્રોણાચાર્ય-ગુરૂ વાસ્તવિક હતા, એકલવ્યના દ્રોણાચાર્ય-ગુરૂ કાલ્પનિક હતા. કમાલ કેવી થઈ કે કાલ્પનિક દ્રોણાચાર્યને વિશિષ્ટ શ્રદ્ધાથી આરાધીને અર્જુન કરતાં ય ચડીઆતો બાણાવલિ-સવાઈ અર્જુન- એકલવ્ય બની ગયો !

જે જેનું સદ્ભાવથી ધ્યાન ધરે તે તેવો થાય. આને 'ઈલિકાભ્રમરી' ન્યાય કહે છે. સામે પદાર્થ કોણ છે ? તેનું મહત્વ નથી. આપણા હૈયે તેના માટેનો ભાવ કેવો છે ? તેનું જ તત્ત્વતઃ મહત્ત્વ છે. બેશક, સામે પદાર્થ જેટલો સુન્દર અને ઉત્કૃષ્ટ રહેશે તેટલું ભાવનું બળ જલદી વધી જશે. પણ પદાર્થનું સુંદરપણું હોવું જ જોઈએ તેવો એકાન્તે નિયમ તો નથી જ.

ગુરૂ ગમે તેવા હોય પણ જો તેને ગૌતમ કે ચંદનબાળાજી જ માની લેવાનો ભાવ જોર મારી જતો હોય તો તેમનાથી પણ કૈવલ્ય પામી શકાય.

આથી જ તત્ત્વતઃ પ્રતિમાનું કે ચિત્રનું (સ્થાપનાનિક્ષેપનું) મહત્ત્વ છે. એ જેવું શુભ કે અશુભ આલંબન તેવા આપણા શુભાશુભ ભાવો. એ ભાવ તે જ ભગવાન કે શેતાન, એ જ આપણા તારક કે મારક.

જે વાસ્તવિક અરિહંત ભગવંત છે તેમનાથી કેટલા તર્યા ? બહુ ઓછા,

ચંડકૌશિક, શ્રેણિક, ચંદનબાળા વગેરે...

પરન્તુ જેઓ આપણી કલ્પનાની સૃષ્ટિમાં પધારે છે, જેનું આપણે ધ્યાન ધરી શકીએ છીએ, જેમના ખોળામાં માથું મૂકીને (સ્ત્રી કે પુરુષ- તમામ) સૂઈ શકે છે, જેને મુજ સરીખા મેવાસીને... ઓલંભડે મત ખીજો... વગેરે શબ્દોમાં મીઠો કે કડક ઠપકો પણ આપી શકીએ છીએ, જેની સાથે બહુ ઉંચા વિનય-વિવેક બાજુ ઉપર મુકીને યદ્વા તદ્વા કે બાળકની કાલી ભાષામાં ઝઘડો પણ કરી શકીએ છીએ એવા વહાલા ભગવાન જ આપણે તો શરણભૂત છે. એમનાથી એ જ મળે જે વાસ્તવિક ભગવાનથી મળી શકે. ક્યારેક વધુ પણ સારું પરિણામ મળે. આ તો આપણા ભાવ ઉપર બધો આધાર છે.

મીરા, રામકૃષ્ણ, મયણા, નામદેવ,તુકારામ, નરસિંહ મહેતા વગેરેને શબરી કે અર્જુન વગેરેની જેમ સાક્ષાત્ ભગવાન ક્યાં મળ્યા હતા ? છતાં તેઓ પોતાની કલ્પનાની દુનિયાના વિહરતા ભગવંત સાથે તન્મય બનીને કેટલો બધો આધ્યાત્મિક વિકાસ પામ્યા હતા !

વાસ્તવિક ભગવાન એટલે 'ઓબ્જેક્ટીવ રીઆલીટી'ના ભગવાન.

કાલ્પનિક ભગવાન એટલે 'આઈડીઅલ રીઆલીટી'ના ભગવાન.

બન્નેની ભક્તિના સરખા ફળ ! સરખા બળ !

આપણા માટે તો-વાસ્તવિક ભગવંતના વિરહકાળમાં-આ આઈડીઅલ રીઆલીટીના ભગવાન એ જ ખરા ભગવાન ! જેનું સ્તવન, કીર્તન, જેના જપ વગેરે આપણા ભાવોને નિર્મળ બનાવે, આત્માને સંસારથી વિરક્ત બનાવે, વીતરાગ બનવામાં સહાયક બને એ પથ્થર કે મૂર્તિ ય આપણા માટે ભગવાન જ છે. એ ગુરુ પણ આપણા માટે તો ભગવાન જ છે.

મગધપતિ શ્રેણિકે વાસ્તવિક પરમાત્મા મહાવીરદેવને પામીને તીર્થંકરનામકર્મ બાંધ્યું. રાવણે પરમાત્માની મૂર્તિમાં ભગવાનનું દર્શન કરીને તીર્થંકરનામકર્મ બાંધ્યું.

સુલસાને કે રેવતીને વાસ્તવિક ભગવાન મળ્યા પણ વિમળમન્ત્રી, વાગ્ભટ્ટ, ભીમો કુંડલીઓ, મયણા, અનુપમા, વસ્તુપાળ-તેજપાળ, કુમારપાળ, જગડૂશાહ, પેથડશાહ વગેરેએ તો જે અદ્ભુત પ્રભુભક્તિ કરીને આત્મવિકાસ

સાધી લીધો તેમાં તેમના 'પ્રભુ' તો આઈડીઅલ રીઆલીટીના (તેમની સ્વપ્નસૃષ્ટિના) જ ભગવાન હતા ને ?

પ્રભુ વીરનો જ્યારે સાધનાકાળ ચાલતો હતો ત્યારે દેવ બનેલા કુમારનન્દી સોનીએ તેમની મૂર્તિ બનાવીને વાસનાના કારમા તોફાનોમાંથી મુક્તિ મેળવી હતી.

સાક્ષાત્ પરમાત્મા આદિનાથ બિરાજમાન હતા ત્યારે તેમની સાથે શત્રુંજય તીર્થથી વિહાર કરવા સજ્જ બનેલા પાંચ ક્રોડ મુનિઓ સહિતના પુંડરિક ગણધરને વિહાર ન કરતાં શત્રુંજય ઉપર જ સાધના કરવા જણાવ્યું હતું, કેમકે તેમનું તમામનું કલ્યાણ એ તીર્થપ્રભાવથી જ થવાનું હતું.

પેલા હાલિક ખેડૂતે ગુરૂ ગૌતમમાં ભગવાનનું દર્શન કર્યું પણ સાક્ષાત્ ભગવાન મહાવીરદેવને જોઈને ભડકી ગયો, ભાગી છૂટ્યો !

ઝરકીનો પતિ રામો રામચન્દ્રજીની મૂર્તિમાં તન્મય બનીને પરમહંસ બની ગયો. તેની કામવાસના ખતમ થઈ ગઈ.

રૂપપરાવર્તિની વિદ્યા દ્વારા રામચન્દ્રજી બનેલો રાવણ આયનામાં પોતાનું રૂપ જોવા ગયો. ત્યાં રામનું પ્રતિબિંબ જોતાં જ તેની કામુકતા ખતમ થઈ ગઈ ! એ સીતા પાસે જવા હવે શેં પગ ઉપાડે !

પેલી ઉજમફઈ ! કરીઆવરમાં ભાઈએ અઢાર ગાડાં ભર્યાં તો ય મોં ઉપર ઉલ્લાસ નહિ. ભાઈએ કારણ જાણ્યું કે તેને શત્રુંજય ઉપર એક સુંદર જિનાલય કરીઆવરમાં જોઈએ છે, ભાઈએ કબૂલ્યું.

કેવા મહાકવિ ધનપાલ ! તીર્થંકરદેવ સિવાયના કોઈના ય મંદિરે-ભોજરાજના કહેવા છતાં-પૂજા કરવા ન ગયા, કારણ કે જેને કંઠ નથી તે શિવલિંગને પુષ્પમાળા શેં પહેરાવવી ? જ્યાં કૃષ્ણની જોડે રાધા એકાન્તમાં ઉભા હતા ! પતિ-પત્નીના એકાન્તમાં ધનપાલ શેં પ્રવેશ કરે ? ધનપાલે આ બધી વાત ભોજરાજને કરીને કહ્યું કે, "હે રાજન્ ! આથી જ હું પરમાત્મા આદિનાથની પૂજા કરી આવ્યો, જ્યાં મને તેવી કોઈ તકલીફ ન પડી."

આ પ્રભુભક્ત ધનપાલે પ્રભુભક્તિથી મળતો મોક્ષ પણ મેળવવાનું નાપસંદ કર્યું, કેમકે તેને ખબર પડી કે મોક્ષમાં પ્રભુજીના ચરણોમાં માથું મૂકી

આળોટવાની મજા માણી શકાતી નથી.

વાંઝીઆ વિમળ મંત્રીએ પ્રસન્ન થએલી શાસનદેવી પાસે મંદિર માંગ્યું, સંતાન નહિ.

વાગ્ભટ્ટે ડબ્બલ વખત એક જ જિનાલય બાંધીને ક્રોડો રૂપીઆ વાપરવાનો ઉલ્લાસ દાખવ્યો.

ગિરનારતીર્થના જીર્ણોદ્ધારમાં સજ્જનમન્ત્રીએ વાપરેલી સાડા બાર લાખ સોનામહોર એક ધડાકે સાકરીઆ શેઠે ગણી આપીને તે બધું પુણ્ય માંગી લીધું.

દેવગિરિ નામના કટ્ટર જૈનધર્મદ્વેષી ગામમાં જિનાલયની જમીન મેળવવામાં જ પેથડમન્ત્રીએ સવા ક્રોડ સોનામહોર ખર્ચી નાંખી હતી.

અઢાર ક્રોડ રૂપિયા ખર્ચીને વસ્તુપાળ-તેજપાળે આબુમાં લુણિગ-વિહાર બનાવ્યું હતું.

સુલસા અને મયણા પ્રભુના નામ પાછળ પાગલ બન્યા હતા, ઓલી મીરા અને રાબીઆની જેમ.

મકાન બનાવવા માટે પાયો ખોદતાં ઉદયનને મળેલી લાખો સોનામહોરની રકમ તેણે ગગનચુંબી જિનાલય બાંધવામાં વાપરી.

ગૂર્જરેશ્વરે ચૌદસો ચુમ્માલીસ શિખરબંધી જિનાલયો બાંધ્યા.

સમ્રાટ સંપ્રતિએ સવા લાખ શિખરબંધી જિનાલયોનું નિર્માણ કર્યું.

આરતી ઉતારતાં કુમારપાળે ઐતિહાસિક પ્રતિજ્ઞા કરીને ઇતિહાસના પાને પ્રભુભક્ત તરીકે પોતાનું નામ સુવર્ણાક્ષરે લખાવી દીધું.

જગડશ્રાવકે સવા સવા ક્રોડના પાંચ રત્નો પ્રભુભક્તિમાં વાપરી નાંખ્યા.

પ્રભુના આ કેવા ભક્તો !

આપણને તો દેવ ય નથી મળતા, દેવાધિદેવ પણ નથી મળતા. ક્યાંથી મળે ? જ્યાં આંસુ છે ત્યાં જ દેવ કે દેવાધિદેવ આવે છે.

ચંદનાની આંખે જ્યાં સુધી આંસુ ન વહ્યા ત્યાં સુધી વહાલા વીર ન પધાર્યા !

દેવચન્દ્રસૂરિજીની આંખે જૈનસંઘની દુઃખદ સ્થિતિ બદલ આંસુ વહેવા લાગ્યા ત્યારે જ શાસનદેવીએ આવીને ધંધુકાના ચાચિગ-પાહિનીના દીકરા ચાંગાને ઉઠાવવા માટે આંગળીચીંધણું કર્યું !

આપણી આંખે આંસુ નથી, જૈનસંઘ માટે કાંઈક કરી છૂટવાની હૈયે આગ પણ નથી, પુણ્યાઈનું તો દેવાળું જ નીકળી ગયું લાગે છે ત્યાં કોઈ દેવાધિદેવ સ્વપ્નમાં ય ક્યાંથી જોવા મળે ? કોઈ દેવતા ક્યાંથી દોડી આવીને ધર્મરક્ષા માટે મદદ કરે ?

પુણ્યાઈ ન હોય તો ય ચાલે, આગ ન હોય તો ય ચાલે પણ આંસુ વિના તો ન જ ચાલે.

## શરણાગતોની પ્રાર્થનાઓ

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું ? દીનાનાથ દયાળ !
હું તો દોષ અનંતનું ભાજન છું કરૂણાળ !
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજ રૂપ,
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમ સ્વરૂપ !
નથી આજ્ઞા ગુરૂદેવની, અચળ કરી ઉરમાંહિ,
આપ તણો વિશ્વાસ દઢ, ને પરમાદર નાંહિ;
જોગ નથી સત્ સંગનો, નથી સત્ સેવા જોગ,
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ.
હું પામર શું કરી શકું ? એવો નથી વિવેક,
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક;
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ,
અંશ ન એક્કે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ.
અચળ રૂપ આસક્તિ નહિ, નહિ વિરહનો તાપ,
કથા અલભ્ય તુજ પ્રેમની,નહિ તેનો પરિતાપ.
ભક્તિ માર્ગ પ્રવેશ નહી, નહિ ભજન દઢભાન,
સમજ નહિ નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.
કાળ દોષ કળિથી થયો, નહિ મર્યાદા ધર્મ,
તોયે નહિ વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ,
દેહેન્દ્રિય માને નહિ, કરે બાહ્ય પર રાગ.
તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાંહિ,
નહિ ઉદાસીન અભક્તથી, તેમ ગૃહાદિક માંહિ;
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નહિ,
નહિ નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હું ય,
નહિ એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શું ય ?
કેવળ કરૂણામૂર્તિ છો, દીનબંધુ દીનનાથ !
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી ! હાથ;
અધમાધમ અધિકો પતિત, સકળ જગતમાં હું ય,
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શું ય ?
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માંગુ એ જ,
સદ્‌ગુરૂ સંત સ્વરૂપ તું જ, એ દઢતા કરી દે જ.

- તુજ મુજ અંતર અંતર ભાંજશે, વાજશે મંગલ તૂર,
  જીવ સરોવર અતિશય વાધશે,આનંદઘન રસપૂર.
  પદ્મપ્રભ જિન ! તુજ મુજ આંતરુ,કિમ ભાંજે ભગવંત ?

- ભલુ થયું મેં પ્રભુ ગુણ ગાયા, રસનાનો ફલ લીધો રે,
  દેવચંદ્ર કહે મ્હારા મનનો, સકલ મનોરથ સીધો રે.

- શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સહુ હીન,
  તે તો પ્રભુએ આપીઓ, વર્તુ ચરણાધીન,
  એ દેહાદિ આજથી, વરતો પ્રભુ આધીન,
  દાસ દાસ હું દાસ છું, આપ પ્રભુનો દીન.

- ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો રે, ઓર ન ચાહું રે કંત,
  રીઝયો સાહિબ સંગ ન પરિહરે રે, ભાંગે સાદિ અનંત.

- ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે, પૂજા અખંડિત એહ,
  કપટરહિત થઈ આતમ અરપણા રે, આનંદઘન પદ રેહ.

- ઉત્તમ સંગે ઉત્તમતા વધે, વધે આનંદ અનંતો જી.
  નિરાગીથી રે રાગનું જોડવું, લહીએ ભવનો પારો જી.

- સૂક્ષ્મ નિગોદે ભવે વસ્યો, પુદ્‌ગલ પરિઅટ્ટ અનંત રે,
  અવ્યવહારપણે ભમ્યો, ક્ષુલ્લક ભવ અત્યંત રે.

- સુમતિનાથ ગુણશું મિલીજી, વાધે મુજ મન પ્રીતિ,
  તેલ બિંદુ જેમ વિસ્તરેજી, જલમાંહે ભલી રીતિ...સોભાગી.

- દુઃખ દોહગ દૂરે ટળ્યા રે, સુખ સંપદશું ભેટ,
  ધીંગો ધણી માથે કીયો રે, કુણ ગંજે નર ખેટ ? વિમલ.

- સાહિબ સમરથ તું ધણી રે, પામ્યો પરમ ઉદાર,
  મનવિસરામી વાલહો રે, આતમનો આધાર.-વિમલ...

- સાત મહાભય ટાળતો સપ્તમ જિનવર દેવ,
  સાવધાન મનસા કરી ધારો જિનપદ સેવ....

- મોહાદિંની ધૂમિ અનાદિની ઉતારે હો લાલ,
અમલ અખંડ અલિપ્ત સ્વભાવ જ સાંભરે હો લાલ,
તત્વરમણ શુચિધ્યાન, ભણી જે આદરે હો લાલ,
તે સમતારસ ધામ, સ્વામી મુદ્રા વરે હો લાલ,
દીઠો સુવિધિ જિણંદ, સમાધિરસે ભર્યો હો લાલ,

- કાળ લબ્ધિ લહી પંથ નિહાળશું રે, એ આશા અવલંબ,
એ જન જીવે જિનજી ! જાણજો રે, આનંદઘન મત અંબ.

- જગતારક પ્રભુ વિનવું, વિનતડી અવધાર,
તુજ દરિશણ વિણ હું ભમ્યો રે કાળ અનંત અપાર રે.
સાયર ભમ્યો પ્રભુ નવિ મલ્યા, મિથ્યા અવિરતિ જોડી રે- જગ.
પરપરિણતિ રાગીપણે પરરંગે રક્ત રે,
પરગ્રાહક રક્ષકપણે, પરભોગે આસક્ત રે-જગ.

- દીઠી હો પ્રભુ દીઠી જગગુરુ તુજ, મૂરતિ હો પ્રભુ મૂરતિ મોહન વેલડીજી
કલિયુગે હો પ્રભુ કલિયુગે દુલહો તુજ, દરિશન હો પ્રભુ દરિશન લહ્યું કલીજી.

- શીવ શંકર જગદીશ્વરું, ચિદાનંદ ભગવાન,
જિન અરિહા તીર્થંકરું જ્યોતિ સ્વરૂપ અસમાન.

- શ્રી સુપાસજિન વંદિયે, સુખ સંપત્તિનો હેતુ,
શાંત સુધારસ જલનિધિ, ભવસાગરમાં સેતુ.

- જે અતિ દુસ્તર જલધિ સમો સંસાર જો,
તે ગોપદ સમ કીધો પ્રભુ અવલંબને રે લોલ.
- યદ્યપિ હું મોહાદિકે છલીયો, પરપરિણતિ શું ભળિયો રે,
પણ હવે તુજ સમ સાહિબ મળિયો, તિણે ભવભય સવિ ટળિયો રે.

- પણ નવિ ભય જિનરાજ પસાયે, તત્વ રસાયણ પાયે રે,
પ્રભુ ભગતે ચિત્ત વસાયે, ભાવ રોગ મિટ જાયે.

- ઉપાસના જિન ચરણની, અતિશય ભક્તિ સહિત
મુનિજન સંગતિ રતિ અતિ, સંયમ યોગ ઘટિત.

# (૭) સિદ્ધપદ

## (૧) વિરાધકભાવ : દેહભાવ

નિષ્ઠુર પરિણતિ નામના એક જ વિરાધકભાવમાંથી મુખ્યત્વે જે પાંચ વિરાધકભાવો પેદા થાય છે તેમાં પહેલો સ્વાર્થભાવ છે તો બીજો દેહભાવ છે.

વસ્તુતઃ જીવ દેહને તો -તે બનતા અને તે બની ગયા બાદ-ચાહવા લાગે છે. બાકી તો તેનામાં દેહસંજ્ઞા કરતાં પ્રથમ તો આહારસંજ્ઞા જ કાતીલ હોય છે. ઉત્પત્તિના પ્રથમ સમયથી જ જીવ આહાર-પર્યાપ્તિ પ્રાપ્ત કરવાપૂર્વક આહાર લેવાનું શરું કરી દે છે. માત્ર વિગ્રહગતિમાં તે અણાહારી રહ્યો છે પણ તેની મોક્ષપ્રાપ્તિમાં પાઈ જેટલી પણ કિંમત નથી.

આમ, તેણે લીધો છે આહાર પરન્તુ તે લેવા જતાં તેનું બની ગયું શરીર. આમ **'મસ્જીદ પઢવા જતાં નમાજ કોટે વળગ્યા'** જેવી તેની હાલત થઈ.

કુલ દેહ પાંચ છે. મનુષ્ય, તિર્યંચને પ્રાયઃ ઔદારિક (ક્વચિત્ લબ્ધિધારી વગેરેને વૈક્રિયશરીર પણ) શરીર હોય છે. દેવ, નારકને વૈક્રિય શરીર હોય છે. આહારક-લબ્ધિમાન્ સાધુને આહારક શરીર હોય છે. અને સર્વ સંસારી જીવોને તૈજસ શરીર અને કાર્મણ શરીર તો સદા માટે હોય છે. એક દેહથી છૂટીને બીજા દેહમાં પ્રવેશ કરવાની વચલી ઋજુગતિ કે વક્રગતિમાં પણ દરેક જીવને તૈજસ, કાર્મણ શરીર તો હોય જ છે. તૈજસ શરીર સાથે હોવાના કારણે જ ઉત્પત્તિના પ્રથમ સમયથી જ આહાર લઈને તેને તે પચાવવા લાગી જાય છે. તૈજસ શરીરથી શરીરમાં જીવવા જોગી ઉષ્ણતા, તેજોલબ્ધિ આદિની પ્રાપ્તિમાં સિદ્ધિ વગેરે પ્રાપ્ત થાય છે.

બિચારો જીવ ! પાંચ પાંચ ખાનાઓમાં સપડાએલો છે. સંસાર એ જ મોટું ચૌદ રાજલોકનું કેદખાનું ! એમાં વળી આત્માને કુટુંબ મળ્યું છે તે મોટું મુસાફરખાનું છે. એ કુટુંબને પેદા કરનારું ગંદામાં ગંદું દેહ નામનું પાયખાનું છે. એ દેહમાં રહેલા આત્માને જે કર્મો ચોંટ્યા છે એ કર્મોથી જ આખો બાહ્ય સંસાર ઉત્પન્ન થયો છે માટે કર્મો તે કારખાનું છે અને એની અંદર રહેલા જીવમાં જે રાગાદિ દોષોની પરિણતિ છે તેણે ક્ષમાદિ ગુણોની કતલ ચલાવી

હોવાથી એ ભયંકર કોટિનું કતલખાનું છે.

આવા પાંચે ય ખાનામાંથી જીવ છૂટે ત્યારે જ તેનો મોક્ષ થાય. આમાં આહાર કરવા જતાં જે શરીર તેને વળગ્યું છે તે જ મોક્ષમાર્ગમાં બહુ મોટું વિઘ્ન છે.

આહાર, શરીર અને ઈન્દ્રિયપર્યાપ્તિ મેળવીને જીવે આ દેહને તૈયાર કર્યો. પછી તેમાં શ્વાસોચ્છ્વાસ મૂક્યા. સૂક્ષ્મતમ જીવને પણ જીવવા માટે આ ચાર વસ્તુ મળી એટલે બસ થઈ પડ્યું. હવે જો તેને ભાષા અને મનઃપર્યાપ્તિ પ્રાપ્ત થાય તો તો તે ઘણું બધું કરી શકે. હા, તે સાતમી નારકે ય જઈ શકે અને મોક્ષમાં પણ તે જ જઈ શકે.

શરીર એ એટલું બધું વિચિત્ર તન્ત્ર છે કે એનામાં જે કાંઈ સારું-પાણી, દૂધ, મીઠાઈ વગેરે નાંખવામાં આવે તે તમામને ગંદા-પેશાબ, કફ, થૂંક, વિષ્ઠા વગેરે રૂપમાં બહાર કઢાય છે.

દુનિયાની કોઈ પણ ફેક્ટરી આવું ઊંધું રૂપાન્તર કરતી નથી. એને તો જે કાચો માલ મળે છે તે ખરાબ હોય છે. તેમાંથી પાકો માલ થઈને જ્યારે તે બહાર નીકળે છે ત્યારે સારામાં સારો બનીને નીકળે છે.

ખેર, જે હોય તે પણ શરીર આટલું બધું ગંદું છે, ગંદકીને વહાવ્યા કરે છે માટે જ સુજ્ઞ પુરૂષોના તો તે ફાયદામાં બન્યું છે. એના અંગેની અશુચિભાવનાથી એની તરફ નફરત કેળવી શકાય છે.

ગમે તેટલું ધન હોય, સ્ત્રી આદિ સાધનો સુંદર મળ્યા હોય પણ જો શરીર બરોબર ન હોય, સારું રહેતું ન હોય તો તે બધા ભોગો નકામા થઈ પડે. આથી જ શરીરને ભોગાયતન કહેવામાં આવ્યું છે.

અશુચિનું બનેલું અને રોગ, જરા, વિનાશની ત્રણ તલવારોથી હેય કોટિનું આ શરીર હોવા છતાં, પુરૂષ નવ દ્વારોથી અને સ્ત્રી બાર દ્વારોથી સતત અશુચિ ઓકે છે છતાં પાંચ ઈન્દ્રિયોના જબરદસ્ત સાધનોથી સંપન્ન હોવાને લીધે જીવ આ શરીરથી એટલા બધા ઊંધા કામ કરે છે કે જેનો કોઈ હિસાબ માંડી શકાતો નથી. 'પોતાની ભોગ-પરિણતિનું આ શરીર અપૂર્વ સાધન બન્યું છે' એમ તેને લાગવાથી બધી ગંદકી, ભોગની બિભત્સ ક્રિયાઓ અને બધા ભોગના જે સાધનો છે તેની પણ જુગુપ્સનીયતાને તે ધોઈને પી ગયો છે. ખરેખર તેમાં 'સારું' કશું નથી છતાં જીવના કુસંસ્કારો જ તેને તેની આસક્તિ માટે સતત

ઉશ્કેરતા હોય છે.

જો જીવને રાગાદિ ગમશે તો તેને પૂરા પાડતું મોહનીય કર્મ પણ ગમશે અને તેનું ક્રીડાંગણ બનતું શરીર પણ ખૂબ ગમશે. આ શરીરને જે જડ કે ચેતન (સ્ત્રી આદિ) સુખ આપશે તે બધા ય તેને ખૂબ ગમશે. પણ જે ક્ષણે તેઓ તેને દુઃખ દેતાં થશે તે જ ક્ષણે તે જડ કે જીવ ઉપર તેને તીવ્ર દ્વેષ પણ થઈ જશે.

આહાર કરવા જતાં જીવને એક શરીર વળગી પડ્યું એટલે પછી સ્ત્રી આદિના માધ્યમથી આખું કુટુંબ વળગી પડ્યું ! બિચારા જીવને જે મનુષ્યભવથી અને જે દેહની તપશ્ચર્યાદિ સાધનાથી મોક્ષ જ પામવાનો હતો તે ભવ અને તે દેહ તેની કારમી દુર્ગતિના કારણો બની ગયા ! દરેક ભવે, દરેક પળે.

જે શરીરને ચંચળ એવા પવન (શ્વાસોચ્છ્વાસ) ઉપર જ જીવન મળે છે તે ચંચળ એવા પવન ઉપર કેટલો ભરોસો રાખી શકાય ? જે સમયે નાકમાંથી બહાર નીકળેલો પવન અંદર પાછો નહિ ફરે તે જ સમયે જીવને આ પ્રિયતમ, નિકટતમ દેહ છોડી જ દેવો પડશે. આ બધું જીવ જાણે છે છતાં દેહના લાલનપાલનમાં, તેની સુખશીલતામાં તે સૌથી વધુ આસક્ત રહે છે. ધન, કુટુંબ વગેરે તો હજી જીવથી દૂર છે પણ શરીર તો તેની સાથે ને સાથે જ-દૂધ, પાણીની જેમ એકરસ થઈને રહેલ હોવાથી સૌથી વધુ આસક્તિ દેહ ઉપર છે.

દેહની પાંચે ય ઈન્દ્રિયોનો કારમો વિષયભોગ તો શું ? કોઈ પણ એક ઈન્દ્રિયનો વિષયભોગ પણ જીવને અનેક વાર મોતનું નોતરું દેનારો બને, કારમી દુર્ગતિઓમાં પટકનારો બને.

ચક્ષુરિન્દ્રિયના કારણે પતંગીયું, ઘ્રાણેન્દ્રિયના કારણે ભમરો, રસનેન્દ્રિયના કારણે માછલી, સ્પર્શનેન્દ્રિયના કારણે હાથી, કર્ણેન્દ્રિયના કારણે હરણ કેવા મોતને ભેટે છે ! બિચારો માનવ કે દેવ જો પાંચે ય ઈન્દ્રિયોમાં આસક્ત બની જાય તેની તો કેવી બૂરી હાલત થાય ?

ઈન્દ્રિયોમાં ય નિશ્ચયનયથી સ્પર્શનેન્દ્રિય ભયંકર છે પરન્તુ વ્યવહારનયથી રસનેન્દ્રિય જ વધુ કાતીલ છે. આથી જ કહ્યું છે કે જેણે રસ જીત્યો તેણે જગત્‌ને જીતી લીધું.

રસનેન્દ્રિય બહેકે પછી જ પ્રાયઃ ચક્ષુરિન્દ્રિય તોફાને ચડતી હોય છે. આથી જ્ઞાનીઓએ વિગઈ(રસ)ના સેવનને અત્યન્ત ત્યાજ્ય કહ્યું છે.

વિગઈઓ શત્રુનું ઘર છે.

આંબિલ મિત્રનું ઘર છે.

ઉપવાસ ઘરનું ઘર છે. (પોતાનું માલિકીનું ઘર છે.)

કર્મની એકસો અટ્ઠાવન પ્રકૃતિમાંની એકસો ત્રણ પ્રકૃતિ (નામકર્મ-પ્રકૃતિ) પ્રાયઃ માત્ર દેહને માટે રોકાએલી છે !

ચાર ઘાતીકર્મોનો નાશ કરી ચૂકનાર વીતરાગ ભગવંત બનેલો આત્મા પણ શરીરથી છૂટી શકતો નથી. જ્યારે અઘાતીકર્મોનો નાશ થાય ત્યારે જ શરીરથી જીવ છૂટો થઈ શકે છે. નબળા ગણાતાં અઘાતી કર્મોની વીતરાગ સ્વરૂપ બનેલા જીવને સંસારમાં જકડી રાખવાની કેવી જબરી તાકાત ?

છ પર્યાપ્તિથી જો આ દેહ તેનો કારોબાર ચલાવે છે તો તે છ યે પર્યાપ્તિને ખતમ કરવી જોઈએ.

સામાયિક વગેરે છ આવશ્યકો-ઉલટા ક્રમે આહારાદિ છ પર્યાપ્તિના ઘાતક બને છે.

| સામાયિક | ચઉવીસત્થો | વંદન | પ્રતિક્રમણ | કાઉસ્સગ્ગ | પચ્ચક્ખાણ |
|---|---|---|---|---|---|
| મન | ભાષા | શ્વાસોચ્છ્વાસ | ઈન્દ્રિય | શરીર | આહાર |

ઉપરની ગોઠવણમાં ઉપર-નીચેનાની એકબીજા સાથે સંલગ્નતા છે. આ અંગે દરેકનો સ્વયંભૂ રીતે પરામર્શ કરવો.

કેવો ભયંકર છે આ દેહાધ્યાસ ! એની પૂર્વે છે આહારસંજ્ઞા ! એની પછી છે કૌટુમ્બિક મોહ.

દેહનું કારણ આહાર છે, તેનું કાર્ય કુટુંબ છે.

આહાર ખરાબ નથી, આહારસંજ્ઞા ખરાબ છે.

દેહ ખરાબ નથી, દેહભાવ ખરાબ છે.

કુટુંબ ખરાબ નથી, કુટુમ્બમમત્વ ખરાબ છે.

જેમ જેમ દેહાધ્યાસ વધતો જાય તેમ તેમ આહારસંજ્ઞા વધતી જાય, તેમ તેમ કૌટુમ્બિકમમત્વ પણ ગાઢ બનતું જાય છે. આ ત્રણે ય એકબીજાથી વધુ

ભયંકર છે.

જ્ઞાનીઓએ તો દીક્ષિત થએલા સાધુને આ ત્રણેય સંજ્ઞાઓનું ધૂનન કરી નાંખવાનું કહ્યું છે.

અનાર્યદેશમાં જન્મેલા આર્દ્રકુમાર આર્યદેશમાં ભાગી આવ્યા. દીક્ષા લીધી. ઉગ્ર સંયમ વર્ષો સુધી પાળ્યું પણ છેવટે પૂર્વભવના જીવતા રહી ગએલા વિરાધકભાવે પતન કર્યું. શ્રીમતી સાથે લગ્ન કર્યાં. બાર વર્ષ બાદ ફરી દીક્ષા લેવા સજ્જ બન્યા ત્યાં દીકરાની કાલી કાલી ભાષાએ ગબડાવ્યા. વળી બાર વર્ષનો સંસાર ચાલ્યો !

કુટુમ્બમમત્વ તો જીવતું ઝેર છે. દીક્ષિત થએલા આત્માઓએ તેનાથી બાર ગાઉ છેટા રહેવું જ રહ્યું. દીક્ષા લેતો જીવ દીક્ષા લેતાંની સાથે જ કુટુંબ માટે મરી (સીવીલ ડેથ) ગયો છે. એના માટે કુટુંબ પણ મરી પરવાર્યું છે. આથીસ્તો સગા માબાપના મૃત્યુ પાછળ પણ દીક્ષિત બનેલા દીકરાને કશી ઉત્તરક્રિયા કરવાની હોતી નથી.

જેઓ દેહને ખૂબ સાચવે છે, એને સાચવીને જ નવ લાખ નવકાર મન્ત્ર વગેરે ગણે છે તેમને મૃત્યુ વખતની દેહની વેદનાદિ વચ્ચે તે સુખે સુખે ગણેલા નવકારો સાંભરે નહિ, સાંભળવા ગમે ય નહિ, સમાધિ તો ન જ આપી શકે.

હા, ડાંસ-મચ્છરના ચટકા ચાલતા હોય, ઘોર તપશ્ચર્યા હોય, કોઈ પણ પવન, બેઠક વગેરેની અનુકૂળતાની અપેક્ષા ન હોય એવી ભારે પ્રતિકૂળતા વચ્ચે જ નવકારો સાનંદ જેણે ગણ્યા હોય તે જ મૃત્યુ સમયની દૈહિક પ્રતિકૂળતાઓ વચ્ચે સમાધિદાનમાં ઉપયોગી બની શકે.

જે દેહે કર્મો બાંધ્યા એ જ દેહથી ઘોર તપ વગેરે કરીને કર્મોને તોડવાના. એટલે જ આ દેહને ખલાસ કરી નાંખવાની જ્ઞાનીઓએ ના પાડી છે.

પેલા પુત્રના ખૂની ચોરને ય, એક જ પેંગડામાં શેઠનો અને ચોરનો પગ હોવાથી તેની સહાય મળે તે માટે પોતાના ભોજનમાંથી શેઠને ભોજન કમને ય જેમ દેવું પડતું હતું અને પછી પોતાનું શૌચાદિ માટે જવાનું કામ તે ચોર દ્વારા કરાવી લેવાતું હતું તેવું જ આ દેહનું છે. એ આ ચોર જેવી જાત છે. એને પાળવાનું

ખરું પણ એનું લાલન-પાલન તો નહિ જ કરવાનું. એને તપ કરવા માટે ખવડાવી દેવાનું, સ્વાધ્યાયાદિ કરવા માટે ઊંઘાડવાનું, વધુ સાધના થાય તે માટે દવા દઈને પણ નિરોગી રાખવાનું.

ધર્મનો આરંભ ત્રણ વસ્તુ વિના થતો નથી : (૧) દેહાધ્યાસત્યાગ. (૨) સ્વદોષદર્શન. (૩) જીવરક્ષાનો તીવ્ર પરિણામ.

પેટ સાફ આવે તેમાં સ્વર્ગીય આનંદની અનુભૂતિ જેને થતી હોય, સુખે સુખે જ ધર્મ કરવામાં જે માનતો હોય, મચ્છર ચટકો મારે તો ય જેનાથી જરાય ખમાતું ન હોય તેનો દેહભાવ કાતીલ છે એમ સમજી લેવું.

જેનો દેહાધ્યાસ કાતીલ હોય તેનો ધર્મ પણ દેહની સુખાકારીના ઉદ્દેશથી થઈને મરી જાય. તેના ઉપકરણો અધિકરણ બની જાય. તેનું અન્તઃકરણ કલુષિત રહ્યા કરે. તેના કરણો (ઈન્દ્રિયો) અઢળક અશુભ કર્મોની આયાત કરતા રહે.

જ્ઞાનીઓ કહે છે કે આવા દેહભાવવાળા જીવો દેહને જ આત્મા માનતા હોય છે આથી તેમને બહિરાત્મા (extrovort) કહેવાય છે. જેઓ દેહથી આત્માને અળગો-દેહમાં રહીને દેહાતીતઃ પરિણામી નિત્ય-માને છે તે અન્તરાત્મા (introvort) કહેવાય અને જેણે દેહાતીત બનીને કઠોર સાધના કરીને ઘાતી કર્મોનો ખાત્મો બોલાવ્યો છે તે આત્માને પરમાત્મા કહેવાય.

એક દેહ આ જીવને વળગ્યો કે તરત તે જીવને જન્મ, જીવન, ઘડપણ, રોગ, મરણ વગેરે તમામ વળગ્યા !

દેહના રૂંવાડા સાડા ત્રણ ક્રોડ ! દરેક રૂંવાડે સરેરાશ પોણા બે રોગ ! એટલે આખા દેહમાં કુલ લગભગ સાડા છ ક્રોડ રોગની સત્તા છે. હાય, ક્યારે ક્યો રોગ જાગી પડે તેની કોઈ ગંધ પણ ન આવે ! પૂર્વભવોમાં કરેલા માસખમણ વગેરે ઘોર તપ વગેરે ધર્મોથી પેદા થએલ પુણ્ય આડું આવીને ઉભું રહે ત્યાં સુધી જ બધી લીલાલહેર, નહિ તો ઘડીના છટ્ઠા ભાગમાં આ જીવ લોહીની ઉલટી કરે, રામશરણ થઈ જાય.

મૃત્યુ વખતની સમાધિને દેહભાવ નિશ્ચિતપણે ખોવડાવી દે, કારણ કે એ વખતની દેહની વેદના પ્રાયઃ અસહ્ય હોય છે. મોટા રૂસ્તમ જેવા, જીવનભરના

ધર્માત્માઓની હાલત પણ કેટલીકવાર એ છેલ્લી પળોમાં ઉત્તરોત્તર બગડતી ચાલે છે.

જેને મરણે સમાધિ નહિ તેને પરલોકે સદ્ગતિની તો આશા જ ક્યાં રહી ? એક વાર પણ દુર્ગતિ મળે તો સીધી બાજીને ય ઊંધી વળી જતાં-ત્યાંના ખરાબ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવોને કારણે-વાર ન લાગે.

ગમે તેવો ઉંચો જીવદયાનો પ્રતિપાલક સાધુ હોય ! જો દુર્ભાગ્યે બિલાડીના ભવને દેતો આયુષ્યકર્મનો બંધ પડી ગયો અને તેથી મરણે અસમાધિ થઈ. મરીને બિલાડી બન્યો એટલે તરત જ ઉંદરો ખાવાના અને કબૂતરોને ફાડી નાંખવાના તેના કાળાં ભૂતપૂર્વ (મુનિભવ પૂર્વેના) સંસ્કારો એકદમ જીવંત થઈ જાય !

જેનો ભવ બગડ્યો તેના ભાવ બગડ્યા. આથી જ બંધ સમયે ચેતવાનું જ્ઞાનીઓએ જણાવ્યું છે.

દ્રવ્યાદિ ચારે ય પદાર્થોને ઉલટાવી નાંખવાની તાકાત માત્ર ભવના ખોળીઆમાં છે.

સંત ખૈયાઝ જ્યારે ખુદાની બંદગી કરતા હતા ત્યારે સિંહે મોટી ત્રાડ નાંખી, પણ સંત તો જરાય અકળાયા નહિ. પાસે બેઠેલા શિષ્યને પણ પોતાના ગુરૂની આવી સ્વસ્થતા જોઈને ખૂબ આશ્ચર્ય થયું.

પણ જ્યારે તેમની બંદગી પૂરી થઈ ત્યારે થોડીક વારમાં મચ્છરે ચટકો માર્યો અને તેટલાથી જ સંત અકળાઈ ગયા. પૂર્વે અસ્વસ્થ નહિ બનેલા ગુરૂને મચ્છરના ચટકાથી અસ્વસ્થ બનતાં જોઈને તેનું કારણ પૂછ્યું. ગુરૂએ કહ્યું, ‘પહેલાં હું ખુદાની સાથે બેઠો હતો. મચ્છર વખતે હું તારી સાથે બેઠો છું.’

દેહાધ્યાસ મચ્છરથી પણ કેવી ચીસ પડાવે ! આહાર, શરીર અને ઈન્દ્રિયની ત્રિપુટીનો અધ્યાસ જે આત્માઓને હોય છે તેઓ તેનું જરાક પણ અહિત ઈચ્છતા નથી. પુણ્યાઈ પહોંચે તો ચલાવી પણ લેતાં નથી.

વિષયલમ્પટ તરીકે રાસ્પુટીન, મિહિરકુલ, યયાતિ, કંડરિક, વ્હીટેલીઅસ, મંગુ આચાર્ય આંખે ઉડીને વળગે તેવા દૃષ્ટાન્તો છે.

વિષયલમ્પટ લોકોની હાલત ભોગસુખનો વિયોગ થતાં ખૂબ જ ત્રાસમય બની જાય છે. તેઓ લગભગ પાગલ જેવા બની જાય છે.

મહમદ ગીઝની, બાજીરાવ પેશ્વા, ભર્તૃહરિ, વાસવદત્તા, મનરો મેરોલીન, બ્રહ્મદત્ત ચક્રવર્તી વગેરે કેટલાય દૃષ્ટાન્તો આ બાબતમાં આપી શકાય.

દીકરાને હડકાયો કૂતરો કરડતાં તેનું મોત થયું. અબજોપતિ પિતાએ દીકરા પાછળ કરેલા વીલમાં એક લાખ ડોલરનું વ્યાજ, દીકરાની દરેક મૃત્યુતિથિએ લાઈનબંધ કૂતરા ઉભા રાખીને શૂટ કરવા પાછળ રાખ્યું.

ધનાદિ-પરપુદ્‌ગલો-નો અધ્યાસ છોડી શકનાર આત્માઓ : સંસારત્યાગીઓ પણ દેહાધ્યાસના સાતમા કોઠાને ઝટ ભેદી શકતા નથી ! આ કોઠામાં તેમની જીતની બધી બાજી હારમાં ફેરવાઈ જાય છે.

## (૨) આરાધકભાવ : દેહાધ્યાસત્યાગ

મૂળ આરાધકભાવ-આજ્ઞાબહુમાન-ના પાંચ આરાધકભાવોમાં બીજો આરાધકભાવ છે, દેહાધ્યાસત્યાગ.

જ્ઞાનયોગ દ્વારા દેહભાવની ભયાનકતાને જાણીને દેહભાવ ખતમ કરો અથવા દેહાધ્યાસત્યાગની આરાધનાની કલ્યાણકારિતાને જાણીને દેહભાવ ખતમ કરો. પૂર્વે કહ્યું હતું તેમ દીવો લાવો, અંધકાર એની મેળે ભાગી છૂટે.

હમણાં જ આપણે જોયું કે શરીર જ બધા પાપોનું મૂળ છે છતાં તેને કાંઈ ધન, સ્ત્રી, કુટુંબ વગેરે ત્યાગી દેવાય તેમ ત્યાગી શકાતું નથી. એના દ્વારા જ ધર્મ આરાધવાનો, કર્મો ખપાવવાના અને રાગાદિમળોનો નાશ કરવાનો.

તપ કરીને ય શરીરને ખલાસ તો નહિ જ કરી દેવાનું. શરીરને ખલાસ કરવા માટે જ્ઞાનીઓએ ઘોર અને ઉગ્ર બાહ્ય તપ કરવાનું જણાવેલ નથી. તપ તો વાસનાઓના નાશ માટે કરવાનો છે. સાત ધાતુઓની ઉત્તેજનાને શાન્ત કરવા માટે કરવાનો છે. હા, એમ કરવા જતાં વચ્ચે દેહ આવી જાય અને દૂબળો પડી જાય કે થોડોક કચરાઈ જાય તો તેનો જરાય શોક કરવો નહિ.

બાકી દેહને, પાંચ ઈન્દ્રિયોને, યોગની આરાધનાઓને ધક્કો લાગી જાય

તેવી રીતે તો બાહ્ય તપ ન જ કરાય, અન્યથા રોગિષ્ટ કે સાવ નિર્બળ બનેલા શરીરના આરોગ્ય માટે આધાકર્માદિ દોષોના સેવનના ઘણા બધા પાપો કરવાનો પ્રસંગ આવી પડે.

આથી જ મોક્ષના સાધન તરીકે જે રત્નત્રયીની આરાધના કહી છે તે આરાધનાના સાધન તરીકે દેહને જણાવીને શાસ્ત્રકારોએ દેહને ટકાવવા પૂરતા આહાર-પાણી લેવાનું જણાવ્યું છે. હા, માત્ર ટકાવવા માટે; તગડો બનાવવા માટે તો નહિ જ. શરીરનું લાલનપાલન, તેનું તગડાપણું, તેના રૂપ-લાવણ્યની વૃદ્ધિ, પ્રતિભાસંપન્નતા વગેરે ઉદ્દેશથી તો શરીરને વિગઈઓ ન જ અપાય. આ વિગઈઓ બહુ ભયંકર છે. રત્નત્રયીનું સેવન કરવાનો ઉદ્દેશ હોય તો ય કંડરિક આદિ મુનિઓની જેમ તેમાં ભારે જોખમો પડેલા છે. આથી જ સાધુ-સાધ્વીઓ ભિક્ષા લાવીને વાપરતાં પૂર્વે દશવૈકાલિક સૂત્રની સત્તર ગાથાનો સ્વાધ્યાય કરીને 'આહાર' સંબંધમાં ચિંતન કરે છે અને એના દ્વારા જન્મ પામી શકતી કામુકતાને રહનેમિ જેવા ઘોર તપસ્વીના જીવનમાં વ્યાપેલી જણાવીને જીવને ચેતવે છે.

એ તો બહુ નક્કી વાત છે કે જેઓ સ્વાધ્યાયાદિના કારણે કે શાસન - પ્રભાવકતાના ઓઠા નીચે વિગઈઓનું બેફામપણે નિત્ય સેવન કરે છે એમના બ્રહ્મચર્ય વ્રતની અખંડિતતા અંગે સો ટકા શંકા કરવા જેવી છે.

જો જંગલના સૂકાભઠ્ઠ પાંદડા માત્રથી જીવનગુજારો કરનારને પણ કામવાસના જાગી શકતી હોય તો નિષ્કારણ વિગઈસેવીની તો એ વિષયમાં કેટલી ભયાનક હાલત હોય ? આથી જ સાચા સાધુઓ બાહ્યતપમાં ખૂબ જોરદાર સત્વ ખીલવે.

મહોપાધ્યાયજીએ તો સાચા સાધુના લક્ષણ તરીકે જ આ વાત દ્વાત્રિંશદ્-દ્વાત્રિંશિકામાં કરી છે કે, **"સાચો સાધુ શરીરની સાથે જ બાહ્ય તપ દ્વારા બરોબર યુદ્ધ જારી રાખે."**

શરીર જરૂરી જરૂર પણ કોલસાની રીતે. રસોઈ કરવા માટે કોલસાને કેવા સાચવીને રાખવા પડે ? પણ તેનો અર્થ એ તો નથી જ કે તેમને સદા સાચવ્યા

કરવાના અને ધોઈ ધોઈને ચોખ્ખા રાખવાના !

ના, રસોઈનું સાધન કોલસો ચોક્કસ પણ બાળવા દ્વારા. તેમ ધર્મનું આદ્ય સાધન શરીર ચોક્કસ પણ દમન કરવા દ્વારા. આ કારણે જ દશવૈકાલિક સૂત્રમાં 'देहदुःखं महाफलं' કહ્યું છે.

જેને એ વાતનું બરોબર ભાન થાય કે આત્મા જેવો એક પદાર્થ છે, તે જ હું છું અને તે દેહથી ભિન્ન છે, દેહાધિષ્ઠિત છે, આ વાતનું મને બરોબર ભાન થયા જ કરે છે. આને જ તે વ્યક્તિને થયેલો આત્મસાક્ષાત્કાર કહેવાય. (દેહથી ભિન્ન તરીકે આત્માને બરોબર સ્વીકારવો, અનુભવવો.)

જ્ઞાનસારમાં કહ્યું છે કે આવો દેહાત્મભેદજ્ઞાનરૂપી વિવેકભાવ તો ક્રોડો ભવે આવે. કોઈ નિકટમાં મોક્ષગામી જીવને જ પ્રાપ્ત થાય.

માલિકીનો દાવો છોડીને (મહેમાન બનીને) જ સંસારમાં 'માણસ' માંડ થવાય.

ઘર છોડીને 'સાધુ' થવાય.

દેહથી આત્માની ભિન્નતાનું બરોબર જ્ઞાન કરીને જ 'સાધક' થવાય.

પછી દેહ જ છોડી દઈને 'સિદ્ધ' થવાય.

સબૂર ! જેણે દેહની માત્ર મમતા નહિ પરન્તુ દેહનું અસ્તિત્વ જ છોડી દેવું હોય તેણે જન્મ લેવાનું જ બંધ કરી દેવું જોઈએ.

જેણે જન્મ લેવાનું બંધ કરી દેવું હોય તેણે સૌ પ્રથમ તો બીજાને જન્મ દેવાનું બંધ કરી દેવું જોઈએ.

દેહમાં રહીને દેહાતીત બનો : અધ્યાસ ત્યાગીને.

દેહથી છૂટા થઈને દેહાતીત બનો : સિદ્ધ બનીને.

સિદ્ધ બનવાનું કામ તો ઘણું મુશ્કેલ છે. વળી તે સિદ્ધિ મેળવવી હોય તો પણ દેહમાં રહીને દેહાસક્તિ વિનાના બનવું જોઈએ. દેહમાં રહીને દેહભાન ગુમાવવું જોઈએ.

જેમ ક્લોરોફોર્મ સૂંઘ્યા બાદ જીવ દેહમાં રહેવા છતાં દેહભાન ભૂલી જાય છે તેમ જ્ઞાનદશા પ્રાપ્ત થયા બાદ આ જ સિદ્ધિ પ્રાપ્ત થતી હોય છે.

આમ ખાવા છતાં ખાવાતીત, ભોગવવા છતાં ભોગાતીત બનવું જોઈએ પેલી કથામાં આવતાં પાત્રોની જેમ, જેઓ ખાવા છતાં ઉપવાસી હતા, ભોગવવા છતાં બ્રહ્મચારી હતા.

પૂર્વે જણાવ્યું તેમ શેઠ પોતાનું શૌચાદિનું કામ કાઢી લેવા માટે પોતાના જ પુત્રના ખૂનીને કેવી અનાસક્તિથી-ન છૂટકે-ખવડાવતો હશે ? બસ, આ રીતે દેહને ખવડાવવું પડે.

પાણી પીતાં અતિ તરસ્યા થએલા માણસને અત્યન્ત ગંદું પાણી કેવી રીતે પીવું પડ્યું હશે.

બસ, બરોબર આ રીતે જ દેહને આત્માથી વિભક્ત કરીને છૂટો પાડી દઈને દેહ સાથે જરૂરી જીવનવ્યવહાર ચલાવવો જોઈએ.

જે થાય છે તે બધું દેહને થાય છે, મને કશું નહિ. જે હું છું તેને દુઃખ છે જ નહિ. જેને દુઃખ થાય છે તે હું નથી. નમિ રાજર્ષિએ ઈન્દ્રને આવી વાત કરી હતી કે "મિથિલા નગરી બળતી હોય તો તેમાં મારું કશું બળતું નથી !"

સનત્ મુનિ દેહમાં રહીને કેવા દેહાતીત હતા ? સાતસો વર્ષ સુધી સોળ મહારોગોની ભયાનક પીડા ભોગવવા છતાં કેવા મસ્ત રહ્યા હતા ?

મણિઉદ્યોત મહારાજને પીઠે થએલા પાઠાની અપાર વેદના વખતે અંતરમાં તો આનંદનો કેવો સાગર હિલોળે ચડ્યો હતો ?

માનદેવસૂરિજી માત્ર બે વખતના પ્રતિક્રમણ વધુ સારી સમાધિથી થાય એટલે તાવને મન્ત્રશક્તિથી ચાદરમાં ઉતારી દેતા. પછી ફરી શરીરમાં સંક્રાન્ત કરીને તેની વેદનામાં દેહવિભક્તિનું અને દેવભક્તિનું કાર્ય કરતા.

ખંધક મુનિએ તો કેવી કમાલ કરી ! આખા દેહની ચામડી ઉતરડી નાંખનારા મારાઓને તેમાં જરાય તકલીફ ન પડે તે રીતે ઉભા રહેવાની તૈયારી બતાડી.

ભૂલનું ભાન થતાં જ દેહાધ્યાસ ત્યાગીને મેઘમુનિએ સમગ્ર જીવન માટે તે દેહ મુનિઓની સેવામાં જ સમર્પિત કરી દીધો !

ગજસુકુમાળે અંગારાથી ભરેલા મસ્તકની સ્થિતિમાં સસરાને મીઠી મધુરી

મોક્ષે જતાં જમાઈરાજને પાઘડી બાંધી આપ્યાની કલ્પના કરીને સસરાજીનું ભારે ગૌરવ કર્યું.

વજ્રસ્વામીજીના બાળમુનિએ ચાલાકીથી ધગધગતી શિલાએ અનશન કરીને પોતાનું કલ્યાણ હાથવગું કરી લીધું !

'ઉપાશ્રયના પડોશમાં રહેતા કુંભારના ગધેડા ભૂંકે ત્યાં સુધી મારે કાયોત્સર્ગમાં ઉભા રહેવું' આવા સંકલ્પ સાથે સકળચન્દ્રજી મહારાજે કાયોત્સર્ગ શરૂ કર્યો. નસીબજોગે કુંભાર બધા ગધેડાને લઈને તેના સાસરે ચાલી ગયો હતો. બોંતેર કલાકે પાછો આવ્યો ત્યારે ઘર દેખતાં જ ગધેડા ભૂંક્યા ! મહારાજે કાયોત્સર્ગ પાર્યો. કહેવાય છે કે એ બોંતેર કલાકના સમયગાળામાં મહારાજે સુપ્રસિદ્ધ સત્તરભેદી પૂજાઓની રચના કરી છે.

મહાશતક,જિનદાસ શેઠ વગેરે પ્રભુ વીરના શ્રમણોપાસકો હવેલીના ભોંયરામાં જઈને ઘણી રાત્રિઓ કાયોત્સર્ગમાં પસાર કરતાં, જ્યાં ડાંસ-મચ્છરને લોહી પીવાની જોરદાર ઉજાણી થતી. આ મહાત્માઓનો કેવો અપૂર્વ દેહાધ્યાસત્યાગ હશે ? કેવું દેહાત્મભેદજ્ઞાન થયું હશે ? કેવો દેહથી આત્માના જુદાપણાનો સાક્ષાત્કાર થયો હશે ? વીરની વાણી કેવી મીઠી લાગી હશે ?

પિતા-પુત્ર મુનિ કીર્તિધર અને સુકોશલને વાઘણ બનેલી પત્ની-માતાએ ક્રમશઃ ફાડી ખાધા. ક્રમશઃ દરેક અંગને ચાવી ચાવીને ખાતી ગઈ. ચાર ચાર પ્રહરે એકેકો હંસલો પિંજર છોડતો ગયો. એ ચાર પ્રહરની કેવી અગનઝાળ વેદના હશે ! એમાં ઘાતીકર્મોનો નાશ કરતા આ મહાત્માઓને તો કેટલા વંદન કરવા ?

સ્કંદક સૂરિજીના પાંચસો શિષ્યો - બાળમુનિ સુદ્ધાં - ઘાણીમાં પીલાયા ત્યારે દેહનો કેવો છુંદો બની ગયો હશે ! હાડ-માંસ કેવા કણ કણમાં એકરસ બન્યા હશે ! તે ગુરૂ સ્કંદકસૂરિજીએ એમને એવી તે કેવી વાતો કરી હશે કે એવી કાતિલ મરણાન્તિક વેદના વચ્ચે તે મહાત્માઓ દેહભાન સાવ જ ભૂલી ગયા અને પંચ પરમેષ્ઠીના શરણમાં તેઓ લીન થઈ ગયા ! ઘાતકી દુશ્મન ઉપર કોઈ રૂંવાડે ય રોષ પેદા ન થયો ! ધન્ય તે મહાત્માઓને ! તે મહાનિર્યામક સ્કંદકસૂરિજીને !

ભાનુચન્દ્રજી મહારાજ રાતે બે વાગે શું કરતા હશે ?.તે જાણવા માટે બાદશાહ અકબરે યત્ન કર્યો. એમને માત્ર એક જ વસ્ત્ર પહેરીને, ગાત્રોને થીજીવી દેતી કડકડતી મહા માસની ઠંડીમાં કાયોત્સર્ગમુદ્રામાં ઉભા રહેલા જોયા ! બાદશાહ તો આ વિદ્વાન જૈન સાધુની અંતરંગ સાધના જોઈને એકદમ થીજી ગયો ! અનુકૂળતા મળતાં જ તે ગુરૂ 'હીરલા' પાસે પહોંચ્યો. આવા ઉત્કૃષ્ટ કક્ષાના સાધુને તમે કોઈ પદવી કેમ નથી આપતા ? તેવી તેણે ફરિયાદ કરી. તે પછી જ ગુરૂદેવે તે સાધુને ઉપાધ્યાય પદે આરૂઢ કર્યા !

ધન્ના, શાલિભદ્રની સાળા-બનેવીની તો શી વાત કરવી ? ક્યાં એમનું ભોગ-ભરપૂર વૈભવી જીવન ! અત્યન્ત સુકુમાર કાયા ! ક્યાં એમના મુનિજીવનના કાળના ઘોર કષ્ટો અને ઉગ્ર તપશ્ચર્યાઓ અને તેમાં ય છેલ્લે વૈભારગિરિની ધગધગતી શિલા ઉપર અનશને દેહત્યાગ !

દેહાધ્યાસના કેવા ભુકા બોલાવી દીધા હશે આ મહાત્માઓએ !

છ છ માસ સુધી પૂર્વભવીય તીવ્ર લાભાન્તરાય કર્મોદયે શ્રીકૃષ્ણના પુત્ર ઢંઢણ મુનિને અન્નનો દાણો ન મળ્યો અને છતાં મોં પરની પ્રસન્નતામાં કશો ફરક ન પડ્યો !

'देहदुःखं महाफलं' ના નાદને અનાહત નાદ બનાવી દેતાં વિવિધ પ્રકારના ઘોર અભિગ્રહો કરતાં ખેમર્ષિ મુનિ !

દરેક વર્ષમાં માત્ર સાડત્રીસ દિવસના એકાસણાં કરતાં, બાકીના તમામ દિવસો ચોવિહાર ઉપવાસ કરતાં લબ્ધિવંત કૃષ્ણર્ષિ મુનિ !

કારમી દેહપીડાથી ત્રાસી ઉઠીને સંયમમાર્ગે સંચરેલા અનાથી મુનિ, કે જેમણે શ્રેણિકના નાથતાના અહંકારના ચૂરા કરી નાંખતો ઉપદેશ આપ્યો હતો ! અને પછી તેમણે લોકોત્તર અનાથતાનું જે બ્યાન કર્યું, જેમાં મુનિ થઈને દેહાદિના સંબંધમાં શિથીલ બનીને સીદાતા મુનિઓની જે વાત કરી તે તો કેવી કમાલ કરી નાંખી !

અને... છેલ્લે તારક તીર્થંકરદેવ પરમાત્મા મહાવીરદેવના સાધનાકાળના દેહાધ્યાસત્યાગની સર્વોત્કૃષ્ટ ટોચને સ્મરીએ.

ગોશાળાની આગ, સંગમકનું કાળચક્ર, ચંડકૌશિકની ઝેરની પીચકારીઓ, વૈદ્યોની કાનના કીલક બહાર કાઢવાની ક્રિયા, અનાર્યદેશોમાં જાણીબૂઝીને દેહ ઉપર વધુ સીતમ ગુજરાવવા માટેનું ગમન અને ત્યાં પડેલો સખ્ત માર, થએલી પુષ્કળ મારપીટ, ક્યારેક ફાંસીના માંચડે, ક્યારેક કૂવાના તળીએ, ક્યારેક ઢોરની જેમ ગડદાપાટુ, ક્યારેક લાકડીએ લાકડીએ ફટકાબાજી ! લોહીની ધાર ! માંસના લોચા ! પણ તો ય ક્યારેય ન જોવા મળી એ સદા પ્રસન્ન આંખોમાં અશ્રુની ધારા ! કંઠની ચીસ ! રૂંવાડે ય ધ્રૂજારી !

ઓ વીર ! ઓ વીરના સપૂત સાધુઓ ! ધન્ય છે તમને અને તમારી જનેતાને ! ખરેખર તમે સહુ સિંહણના ધાવેલા છો ! નહિ તો આ બધું ન બની શકે, કદાપિ ન બની શકે !

હા, સિંહણના આ ધાવણનું ધરતી ઉપર ઢળી ગએલું કો ટીપું કે તેનું ફીણ પણ જેણે આરોગ્યું તે બડભાગીઓ પણ દેહભાવના ભૂકા બોલાવી દેનારા બન્યા !

રામકૃષ્ણ પરમહંસને કેન્સર થયું. કાશીના કોઈ પંડિતે તેમને ચેલેંજ કરી કે, "તમે 'પરમહંસ' તરીકે તો જ સાચા પૂરવાર થાઓ જો તમે મનથી કેન્સરની ગાંઠ ઉપર સતત આદેશ આપો કે તે ઓગળી જાય. જો તે પછી તે ન ઓગળે તો હું તમને દંભી પરમહંસ કહીશ."

પરમહંસે હસી પડીને કહ્યું, "પંડિતજી ! કાશીમાં તમે ઘણો વેદ-વેદાન્તનો અભ્યાસ કર્યો પણ તમે કાચા નીકળ્યા જેથી આ સવાલ મને કર્યો. મેં તો મારું મન ક્યારનું મા કાલીના ચરણોમાં લીન-વિલીન કરી દીધું છે. હવે તેને સડી ગએલા આ દેહ ઉપર પાછું લાવવાનો સવાલ જ પેદા થતો નથી !"

રમણ મહર્ષિને પણ ડાબા હાથના બાહુભાગે કેન્સર થયું હતું. તેમના ભક્તોએ તે અંગેની વેદનાની તીવ્રતાનું કેવું ભાન થાય છે ? તેમ પૂછતાં જવાબ આપ્યો કે, "ગાયના શિંગડે ભરાએલી પુષ્પની માળા શિંગડે પડી રહી છે કે ત્યાંથી નીચે પડી ગઈ છે ? તેની કોઈ ચિન્તા ગાયને હોતી નથી. આ દેહ મારે મન તે પુષ્પની માળાથી કશું વિશેષ નથી. તે રહે કે પડે તેથી મારે કોઈ ફરક

પડતો નથી.''

કોઈ સંન્યાસીને ગળાનું કેન્સર થયું હતું. જોનારા સહુને સ્પષ્ટ જણાતું હતું કે સ્વામીજી અસહ્ય પીડા ભોગવી રહ્યા છે. પણ જ્યારે પણ સ્વામીજીને આ બાબતમાં પૂછાતું તો તે કહેતા, 'પાંચ ભૂતે મેરી ભીતરમેં ભોજન ભરપૂર મિજબાની ઉડા રહે હૈ. ઈસ બાતકા ખ્યાલ સે જાણકર મેરી ખુશી કા કોઈ પાર નહીં !'

દયાનંદ સરસ્વતીને મહાવફાદાર જગન્નાથ રસોઈઆ દ્વારા જ નન્નીજાન (જોધપુર-નરેશની રખાત) દ્વારા ઝેર અપાયું. બે વખતના પ્રયોગને તો તેમણે આત્મબળથી નિષ્ફળ કર્યા પરન્તુ ત્રીજો પ્રયોગ જીવલેણ નીવડ્યો. ખીસાના વીસ રૂા. રસોઈઆને દઈને ગાડીની ટિકિટ લઈને વતનભેગો કરી દેવા માટે કરૂણાર્ત્ત દયાનંદે ભગાડીં મૂક્યો. પછી પોતે સ્નાનાદિ કરીને છેલ્લી મુદ્રામાં બેસીને બોલ્યા, "હે ઈશ્વર ! જો તારી આ જ ઈચ્છા હતી તો મને પહેલેથી જ કહેવું હતું ને ! આ તો મારા આદર્યાં કામ અધૂરા રહી ગયા ! છતાં એ પણ તારી લીલા જ છે. અમારા જેવા પામરો માટે અકળ છે ! ભલે તેમ જ હો." આટલું કહીને પરમાત્મમય બનીને તેમણે દેહ છોડી દીધો !

વિનોબાએ પણ પ્રભુ-વીરના નિર્વાણકલ્યાણક દિવસે જ મરણ પામવાની ઈચ્છા ભક્તો સમક્ષ વ્યક્ત કરી હતી. વધુમાં વધુ આસો વદ ચૌદસ તેઓ ખેંચી શકશે એમ વૈદ્યોનું કહેવું હતું, પણ સંકલ્પબળે તેઓનું પોતાનું ધાર્યું જ થયું.

સ્નાન કરીને, શુદ્ધ વસ્ત્રો પહેરીને, ધ્યાનસ્થ અવસ્થામાં બહુ સરળતાથી તેમણે દેહ છોડી દીધો !

ધન્ય છે આવા દેહભાવત્યાગીઓને !

પેલા આનંદઘનજીને તો પોતાના દેહભાવત્યાગની મસ્તીથી સર્વથા દેહત્યાગમાં એટલો બધો વિશ્વાસ બેસી ગયો હતો કે તેઓ ગાતા હતા, **"અબ હમ અમર ભયેંગે ન મરેંગે."**

પેલા સ્વામી સરયૂદાસ. અમદાવાદની ભંડેરી પોળના મંદિરના મહંતશ્રી !

કોઈ જમણમાં મહેમાન બનેલા, ઘીથી લથપથ લાપસી ખાવા અધીરા બનેલા સંન્યાસીઓને ખાતા રોકીને લુખ્ખો રોટલો અને આયનો યજમાન પાસે મંગાવ્યો. તે આયના પર લાપસી ચોપડીને પોતાનું મોં તે જ આયનામાં જોવા માટે સંન્યાસીઓને તેમણે આજ્ઞા કરી ! કોઈને પોતાનું મોં ન દેખાયું. પછી સ્વામીજીએ પોતાનો લુખ્ખો રોટલો આયના ઉપર ઘસી નાંખ્યો. આયનો એકદમ ચોખ્ખો થઈ ગયો ! દરેકને પોતાનું મોં તેમાં દેખાવા લાગ્યું.

સ્વામીજીએ તેનો બોધ આપતાં કહ્યું કે, “જે દૂધ, ઘી ઝાપટે છે તેમના વિકારી બનેલા મલિન આત્મામાં ભગવાન કદી દેખાતો નથી. તેને જોવો હોય તો જૈનોની જેમ આંબિલ કરતાં શીખો.”

એ તો બહુ ચોખ્ખી વાત છે કે દેહાધ્યાસનો ગાઢ સંબંધ વિષયભોગો (પાંચ ઈન્દ્રિયોના) અને ભોજન સાથે છે. ભોગ અને ભોજનનો ભોગી કદી દેહભાવનો ત્યાગી બની શકે નહિ. આથી જ ભૂતકાળમાં સંન્યાસીઓ પાસે દીક્ષા લેવા આવનાર મુમુક્ષુની પરીક્ષા રસનેન્દ્રિયના વિજયને અનુલક્ષીને કરાતી હતી ! જીભ ઉપર બૂરું (પીઠી સાકર)નો ભૂકો મુકાવાતો. અડધી મિનિટ પછી એ ભૂકો એવો ને એવો અકબંધ પાછો મંગાતો ! જે તેમાં સફળ થતો તેને દીક્ષા અપાતી !

જ્ઞાનીઓએ કહ્યું છે કે જેણે ભોગવિલાસી જીવનના આ ભવમાં માલમલીદા ખાધા તેણે ખરેખર તો છોતરા-ફોતરાં ખાધા અને જેણે આંબિલના છોતરા-ફોતરાં-વર્ષો સુધી ઓળીઓ વગેરે કરવા દ્વારા-ખાધા તેણે જ ખરેખર માલમાલ ખાધો એણે જ ખરું મિષ્ટાન્ન ખાધું.

વિગઈઓના અશુદ્ધ સેવનમાં આહારશુદ્ધિ શક્ય જ નથી. રૂક્ષભોજન, કઠોળ ભોજન, અલૂણું ભોજન જ આરોગ્ય માટે ઉત્તમ છે. તનનું આરોગ્ય તો તેનું સારું રહે જ પણ મનના આરોગ્યને પણ તે અદ્ભુત બનાવે.

વંદન હો દેહાધ્યાસના ત્યાગી મહાત્માઓને !

- હું કરતા હું કરતાં પરભાવનો હોજી, ભોક્તા પુદ્‌ગલરૂપ,
  કારક કારક ગ્રાહક એહનો હોજી, રાચ્યો જડ ભવભૂત.

- ખાણ મૂત્ર ને મળની, રોગ જરા નિવાસનું ધામ,
  કાયા એવી ગણીને, માન ત્યજીને કર સાર્થક આમ.

- मूलं संसारदुःखस्य देह एव आत्मधीस्ततः ।
  त्यक्त्वैनां प्रविशेदन्तर्बहिरव्यापृतेन्द्रियः ॥

- जन्ममृत्युसमाश्लिष्टे शरीरे बत सीदसि ॥

- કરચલી પડી દાઢી ડાચા તણો ડાટ વાળ્યો,
  કાળી કેશપટી વિષે શ્વેતતા છવાઈ ગઈ,
  સૂંઘવું, સાંભળવું ને દેખવું તે માંડી વળ્યું,
  વળી દંત આવલિ તે ખરી કે ખવાઈ ગઈ.

- अश्रोत्रीव तिरस्कृता परतिरस्कारश्रुतीनां श्रुतिः ।
  चक्षुर्वीक्षितुमक्षमं तव दशां दूष्यमिवान्ध्यं गतम् ।
  भीत्येवाभिमुखान्तकादतितरां कायोऽप्ययं कम्पते ।
  निष्कम्पस्त्वमहो प्रदीप्तभवनेऽप्यासे जराजर्जरे ॥

- જ્યારે એ રોગી જણાશે, મૂકવાનું મન થાશે,
  તન તું ગણે છે તારૂં રે, તે નથી તારૂં !
  મનમથ વશ માતંગ જગતમેં, પરવશતા દુઃખ પાવે રે,
  રસના લુબ્ધ હોય ઝખ મૂરખ, જાળ પડ્યો પછતાવે રે...
  વિષય ચેતના ત્યાગો ચેતન, સાચે મારગ લાગો રે...
  ઘ્રાણ સુવાસ કાજ સુન ભમરા, સંપુટમાંહે બંધાવે રે,
  તે સરોજ સંપુટ સંયુત કુન, કરટીકે મુખ જાવે રે... વિષય.
  રૂપ મનોહર દેખ પતંગા, પડત દીપમાં જાઈ રે,
  દેખો યાંકુ દુઃખ કારનમેં, નયન ભયે હૈ સહાઈ... વિષય.
  શ્રોત્રેન્દ્રિય આસક્ત મિરગલા, છિનમે શિશ કટાવે રે,
  એક એક આસક્ત જીવ એમ, નાનાવિધ દુઃખ પાવે રે... વિષય

## (૩) સિદ્ધ-સ્વરૂપ

સિદ્ધ ભગવંતો અનંતગુણ સંપન્ન છે છતાં તેમના સૌથી મુખ્ય ત્રણ ગુણ છે કે જે અરિહંતમાં ય હોતા નથી.

સિદ્ધ ભગવંતો અવિનાશી, અશરીરી અને અકર્મા છે.

અરિહંત ભગવંતો છેલ્લું નિર્વાણ પદ પામવાના હોવાથી તેમનું અરિહંતત્વ વિનાશ પામવાનું છે, અઘાતીકર્મોદયે તેઓ શરીરી છે અને ચાર અઘાતી કર્મોના ઉદયમાં વર્ત્તતા હોવાથી તેઓ સકર્મા પણ છે.

તમામ કર્મોનો નાશ થવાથી સિદ્ધ ભગવંતો કર્મજનિત ઔદયિકભાવના સુખો (વિનાશી વગેરે) ભોગવતા નથી અને કર્મોના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થતાં ગુણો પણ (કરુણાદિ) તેમનામાં હોતા નથી. ક્ષયોપશમભાવના તેમના તમામ ગુણો હવે ક્ષાયિકભાવના બની જઈને આત્માના સ્વરૂપમાંથી સીધા પ્રગટે છે. આથી જ તેમને સુખી કહેવાને બદલે આનંદી કહેવા જોઈએ. (સુખ શબ્દ સામાન્યતઃ સાંસારિક સુખોમાં જ વપરાય છે માટે)

આત્માના એકાન્તિક અને આત્યન્તિક આનંદની એ અનુભૂતિ કેવી હશે તે શબ્દોથી વર્ણવી શકાય તેમ નથી. રામ-રાવણનું યુદ્ધ કોના જેવું ? સાગર કોના જેવો ? તેવા સવાલના ઉત્તરમાં કોની ઉપમા આપવી ? એટલે જ કવિઓએ કહ્યું છે કે, "રામ-રાવણનું યુદ્ધ રામ-રાવણના યુદ્ધ જેવું હતું અને સાગર જેવો સાગર હોય છે."

સિદ્ધ પરમાત્માઓના આનંદની પણ આવી જ વાત છે. કોઈ પણ પ્રકારના ભૌતિક પદાર્થોનો સંયોગ કર્યા વિના જે અનંત આનંદની તેમને અનુભૂતિ થાય છે તેને જે આનંદની ઉપમા આપવી હોય તે આનંદ ભૌતિક જ રહેવાનો. હા, જ્ઞાનીઓએ તે રીતે કહ્યું છે કે પ્રિયતમાના સંગના યુવાન પ્રેમીના ભોગસુખના આનંદ જેવો-એનાથી તો અનંતગુણો-સિદ્ધ ભગવંતોનો આત્માનંદ હોય છે.

કેટલાક શાસ્ત્રોએ તો 'નેતિ'ના રૂપમાં જ સિદ્ધોના સુખની વાત કરી છે કે ત્યાં રોગનું દુઃખ નથી, ઘડપણનું દુઃખ નથી, મરણનું દુઃખ નથી, આધિ નથી, વ્યાધિ નથી, ઉપાધિ નથી. બસ, ન ઈતિ, ન ઈતિ. ત્યાં છે બધા દુઃખોનો અભાવ. આ જ કેટલું મોટું સુખ છે ?

ના, જૈનદૃષ્ટિ કહે છે કે આટલું જ કહીને બેસી ન રહેવાય, તેથી તો પદાર્થ-નિરૂપણને અન્યાય થાય. બધા દુઃખોનો અભાવ થઈને, બધા કર્મોનો અભાવ થઈને આત્મામાંથી જે આનંદ પ્રગટ થાય છે તે અપૂર્વ છે, અવર્ણનીય છે, અનંત છે, એકાન્તિક અને આત્યન્તિક છે.

ક્રોધનો અભાવ તે ક્ષમા નથી પણ ક્રોધના અભાવમાંથી આત્મામાં રહેલી ક્ષમા બહાર આવે છે. આમ આત્માના આનંદપ્રદ ગુણો પ્રગટ થાય છે એટલે જ આનંદ એ દુઃખાભાવસ્વરૂપ અભાવાત્મક પદાર્થ નથી.

સ્ફટિકની પાછળ મૂકેલો લાલ રંગવાળો ટુકડો ખસી જવાથી હવે સ્ફટિક લાલ રંગે દેખાતો નથી. પણ આ લાલ રંગનો અભાવ તે સ્ફટિકની સફેદાઈ નથી પરન્તુ લાલ રંગનો અભાવ થતાં સ્ફટિકમાં જે સફેદાઈ હતી તે હવે એના સ્વયંભૂ સ્વરૂપમાં પ્રગટ થઈ છે.

લાલ રંગનો અભાવ તે થોડી સફેદાઇ છે ? સફેદાઇ એ જ સફેદાઇ છે.

આત્માના પોતાના આનંદને જેણે દબાવી દીધો, જે કારણસર આત્મા દુઃખી થયો એ બધું દૂર થતાં આત્માનો ભીતરી આનંદ પ્રગટ થઈ ગયો.

જો તૃપ્તિમાં સુખ છે તો મોક્ષમાં જ સુખ કબૂલવું પડે. ભોજનની ભૂખ જગાડવી અને પછી ભોજન મેળવવા ભયંકર પુરૂષાર્થ કરીને ધન કમાવવું, કેટલાય કાળા-ધોળા કરવા, પછી ભોજન કરવું, થોડા કાળ માટે તૃપ્ત થવું. અને એ તૃપ્તિને જ સુખાનુભૂતિ કહેવી તો આ બધું કર્યા વિના સીધી તૃપ્તિ મળી જતી હોય, જે પાછી અવિનાશી હોય તો તે તૃપ્તિ કેટલી બધી સુંદર કહેવાય ?

સિદ્ધ થએલા આત્માઓ ભૂખ પેદા કર્યા વિના, ભોજનેચ્છા કર્યા વિના, ભોજન કર્યા વિના સીધા જ પરમ તૃપ્તિનો અનુભવ કરે છે. આથી જ એવા સવાલો પેદા થવાનો સવાલ જ પેદા થઈ શકે તેમ નથી કે, "મોક્ષમાં ભોજન, ધન, સ્ત્રી આદિની વ્યવસ્થા છે કે નહિ ?" અરે ! જ્યાં તે બધી વસ્તુની ઈચ્છા જ નથી ત્યાં તે બધાની જરૂરનો સવાલ જ ક્યાં રહે છે ?

જ્યાં શરીર જ નથી, જેથી રોગો જ નથી ત્યાં ડૉક્ટર છે કે નહિ ? તે સવાલ જ ક્યાં રહે છે ?

આપણા જેવા ભોજનથી તૃપ્ત થયા બાદ 'શું ભોજન તૈયાર છે કે નહિ ?'

તેવો સવાલ કદી કરે છે ખરા ?

મુનિપણામાં ઉત્તમ મુનિઓને અબ્રહ્મ વગેરેની ચળ જ પેદા થતી નથી તેમને સ્ત્રી આદિની અપેક્ષા ક્યારેય પણ રહે છે ખરી ?

અરે ! સકળ સંસારી જીવો ઘસઘસાટ ઊંઘનું સુખ અનુભવે છે ત્યારે ભોજનાદિના ક્યા સુખને તેઓ માણતા હોય છે ? વહેલી સવારે કોઈ ઉઠાડે તો ઉઠવું ય તેમને ગમતું નથી પછી ઉઠીને ચા પીવાની કે ટી.વી. વગેરે જોવાની તો વાત જ ક્યાં રહી ?

**'ब्रह्म सत्यं'** એ તો બહુ જ નક્કર તર્કપૂર્ણ-સત્ય છે છતાં ય એક વાર માની લઈએ કે બ્રહ્મની મજાનો બરોબર ખ્યાલ આવતો નથી તો બીજો એક એવો ખ્યાલ છે જે આપણા અનુભવમાં છે તેને કારણે પણ 'બ્રહ્મ સત્ય' હોવાની કલ્પના સાચી હોવાનું અનુમાન કરી શકાય તેમ છે.

આ ખ્યાલ છે, **'जगन्मिथ्या.'** આ જગત્ તો અવશ્ય નગુણું છે, નકામું છે, અસાર છે. એમાં રોગ, ઘડપણ અને મોત દ્વારા વિનાશનો જે વાયરો સતત ફુંકાઈ રહ્યો છે એ એક જ વસ્તુ આ ભૌતિક જગતને અલવિદા કરી દેવાનું મન કરાવે તેવી છે. જ્યાં સ્વાર્થનો પાર નથી, વિશ્વાસઘાતનો આરોવારો નથી, હિંસા, જૂઠ વગેરેનો સુમાર નથી, બધા કાળા કામ કરીને ઉભા કરેલા સુખમય સંસારને મોત પામવા દ્વારા એકી સાથે છોડી દઈને દુષ્કર્મોના ફળ ભોગવવા માટે દુર્ગતિઓમાં લાગ પડે તો અનંતકાળ સુધી ભ્રમણ કરવાની કાળી સજામાંથી જ્યાં કદી છૂટી શકાતું નથી, જે દેખાવમાં જ સોહામણો છે, હકીકતમાં તો અત્યન્ત બિહામણો છે એવો સંસાર તો અસાર છે, છે ને છે જ. એમાંનું કાંઈ પણ જ્યાં નથી તે મોક્ષ જ સારભૂત હોવો જોઈએ, એ સિદ્ધપદ જ આનંદદાતા હોવું જોઈએ, એ અશરીરીપણું જ મજેનું હોવું જોઈએ.

ગાંધીજીએ કહ્યું, "ઓ, ગોરાઓ ! તમે હિંદ છોડીને ચાલ્યા જાઓ ! અમને કદાચ રાજ કરતાં નહિ આવડે તો અમે કાગડા-કૂતરાના મોતે મરશું પણ તમે તો અહીંથી જાઓ જ, કેમકે તમે લોકો તો જરાક પણ સારા નથી. 'ક્વીટ-ઈન્ડીઆ.'"

આ જ રીતે આપણે કહી શકીએ કે સિદ્ધપદ કેવું આનંદમય છે ? તે ભલે અમે જાણતા નથી, તેથી તેની ઈચ્છા ન પણ કરીએ પરન્તુ આ સંસાર તો અમે આંખેઆંખ અનુભવીએ છીએ. એ તો અત્યન્ત અસાર અને ભયાનક છે જ. તે

તો અમારે ન જ જોઈએ. જ્યાં તે ન હોય ત્યાં જ જવાની હવે તો અમારી ઈચ્છા છે. ભલે, એ જેવો હશે તેવો ય અમને ચાલશે. 'ક્વીટ સંસાર.'

સામાન્યતઃ જીવોને આ જ દષ્ટિકોણ મોક્ષ પ્રત્યે રાગ જગાડવામાં વધુ અનુકૂળ બને છે, પણ કેટલાક જીવોને મોક્ષ પ્રત્યે રાગ જગાડવામાં મોક્ષના સ્વરૂપનું વર્ણન પણ અનુકૂળ પડી શકે ખરું. આમ કોઈ **जगन्मिथ्या** જાણીને **ब्रह्म सत्यं** જાણે છે (અખો, સુકોશલ, વિદુર, બળદેવ, સીતા વગેરે.) તો કેટલાકો **ब्रह्म सत्यं** જાણીને જગત્‌ને મિથ્યા તરીકે જાણે છે (મીરા,નરસિંહ મહેતા, વજ્રસ્વામીજી વગેરે.).

ગીતાર્થ એવા સદ્‌ગુરૂઓ જ દરેક વ્યક્તિની કઈ વિકાસ- દિશા (ચેનલ) છે તે પકડી શકતા હોય છે. એક જ સરખી વાત બધા જીવોને સદા માટે કરી શકાય નહિ. જે પાણીએ મગ ચડતા હોય તે જ પાણીએ-વ્યક્તિગત બાબતમાં મગ ચડાવવા રહ્યા.

અસ્તુ. મૂળ વાતે આવીએ.

જેમ માલિકીનો દાવો (આસક્તિજનક) છોડીને જ ગૃહસ્થ 'માણસ' બની શકે.

જેમ ઘર છોડીને જ માણસ 'સાધુ' બની શકે.

તેમ શરીર છોડીને જ સાધુ (મન છોડીને શિષ્ય તો પહેલા થઈ જ ચૂક્યો હોય.) 'સિદ્ધ' થઈ શકે.

સિદ્ધ થવામાં ત્રણ મહાભયો ટાળવાના છે : કર્મભય, શરીરભય અને વિનાશભય.

ક્ષપકશ્રેણિથી ઘાતીકર્મોનો ક્ષય કરવાનો.

આયુષ્યના અન્તથી અઘાતીકર્મોનો અને શરીરનો ક્ષય કરવાનો.

શરીર એ કોઈ સામાન્ય કોટિનો રોગ નથી. એમાં સર્વ રોગો રહેતા હોવાથી એ સર્વ રોગોનો રાજા છે.

શિષ્ય, શરીર અને સંસ્થા-એ ત્રણ વસ્તુઓ એવી છે કે જેના પ્રશ્નો અનેક રહ્યા જ કરવાના. ગુરૂએ, આત્માએ અને સંચાલકોએ (ક્રમશઃ) મગજને એકદમ

ઠંડું-હિમ રાખીને એ પ્રશ્નો બુદ્ધિકૌશલથી ઉકેલતા જ રહેવાના. આમાં અકળાયે, આશ્ચર્ય પામ્યે કે નિરાશ થયે કશું ન વળે.

ફળની પ્રાપ્તિની લગીરે સ્પૃહા રાખ્યા વિના આત્માની વિશુદ્ધિ સાથે આ ત્રણ પાસેથી જો કામ લેવામાં આવે તો પરિણામ ઘણું સારું-ધાર્યા કરતાં ઘણું સારું-અવશ્ય મળે. પણ તે માટે ધીરજ જોઈએ. દીનતાની અને પલાયનતાની વૃત્તિને સર્વથા ત્યાગવી જોઈએ. બાકી સૂંસા પૈસા ચાર રોજ કમાવવા હોય અને રોટલા અને મરચાના ભોજનથી સંતોષ માનવો હોય તો શિષ્યાદિની જરૂર નહિ. પરન્તુ ભીતરના ક્રોડપતિ, અબજપતિ થવું હોય તો આ ત્રણ દ્વારા જરૂર થઈ શકાય.

શિષ્યને મૂઠીઉંચેરો વિદ્વાન અને પંચાચારનો ચુસ્ત પાલક બનાવવો જોઈએ.

શરીરને નિરોગી રાખીને (રસલમ્પટ બન્યા વિનાસ્તો) તેની પાસેથી તપ, સ્વાધ્યાય કે શાસનસેવાના કામો સતતપણે લેવા જોઈએ.

જિનશાસનને સંપૂર્ણપણે સાપેક્ષ સંસ્થા દ્વારા અનેક આત્માઓના કલ્યાણને આરાધવું જોઈએ.

પ્રસ્તુત વિષયમાં તો આપણે ત્રણમાંથી માત્ર શરીરની વાત કરવાની છે.

જો આ શરીર રોગોનું, ગંદકીનું અને દુઃખોનું જ ઘર હોય તો એને છોડી જ દેવું જોઈએ. એ માટે જો સાધુ થવું પડતું હોય તો થવું, ઉત્તમ ચારિત્ર પાળવું પડતું હોય તો પાળવું, કઠોર સાધના કરવી પડતી હોય તો કરવી પણ શરીર તો છોડી જ દેવું જોઈએ. સિદ્ધ બનવું જ જોઈએ.

સિદ્ધ બનાયું એટલે 'અવિનાશ' ગુણ પ્રગટ થયો. આ અસામાન્ય કોટિની સિદ્ધત્વની સિદ્ધિ છે : ધર્મમહાસત્તા તરફની મોટામાં મોટી બક્ષિસ છે.

સંસારમાં-ચૌદ રાજલોકમાં એક પણ એવો પદાર્થ નથી જેનો કાળ કોળીઓ કરી જતો ન હોય. જો વાંચતા આવડે તો દરેક પદાર્થ ઉપર ચોંટેલું લેબલ વાંચોઃ 'હું વિનાશી છું.' બાબલાનો બાવન પત્તાનો મહેલ બાની એક લાતે જો ઉડી જાય છે માટે જ તે મહેલનો રચયિતા બાબો 'નાદાન' કહેવાય છે તો બાપા પણ નાદાન જ ન કહેવાય ? જેમનું સઘળું કર્યું કારવ્યું યમરાજની એક જ ફૂંકમાં સફાચટ થઈ જાય છે ! વળી નવો જન્મ, નવું જીવન, નવા માબાપ, નઈ દુનિયા ! વળી નવેસરથી આલ્બર્ટ આઈન્સ્ટાઈન સલેટ લઈને એકડો ઘૂંટે,

અબજોપતિ રોકફેલર ગરીબને ત્યાં જન્મ લઈને નોકરી કરીને માંડ પેટીયું ભરે, જબરદસ્ત જીવદયાપાલક જૈનાચાર્ય બિલાડીના ભવમાં અત્યન્ત હિંસક બને.

ભરતચક્રીને કોટિશિલા ઉપર ચક્રી તરીકેનું પોતાનું નામ લખવા જતાં જગા ન હોવાથી એક કોક ભૂતપૂર્વ ચક્રીનું નામ ભૂંસવું પડ્યું ત્યારે આંખે આંસુ આવ્યા. (કેમકે આ જ રીતે ભાવીમાં કોઈ ચક્રી પોતાનું નામ પણ ભૂંસવાનો છે.) આ આંસુની પાછળ એમનું એક ચિંતન ઘુમરાતું હતું કે વિનાશી સંસાર પાછળ મેં કેવી આંધળી અને ખૂંખાર દોટ મૂકી છે ! હાય, મારું શું થશે ?

શત્રુ ઉપર વિજય મેળવીને પોતાના રોમદેશ ભણી પાછા ફરેલા સેનાપતિનું પ્રજા અપૂર્વ સ્વાગત કરતી. તે વખતે રસ્તે ચાલતો સેનાપતિ અહંકારથી ખભા ઊંચકે તો તેની બે ય બાજુ ચાલતો એકેકો (ખાસ) માણસ તેના કાનમાં તેને સતત કહેતો, (પેલા ભરત ચક્રીના ચોર્યાસી હજાર માણસો 'जितो भवान् वर्धते भीः' એ પ્રમાણે સિંહાસન તરફ જતા ભરતને સતત સંભળાવતા હતા તેમ) "સેનાપતિજી ! તમે વિનાશી છો. સેનાપતિજી ! તમારે અહીંથી ક્યાંક ચાલ્યા જવાનું છે."

કરમાએલું પીળું પાંદડું, બુઢ્ઢો બનેલો માણસ અને મરેલા માણસની ઠાઠડી - સર્વત્ર વિનાશ જાણીને ધ્રૂજી ઉઠેલા ગૌતમબુદ્ધે મહાભિનિષ્ક્રમણનો માર્ગ પકડી લીધો હતો, ઘણી મુશ્કેલીથી પ્રિયતમા યશોધરા અને વહાલા પુત્ર રાહુલનો ત્યાગ કરીને.

કોક નવોઢા અપ્સરા જેવી સુંદર પ્રિયતમાને રાખની ઢગલીમાં રૂપાન્તર પામતી જોઈને આ સંસારનું વિનાશિત્વ કેટલું દાહક છે તે સમજાઈ જશે.

હેંગર ઉપર રોજ ટીંગાઈને ભારેથી ભારે રાગ કરાવતા રહેલાં પોતાના બુશશર્ટના લીરા ઊડેલા, ચીંથરા થએલા હાલ જોવાય ત્યારે તો કોઈ પણ ડાહ્યા માણસને વિનાશિત્વનું ભાન થતાં જ રૂંવાડે રૂંવાડેથી ધ્રૂજારીનું લખલખું વછૂટી ગયા વિના રહેતું નથી.

ચોરીમાં જ વિધવા બનતી લક્ષ્મણા-રાજકુમારી, ઉત્કૃષ્ટ મુહૂર્તે વેપાર શરૂ કરતાં વેપારીનું રાતોરાત સડક ઉપર આવી જવું, તીર્થંકરના જીવ સત્યકીને સતાવતી કારમી કામવાસના, સ્કન્દક જેવા મહાજ્ઞાનીને આવેલો ક્રોધ જોતાં સંસાર તરફ વિરાગના ઉબકા આવી જાય છે !

અનાથીને અને સનત્ ચક્રીને સખત તમાચો લગાવી દઈને ધર્મમહાસત્તાએ કેવી નિગ્રહ-કૃપા કરી. બે ય ને શરીરની રોગમયતા, દુઃખમયતા અને વિનાશમયતાનું ભાન કરાવીને મહાપંથના યાત્રી બનાવી દીધા !

જે શરીરને રોગ, જરા અને મોત અનિવાર્યપણે વળગેલા છે, રોગ કે જરાને ઓવર-ટેઈક કરીને મોત તો જેની પર ત્રાટક્યા વિના ક્યારેક પણ ગમે ત્યારે રહેવાનું જ નથી એવા શરીરનો અને અન્ય સર્વ પદાર્થના વિનાશિત્વભાવના ફાંસીના ગાળીઆનો જે ભોગ આપવો પડે તે આપીને પણ ત્યાગ કરવો એમાં જ માનવજીવનનું સુજ્ઞત્વ છે અને સાર્થક્ય છે.

શરીરની રોગમયતા, પરપદાર્થની વિનાશિતા અને સંસારમાં અવસ્થાન સુધી કર્મની ગુલામીને અનુભવાય ત્યારે તો સિદ્ધપદ પામવાની ઈચ્છા અત્યન્ત અદમ્ય બની જાય છે.

દુઃખમોક્ષ તો ઠીક છે, પાપમોક્ષ પણ ઠીક છે પણ સિદ્ધપદ પ્રાપ્ત કર્યા પછી ઈચ્છામોક્ષની સિદ્ધિ થાય છે એ વાત ઉપર જે ઊંડાણથી વિચાર કરી શકે છે એ આત્મા આ ઈચ્છા(અપેક્ષા)ભરપૂર, પાપભરપૂર, દુઃખભરપૂર સંસારથી વાજ આવી જાય તેમાં લગીરે નવાઈ નથી.

ઈશ્વરના સ્મરણ જેટલું જ પાવરફુલ નશ્વરનું (નશ્વરતાનું), મરણનું સ્મરણ છે.

કાં વનમાળીએ મરણ પામવું જ પડશે, નહિ તો ગુલાબે પોતાના નશ્વરપણાને ભેટવું જ પડશે.

વિયોગ : સ્વતઃ વિયોગ, મરણથી વિયોગ... બે ય વિયોગ ભયાવહ છે.

જેમને મરણ દેખાયું તે બધા સંસારથી ભાગી છૂટ્યા; હનુમાનજી, દશરથ-રાજા કે રમણ મહર્ષિ, જનકવિદેહી કે નચિકેતા !

સિકંદરે જોયું કે અમર તલાવડીનું પાન કરવાથી અમર બનાય છે, યૌવન-વનના ફળો ખાવાથી અમર યૌવન પ્રાપ્ત થાય છે. પણ જ્યારે તેણે જાણ્યું કે તેમ થયા બાદ પરપદાર્થોના સંગ્રહની આસક્તિ અત્યન્ત વધે છે અને તે પ્રાપ્ત કરવા માટે અમર આત્માને એકધારો ખૂંખાર જંગ ખેલ્યા જ કરવો પડે છે ત્યારે તેને ય મોત મીઠું લાગ્યું : વિરાગજનક લાગ્યું : સાંસારિક ભોગી જીવનમાં ય મીઠાશ ભરતું લાગ્યું !

જો શરીર જાય, કર્મો જાય અને વિનાશનો માથે રહેલો પંજો ઉંચકાઈ જાય તો આત્મા કેટલો બધો આનંદમય બની જાય !

ઓ, સિદ્ધપદ પામેલા અનંતાનંત વિદેહમુક્ત સિદ્ધ ભગવંતો ! તમારા સ્વરૂપનું જેમ જેમ ચિન્તન થાય છે તેમ તેમ શરીર, કર્મ અને વિનાશથી ખીચોખીચ ભરેલા આ સંસાર ઉપર અમને નફરત છૂટી જાય છે. ગમે તેટલું કષ્ટ વેઠવું પડે તો હવે તે વેઠવાની અમારી તૈયારી છે. આપનું સિદ્ધત્વ હવે અમને લોહચુંબકની જેમ સતત ખેંચી રહ્યું છે. જે ત્યાં ગયા તે ગયા, પાછા કદી આવવાના નહિ. પેલા બુટ્‌ઢા સિંહની ગુફામાં ગયેલાના પગલાં શિયાળને જોવા મળ્યા પણ ત્યાંથી બહાર નીકળનાર એક પણ શિયાળનું પગલું જોવા ન મળ્યું એટલે જ શિયાળે સિંહનું ભાવભર્યું ગુફામાં પધારવાનું આમન્ત્રણ સાભાર અસ્વીકૃત કરી દીધું.

પણ સબૂર ! સિદ્ધશિલામાં તો આવી સ્થિતિ અત્યન્ત ધન્યતાને પમાડનારી છે. ત્યાંથી કોઈ પાછું સંસારમાં આવતું નથી માટે જ ત્યાં જવાનું મન એકદમ પાકું થઈ જાય છે.

# (જ-૫) સિદ્ધશરણાગતિ અને સિદ્ધ ભગવંતોના ભક્તજનો

મન્ત્રાધિરાજશ્રી નવકારના બીજા પદ દ્વારા મુમુક્ષુ આત્માઓ સિદ્ધ ભગવંતોનું નમસ્કાર કરવારૂપે શરણ સ્વીકારે છે.

"જેઓને સિદ્ધ ભગવંતો વહાલા હોય તેમને સંસારી તમામ જીવો વહાલા હોવા જોઈએ, કેમકે તેમની પાસે પણ સિદ્ધ ભગવંતોના અનંત ગુણો છે. (હા, કર્મોથી ઢંકાએલા) આથી સિદ્ધ ભગવંતોના તેઓ સાધર્મિક બન્યા. શું આપણા વહાલા ભગવંતના સાધર્મિકો પ્રત્યે આપણાથી તિરસ્કારાદિ થાય ? છેદ, વધ વગેરે તો તેમના થાય જ કેમ ?" આ વાત પૂજ્ય દેવચન્દ્રજી મહારાજે કરી છે.

- अक्षयानन्तबोधाय तस्मै सिद्धात्मने नमः ।

- સકળ પ્રદેશે હો કર્મ અભાવતા, પૂર્ણાનંદ સ્વરૂપ,
  આતમગુણની હો જે સંપૂર્ણતા, સિદ્ધ સ્વભાવ અનૂપ,
  સ્વામી સ્વયંપ્રભને જાઉં ભામણે.....
- અચળ અબાધિત હો જે નિઃસંગતા, પરમાતમ ચિદ્રૂપ,
  આતમભોગી હો રમતા નિજ પદે, સિદ્ધ રમણ એ રૂપ,
  સંગ પરિહારથી સ્વામી નિજ પદ લહ્યું....

આનો અર્થ એ થયો કે જેમને સકળ સંસારી જીવો પ્રત્યે પ્રેમ હોય તેને જ સિદ્ધ ભગવંતો પ્રત્યે પ્રેમ છે એમ કહેવાય. જે સિદ્ધોના પ્રેમીઓનો ભક્ત નહિ તે સિદ્ધોનો પણ ભક્ત નહિ.

તે જ મહાત્માઓ સિદ્ધ ભગવંતોના ભક્ત છે જેઓ શરીર પ્રત્યે વાસીચન્દનકલ્પ (તુલ્ય) છે. તેમના શરીરની ચામડીને વાસલીથી છોલી નંખાય કે ચન્દનથી લેપાય તો બે ય તરફ એકસરખો સમાનભાવ રહે.

જેને અશરીરી, અકર્મા અને અવિનાશી સ્વરૂપના સ્વામી બનવાની લગન લાગી તે જ તેમનો સાચો શરણાગત.

કેવા હતા, મુનિ બનેલા શાલિભદ્ર ! શરીર તો એવું ખલાસ કરી નાંખ્યું હતું કે ચાલતા હોય ત્યારે સાથળના હાડકાં ઘસાય અને અવાજ કરે. જાણે કિચૂડ... કિચૂડ... અવાજ કરતો મોક્ષપુરી તરફ ધસી રહેલો દેહરૂપી રથ !

ઘોર સાધનાથી શરીર તો કેવું કાળું પડી ગયું હતું ! જાણે કેટલો બધો કાળાં કર્મોનો મળ જ અંદરથી બહાર આવી ગયો ન હોય !

અને પાછું શરીર સાવ પાતળું થઈ ગયું હતું. પણ કોણ જાણે, મોહ રૂપી મત્ત હાથીને ખતમ કરવા માટે છલાંગ મારવા પૂર્વે સિંહે પોતાના દેહને લાંબો કર્યો હશે !

જલદીમાં જલદી સિદ્ધ બનવાની જેમને તાલાવેલી લાગી તે ગજસુકુમાળ મહામુનિ ! ઝટ સ્મશાને ! ઝટ દેહત્યાગ ! ઝટ ફેંસલો ! ઝટ ક્ષપકશ્રેણિ ! ઝટ સિદ્ધપદ !

સતત રડતા બાળકને મદાલસા ઠપકો આપે છે કે, "બેટા, શું તને જમડો દેખાયો છે ? પણ સાંભળ. એ જમડો તારા રડવાથી તારી દયા ખાઈને પાછો ફરે તેટલો સરળ નથી. જો તારે જમડાનો શિકાર નહોતું બનવું તો મારા પેટે જન્મ જ લેવો ન હતો. ખેર, હવે એક કામ કર. આ ભવમાં તું અજન્મા બનવાની સાધના કર. સિદ્ધપદને પામી જા. પછી ત્યાં તને જમડો કશું કરી શકશે નહિ."

શુકદેવજી તો જ્યાં સુધી પિતા-વ્યાસ મુનિએ બોલ ન આપ્યો કે, "તારી અજન્મા બનવાની સાધનામાં અમે તને રૂકાવટ નહિ કરીએ" ત્યારે જ તે ગર્ભમાંથી બહાર આવ્યા. તે પૂર્વે ગર્ભમાં કોણ જાણે કેટલાય મહિનાઓ વધુ વીત્યા હશે !

રૂપના કુરૂપ જોયા પછી તો સનત્ ચક્રી ! એક વખતનો ગૃહસ્થજીવનનો ભોગરસે રંગીલો રાણો ! સિદ્ધ બનવાની સાધનામાં સાતસો વર્ષ સુધી લીન થઈ ગયો ! ઘોર અને ઉગ્ર એવા સોળ મહારોગોની કારમી પીડાને જરાય એક વાર પણ 'ઉફ' કરીને કે 'ઓ મા ! હે ભગવાન !' કહીને ય મચક ન આપી. અન્તે સિદ્ધ બનીને જ રહેશે !

'જે વસ્તુઓથી સિદ્ધત્વ ન મળે તેનો મારે જરાય ખપ નથી' એવું સ્પષ્ટ ભાષામાં મૈત્રેયી પોતાના પતિને મળતી ભેટ-સોગાદોનો અસ્વીકાર કરતી વખતે કહેતી.

'જે અષ્ટ મહાસિદ્ધિઓથી મને સિદ્ધત્વ ન મળે તેને આપની સાથે જ ગુરૂદેવ ! પરલોકે લઈ જાવ. મારે મન તેમનું મૂલ્ય આઠ કાંકરાથી જરાય વધુ નથી' આવું કહેનારા સ્વામી વિવેકાનંદ ભારતદેશનું રત્ન હતા !

કાકા લક્ષ્મણજીના અપમૃત્યુએ ભત્રીજા લવ-કુશને સંસારથી ઉદ્વિગ્ન કરી દીધા ! ઉભા કરી દીધા. મન તો સંસારથી ઊઠી ગયું, તન પણ ઊઠી ગયું !

સંસારની અસારતા સમજી ચૂકેલા સીતાજીએ સિદ્ધશિલાના પથ ઉપર ડગ માંડી દીધો ! સ્વામીનાથ રામચન્દ્રજીની અયોધ્યા આવવાની વિનંતિ ઠુકરાવી દઈને સિદ્ધપદની પ્રાપ્તિનો પંથ પકડી લીધો. (હા, હમણાં તો એ પંથે આગળ વધતો મહાસતીજીનો આત્મા સ્વર્ગમાં થોડાક વખત માટે વિસામો લઈ રહ્યો છે.)

સન્ધ્યાના ઘેરાતાં અને પછી તરત વીખરાતાં રંગો જોઈને હનુમાનજી મહાભિનિષ્ક્રમણના માર્ગે ચાલ્યા.

પિતાજીના મડદાના દર્શનમાત્રથી રમણ, મહર્ષિ રમણ બન્યા. દેહે દેહાતીત બન્યા.

જેણે સિદ્ધ થવું હોય તેણે શરીર છોડવું જ પડે. તે પૂર્વે ઘર ત્યાગવું જ પડે. તે પૂર્વે આસક્તિ મૂકવી જ પડે.

જેને સિદ્ધ થવું હોય તેણે પારકા-અંદર પેઠેલા-ઘર કરી ગએલા કર્મોને તો ખતમ કરવા જ જોઈએ. એ કર્મોએ જ આત્માના સિદ્ધત્વ સ્વભાવને દબાવી દીધો છે. માલિકને ઘરમાંથી બહાર કાઢીને નિર્વાસિત બનાવી દીધો છે ! પારકાએ ઘરમાં પેસીને, માલિક બની જઈને બિચારા સિદ્ધ ભગવાન સ્વરૂપ આત્માની કેટલી બધી ભયંકર-પશુદશા-કરી નાંખી છે અનંતકાળ સુધી, લગાતાર.

કોટિ કોટિ વંદન છે તે જિનશાસનને જેણે અમને આત્માના પોતીકાં સિદ્ધત્વ સ્વરૂપની જાણકારી કરી. ચોરટા કર્મોનો ખાત્મો બોલાવીને તે સ્વરૂપનો કબજો (આવિર્ભાવ) કરવાનું જણાવ્યું. હવે તો એના અંગેના પુરૂષાર્થમાં જો આપણી જ કચાશ રહેશે તો તે દોષ આપણો જ ગણાશે.

જો અમે જ વિષય-લમ્પટ બની રહીશું, શરીરના સુખશીલ બની રહીશું તો તેમાં અમને માર્ગ બતાડી ચૂકેલા, ઉન્માર્ગ સમજાવી ચૂકેલા, સ્વરૂપનું ભાન

કરાવી દેનારા જ્ઞાનીઓની શી ભૂલ ?

જેઓ પામ્યા જ નથી વિશ્વકલ્યાણકર જિનશાસનને તે તમામના હાલ કેવા થયા છે ? તેઓનું સુખ કેવું ઊભી બજારે હલાલ થયું છે ?

મનરો મરોલીને આપઘાત કર્યો !

રૂપગર્વિતા વાસવદત્તા અકાળે રક્તપિત્તનો ભોગ બની !

અઢળક સંપત્તિથી ભરેલા પણ બંધ થઈ ગએલા રૂમમાં બેઠેલા અબજોપતિ રોકફેલર અડધા ગ્લાસ પાણીના અભાવમાં તરફડીને મર્યા !

ઓ અમારી જીવન-સ્ટીમરના ધ્રૂવતારક સિદ્ધ ભગવંતો ! અમારું સુકાન તો દેવાધિદેવ અરિહંતપ્રભુ પાસે અત્યન્ત સલામત છે પરન્તુ આપ પણ અમારી કાળજી કરો. આપને કરેલા એક જ ભાવપૂર્ણ નમસ્કારથી જે પુણ્યનો સંગ્રહ થાય છે એનાથી આ જગત્‌ના તે તમામ જીવો ભૂખ્યા હોય તો ભોજન પામે છે, તરસ્યા હોય તો પાણી પામે છે, બેકાર હોય તો નોકરી પામે છે, રોગી નીરોગી બને છે, દુઃખી સુખી બને છે.

લોકો કહે છે કે, “અરિહંતો તો ધરતી ઉપર વિચરીને દેશનાદિના દાન દ્વારા જીવો ઉપર ખૂબ ઉપકાર કરે છે પણ સિદ્ધ-ભગવંતો સિદ્ધશિલામાં બેઠા છે. આ ધરતી ઉપર કોઈ ઉપકાર કરતા નથી !”

હટ, કેટલી મોટી ભ્રમણા... જેઓ ખાતા વગેરે નથી પરન્તુ જેમના નમસ્કારના પુણ્યપ્રભાવથી લાખો, ક્રોડો લોકો ખાતા, પીતા થઈ જાય છે, સુખી બની જાય છે તે શું તેમનો પરમોચ્ચ કોટિનો જગત્ ઉપર એકધારો ઉપકાર નથી શું ?

ખાવું તો એકલાએ છે. એનો આનંદ કેટલો ? દુર્જનને...

પણ ખવડાવવાનું તો ઘણા બધાને છે. એનો આનંદ કેટલો ? સજ્જનોને...

ના, સિદ્ધ ભગવંતો જરાય નિષ્ક્રિય નથી. એમની દેખાતી નિષ્ક્રિયતામાં જ અપૂર્વ સક્રિયતા પડેલી છે. એ ધરતીના લોકોની જેમ ખાવું, પીવું, હરવું, ફરવું વગેરે કહેવાતી સક્રિયતા ભલે ધરાવતા નથી, પણ તેઓ ખવડાવવાની, પીવડાવવાની, સુખી કરવાની કેટલી બધી (પ્રેરક) સક્રિયતા ધરાવે છે ! આ કેમ દેખાતું નથી ?

જો સિદ્ધશિલા ઉપર સિદ્ધ ભગવંતો હોત જ નહિ તો નમસ્કાર કોને કરત ? (તેમનો આદર્શ કેળવ્યા વિના અરિહંતાદિ કશું બની શકાય તેમ નથી. તે કોઈનું અસ્તિત્વ આ જગત્માં હોત જ નહિ.)

શું પથ્થરને કે દિવાલને નમસ્કાર કરત ? અરે ! તેવા નમસ્કારથી તે કાંઈ પુણ્ય કર્મનો બંધ થતો હશે ? જીવને એકદમ અણગમતાં દુઃખ, દારિદ્રય વગેરેને તે કદી દૂર કરી આપે ? આ માટે તો સિદ્ધ ભગવંતોને જ નમસ્કાર કરવો પડે. તેમને નમસ્કાર કરીને જ અરિહંતાદિ પરમેષ્ઠી ભગવંતો પ્રવ્રજ્યાના માર્ગે સંચરતા હોય છે.

(Stillness is strength) સ્થિરતામાં જ મોટી તાકાત ધરબાએલી છે તે જ્યાં સુધી નહિ સમજાય ત્યાં સુધી નહિ સમજી શકાય સિદ્ધપદ ! નહિ ભજનો ગાઈ શકાય તે પદને ઝંખતા, સાધવા માટે ઘોર પુરુષાર્થ આરાધતા તેમના ભક્તજનોના !

હે પરમપુનિત તરણતારણહાર સિદ્ધ ભગવંતો ! અમારે જલદીમાં જલદી થવું છે દેહાતીત. પરન્તુ તે અવસ્થા ન મળે ત્યાં સુધી અમારી ઉપર એવી કૃપા અચૂક વરસાવો કે અમે દેહમાં રહીને પણ દેહાતીત બની રહીએ !



# ગુરૂતત્વ

# (૮) આચાર્યપદ

નવપદમાં દેવતત્વના બે પદો આપણે જોયા. હવે નવપદના ગુરુતત્વના ત્રણ પદો આપણે જોઈએ, પરન્તુ એ પૂર્વે ગુરુ-તત્વ શું વસ્તુ છે ? તે જોઈએ. તેના મહિમાનું વર્ણન મહોપાધ્યાયજીના 'ગુરુતત્વવિનિશ્ચય' ગ્રન્થના શ્લોક નં. બે થી અગીઆર દ્વારા કરીને મંગલ કરીએ.

गुरुआणाए मुक्खो, गुरुप्पसाया उ अट्ठसिद्धीओ ।
गुरुभत्तीए विज्जासाफल्लं होइ णियमेणं ॥ २ ॥

सरणं भव्वजिआणं, संसाराडविमहाकडिल्लम्मि ।
मुत्तूण गुरुं अन्नो, णत्थि ण होही णवि य हुत्था ॥ ३ ॥

जह कारुणिओ विज्जो, देइ समाहिं जणाण जरिआणं ।
तह भवजरगहिआणं, धम्मसमाहिं गुरु देइ ॥ ४ ॥

जह दीवो अप्पाणं, परं च दीवेइ दित्तिगुणजोगा ।
तह रयणत्तयजोगा, गुरु वि मोहंधयारहरो ॥ ५ ॥

जे किर पएसिपमुहा, पाविट्ठा दुट्ठधिट्ठनिल्लज्जा ।
गुरुहत्थालंबेणं, संपत्ता ते वि परमपयं ॥ ६ ॥

उज्झियघरवासाण वि, जं किर कट्ठस्स णत्थि साफल्लं ।
तं गुरुभत्तीए च्चिय, कोडिन्नाईण व हविज्जा ॥ ७ ॥

दुहगब्भि मोहगब्भे, वेरग्गे संठिया जणा बहवे ।
गुरुपरतंताण हवे, हंदि तयं नाणगब्भं ॥ ८ ॥

अम्हारिसा वि मुक्खा, पंतीए पंडिआण पविसंति ।
अण्णं गुरुभत्तीए, किं विलसिअमल्भुअं इत्तो ॥ ९ ॥

सक्का वि णेव सक्का, गुरुगुणगणकित्तणं करेउं जे ।
भतीइ पेलिआण वि, अण्णेसिं तत्थ का सत्ती ? ॥ १० ॥

इत्तो गुरुकूलवासो, पढमायारो णिदंसिओ समए ।
उवएसरहस्साइसु, एयं च विवेइअं बहुसो ॥ ११ ॥

અર્થ : ૧) શુદ્ધ સામાચારીરૂપ ગુર્વાજ્ઞાથી સકલ કર્મક્ષયરૂપ મોક્ષ થાય છે. ગુરુકૃપાથી અણિમાદિ આઠ સિદ્ધિઓ પ્રગટે છે. ગુરુભક્તિથી વિદ્યાઓ અવશ્ય સફલ બને છે.

૨) અત્યંત ગહન સંસારરૂપ અટવીમાં મોક્ષમાર્ગને અનુસરનારા ભવ્ય જીવોને મોક્ષમાર્ગના ઉપદેશક ગુરુ સિવાય અન્ય કોઈ શરણ છે નહિ, થશે નહિ અને થયેલ પણ નથી, અર્થાત્ અહીં ત્રણે કાળમાં ગુરુ જ શરણ છે.

૩) જેમ દયાળુ (નિષ્કપટપણે પરદુ:ખોને દૂર કરવાની ભાવનાવાળો) વૈદ્ય તાવવાળા લોકોનું ઔષધ આદિથી દ્રવ્ય-સ્વાસ્થ્ય કરે છે તેમ ગુરુ ભવરૂપ તાવથી ઘેરાયેલા જીવોને રત્નત્રયીરૂપ ઔષધ આપીને ધર્મરૂપ ભાવ-સ્વાસ્થ્ય આપે છે. ગુરુ ભાવ-આરોગ્ય કરનારા હોવાથી પરમ વૈદ્ય છે.

૪) જેમ દીપક પ્રકાશશક્તિ રૂપ ગુણના યોગથી પોતાને અને બીજાઓને પ્રકાશિત કરે છે તેમ ગુરુ પણ જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ રત્નત્રયીના યોગથી મોહરૂપ અંધકારને દૂર કરીને સ્વ-પરને પ્રકાશિત કરે છે. ગુરુ પોતાને ઉપાદાનભાવથી અને પરને નિમિત્તભાવથી પ્રકાશિત કરે છે. (અર્થાત્ ગુરુ પોતાના આત્માને જુએ છે તેમાં પોતે ઉપાદાન-કારણ છે અને બીજા જીવોને તેમના (બીજા જીવોના) આત્માના દર્શન કરાવે છે તેમાં નિમિત્તકારણ બને છે. દરેક જીવ પોતાના આત્માને જોઈ શકે છે પણ આત્મામાં મોહરૂપ અંધકાર હોય ત્યાં સુધી ન જોઈ શકે. ગુરૂ આ મોહરૂપ અંધકારને દૂર કરી શકે છે. મોહાંધકાર દૂર થતાં જીવને પોતાના આત્માના દર્શન થાય છે. આમ ગુરુ બીજા જીવોના આત્મદર્શનમાં મોહાંધકાર દૂર કરવા વડે નિમિત્ત બની જાય છે. માટે ગુરુ બીજા જીવોના આત્મદર્શનમાં નિમિત્તકારણ બને છે. આમ ગુરુ ભાવદીપક હોવાથી અધિક પૂજ્ય છે.

૫) ખરેખર, આત્માને ન માનવાથી અતિશય પાપી, મોહયુક્ત હોવાથી દુષ્ટ, કુવાસના અને અભિમાનના કારણે ધિટ્ઠ, સ્વચ્છંદતાના કારણે નિર્લજ્જ એવા પણ પ્રદેશી રાજા વગેરે જીવો કેશી ગણધર વગેરેના હસ્તાલંબનથી ઉક્ત દોષોનો નાશ અને સુવાસનાનો વાસ થવાથી પરમપદને-પુણ્યાનુબંધી પુણ્ય ભોગવવાને યોગ્ય સ્થાનને પામ્યા. આમ ગુરુ કરેલા પાપોનો અને પાપોના અનુબંધનો નાશ કરનારા હોવાથી ગુરુનું શરણ લેવું જોઈએ.

૬) ખરેખર, ઘરનો ત્યાગ કરીને ઉપવાસાદિ તપ કરવા છતાં કૌડિન્ય વગેરે બાલ તપસ્વીઓને કષ્ટનું જે ફળ ન મળ્યું તે ફળ ગુરુભક્તિથી જ મળ્યું. કૌડિન્ય વગેરે ૧૫૦૦ તાપસોને શ્રી ગૌતમગુરુની નિશ્રાના પ્રભાવથી કેવળજ્ઞાન થયું. આ પ્રમાણે ગુરુભક્તિથી જ કષ્ટનું ફળ મળે છે. ગુરૂભક્તિથી કષ્ટ સફળ બને છે. ગુરુભક્તિ વિના કષ્ટ સફળ બનતું નથી. એટલે ગુરુભક્તિ ક્રિયાની સફળતામાં કારણ હોવાથી ગુરુનો જ આદર કરવો જોઈએ.

૭) દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્ય ઘણા લોકોને હોય છે. ઘણા લોકો કેવલ વર્તમાનકાલીન દુઃખના કારણે વૈરાગ્યવાળા બને છે. આ વૈરાગ્યમાં આર્ત્તધ્યાન હોવાથી આ વૈરાગ્ય દુઃખગર્ભિત છે. ઘણા લોકો ક્ષણિક અને નૈરાત્મ્યવાદ વગેરે મિથ્યા માન્યતાના કારણે મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. જૈનેતર લોકોમાં કોઈ દુઃખગર્ભિત વૈરાગ્યવાળા હોય છે તો કોઈ મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. જૈનોમાં પણ પાસત્થા, નિહ્નવો આદિના અસદ્ વિચારોથી છેતરાઈ જવાના કારણે ઘણા લોકો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. આવા લોકો જૈન દેખાતા હોવા છતાં જૈન નથી કિન્તુ જૈનાભાસ છે. વૈરાગ્યનો માત્ર વેષ ધારણ કરનાર જૈનેતરો અને જૈનાભાસો ઘણા જોવામાં આવે છે. તેમનો વૈરાગ્ય દુઃખગર્ભિત કે મોહગર્ભિત હોય છે પણ ગુરુને આધીન બનેલા જીવો જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળા હોય છે. કારણ કે (ગુરુપારતંતં નાણં પંચા.૧-૭) ગુરુપરતંત્રતા એ જ જ્ઞાન છે એ વચનથી ગુરુપરતંત્રતા એ જ જ્ઞાનનું લક્ષણ છે. (કારણ કે જ્ઞાનનું જે ફળ છે તે ફળ ગુરુપારતંત્ર્યથી મળે છે.) આમ ગુરુ જીવોમાં જ્ઞાનગર્ભિત વૈરાગ્યનું સ્થાપન કરનારા હોવાથી ગુરુ જ મહાન છે.

૮) અમારા જેવા મૂર્ખાઓ પણ ગુરુભક્તિપ્રભાવથી પંડિતોની પંક્તિમાં પ્રવેશ કરે છે. ગુરૂભક્તિથી આનાથી બીજો ક્યો આશ્ચર્યકારી બનાવ છે ? અર્થાત્ ગુરુભક્તિથી થતા આશ્ચર્યકારી લાભોમાં આ લાભ સૌથી મહાન છે. કારણ કે આ (મૂર્ખ પણ પંડિત બને તે) કાર્ય પાષાણને નચાવવા સમાન દુષ્કર છે. આથી ગુરુ જ અચિન્ત્ય સામર્થ્યવાળા છે.

૯) ગુરુના ગુણગણોનું કીર્તન કરવા ઈન્દ્રો પણ સમર્થ નથી તો પછી ભક્તિથી ગુરુના ગુણોનું કીર્તન કરવાની ભાવના છતાં મારા જેવા બીજા મનુષ્યોની શી શક્તિ હોય ? ગુરુ અવર્ણનીય અનંતગુણોના મહાન પાત્ર હોવાથી

એના કેટલા ગુણો કહી શકાય ? અહીં કરેલ ગુરુગુણોનું વર્ણન શ્રોતાઓના પ્રોત્સાહન માટે માત્ર દિગ્દર્શન કરવા પૂરતું છે.

૧૦) ગુરુ અનંતગુણયુક્ત હોવાથી જ શાસ્ત્રમાં ગુરુકુલવાસને પ્રથમ આચાર કહ્યો છે. આચારાંગમાં પ્રારંભમાં જ सुअं मे आउसंतेण એ સૂત્રનો નિર્દેશ છે. (આચારાંગના પહેલા सुअं मे आउसंतेण भगवया एवमक्खायं સૂત્રમાં શ્રી સુધર્માસ્વામી પોતાના શિષ્ય શ્રીજંબૂસ્વામીને કહે છે કે, 'હે આયુષ્મન્ જંબૂ ! ગુરુકુલવાસમાં (ભગવાન પાસે) રહેતાં મેં સાંભળ્યું છે કે ભગવાને આમ કહ્યું છે' એમ કહીને ગુરુકુલવાસ કરવાનું સૂચન કર્યું છે. આચારાંગ સૂત્રમાં સાધુઓના આચારોનું વર્ણન છે માટે જ તેનું આચાર+અંગ = આચારાંગ એવું નામ છે. તેના પહેલા જ સૂત્રમાં ગુરુકુલવાસનું સૂચન કર્યું હોવાથી બધા આચારોની પહેલા ગુરુકુલવાસ રૂપ આચાર જણાવ્યો છે. આથી ગુરુકૂલવાસ પ્રથમ આચાર છે.

ગુરૂ પાસે રહીને ઉચ્છ્રૃંખલતા કરતો સાધુ ગુરુકુલવાસી ન કહેવાય. અને વર્ષો સુધી ગુર્વાજ્ઞાથી દૂર રહીને આરાધનાદિ કે જિનશાસનપ્રભાવનાદિ કરતો સાધુ અચૂક ગુરુકુલવાસી કહેવાય. આ છે, ઉપરના શ્લોકોનો સાર-અર્થ.

ગુરુ અને ગુરુ-તત્વ એ બે અલગ વસ્તુઓ છે.

ગુરુ એટલે રાગાદિ સંક્લિષ્ટ પરિણતિ જાગ્રત થવાની પૂરી સંભાવનાવાળા કલિકાલના ગુરુ.

બેશક, આવા પણ ગુરુ તો ત્યારે જ કહેવાય જ્યારે તેઓ સાચા અર્થમાં ગીતાર્થ હોય અને સંવિગ્ન હોય અથવા તેવા ગુરુને અણિશુદ્ધ સમર્પિત હોય.

ગુરુ-તત્ત્વ એટલે એકદમ શુદ્ધ ગુરુ, ગૌતમસ્વામીજી કે ચંદનબાળાજી.

આપણા ગુરુમાં ગુરુતત્વની સ્થાપના કરવાની છે અને તે રીતે તેમને ઉત્કૃષ્ટ કક્ષાના ગુરુ માનીને તેમની સેવા કરવાની છે. જો આમ ન કરીએ તો તેમના કાળાદિના પ્રભાવથી ઉત્પન્ન થએલા ઉત્તરગુણ-સંબંધિત દોષો જોઈને તેમના પ્રત્યે તિરસ્કાર થવાનું ઘોર પાપ લાગે.

અપેક્ષાએ તો ત્રણ તત્વોમાંના દેવ અને ધર્મ કરતાં ય ગુરુ એ ચડીઆતું તત્વ છે, કેમકે દેવની સાચી ઓળખ તે આપે અને ધર્મમાં પણ તે જ જોડે. યાવત્

સંસારની અસારતા સમજાવીને આપણને સર્વવિરતિધર્મ આપે અને તે જીવનમાં આપણા જીવનરથના સારથી બને. આપણને આડા ફંટાતા અટકાવે. વાચના અને વાત્સલ્ય દ્વારા આપણા મુનિજીવનને આબાદ બનાવે. કુ-નિમિત્તોથી આપણને સતત આઘા રાખીને જીવનની બરબાદીઓના તમામ કારણો સામે આપણી ચોફેર નાકાબંધી કરે.

આથી જ પંચાશકસૂત્રમાં સમ્યગ્દષ્ટિના ત્રણ લિંગોમાં દેવ અને ગુરુની ભક્તિને એક ચિહ્ન (લિંગ) તરીકે જણાવ્યું છે. ત્યાં તે વાત કરતાં 'દેવગુરુ' શબ્દ ન વાપરતાં 'ગુરુદેવ' શબ્દપ્રયોગ કરીને જણાવ્યું છે કે, "દેવ કરતાં ય વધુ ઉપકારક ગુરુ હોવાથી તે વાત જણાવવા માટે જ અમે તેમનું નામ પહેલું મૂક્યું છે."

અજૈન લોકો પણ આ વાતને સમર્થન આપે છે.

તેઓ કહે છે :

**ગુરુગોવિંદ દોનું ખડે કીસ કો લાગુ પાય.**

**બલિહારી ગુરુદેવ કી, જિને ગોવિંદ દીઓ બતાય.**

વળી વેદમાં કહ્યું છે કે, "લગાતાર સોળ વર્ષ દેવસેવા કરો અને માત્ર ચાર સેકંડ (પળ) ગુરુસેવા કરો તો ય તે ચાર પળની બરોબરી સોળ વર્ષ કરી શકે તેમ નથી."

**હરિસેવા સોલહ બરસ, ગુરુસેવા પલ ચાર,**

**તો ભી નહિ બરાબરી, વેદન કીઓ વિચાર.**

તેઓ કહે છે કે શિષ્યના કઠોર દીક્ષિત-જીવનને સર્વથા નિર્વિઘ્ને પાર પાડવા માટેનું જો કોઈ સર્વોત્તમ મંગલ હોય તો તે માત્ર ગુરુકૃપા છે.

गुरुकृपा हि केवलं, शिष्यं परं मंगलम् ।

ગુરૂમહિમા વર્ણવતાં વળી તેમણે કહ્યું છે કે, જેટલી શિષ્યની દેવ પ્રત્યે પરા ભક્તિ છે એવી જ પરા ભક્તિ જો ગુરુ ઉપર થઈ જાય તો તે શિષ્ય આંખેથી માત્ર શાસ્ત્રોના લખેલા શબ્દો ન વાંચે પણ તે પ્રત્યેક શબ્દના ગાગરમાં ઘૂઘવાટ કરતો ગંભીર અર્થોનો સાગર તેને જોવા મળે, તે શાસ્ત્રોના ગહન પદાર્થોને

પકડી લે, એક જ શ્લોકના અનેક રીતે રહસ્યાર્થો પકડવા લાગે તેવી અગાધ શક્તિ તેનામાં પેદા થઈ જાય.

આ રહ્યો તે વાત કરતો તેમનો શ્લોક :

यस्य देवे परा भक्तिः यथा देवे तथा गुरौ ।

तस्यैते सकला अर्थाः, प्रकाशन्ते महात्मनः ॥

જૈન દર્શનમાં કહ્યું છે કે ભાઈ ! ધર્મ તો ગુરુની પાછળ પાછળ જ ચાલતો હોય છે. તું ગુરુનો હાથ ઝાલી લે એટલે તારી પાછળ પાછળ ધર્મ ચાલી આવ્યો જ સમજવો. अणुगुरुणो धम्मो.

ગુરુની હીલના કોઈ કદી કરજો મા. તેવો આત્મા કદી મોક્ષ પામી શકતો નથી. (न यावि मोक्खो गुरुहीलणाए ।)

જેમણે દીક્ષા લીધી છે તે તમામ નિશ્ચિતપણે મોક્ષાર્થી છે તો પછી તેનાથી ગુરુનો તિરસ્કાર સ્વપ્નમાં ય શી રીતે થઈ શકે ? આવા શિષ્યો જ્યારે આગળ વધીને ડાંડ બને છે, ગુરુદ્રોહી બને છે ત્યારે તો હદ થઈ જાય છે. ગુરુ પણ તેવાઓને કશીક પણ હિતશિક્ષા આપતાં ડરવા લાગે છે.

સંવેગરંગશાળામાં કહ્યું છે કે, **"તે શિષ્યોને ધિક્કાર છે જેઓને હિતશિક્ષા આપતા ગુરુને બીક લાગે છે !"**

અરે ! દેવ તો સહુને વહાલા લાગે, કેમકે નાલાયક શિષ્યને પણ તે કાંઈ જ કહેતાં નથી. પણ પુષ્કળ દેવભક્તિ કરતાં ઉચ્છૃંખલ શિષ્યોને એ વાતની ક્યાં ખબર છે કે દેવનું મુખ, ગુરુનું મુખ છે. એ ગુરુમુખથી પોતાની બધી વાત શિષ્યને કરે છે.

ગુરુનો દ્રોહ તો કદી ન થાય. ગોશાલક, કૂલવાલક મુનિ, દત્ત મુનિ, સિંહગુફાવાસી મુનિ, 'આરણક'ના પ્રસંગવાળા મુનિ વગેરે કેટલા ગુરુદ્રોહીઓના નામ દઉં ! બધાને પોતાના જીવનમાં તાત્કાલિક પરચા મળ્યા છે.

આ કર્મસત્તા ય કેવી છે ? અબ્રહ્મ વગેરે ભયંકર પાપો સુદ્ધાંના ફળ તે પરલોક સુધી લંબાવે છે પણ અબ્રહ્મથી ય વધુ ઘાતકી આ ગુરુદ્રોહના પાપનું

ફળ તો એ ચાલુ ભવમાં જ ઠોકી દે છે, જેથી પેલો શિષ્ય દ્રોહ કરતો સદા માટે અટકી જાય ! એવા શિષ્યો કાં પુણ્યથી પરવારે છે, કાં શરીરથી ખલાસ થાય છે, કાં બેઆબરૂ થવાના પ્રસંગોમાં ફસાઈ પડે છે.

ગુરુનો મહિમા ગાતાં એક ચિન્તકે કહ્યું છે કે, "તમે તમારા ગામથી ગુરુના દર્શને નીકળ્યા હો પણ તમારા કમનસીબે તમને ત્યાં પહોંચતાં જ સમાચાર મળે કે ગુરુ તો દેવલોક થઈ ગયા છે. એ વખતે પણ તમને તેમના શબના પણ જો દર્શન મળી જાય તો તમે તમારી જાતને ધન્ય માનજો. અરે ! કદાચ એમનું શબ ચિત્તામાં ગોઠવાઈ ગયું હોય અને અગ્નિદાહ દેવાઈ ગયો તો ય તમને તેમના શબના નીકળતા ભડકાના કે ધૂમાડાના દર્શન થાય તો ય તમારી જાતને ધન્ય માનજો. અરે ! ખાલી શબની રાખ હાથમાં આવે એટલા મોડા પડ્યા હોય તો ય વાંધો નહિ. ગુરુની રાખનો સ્પર્શ પણ મોક્ષગતિ આપવાની તાકાત ધરાવે છે.

- कलेवरं वा तद्भस्म, तद्धूमं वाऽपि सत्तम !
  यदि पश्यति पुण्यात्मा, स याति परमां गतिम् ॥
- પ્રવચન અંજન જો સદ્ગુરુ કરે, દેખે પરમ નિધાન,
  હૃદય નયન નિહાળે જગધણી, મહિમા મેરુ સમાન.
- **महामतिभिर्निःशेषसिद्धान्तपथपारगैः ।**
  **क्रियते यत्र दिग्मोहस्तत्र कोऽन्यः प्रसर्पति ॥**
- પ્રગટે અનુભવ રસ આસ્વાદ,
- વાસી અનુભવ નંદનવનના, ભોગી આનંદઘનના,
- બિના નયન પાવે નહિ, બિના નયન કી બાત,
  સેવે સદ્ગુરુ કે ચરન, સો પાવે સાક્ષાત્.
- બુઝી ચાહત જો પ્યાસ કી, હૈ બૂઝન કી રીત,
  પાવે નહિ ગુરુગમ બિના, યેહિ અનાદિ સ્થિત.
- ચરમ નયન કરી મારગ જોવતો રે, ભૂલ્યો સયલ સંસાર,
  જિણે નયણે કરી મારગ જોઈએ રે, નયન તે દિવ્ય વિચાર.
- રોકે જીવ સ્વચ્છંદ તો, પામે અવશ્ય મોક્ષ,
  પામ્યા એમ અનંત છે. ભાખ્યું જિન નિર્દોષ.

● જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત,
સમજાવ્યું તે પદ નમું, શ્રી સદ્‌ગુરુ ભગવંત.
સેવે સદ્‌ગુરુ ચરણને, ત્યાગી દઈ જિન પક્ષ,
તો પામે પરમાર્થને, નિજ પદનો લે લક્ષ.
પ્રત્યક્ષ સદ્‌ગુરુ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર,
એવો લક્ષ થયા વિના, ઉગે ન આત્મવિચાર.
સદ્‌ગુરુના ઉપદેશ વિણ, સમજાય ન જિનરૂપ,
સમજ્યા વિણ ઉપકાર શ્યો ? સમજ્યે જિન સ્વરૂપ.
પ્રત્યક્ષ સદ્‌ગુરુ યોગથી સ્વચ્છંદ તે રોકાય,
અન્ય ઉપાયો કર્યા થકી, પ્રાયે બમણો થાય.
સ્વચ્છંદ મત આગ્રહ તજી, વર્તે સદ્‌ગુરુ લક્ષ,
સમકિત તેને ભાખિયું કારણ ગણી પ્રત્યક્ષ.
માનાદિક શત્રુ મહા, નિજ છંદે ન મરાય,
જાત સદ્‌ગુરુ શરણમાં, અલ્પ પ્રયાસે જાય.
અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરૂણાસિંધુ અપાર,
આ પામર પર પ્રભુ કર્યો, અહો ! અહો ! ઉપકાર.
શું પ્રભુ ચરણ કને ધરું ? આત્માથી સહુ હીન,
તે તો પ્રભુએ આપીઓ, વરતું ચરણાધીન.
આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ દાસ હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

● जे अबुद्धा महाभागा वीरा असम्मत्तदंसिणो ।
असुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ॥
जे य बुद्धा महाभागा वीरा सम्मत्तदंसिणो ।
सुद्धं तेसिं परक्कंतं सफलं होइ सव्वसो ॥

● યમ નિયમ સંયમ આપ કિયો, પુનિ ત્યાગ બિરાગ અથાગ લિયો,
વનવાસ લીયો મુખ મૌન રિયો, દ્રઢ આસન પદ્મ લગાય દિયો.
માન-પાન નિરોધ સ્વરબોધ કિયો, હઠ જોગ પ્રયોગ સુતાર,
જપ ભેદ જપે તપ ત્યોહિં તપે, ઉરસેહિં ઉદાસિ લહી સબયેં.
સબ શાસ્ત્રન કે નય ધારિ હિયે, મતમંડન ખંડન ભેદ લિયો,
વહ સાધન બાર અનંત કિયો, તદપિ કછુ હાથ હજુ ન પાયો.

- અબ કર્યો ન બિચારત હૈ મનસે, કછુ ઓર રહા ઉન સાધન,
બિન સદ્ગુરુ કોઈ ન ભેદ લહે, મુખ આગલ હૈ કહ બાત કહે ?
કરુણા હમ પાવત હૈ તુમકી, વહ બાત રહી સુગુરુગમકી,
પલમેં પ્રગટે મુખ આગલસેં જબ સદ્ગુરુ ચરન સુપ્રેમ બસે.
તન સેં, મન સેં, ધન સેં, સબ સેં, ગુરુદેવકી આન સ્વઆત્મ બસે;
તબ કારજ સિદ્ધ બને અપનો, રસ અમૃત પાવહિ પ્રેમધનો.

- અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન.
સેવ્યો નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન.
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યા અનેક,
પાર ન તેથી પામિયો ઉગ્યો ન અંશ વિવેક.
સૌ સાધન બંધન થયા, રહ્યો ન કોઈ ઉપાય,
સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય ?

- આત્માદિ અસ્તિત્વના, જેહ નિરૂપક શાસ્ત્ર,
પ્રત્યક્ષ સદ્ગુરુ યોગ નહિ, ત્યાં આધાર સુપાત્ર,
અથવા સદ્ગુરુએ કહ્યા, જે અવગાહન કાજ.
તે તે નિત્ય વિચારવા, કરી મતાંતર ત્યાજ.

- गुरुभक्तिप्रभावेन तीर्थकृद्दर्शनं मतम् ।
समापत्त्यादिभेदेन निर्वाणैकनिबन्धनम् ॥

- गुरुआणाए चाए जिनवर आणा न होई नियमेण ।
स्वच्छंदविहाराणं हरिभद्देण हरिभद्देण जओ भणिअं ॥

- एअम्मि परिचत्ते आणा खलु भगवओ परिच्चत्ता ।
तीए अ परिच्चाए दुण्ह वि लोगाण चाओत्ति ॥

- क्षणमपि सज्जनसंगतिरेका, भवति भवार्णवतरणे नौका ।

- માન-અપમાન ચિત્ત સમ ગણે, સમ ગણે કનક પાષાણ રે,
  વંદક નિંદક સમ ગણે, ઈશ્યો હોય તું જાણ રે.
  સર્વ જગજંતુને સમ ગણે, સમ ગણે તૃણ મણિ ભાવ રે,
  મુક્તિ સંસાર બેહુ સમ ગણે, મુને ભવજલનિધિ નાવ રે.

- दंसणणाणपहाणे वीरियचारित्ततवावारे ।
  अप्पं परं च जुंजइ सो आयरिओ मुणी णेओ ॥
  जो रयणत्तयजुत्तो णिच्चं चचं धम्मोवएसणे णिरदो ।
  सो उवज्झाओ अप्पा जदिवरवसहो णमो तस्स ॥
  दंसणणाणसमग्गं मग्गं मोक्खस्स जो हु चरित्तं ।
  साधयदि णिच्चसुद्धं साहु स मुणी णमो तस्स ॥
  जं किंचिवि चिंतंतो णिरीहवित्री हवे जदा साहू ।
  लध्धूणय एयत्तं तदाहुतं तस्स णिच्छयं झाणं ॥

- सारङ्गी सिंहशावं स्पृशति सुतधिया नन्दिनी व्याघ्रपोतम् ।
  मार्जारी हंसबालं प्रणयपरवशा केकिकान्ता भुजङ्गम् ॥
  वैराण्याजन्मजातान्यपि गलितमदा जन्तवोऽन्ये त्यजन्ति ।
  श्रित्वा साम्यैकरूढं प्रशमितकलुषं योगिनं क्षीणमोहम् ॥

આ ગુરૂપદના ત્રણ વિભાગો પડે છે : આચાર્યપદ, ઉપાધ્યાયપદ, સાધુપદ.

હવે ક્રમશઃ આપણે આ ત્રણ પદોને જોઈએ. સહુ પ્રથમ આચાર્યપદનો વિરાધકભાવ અને આરાધકભાવ જોઈએ.

### (૧-૨) વિરાધક-આરાધકભાવ : અનાચાર-સદાચારભાવ

આપણે જોયું કે મૂળ વિરાધકભાવ એ આત્માની નિષ્ઠુર-પરિણતિ છે. એમાંથી જે પાંચ વિરાધકભાવો જન્મ પામે છે તેમાંનો ત્રીજો વિરાધકભાવ અનાચાર છે. નવપદમાંના ત્રીજા આચાર્યપદ અંગેનો આ વિરાધકભાવ છે. આચાર્ય આ વિરાધકભાવથી શૂન્ય હોય છે.

દરેક આત્માએ મનુષ્યભવ પામીને જો તેને સફળ કરવો હોય તો તેણે કાયાનો આચાર, મનનો વિચાર અને વાણીના ઉચ્ચારને શુભ રાખવા જોઈએ. આમાં પણ કાયાના આચારોને તો તેણે ખાસ શુદ્ધ રાખવા જોઈએ, કેમકે તેની જેટલી અશુદ્ધિ હોય છે તે બધી મન સુધી, વાણી સુધી પહોંચી જતી હોય છે. ભલે મનની શુદ્ધિ એ જ મોક્ષનું કારણ છે પરન્તુ મનની શુદ્ધિ આચારની શુદ્ધિ વિના હાંસલ થતી નથી. આચારમાં (આંખોમાં) જેને સ્ત્રી જોઈને વિકાર જાગે તેને જ મનમાં પેસીને તે વિકારો સતત સતામણી કર્યા કરે.

કબીરે સાચું જ કહ્યું છે કે, "મન જાય તો જાને દો, મત જાને દો શરીર." જેનું મન ખરાબ હશે તે પોતે જ ખરાબીના દુઃખો, કર્મો, પાપો ભોગવશે, પણ જેનું તન ખરાબ હશે તે તો બીજા કેટલાયને બગાડશે. એમાં ય જો ધર્મી લોકોના બાહ્યાચારો સારા નહિ હોય તો બીજા લોકો ઉપર તેની અસર ખૂબ જ ખરાબ પડશે. ઘણા બધા લોકો તેના બાહ્યાચારથી અધર્મ પામી જશે.

પોતાના પતનના પાપ કરતાં બીજાઓના પતનોમાં પોતે નિમિત્ત બનવું એ બહુ મોટું પાપ કહેવાય. બાળકક્ષાના જીવો તો માણસનો બાહ્ય આચાર જુએ. તે ઉપરથી જ તેઓ ધર્મ કે અધર્મ પામે. આથી જ તેવા જીવો સામે તો વિશેષે કરીને સદાચાર-કટ્ટર બનવાનું સાધુઓને પૂ. હરિભદ્રસૂરિજીએ જણાવ્યું છે.

મન ગમે તેટલું પવિત્ર હોય, આશય ગમે તેટલો સારો હોય પણ તેથી કાંઈ બાહ્ય આચારમાં ગમે તેમ વર્ત્તવાની છૂટ મળી શકે નહિ.

ગૂર્જરેશ્વર મૂળરાજના સમયમાં કોઈ રાજયોગી હતો. સાચે જ તે પાકો બ્રહ્મચારી, સાચો સંન્યાસી હતો. તેની પાસે નર્ત્તકીઓ આવતી. નૃત્ય કરતી. તેમાં કામણગારા કટાક્ષો સાથે અંગમરોડ પણ કરતી. રાજયોગી પુષ્કળ સેંટ વગેરે વાપરતો. આખો દિ' મોંઘાદાટ પાન ચાવતો. એના ચરણોના પ્રક્ષાલજલથી ગમે તેવા રોગો નષ્ટ થઈ જતા. આ બધું છતાં મહારાજા મૂળરાજે તેનું બાહ્ય જીવન ફેરવી નાંખવાની એક દિવસ વિનંતિ કરી. પ્રજામાં ફેલાનારા સંભવિત પાખંડની કલ્પના આપી. રાજયોગી સાનમાં સમજી ગયા. તરત જ બાહ્ય જીવન બદલી નાંખ્યું.

શુદ્ધ જીવન જીવતા સંન્યાસીની મઢુલીએ બાંધેલી દોરી ઉપર લંગોટ સૂકવવા નાંખી. એની સાથે કોઈ સ્ત્રીનું પોલકું પણ સૂકવવા નાંખ્યું. કથાશ્રવણ કરવા

આવતા લોકોએ સંન્યાસીના જીવનને ભ્રષ્ટ થએલું જાહેર કર્યું. સંન્યાસીનો તો એ માત્ર વ્યવહારશુદ્ધિની જરૂરીઆત અંગેનો ટૂચકો હતો.

ગોળ-પ્રિય સંન્યાસીએ પુષ્કળ ગોળ ખાતાં બાળકને ગોળની બાધા આપતા પૂર્વે પોતે ગોળ સદા માટે ત્યાગ્યો હતો.

મનમાં સેવાતા અનાચારોના ભાવ કૂદી કૂદીને શાન્ત પડી જાય છે. પણ જો તે ભાવો આચારમાં ઊતરી જાય તો તેમની મજબૂતાઈ પોલાદી બનતી જાય છે. આથી જ બાળદીક્ષા જો જોખમી જણાતી હોય તો તેથી ઘણી બધી જોખમી ભુક્તભોગીઓની દીક્ષા ગણાય, કેમકે તેમને આ જ ભવમાં કાયાથી સેવેલા અનાચારો ખૂબ યાદ આવતાં વાસનાઓને ભડકે બળતા રહેવાની પૂરી શક્યતા રહે છે. મહામુનિ નંદિષેણને દીક્ષા પછી આ જ કારણે વાસનાઓની આગે ભરખી લીધો હતો !

રત્નાકરસૂરિજી કેટલા મહાન્ આચાર્ય હતા, છતાં તેમનો અપરિગ્રહ-વ્રત ઉપરનો ઉપદેશ અસર કરતો ન હતો, કેમકે પોતે જ મૂલ્યવાન્ મોતીઓ ઘરેથી દીક્ષામાં સાથે જ લાવીને રાખ્યા હતા. રોજ તેની પલોજણ કરતા હતા.

પાંડવ દેશના રાજા સામને ઉત્કૃષ્ટ કક્ષાની ઓલાદના ઘોડાઓ પાળવાનો ખૂબ શોખ હતો. ઘોડાઓનો તાલીમબાજ ગિરિદત્ત હતો. એક સુંદર પંચકલ્યાણી વાછડું તેને તૈયાર કરવા માટે સોંપાયું. ગિરિદત્ત અતિવૃદ્ધ થયો હોવાથી નાછૂટકે રાજાના દબાણથી વાછડાને તાલીમ તો આપી પણ જ્યારે રાજાએ તેની પરીક્ષા કરી ત્યારે તેને લંગડાતી ચાલવાળું જોયું. રાજાને આઘાત લાગ્યો. તપાસ-સમિતિ નીમાઈ. અહેવાલ સુપ્રત થયો. તેમાં જણાવેલું કે ગિરિદત્ત પોતે જ વૃદ્ધાવસ્થાના કારણે લંગડાતા ચાલે છે તે જોઈને તેવી જ ચાલ આ અશ્વમાં ઉતરી ગઈ છે.

રાવણ વિચારે અપવિત્ર થઈ ચૂક્યો હતો, પરન્તુ સીતાજી ઉપર બલાત્કાર ગુજારવાનો અનાચાર નહિ સેવવાથી તે ખૂબ બચી ગયો હતો ! અરે, વિચારમાં પેસેલી અપવિત્રતા પણ તેને એટલી બધી દઝાડતી હતી કે પોતાના મનના પાપોને કારણે તે અત્યન્ત દુઃખી થઈ જતો હતો : તેને ઘોર પશ્ચાત્તાપ થતો હતો.

જૈનદર્શન બે વાત ખૂબ મજબૂત રીતે કરે છે :

૧) જે પાપ કરે તે પાપી નથી, જો પશ્ચાત્તાપી હોય.

૨) જે ધર્મ કરે તે ધર્મી નથી, જો અહંકારી હોય.

સત્યકી વગેરે જેવા આત્માઓ કાયાથી વાસનાદિના ઘણા ભયાનક પાપો કરતા હતા, પરન્તુ તેમનો પશ્ચાત્તાપ અતિ તીવ્ર હતો. પશ્ચાત્તાપની એ પાવક જ્વાળાઓ અનંતા ભવોના પાપોના પૂંજને કદાચ સળગાવી મારતી હશે, જેટલી દાહકતા કદાચ ધર્મી જીવોના ધર્મમાં ય નહિ આવતી હોય.

ઉકાળેલા પાણીના સેવન દ્વારા તારક તીર્થંકરદેવોએ શ્રાવકોના જીવનને ઘણા બધા ખાનપાનાદિના અનાચારોથી ઉગારી લીધું છે.

તેજસ્કાયનો નિષેધ કરીને એ તારકો સાધુસંસ્થાને એકવીસમી સદીના ઘણા બધા પાપોમાંથી ઉગારી લેશે.

સહુ પ્રથમ તો સાત વ્યસનના અનાચારો દૂર કરવા જોઈએ.

તે પછી ગૃહસ્થોએ તમામ ફેશનોના પાપો દૂર કરવા જોઈએ.

મોક્ષ કે સદ્ગતિ પામવા માટે તો એ બે ત્યાગ અત્યન્ત જરૂરી છે જ પરન્તુ કારમી ગરીબી અને ભયાનક ભૂખમરામાં ફસાએલી આ ધરતીની ક્રોડોની પ્રજાને હમદર્દી બતાડવા માટે પણ જરૂરી છે.

સહુ સંકલ્પ કરે કે, "જ્યાં સુધી આ ધરતીનો એક પણ માનવ ભૂખ્યો સૂશે ત્યાં સુધી હું ફેશન-વ્યસનોનું સેવન કદી નહિ કરું."

જેમણે અનાચારોથી બચવું હોય તેમણે કુસંગથી છેટા રહેવું જ પડે. એ જ તેની જડ છે.

કોલેજ એટલે કુસંગનો મોટામાં મોટો અખાડો. બધા કુસંગો અહીં થાય. બધા કુનિમિત્તો અહીં જોવા, જાણવા, અનુભવવા મળે.

જૈમિની સંન્યાસી, બે વિદ્યાધર-ભાઈઓ, સંભૂતિ મુનિ, કુમારગિરિ પંડિત, લક્ષ્મણા સાધ્વી, સિંહગુફાવાસી મુનિ, રહનેમિજી, કંડરિક મુનિ વગેરે તમામ કુનિમિત્તોનો કેવો ભોગ બની ગયા. બન્ને નંદિષેણોને ભૂતકાળનું સ્મરણ કેવું ભૂતની જેમ ચોંટી પડ્યું ! એમના સંયમજીવનની ધરતીમાં કેવા કંપનો પેદા કરી દીધા !

નિશ્ચયનયથી ભલે અહિંસા સૌથી મોટું મહાવ્રત ગણાય છે પણ વ્યવહારનય

તો બ્રહ્મચર્યને જ સૌથી મોટું મહાવ્રત કહે છે, કેમકે અબ્રહ્મનો દેખાવ અતિ બિભત્સ હોય છે. આથી જ કવિઓએ ગાયું છે, "એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે એ વ્રત જગમાં દીવો."

જો નિશ્ચયને સાધવો હોય તો બાહ્યાચાર સ્વરૂપ વ્યવહારને તો કટ્ટરપણે અને સૂક્ષ્મપણે સાધવો જ પડે. માત્ર सोऽहं કરવાથી सोऽहं સિદ્ધ થાય નહિ. પૂર્વે कोऽहं અને नाहं નો અજપાજપ સિદ્ધ કરવો જ પડે.

મનઃશુદ્ધિ જેવું કઠિન જગતમાં કોઈ કાર્ય નથી. મનને પવનની ઉપમા આપીને એને અત્યન્ત ચંચળ કહ્યું છે. મહામુસીબતે સાધેલા વિકાસના ઉજવળ પથ ઉપર કાળો ડામર ચોપડી દેવાનું કામ કામરાજના ક્રીડાંગણ સમાન આ મન પોતાની પાંચ ઈન્દ્રિયો દ્વારા કરે છે. અગીઆરમા ગુણસ્થાન સુધીનો વિકાસ પામી ગએલા તમામ મહાત્માઓને તે એક વાર તો ધૂળ ચાટતા કરીને જ રહે છે.

મહોપાધ્યાયજીએ મનને માંકડાની ઉપમા આપી છે. જે માંકડો અદ્ભુત સાધનાઓના રસાયણોના લક્ષપાક તૈલ જેવા બાટલાઓની દુકાન લઈને વેચવા બેઠેલા સાધકની એ દુકાન ઉપર ગમે તે પળે ત્રાટકે છે અને બધા બાટલાઓ તોડી-ફોડીને ખતમ કરી નાંખે છે. લેખકશ્રી કહે છે અરેરે ! બિચારો એ રસ-વેપારી અહીં શું કરી શકે ? (रसवणिग् विदधातु मुनिस्तु किम्)

જેમણે તનને કાબૂમાં રાખ્યું નથી એ મોટા સાક્ષરો પણ મનથી મરી ગયા છે, રાક્ષસ બન્યા છે. અને જેમણે તનને કાબૂમાં રાખ્યું છે-ઈજ્જત, ખાનદાની, લોકભય, કર્મભય, દુર્ગતિભય વગેરે કોઈ પણ કારણોસર-તો તે નિરક્ષરો પણ પાપોમાં ઝડપાતાં આબાદ ઉગરી ગયા છે. આથીસ્તો માત્ર ખાનદાનીના કારણે શીલ પાળતી યુવતી-નવપરિણીતા વિધવા-ચોર્યાસી હજાર વર્ષનું દેવાયુ બાંધી શકે છે.

પરાણે પણ શીલ પાળવાને ફરજ પડાએલો ચક્રવર્તી ઘોડો છેવટે મન શાન્ત થતાં એટલું પુણ્ય બાંધે છે કે તેથી આઠમા દેવલોકે જાય છે.

જેણે નિશ્ચય (મન) ને સિદ્ધ કરવો હોય તેણે વ્યવહાર(તન, વચન)ને સિદ્ધ કરવો જ પડે.

જે તેમાં ગરબડ કરશે તે કદી બચી નહિ શકે. અપવાદરૂપ સ્થૂલભદ્રજી આદિના દૃષ્ટાન્તોને આગળ કરીને જે કોઈ આ બાબતમાં મર્યાદા ઓળંગશે તે આપઘાત વહોરી લેવા સિવાય કશું નહિ પામે.

તારક તીર્થંકરદેવો સાધનાકાળે મૌન હતા. કૈવલ્ય પામ્યા પછી સતત (પ્રાયઃ) રોજ દિવસના પહેલા અને છેલ્લા પ્રહરમાં દેશના દેવા લાગ્યા, ઘણું બધું બોલ્યા. પણ તેઓ માત્ર આટલું જ બોલીને મૌન થઈ ગયા હોત તો ય તેમના આપણે ભવોભવના ઉપકારી બની જાત કે, **"નિશ્ચયને સિદ્ધ કરવા માટે વ્યવહારમાં નિષ્ણાત બનજો."**

જે આગને અડે તે દાઝયા વિના રહે નહિ એ જેટલી સાચી વાત છે તેટલી જ બીજી સાચી વાત સહુએ બરોબર યાદ રાખવી જોઈએ કે જે આગને અડે નહિ તે દાઝે જ નહિ.

કેટલાક નાસ્તિકો કહે છે કે, "આમાં શું ધાડ મારી ? આગને અડો અને ન દાઝો તો જ તમે ખરા સાધક, બ્રહ્મચારી વગેરે...

આપણે તેમને સામો જવાબ દેવો છે કે, તમે લોકો ઝેર ખાતા નથી એટલે જીવતા રહો છો, ઝેર ખાઓ અને જીવતા રહો તો ખરું કહેવાય.

બિચારા એ પામરોને ખબર જ નથી કે અત્યન્ત આકર્ષક ભોગસુખો મળ્યા પછી પણ તેને સ્પર્શ સુદ્ધાં ન કરવો એ બહુ મોટી ધાડ મારવા જેવી વાત છે. વિશ્વના બહુ મોટા ગણાતા માણસો–વિદ્વાનો, સરમુખત્યારો, તત્વચિંતકો, કેટલાક સંત કક્ષાના જણાતા મહાત્માઓ પણ ભોગસુખોના કલણોમાં ક્યાંય ખૂંપી ગયા છે. એમની પાપલીલાઓ, વિકૃત વાસનાઓ, કારમી આસક્તિઓ જાણવા મળતાં ભારે આશ્ચર્ય પેદા થાય છે !

આગને ન અડવાનો સંકલ્પ કરવો એ જ મોટામાં મોટી ધાડ મારવાની વાત છે. પરદેશમાં સિકંદરના ગુરુ એરીસ્ટોટલ અને સ્વદેશમાં સિંહગુફાવાસી મુનિ કે રહનેમિજી કે કંડરિક મુનિ જેવાના પણ આગનું આકર્ષણ થતાં કેવા છક્કા છૂટી ગયા છે ? એ કોણ નથી જાણતું ? પછી શા માટે આગને અડીને ન દાઝવાની વાતનો આગ્રહ રાખવો જોઈએ ?

સાચે જ ઉંડાણથી વિચારતાં અહીં દાળમાં કાળું ચોકખું દેખાય છે. બીજી

બાજુ જે મહાત્માઓ આગને (નિમિત્તોને) અડતા નથી : કાયાથી અનાચાર સેવતા જ નથી તેમના મન કદી કાળાં બનતા નથી. કાળાં બન્યા પણ હોય તો નિર્મળ થયા વિના રહેતા નથી. તો શા માટે વ્યવહારના પાલનની આ વાતને ન વધાવવી ? ન સ્વીકારવી ? આપણે તો મમ્ મમ્‌થી કામ છે કે ટપ્ ટપ્ થી ?

મહોપાધ્યાયજીએ આત્માને શુદ્ધ નિશ્ચયનયથી વીતરાગસ્વરૂપ, કર્મોને કદી પણ નહીં અડતો, અજન્મા, અમર વગેરે સ્વરૂપે સ્વીકાર્યો, વ્યવહારનયના ક્રિયામાર્ગે કટ્ટર-માર્ગીઓને સંસારમાં ભટકયા કરનારા કહ્યા. આ બધું શુદ્ધ નિશ્ચયનયનું નિરૂપણ કરીને છેલ્લે તે પ્રબંધના છ શ્લોકમાં કહ્યું કે આવા શુદ્ધ નિશ્ચયનયનું અવલંબન તેણે જ લેવું જે વ્યવહારમાર્ગમાં એકદમ નિષ્ણાત બની ગયો હોય. શુદ્ધ નિશ્ચયનય એ તો સાગર છે. એને તરી જવાની ઈચ્છા જરૂર સારી છે પરન્તુ જેને વ્યવહારમાર્ગનું તળાવ પણ તરતા ન આવડતું હોય તેને માટે તો સાગર-તરણેચ્છા એ આપઘાત જ છે.

સમ્યગ્દર્શન એ મનઃશુદ્ધિ સ્વરૂપ છે. તનની ગરબડો ત્યાં ચાલે એવું સ્થૂલદૃષ્ટિથી લાગે પરન્તુ અહીં બે વાત બરોબર સમજી રાખવી કે તનની ગરબડો કરવી પડે તો તેમાં તે સમ્યગ્‌દૃષ્ટિ આત્માનું દિલ ખૂબ જ દુભાતું હોય, અત્યન્ત રડતું હોય. આથી જ બને ત્યાં સુધી તો તે તનની ગરબડો કરવા તૈયાર ન હોય. તનની એ ગરબડોના સુખ કરતાં તેનું દુઃખ એટલું બધું દાહક હોય છે કે તે કરતાં તો તનની ગરબડોનું સુખ ન ભોગવવું એ તેને સારું લાગે.

જૈન દ્રષ્ટિમાં આચારની ભૂમિકાઓને જણાવતું આચારાંગ સૂત્ર પ્રથમ છે, જ્યારે વિચારની ભૂમિકાઓને જણાવતું સૂયગડાંગ સૂત્ર બીજા નંબરે છે.

વળી સમ્યગ્દર્શનની પૂર્વેની માર્ગાનુસારિતાની જે ભૂમિકા છે તેમાં બાહ્ય આચારોને લગતાં જ પાંત્રીસ ગુણો-ન્યાયસંપન્નવૈભવ, દયા, પરસ્ત્રીગમન-ત્યાગ, ઈન્દ્રિયનિગ્રહ વગેરે જણાવવામાં આવેલ છે.

આવી રીતે જે જીવ સ્થૂલતઃ આચારશુદ્ધ બને તે જ જીવ વિચારશુદ્ધિનું સમકિત પામે. એ પછી વિરતિનું સૂક્ષ્મ આચાર-શુદ્ધ જીવન આવે.

મુનિજીવનને વ્યવસ્થિત રાખવા માટે બ્રહ્મચર્યની નવ-બાહ્યાચાર સ્વરૂપ-વાડ બતાડવામાં આવી છે. ચારિત્રજીવનરૂપી ભાવ-પ્રાણોની રક્ષા કરતી ઈર્યાસમિતિ આદિ પાંચ સમિતિ વગેરે આઠ માતાઓ પણ પ્રાયઃ બાહ્ય આચાર

સ્વરૂપ જ છે.

ચારિત્રાચાર માત્રના પાલક થવાથી કાંઈ ચારિત્રધર-મુનિ બનાતું નથી, પરન્તુ મુનિઓ જ્ઞાનાચારાદિ પંચાચારના પાલક હોય છે. એ પાંચે ય આચારોના પાંચ, આઠ વગેરે પેટાભેદો છે. એમાં દર્શનાચારના આઠ આચારોમાં છેલ્લા ચાર આચારો- ઉપબૃંહણા, સ્થિરીકરણ, વાત્સલ્ય, શાસનપ્રભાવના તો અતિ મહત્વના બાહ્ય આચારો છે. ગમે તેટલો ઊંચો ચારિત્રાચારનો પાલક હોય પણ જો તે આ ચાર આચારોને ઉપેક્ષતો હોય તો તેનો ચારિત્રાચાર ધરાર નકામો થઈ જાય.

આર્યાવર્ત્તની આર્ય મહાપ્રજામાં સદાચારનું મહત્વ ઘણું બધું છે. આમ તો ૧૯ પ્રકારના સદાચારો જણાવવામાં આવ્યા છે પણ હાલના હલાહલ કલિકાલને જોતાં ત્રણ જ સદાચારોનું બરોબર પાલન થાય તો ય ઘણું એમ કહેવાનું દિલ થાય છે.

આ ત્રણના નામ દયા, નીતિ અને બ્રહ્મચર્ય છે.

હૈયે દુઃખિતો પ્રત્યે દયા રાખો.

હાથ નીતિની કમાણીથી જ ચોક્ખા રાખો.

આંખ તમારી શીલવાન્ તરીકેની સાક્ષી પૂરતી હોય તેવી રાખો.

ત્રીજા આચાર્યપદનો આરાધકભાવ એટલે સદાચારભાવ. આપણે તેને સંક્ષેપમાં જોયો.

## (૩) આચાર્યસ્વરૂપ

આચાર્ય એટલે સાચા અર્થમાં (ભાવ) આચાર્ય, જેઓ તીર્થંકરદેવોની ગેરહાજરીમાં તીર્થંકરદેવના સ્થાને કહેવાય. જેઓ ગીતાર્થ અને સંવિગ્ન હોય.

જેઓ પંચાચારોના પાલનમાં અત્યન્ત ચુસ્ત જ ન હોય પરન્તુ અનેક પાત્ર જીવોને પંચાચારનું પાલન કરવાની પ્રબળ પ્રેરણાનો જીવંત સ્ત્રોત હોય. જેઓ સૂક્ષ્મની તાકાતના ઉત્પાદક, આરાધક અને પ્રચારક હોય. જેઓ માત્ર પ્રચારક (ઉપદેશક) નહિ પરન્તુ જિનશાસનના પ્રભાવક હોય. જેઓનું ચારિત્ર સૂર્યની જેમ પ્રકાશતું હોય. જેઓ જિનશાસનની અવિચ્છિન્ન પરંપરા સતત ચાલતી

રહે તે માટે વિશિષ્ટ કોટિના શિષ્યોના ગુરુ હોય.

ટૂંકમાં, જેઓ મન્ત્રાધિરાજ શ્રીનવકારના ત્રીજા પદમાં બેસવાને લાયક હોય...

હા, એવા તમામ આચાર્ય ભગવંતોને આપણી ભાવવંદના હોય જ. એ સિવાય કોઈને માથું ય ન નમાવાય, હાથ પણ ન જોડાય.

સાંભળ્યું છે કે પાંચમા આરામાં થનારા લાખો આચાર્યોમાં ૫૫,૫૫૫ આચાર્યો નરકે જવાના છે. હા, તે એવા જ કે જેઓ મન્ત્રાધિરાજના પદોની ઘોર આશાતના, ઉપેક્ષાદિ કરતા હોય. એમને તો માથું પણ શેં નમાવાય ?

ઉપર જણાવેલા આચાર્યસ્વરૂપોને આપણે વિવિધ દૃષ્ટાન્તોના ઝબકારાઓમાં જીવંતરૂપે જોઈશું, પણ આટલું તો ચોક્કસ છે કે આચાર્ય એટલે મહાપુણ્યવાન, ગીતાર્થ અને સંવિગ્ન એવો સૂક્ષ્મની તાકાતનો સ્વામી !

દીક્ષા લીધા પછી (સામાન્યતઃ એવો નિયમ છે કે) બાર વર્ષ સુધી સાધુ સૂત્રો ગોખે, પછી બાર વર્ષ તેના અર્થાદિનું ચિંતન-મનન કરે. ખૂબ વિદ્વાન્ બને. સંયમી બને. પછીના બાર વર્ષ દેશના વિવિધ ભાગોમાં શાસ્ત્રનીતિની કટ્ટરતાપૂર્વક વિચરે. તેથી જુદી જુદી અનેક ભાષાઓનું જ્ઞાન પ્રાપ્ત કરે. અનેક શિષ્યો પ્રાપ્ત કરે. આમ દીક્ષા-જીવનના છત્રીસ વર્ષ પૂરા થાય તે પછી જો ગુરુને યોગ્ય લાગે તો તેને તૃતીય પદે (આચાર્ય-પદે) આરૂઢ કરે.

પિસ્તાલીસ આગમો સૂત્રથી અને અર્થથી પૂરેપૂરા જાણે તે ગીતાર્થ કહેવાય. જો કે આ ઉત્કૃષ્ટ ગીતાર્થની વાત છે. બાકી બૃહત્કલ્પ, વ્યવહારસૂત્ર અને નિશીથસૂત્ર-એ ત્રણ જે બરોબર જાણે તે જઘન્ય ગીતાર્થ કહેવાય. આવા ગીતાર્થને અથવા આવા ગીતાર્થને સમર્પિત સાધુઓને જ વિહાર કરવાની અને ગોચરી વગેરે લાવવાની આજ્ઞા આપવામાં આવી છે.

જેણે આગમના અર્થોને બરોબર જાણી લીધા (ગીત કર્યા છે અર્થ જેણે) તે ગીતાર્થ કહેવાય. ગુરુકૃપાપૂર્વક જે ગીતાર્થ બને તેના જીવનમાં પાંચ ઈન્દ્રિયોના વિષયભોગો પ્રત્યે અત્યન્ત વિરાગ (સંવેગ) ઉત્પન્ન થઈને જ રહે. આથી તે આપોઆપ સંવિગ્ન બને.

આમ જે ગીતાર્થ અને સંવિગ્ન બન્યો તે આત્મા જિનાજ્ઞાઓનો કટ્ટર પાલક

હોય અને પક્ષકાર હોય. તેને જિનાજ્ઞાઓ અત્યન્ત વહાલી હોય જ; આથી તે આજ્ઞાઓની બહાર તે કદી ન જાય. આમ આંતરસાધનાઓમાં તે અત્યન્ત લીન હોવાથી સમયે સમયે સૂક્ષ્મની પ્રચંડ શક્તિ પેદા કરતો જાય, જેથી તેની વિશુદ્ધિ એવી વધી જાય કે તેનો પ્રચંડ પ્રભાવ સર્વ ઉપર પડે. વળી ગુરુકૃપાના બળે તેનું પુણ્ય પણ પુષ્કળ વધવા લાગે. આથી તે પ્રચંડ પુણ્યવાન વ્યક્તિ બને.

હા, જગત્‌માં તો બાપકમાઈથી જીવતો દીકરો મૂર્ખ કહેવાય છે પણ જિનશાસનમાં તો બાપકમાઈ (ગુરુકૃપા)થી જીવવામાં ગૌરવ લેવાનું હોય છે. જેનું સ્થાન ગુરુના હૈયે નિશ્ચિત થઈ ગયું છે એના જેવી ધન્યતા શિષ્યના જીવનમાં બીજી એક પણ નથી. આવા શિષ્યોને છ ખંડના સામ્રાજ્યનું સ્વામિત્વ પણ થૂંકી નાંખવા જેવું લાગે છે. આવા શિષ્યોના હૈયે અપરંપાર આનંદ સતત ઉછળતો હોય છે.

એટલે ટૂંકમાં સાધુએ ગુરુકૃપા સાથે સતત સ્વાધ્યાયમાં રહીને ગીતાર્થ બનવું જોઈએ.

જે ગીતાર્થ બન્યો તે સંવિગ્ન બને જ.

જે સંવિગ્ન બન્યો તે સૂક્ષ્મનો આરાધક બને જ.

જે સૂક્ષ્મનો આરાધક બન્યો તે શુદ્ધિ-પુણ્યનો સ્વામી બને જ.

આચાર્યનું જીવન સ્વનું હિત શુદ્ધિ દ્વારા સાધે પરન્તુ તેમની આટલી જ ફરજ નથી. ગંજાવર પુણ્યોત્પાદ કરીને તેમને પરનું પણ કલ્યાણ અચૂક આરાધવાની જવાબદારી હોય છે. તે જો માત્ર સ્વકલ્યાણની સાધક તપ, જપાદિની આરાધનાઓમાં જ લીન રહે તો તે ચાલી ન શકે. સકળ સંઘના પ્રશ્નોમાં તેમણે રસ લેવો જોઈએ. વિશિષ્ટ પુણ્યબળે તે પ્રશ્નોનો ઉકેલ પણ લાવવો પડે.

તેઓ શિષ્યની બાબતમાં પણ ઉપેક્ષા ન કરી શકે. એક આંખે તે ભીમ તો બીજી આંખે તે કાન્ત હોય. અર્થ-વાચના અને વાત્સલ્યદાન તથા અસ્તિત્વમાત્રની પવિત્ર આંદોલનમયતા તેમના શિષ્યોના વિકાસ માટેની ત્રણ અત્યન્ત મહત્વની વસ્તુઓ છે.

બેશક, શિષ્યોના જીવન-વિકાસની ઘણી બધી જવાબદારી ગૃહપ્રધાન જેવા

ઉપાધ્યાય પાસે હોય છે, છતાં આચાર્યે પણ અવસરોચિત સારણા, વારણાદિ કરવા પડે.

શિષ્યના જીવનમાં જે કોઈ ભૂલો હોય તેમાં બ્રહ્મચર્ય-વ્રત સંબંધિત ભૂલોમાં સોળ ગણું પાપ તેમના માથે ચડી જાય છે. બાકીના વ્રતોના પાપો ચાર ગણા બનીને તેમના માથે ચડે છે. આ ઉપરથી આચાર્ય પદ લેવા અંગેની જવાબદારી સમજાશે કે આ પદે આરૂઢ થનાર સાધુને વગર પાપે પણ દુર્ગતિમાં જવું પડે.

તીર્થંકરદેવોની ગેરહાજરીમાં અત્યન્ત ઉત્કૃષ્ટ અને તેથી જ અત્યન્ત સન્માનનીય જે પદ છે તે આ આચાર્ય પદ છે. આ પદનું ગૌરવ જો બરાબર જાળવવું હોય તો આંખ મીંચીને, જેનો નંબર લાગે તેને-પાત્રતા ન હોય તો પણ-આચાર્ય પદવી દેવાની ઘેલછામાંથી, ઘણા બધા આચાર્યોના પોતે ગુરુ હોવાની માનાશંસામાંથી જૈનસંઘના કેટલાક વર્તમાન આચાર્યોએ જલદીથી બહાર આવવું જ પડશે, અન્યથા અતિ ભયાનક શિથીલાચાર અને સ્વચ્છંદાચાર સમગ્ર મુનિ-સંસ્થામાં દસ વર્ષમાં જ એવો વ્યાપી જશે કે ગૃહસ્થો તે સંસ્થા પ્રત્યેની અદબ છોડી દેશે. આમ થતાં ગૃહસ્થવર્ગ પણ કારમા ભોગરસનો ભોગ બનીને નાસ્તિકતા તરફ વળી જશે. નવી પેઢીના બાળકોમાં ધર્મ કે સંસ્કૃતિનું દર્શન સ્વપ્નતુલ્ય બની જશે.

અત્યારે તો તેવા ભદ્રબાહુસ્વામીજીની જરૂર છે જેમણે પાત્રતા વિનાના વરાહમિહિરને આચાર્યપદ દેવા માટે સાવ નનૈયો ભણીને એના જે કોઈ તીવ્ર પ્રત્યાઘાતો પડ્યા તેને ઝીલી લીધા.

બ્રહ્મર્ષિ વસિષ્ઠે રાજર્ષિ વિશ્વામિત્રની પાત્રતા ન દેખાણી ત્યાં સુધી તેમને બ્રહ્મર્ષિ પદે આરૂઢ ન જ કર્યા.

આજે ચાર વસ્તુઓથી જૈનસંઘને ઘણું મોટું નુકસાન થઈ રહ્યું હોય તેમ લાગે છે : અપાત્રને પદવીદાન, અપાત્રને દીક્ષા, અપાત્રને વ્યાખ્યાનની પાટ, અપાત્રને છેદગ્રન્થોનું વાંચન.

ઝટઝટ અપાઈ જતી બેનદીક્ષા અને બાળદીક્ષા સંબંધમાં તો ખૂબ જ જલદીથી આચાર્ય-પરિષદે વિચાર કરવાનો સમય પાકી ગયો છે, અન્યથા આ બે બાબતોના અતિ કટૂ ફળો આરોગવાનો સમય હવે ઝાઝો દૂર જણાતો નથી.

જો જૈન સંઘનો અભ્યુદયકાળ આપણે જોવો હોય તો વહેલી તકે તમામ જૈનાચાર્યોએ ભેગા થઈને એક નેતા-તપાગચ્છાધિપતિ-ને સ્થાપવા જોઈએ, તેમની આજ્ઞામાં સહુએ આવી જવું જોઈએ.

આ પછી તરત જ શ્રમણસંસ્થાની મધ્યમમાર્ગીય કડક આચારસંહિતા તૈયાર કરવી જોઈએ. જેનો અમલ થાય છે કે નહિ ? તે જોવા માટે દસ આચાર્યો અને દસ ઉત્તમકક્ષાના શ્રાવકોની એક સમિતિ નીમવી જોઈએ. શાસ્ત્રોક્ત નીતિ દ્વારા અશુભ તત્વોને-કરંડીઆમાં બગડેલી કેરીની જેમ-દૂર કરી દેવા માટે આ સમિતિએ સતત સાવધાન રહેવું જોઈએ.

આ પછી તમામ સાધુ-સાધ્વીજીઓ વચ્ચેના કષાયજનિત મતભેદો અને મનભેદોને ખતમ કરવા જોઈએ. સર્વત્ર મૈત્રીભાવ સાધવો જોઈએ.

આ પછી બધા સાધુ-સાધ્વીજીઓ સ્વાધ્યાયમાં લીન બને તેવી વ્યવસ્થા કરવી જોઈએ. અને છેલ્લે અવગ્રહો બનાવીને તે તે અવગ્રહમાં તે તે ગ્રુપોને મૂકવા જોઈએ. આ ગ્રુપે ઓછામાં ઓછા પાંચ વર્ષ તો અવગ્રહમાં પસાર કરવા જોઈએ.

જો આવું કાંઈક પણ-ભલે બીજા પ્રકારનું-નહિ જ કરવામાં આવે તો મને તો સમકાલીનમાં ચન્દ્રકાન્ત બક્ષીએ જણાવેલી વાત સાચી પડશે એમ લાગે છે. તેણે જણાવ્યું છે કે, સર્વ ધર્મો સર્વનાશની ખાઈ તરફ ધસી રહ્યા છે તેમાં સૌથી વધુ વેગ જો કોઈનો હોય તો તે જૈનધર્મનો છે.

આચાર્ય સંસ્થા પોતાની જવાબદારીને ખ્યાલમાં લાવે તો જ કાંઈક થઈ શકે. માત્ર બાહ્ય વ્યવહારમાર્ગમાં અને પૂર્વગ્રહો કે કદાગ્રહોના પુષ્ટીકરણમાં જ જો તેઓ રચ્યાપચ્યા રહેશે તો જૈનધર્મનું નજીકનું ભાવી તો નિશ્ચિતપણે અંધકારમય હશે.

ક્રોડો ફેરનહેઈટની ગરમી સૂર્યના બિંબમાં છે તો જ જીવસૃષ્ટિમાં જીવવા માટે જરૂરી ૯૭ાા ડીગ્રી (માનવદેહની અપેક્ષાએ) જેટલી ગરમી જળવાય છે એમ વૈજ્ઞાનિકો કહે છે.

જો સૂર્ય જ સાવ ઠંડો પડી જાય તો ?

જો આચાર્યસંસ્થા જ નબળી પડી જાય તો ?

હાય ! સર્વ જીવોના ભાવ-પ્રાણો ખતમ થઈ જાય. શ્રમણ-શ્રમણી સંસ્થાનો માત્ર સર્વસંગત્યાગ, પાદવિહાર અને વર્ષમાં બે વારની લોચની ક્રિયા-આ ત્રણ વસ્તુઓ જ ભોગભૂખી દુનિયાને અચંબામાં નાંખી દે છે ! તેમનું શિર તે મુનિઓને ઝુકાવી દે છે, પછી તે શ્રમણો ભલે બીજી બાબતોમાં થોડાઘણા કદાચ શિથિલ હોય.

પણ સબૂર ! બધી વાતે તેઓ બરોબર થઈ જાય તો આ જગતમાં જૈન ધર્મનો કેવો ડંકો વાગી જાય.

## (જ-૫) આચાર્યપદસ્થોની શરણાગતિ અને તેમના ભક્તજનો

સાચા ભાવ આચાર્યના સામાન્યતઃ મુખ્ય ચાર ગુણો હોય તે આપણે જોયું. ફરી યાદ કરીએ.

**૧) ગીતાર્થતા.**

**૨) સંવિગ્નતા.**

**૩) સૂક્ષ્મની તાકાતનું સ્વામિત્વ**

**૪) શાસનપ્રભાવક (પરહિતકારક) પુણ્યશાલિતા.**

આ ચાર ગુણોમાં આડકતરી રીતે પંચિદિયસૂત્રોક્ત તેમના છત્રીસે ય ગુણો સમાઈ જાય છે. પાંચ ઈન્દ્રિયોના નિગ્રહ વગેરે વિના, જિનાજ્ઞાના કટ્ટર પાલક અને પક્ષકાર બન્યા વિના સ્વ-પરહિતકારી સૂક્ષ્મની તાકાત કદી પેદા થઈ શકે નહિ. એટલે ઘણા બધા ગુણો સૂક્ષ્મના સ્વામિત્વ ગુણમાં સમાઈ જશે.

ચાલો, આપણે ક્રમશઃ આ ચાર ગુણોની જેમનામાં પ્રધાનતા છે તેમનું સ્મરણ કરીએ, તેમને વંદના કરીએ, તેમના શરણાગત ભક્ત બનીએ.

મારી અપેક્ષાએ જે આચાર્ય ભગવંતમાં જે ગુણ પ્રધાનપણે, જે પ્રસંગવિશેષમાં વિકસિત થએલો હશે તે રીતે મેં તેમનું અહીં પ્રતિપાદન કર્યું છે તેમ સમજવું. તેમનામાં ચારમાંના અન્ય ગુણો પણ તેમના અન્ય જીવનપ્રસંગોમાં અત્યન્ત વિકસિત બનેલા જરૂર હશે. તેનો અહીં ઈન્કાર સમજવો નહિ.

# ગીતાર્થતા

કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રાચાર્ય ! તેમના જેવી ગીતાર્થતા કદાચ વીરપ્રભુના શાસનમાં બીજા કોઈમાં ય ઝટ નજરે ચડતી નથી. અથવા આ મહાપુરુષની ગીતાર્થતાના પ્રસંગો જેટલા પ્રસંગો અન્યત્ર જોવા મળતા નથી. પોતાના જીવનકાળના એંસી વર્ષ તેમણે જાણે બે મહાન્ ગુર્જરેશ્વરો સાથે વીતાવ્યા; સિદ્ધરાજ જયસિંહ સાથે પહેલા પચાસ વર્ષ, કુમારપાળ સાથે છેલ્લા ત્રીસ વર્ષ. આ બન્ને જૈનધર્મને ચાહતા ન હતા. પણ આ મહાપુરુષે પોતાની બધી ગીતાર્થતા (ચાલાકી) કામે લગાડીને સિદ્ધરાજને જિનધર્મનો અનુરાગી બનાવ્યો અને કુમારપાળને તો પાક્કો જૈન શ્રાવક બનાવી દીધો ! આમ કરીને તેમણે અડધા ઉપરના ભારતદેશમાં તેમના દ્વારા જૈનશાસનનો ડંકો વગાડી દીધો ! જબરદસ્ત અમારિ પ્રવર્ત્તન કરાવ્યું. કિશોરવયથી જ આ મહાપુરૂષે પોતાની જિનશાસનસેવા શરૂ કરી દીધી હતી. સોમનાથ મહાદેવની પ્રતિષ્ઠાનો પ્રસંગ, કુમારપાળની આરતિ વખતે સર્જાએલી કટોકટીનો પ્રસંગ, લૂનો શાપ કુમારપાળ ઉપરથી ઉતાર્યાનો પ્રસંગ,દેવબોધિ બ્રાહ્મણનો દિલધડક પ્રસંગ, કંટકેશ્વરીની હિંસકતાના પડકારનો અપ્રતીમ પડકાર, સિદ્ધહૈમાદિ ગ્રન્થોની રચના, કુમારપાળ પાસે અઢાર દેશમાં અદ્ભુત અને અભૂતપૂર્વ અમારિ પ્રવર્ત્તન, પુનમીઆગચ્છ સાથેના પ્રસંગમાં તથા સિદ્ધરાજના સમયના બ્રાહ્મણોના જૈનધર્મદ્વેષના કારણે ઉભા થતા વિવાદોનો જબરદસ્ત પ્રતીકાર વગેરે ઘણા બધા પ્રસંગોમાં તે પરમ કૃપાળુ આચાર્યદેવની અનુપમ ગીતાર્થતા આપણને જોવા મળે છે. તેમણે તેમાં સ્યાદ્વાદના સિદ્ધાન્તને જીવંત બનાવીને જૈન શ્રમણોની સામે આવતા અનેક પ્રશ્નોની જે ઉકેલ-સૂઝ આપી છે એ તો ખરેખર અદ્ભુત છે.

પૂજ્ય વાદિદેવસૂરિજી ! સિદ્ધરાજ જયસિંહની સભામાં દિગંબર આચાર્ય કુમુદચન્દ્ર જોડે છ માસ સુધી જે વાદ ચાલ્યો અને અન્તે વિજય મેળવીને રહ્યા. અહીં તેમના શાસ્ત્રજ્ઞાનની અગાધ ઉંડાઈના તળીએ સ્પર્શ થઈ ચૂક્યાની ખાત્રી થાય છે.

પૂજ્ય સૂરાચાર્યજી ! રાજા ભોજની સભાના તમામ પંડિતોને (૫૦૦ પંડિતોને) હરાવી દેવા માટે સજ્જ બનેલા આ આચાર્ય ! દરેક વિજયદીઠ

ચોર્યાસી હજાર સોનામહોરનું રાજાનું દાન-વચન ! થોડાક પંડિતોના વિજયમાં તો રાજાને તિજોરીનું તળીયું દેખાવવા લાગ્યું ! સૂરાચાર્યે જિનધર્મનો ડંકો વગાડી દીધો.

પૂજ્ય નન્નસૂરિજી અને ગોવિંદસૂરિજી ! દરેક પ્રકારના રસોને જીવંત બનાવી દેતી દેશનાઓના તે સમયના અદ્‌ભુત વ્યાખ્યાનકારો ! ધંધુકાનો રાજા આમ મોંમાં આંગળા નાંખી ગયો !

સિદ્ધસેન દિવાકરસૂરિજી ! સમ્મતિતર્ક જેવા અદ્વિતીય કક્ષાના તર્કગ્રન્થના નિર્માતા ! જે ગ્રન્થ ભણવા માટે કાશી જવું પડે તો જવાની, ગાડુ અને આધાકર્મી રસોઈનો સામાન સાથે લેવાની મહોપાધ્યાયજીએ રજા આપી છે. એ ગ્રન્થ સમ્યગ્દર્શનને અત્યન્ત નિર્મળ બનાવતો ગ્રન્થ છે. તમામ દર્શનોના તર્કોની સામે તેને અજબગજબની ટક્કર ઝીલી છે !

પૂજ્ય વૃદ્ધવાદિદેવસૂરિ ! સિદ્ધસેન દિવાકરસૂરિજીના ગુરૂદેવ ! તે હતો કટ્ટર બ્રાહ્મણ સિદ્ધસેન પંડિત ! તેને વાદમાં જીતવા માટેના તે વખતના દેશકાળને જોઈને આ વૃદ્ધવાદિદેવસૂરિજી ટાબોટા લઈને રબારી સાથે નાચ્યા હતા ! કેવી અપૂર્વ ગીતાર્થતા !

પૂજ્ય હરિભદ્રસૂરિજી ! આમની ગીતાર્થતાની તો શી વાત કરવી ! બૌદ્ધોને ધગધગતા તેલની તળાઈમાં તળી નાંખવાના કરેલા હિંસક વિચારના પ્રાયશ્ચિત્તરૂપે ચૌદસો ચુમ્માલીસ ગ્રન્થોની રચના કરી. આજે જે કેટલાક ગણ્યાંગાંઠ્યા-યોગશતક, યોગદૃષ્ટિ, યોગવિંશિકા, ઉપદેશ-પદ વગેરે ગ્રન્થો ઉપલબ્ધ છે એટલા ઉપરથી જ તેમની ગીતાર્થતાની ટોચની કલ્પના કરી શકાય તેમ છે.

વિનયરત્નના આચાર્ય ગુરુ ! જિનશાસન ઉપર હાહાકાર મચી જાય તેવું અકાર્ય તેમના શિષ્ય વિનયરત્ને કર્યું ! રાજા ઉદાયી (શ્રેણિકના પૌત્ર)નું વિનયરત્ન સાધુએ લાગ જોઈને ખૂન કરી નાંખ્યું ! આ મહાત્માને સવારે ઉઠતાં જાણકારી મળી. એ જ છરીથી આત્મહત્યા કરીને પોતાનું બલિદાન આપી દીધું ! જો આ ગીતાર્થતા તેમણે તે સમયે બરોબર કામે લગાડી ન હોત તો હજારો જૈનોની કત્લેઆમ થઈ જાત !

પૂજ્ય પાદલિપ્તસૂરિજી ! પોતાની ઉપર આવેલો ગ્રન્થચોરીનો આરોપ દૂર

કરવા માટે આ મહાત્માએ પોતાની સ્મશાનયાત્રા કઢાવી અને અગ્નિદાહ કરી દેવા સુધીની બધી આજ્ઞાઓ જૈન સંઘના ગંભીર શ્રાવકોને આપી દીધી, પણ જે રીતે દાવ રમવો હતો તે જ રીતે રમાઈ ગયો ! અગ્નિદાહ દેવો ન પડ્યો અને ઘોર શાસનહીલના એમની ગીતાર્થતાએ પાછી વાળી દીધી !

## સંવિગ્નતા

આચાર્ય સુધીના પદે પહોંચેલા વર્તમાનકાલીન મહાત્માઓમાં તો સંવિગ્ન એટલે ઘોર ત્યાગી, તપસ્વી, નિઃસ્પૃહી, એકદમ અનાસક્ત કેટલા આચાર્યો જડી આવશે ? ખરેખર તો સંવિગ્નતા એ આ પદનું અવિભાજ્ય અંગ છે, બરફીમાં મીઠાશની જેમ.

પૂજ્ય હીરસૂરિજી ! બાદશાહ અકબરના પ્રતિબોધક મહાપુણ્યવાન આ આચાર્ય હીરલા ! એ ઘોર તપસ્વી હતા, ત્યાગી હતા, અત્યન્ત શાસ્ત્રચુસ્ત હતા !

ગણધર ભગવંત ગૌતમસ્વામીજી ! તેઓ કાયમ છટ્ઠને પારણે છટ્ઠ કરતા હતા.

બપ્પભટ્ટસૂરિજી ! તેમણે આજીવન મૂળથી ષડ્ વિગઈઓનો અને ભક્તોના ઘરોના અન્ન-પાણીનો ત્યાગ કર્યો હતો. એથી જ ગુરુ પાસેથી 'महाब्रह्मचारी भव' આશિષ પામ્યા હતા, જેના કારણે રાજા આમની, તેમના બ્રહ્મચર્યની અગ્નિપરીક્ષામાંથી તેઓ સાંગોપાંગ પાર ઉતરી ગયા હતા.

માનદેવસૂરિજી ! આ આચાર્ય જબ્બર તપના આરાધક હતા. એથી જ શાસનદેવીએ તક્ષશિલામાં વ્યાપેલા મારીના ઉપદ્રવને હઠાવવા માટે શ્રીસંઘને તેમની સહાય લેવાનું જણાવ્યું હતું !

## પુણ્યશાલિતા

જિનશાસનની ચોમેર પ્રભાવના કરવાનું કાર્ય, રાજાઓને પ્રતિબોધન વગેરેમાં પ્રચંડ પુણ્યની જરૂર પડે. આવા પુણ્યને ધરાવનારા મહાત્માઓમાં રત્નપ્રભસૂરિજીને આપણે યાદ કરીએ, જેમણે રાજાને પ્રતિબુદ્ધ કરીને ઓસીઆ અને પદ્માવતી નગરીના લાખો લોકોને જૈન બનાવ્યા હતા. તેમને 'મહાજન'

તરીકે જાહેર કર્યા હતા. પ્રભુ-વીરના નિર્વાણ પછી માત્ર સીત્તેર વર્ષે આ મહાત્મા થયેલ, જેમણે ઓસવાળો અને પોરવાળોની 'મહાજન' નામની સંસ્થાની સ્થાપના કરી હતી. (આજે તો લાયન્સ, રોટરી, જાયન્ટ્સ વગેરે સંસ્થાઓએ ઉત્પન્ન થઈને મહાજન-સંસ્થાને ઓક્સીજન ઉપર મૂકી છે. મહાજનો જ પોતાને 'મહાજન' ભૂલી ગયા છે !) આ મહાપુરુષની સૂક્ષ્મની તાકાત પણ અપ્રતીમ હતી. બે રૂપ લઈને એક જ સમયે-એકી સાથે ઓસીયા અને કોરટાના જિનાલયોના જિનબિંબોની પ્રતિષ્ઠા કરી હતી. (જો કે આમાંથી તેમના તરફ કોરટા-સંઘને દુઃખ થયું હતું. તેણે કેટલાક એવા ઉતાવળા અને ઉગ્ર પગલાં લીધા હતા કે પ્રભુ-વીરના સંઘના બે ટુકડા થઈ જાય, પણ આ મહાપુરુષે પોતાની જબરી ગીતાર્થતા કામે લગાડીને એ સ્થિતિ મીટાવી દીધી હતી !)

## સૂક્ષ્મની જબરી તાકાત

પૂજ્ય અભયદેવસૂરિજી ! ગુર્વાજ્ઞાના કઠોર પાલન દ્વારા એટલી બધી સૂક્ષ્મની તાકાત એમણે કમાઈ લીધી હતી કે શાહજાદીના આકર્ષણાદિના પ્રસંગોમાં તેઓ અણિશુદ્ધ સાધુ રહ્યા હતા ! ભયંકર રોગદશામાં ય પોતાના અભિગ્રહોને ચુસ્તપણે વળગી રહ્યા હતા. આથી જ તેમની સૂક્ષ્મની તાકાત બેવડાઈ હતી, જેના પ્રભાવે દેવીના કહેવાથી નવ અંગોની વિચ્છિન્ન થએલી ટીકાઓની તેમણે પુનઃ રચના કરી હતી.

પૂજ્ય વજસ્વામીજી ! જિનશાસનના જબરદસ્ત પુણ્યવાન આચાર્ય ! અત્યન્ત સોહામણા ! એમાં રૂકિમણી પાગલ બની ગઈ. પણ સૂક્ષ્મની પ્રચંડ તાકાતથી ધમધમતો અશુચિ-ભાવના વ્યાખ્યાનમાં બોધ રેલાવી દઈને રૂકિમણીને નિર્વિકારી બનાવી દીધી, સાધ્વી બનાવી ! આ મહાન્ આચાર્યના જીવનના અનેક પાસાંઓ અત્યન્ત નેત્રદીપક છે !

પૂજ્ય ધર્મસિંહસૂરિજી ! જાનની બાજી લગાવીને ચાલીસ દિવસમાં સોળસો ગાઉનો વિહાર કરીને અયોધ્યાથી વિજયનગર પહોંચ્યા ! રસ્તામાં ઉગ્ર વિહારને કારણે કેટલાક સાધુઓ કાળધર્મ પણ પામી ગયા ! પરન્તુ બ્રાહ્મણોએ ગોઠવેલા વાદના છટકામાંથી તે બરોબર વિજયવંતા બનીને બહાર નીકળી ગયા ! આમાં તેમનું અત્યન્ત શાસ્ત્રશુદ્ધ જીવન જ કામ કરી ગયું !

પૂજ્ય વીરાચાર્યજી ! સિદ્ધરાજની સભાના એ મહાન્ આચાર્ય ! એમની

પછી જ-તરત-એ સભામાં કલિકાલસર્વજ્ઞ ભગવંત જોડાયા ! આ આચાર્યશ્રી પોતાની જિનાજ્ઞાપાલકતાની ખુમારીથી સદા મસ્તાના રહેતા. રાજાના એક જ અપમાનકારક મશ્કરીગર્ભિત વાક્યે તેમણે તે રાજસભાનો તત્ક્ષણ ત્યાગ કર્યો હતો ! સૂક્ષ્મની તાકાતથી મેળવેલી આકાશગામિની લબ્ધિથી આંખના પલકારામાં તેઓશ્રી પાટણથી પાલી (રાજસ્થાન) પહોંચી ગયા હતા !

પૂજ્ય યક્ષદેવસૂરિજી ! પાર્શ્વનાથ ભગવંતની પરંપરાના આ આચાર્યદેવ સૂક્ષ્મના સ્વામી હતા. એના પ્રભાવે જ તેઓ મ્લેચ્છોના હાથે મહુવામાં ખંડિત થનારા સેંકડો જિનબિંબોને ઉગારી શક્યા, પોતાને પણ મોતના મુખમાંથી બહાર કાઢી શક્યા ! એમને શાસનદેવી હાજરાહજૂર હતી !

**ભાવભર્યાં વંદન તે જિનશાસનના આઠે ય પ્રકારના-સર્વપ્રકારના-પ્રભાવક આચાર્યદેવોને ! તેમનું શરણ અમારું કલ્યાણ કરનારું બનજો.**

# (૯) ઉપાધ્યાયપદ

## (૧) વિરાધકભાવ : અજ્ઞાનભાવ

નિષ્ઠુર પરિણતિસ્વરૂપ વિરાધકભાવના પાંચ વિરાધકભાવોમાં ચોથો વિરાધકભાવ એ અજ્ઞાનભાવ છે. ચોથા ઉપાધ્યાયપદની આ આશાતના છે. ઉપાધ્યાય ભગવંતો આ વિરાધકભાવથી શૂન્ય હોય છે અને જ્ઞાનભાવ સ્વરૂપ આરાધકભાવથી પૂર્ણ હોય છે.

**આ સંસાર દુઃખમય કેમ છે ? કેમકે એ પાપમય છે.**

**આ સંસાર પાપમય કેમ છે ? કેમકે એ સ્વાર્થમય છે.**

**આ સંસાર સ્વાર્થમય કેમ છે ? કેમકે એ રાગમય છે.**

**આ સંસાર રાગમય કેમ છે ? કેમકે એ અજ્ઞાનમય છે.**

બસ, હવે આનાથી આગળ આ પ્રશ્ન-પરંપરા ચાલી શકતી નથી, કેમકે આખા સંસારની જડ અજ્ઞાન છે.

અજ્ઞાનતાને કારણે રાગ જાગે, રાગના કારણે સ્વાર્થ જાગે, સ્વાર્થમાંથી પાપો જાગે, પાપોમાંથી દુઃખો પેદા થાય.

જો દુઃખ ન જોઈતું હોય, તે અત્યન્ત અકારું જણાતું હોય, કોઈ પણ પ્રકારનું દુઃખ-નાનકડા સ્વરૂપમાં-સ્વપ્ને ય ભડકાવતું હોય તો દુઃખભીરૂ જીવે તેની જડ જે અજ્ઞાન છે તેને દૂર કરવું જ રહ્યું.

આ અજ્ઞાનના અનેક પ્રકારો છે : કદાગ્રહ, પૂર્વગ્રહ, અનાગ્રહ વગેરે.

આ ત્રણમાં અનાગ્રહ (સત્ય પ્રત્યેનો : ગોળ-ખોળ બે ય સરખા.) કરતાં પૂર્વગ્રહ ખરાબ છે. એ કરતાં ય કદાગ્રહ તો અત્યન્ત ઘાતકી છે. એના અસ્તિત્વમાં આત્મામાં સમ્યગ્દર્શન પ્રવેશી શકતું નથી.

આથી જ એક જગાએ કહ્યું છે કે, "હે જીવ ! તું જો માનવભવ પામીને અવિવેકી (અજ્ઞાની) બનવાનો હોય તો બહેતર છે કે એ કરતાં તું કાદવનો દેડકો બન અથવા વિષ્ઠાનો કરમીઓ બન કે અંધિયારી કોઈ ગુફાનો કાળો ઝેરી નાગ બન. આમાંની કોઈ પણ સ્થિતિમાં તું સ્વ-પરનું જે અહિત કરીશ

તેથી ઘણું વધુ અહિત માનવભવ પામીને અજ્ઞાનદશાથી કરીશ."

જેની બુદ્ધિ ભ્રષ્ટ એનું જીવન ભ્રષ્ટ. યૌવન, પુષ્કળ પૈસો, સત્તાનો મદ અને અજ્ઞાન-આ ચારમાંનું કોઈ પણ એક તત્વ જો પ્રાપ્ત થયું તો ય સત્યાનાશ વાળે તો જેને આ ચારેય મળ્યા હોય તેની દુર્દશા થવામાં તો શી બાકી રહે ?

આથી જ ગીતામાં કહ્યું છે કે, "જેનો બુદ્ધિનાશ થાય તેનો જીવનનાશ થયો.

આયુર્વેદે પણ કહ્યું છે કે, "બધી ભૂલો તથા બધા રોગો અને બધા દોષોનું મૂળ બુદ્ધિની કોઈ ભૂલ છે, અજ્ઞાનદશા છે."

ગુરુની કૃપાથી શું પ્રાપ્ત થાય ? આ સવાલનો જવાબ ઉપમિતિ-ગ્રન્થકારે પ્રથમ સ્તબકમાં આપ્યો છે કે સદ્‌બુદ્ધિ પ્રાપ્ત થાય.

જો કે અણસમજ પણ સારી નથી (**Ignorance is not Excuse.**). અણસમજુ બાળક અગ્નિને અડી જાય તો તેને પણ દાઝવું જ પડે. છતાં એમ કહી શકાય કે અણસમજમાં (અનાભોગથી) થએલી ભૂલને હજી માફી અપાય પણ કદાગ્રહ, પૂર્વગ્રહ અને અનાગ્રહ સ્વરૂપ ગેરસમજો તો ખૂબ જ ખરાબ છે. તેમાં અનાગ્રહ (ગોળ સારો, ખોળ સારો નહિ તેવો આગ્રહ નહિ પણ બે ય સરખી રીતે સારા - તેવો અનાગ્રહ : બધા ધર્મો સારા તેવો અનાગ્રહ) હજી ઓછો ખરાબ છે પણ કોઈ વ્યક્તિ પ્રત્યે પૂર્વગ્રહ બાંધી દેવો તે તો તેથી ઘણો જ ખરાબ છે. અને કદાગ્રહ તો એથી પણ વધુ ખરાબ છે. પૂર્વગ્રહની સાથે સમ્યગ્દર્શન-ગુણ હજી રહી શકે પણ કદાગ્રહની સાથે તો તે ગુણ ન જ રહે.

આપણે તો એક જ વાત નક્કી કરો કે ઓછો ખરાબ કે વધુ ખરાબ એવા બધા ય ગ્રહો જો અજ્ઞાનના પ્રકારો છે, બુદ્ધિભ્રંશકારી છે તો તેમાંનો એક પણ ગ્રહ આપણા જીવનમાં ન જોઈએ.

સાસરે ગએલી પોતાની દીકરી મોડી ઉઠે. રસોઈ ન કરે. બપોરે બેનપણીઓને ઘેર રખડીને ગામગપાટા મારે તે બધું જે માતાને જરાક પણ વાંધાજનક લાગતું નથી એ જ માતાને, એનું એ જ-એવું ને એવું-ઘરની વહુનું વર્તન અત્યન્ત વખોડવાપાત્ર જણાતું હોય તો નક્કી સમજવું કે તેમાં વહુ પ્રત્યે સાસુનો પૂર્વગ્રહ જ કામ કરી રહ્યો છે !

આ પૂર્વગ્રહ જેના પ્રત્યે બંધાતો હોય છે તેમાં મુખ્ય કારણ એકતરફી જ્ઞાન છે, અભિપ્રાયનો સ્વીકાર છે. જો બીજી બાજુને પણ બરોબર જાણવાની તસ્દી

લેવાય તો પૂર્વગ્રહ ખતમ જ થઈ જાય. પરન્તુ આટલી પણ તૈયારી જેઓની હોતી નથી તેઓ કોઈના પણ પ્રત્યે કોઈક બાબતમાં પૂર્વગ્રહ બાંધી લેવાની ભૂલ કર્યા વિના રહેતા નથી. આથી તેમને જ ઘણું નુકસાન થાય છે, કેમકે તે વ્યક્તિના જે વિરલ ગુણો છે અને તેની જે પુષ્કળ શક્તિ છે તેનો ઉપયોગ કરવાથી તેઓ વંચિત રહી જાય છે. એક જ માણસ બધા કામો કરી શકતો નથી, એણે બીજાઓની શક્તિઓનો ઉપયોગ સફળતા પામવા માટે કરવો જ રહ્યો. હવે જો જ્યાં ત્યાં, જરાતરામાં, જેનાતેના માટે પૂર્વગ્રહ બાંધી દેશે તો તે બધાની શક્તિઓનો ઉપયોગ નહિ કરી શકે. અન્તે તેને જ તેના કાર્યમાં બોજ વધી પડતાં નિષ્ફળતા મળશે. અન્તે તો તેને મેદાન છોડી ભાગી જવું પડશે.

હલાહલ આ કલિયુગના જીવોમાં ગુણની શક્યતા જ નથી. તેઓ પ્રાયઃ દોષોથી જ ભરપૂર રહેવાના. આ શાસ્ત્રવચન છે તો પછી શા માટે કોઈના દોષો જોઈને-છતાં કે અછતાં-નાહક પોતાના કાર્યોના નાવડાને નિષ્ફળતાના ભેખડો સુધી લઈ જઈને, ટકરાવી દઈને એના ફનાફાતીઆં કરવા ! આ તો આત્મહત્યા નથી શું ?

જો બધા પૂર્વગ્રહોને કબરનશીન કરાય તો એક જ માણસ વિરલ સફળતા હાંસલ કરે. બધો જશ એને મળે.

પણ ભારે કમનસીબી છે કે કાળ અનુકૂળ થતો નથી. કાર્યકરોના પગમાં તે કાળ પૂર્વગ્રહ વગેરે કોઈ પણ એક ગાળીઓ નાંખી દે છે. આથી દરેક કાર્યકર પોતાના કામમાં માર ખાઈ જતો હોય છે.

કદાગ્રહ તો અતિ ખરાબ છે જ, કેમકે તેની હાજરીમાં સમ્યગ્દર્શનની જ પ્રાપ્તિ નથી પરન્તુ પૂર્વગ્રહ પણ કાંઈ ઓછો ખતરનાક નથી. શરૂમાં સૂક્ષ્મરૂપનો પૂર્વગ્રહ ધીમે ધીમે વિકરાળ સ્વરૂપ પકડીને સામી વ્યક્તિ ઉપર ધિક્કાર કરવા લાગે એટલે તેની તેવી હાજરી થતાં તે પણ સમ્યગ્દર્શનને ઉડાવી દે.

એક શ્રીમંત વિધવા બાઈ પતિના મૃત્યુ પછી ઘરે બેઠી બેઠી ધીરધારનો ધંધો કરવા લાગી. તે ચારથી માંડીને વીસ ટકા સુધી વ્યાજ લેતી. એની ધનમૂર્ચ્છા એટલી બધી કાતીલ હતી કે જે રકમ ભરપાઈ ન કરે (વ્યાજ સાથે) તેમને ગૂંડાઓ દ્વારા મરાવતી, કોર્ટે તાણી જતી, જપ્તી લાવતી વગેરે.

એના ઘરની બરોબર સામેના ઘરમાં એક યુવાન શિક્ષિત માણસ રહેતો

હતો. તે રોજ આ બધું તોફાન જોયા કરતો. તેને આ બધું બિલકુલ નહિ ગમતું. તે ગરીબોનો હમદર્દ હતો. આથી આ બાઈ પ્રત્યે તેને તિરસ્કાર થયો. તેના પ્રત્યે પૂર્વગ્રહ બંધાયો. તે એટલે સુધી જામ થયો કે તેને તે બાઈનું ખૂન કરી નાંખવાનું મન થવા લાગ્યું.

અન્તે તો વૃત્તિ જ પ્રવૃત્તિ બનતી હોય છે એ ન્યાયે એક દિ' જ્યારે ઘરમાં બાઈ એકલી હતી ત્યારે તે ત્યાં પહોંચી ગયો. બાઈ ઉપર ત્રાટક્યો. ખૂબ જોરથી તેની ગળચી દબાવી દીધી. પેલી બાઈ થોડી જ પળોમાં તરફડીને મૃત્યુ પામી.

આ દૃષ્ટાંત ઉપરથી મારે પૂર્વગ્રહની કાતીલતા સિદ્ધ કરવી છે. અનાગ્રહ ખરાબ છે, કેમકે ગોળ- ખોળની જેમ બધા બધી રીતે-સરખી રીતે-સારા છે એમ વ્યવહારમાં કદી કહી ન શકાય.

પૂર્વગ્રહ પણ ખરાબ છે. ઉપર જણાવ્યા પ્રમાણે કદાગ્રહ તો મહાભયંકર છે. જમાલિ મુનિ, અજ્જા સાધ્વી, રોહગુપ્ત, કોણિક વગેરેના કદાગ્રહોથી આપણે સુજ્ઞાત છીએ.

આ બધા ગ્રહોનું મૂળ બુદ્ધિનો ભ્રંશ છે, અજ્ઞાનદશા છે. જ્ઞાનીને આવો કોઈ ગ્રહ હોતો નથી. એ તો માત્ર સત્યાગ્રહી હોય છે. અપેક્ષાએ એમ કહી શકાય કે પોતે દીઠેલા સત્યનો આગ્રહી-સત્યાગ્રહી-પણ તે હોતો નથી. (પોતાના સત્યને જગતભરમાં હઠપૂર્વક ઠોકી બેસાડવા માટે બધું જ કરી છૂટતો માણસ અહીં અપેક્ષિત છે.) યોગ્ય સ્થળે, યોગ્ય સમયે, યોગ્ય રીતે સત્ય સમજાવવું એ જુદી વાત થઈ પણ સત્યનો ય અત્યાગ્રહ-સત્યાગ્રહ-નહિ કરવો જોઈએ. અન્તે તો કાળ પાકે ત્યારે જ તે જીવ ધર્માદિને પામતો હોય છે. હા, સત્યનું ગ્રાહીપણું જરૂર સુંદર છે. સત્યાગ્રહી નહિ પણ સત્યગ્રાહી જરૂર સારો છે. પ્રભુ વીરે સંગમક, ગોશાલક વગેરે પ્રત્યે મૌન ધારણ કર્યું ન હતું ?

આ ઉપરથી આપણે સહુએ એક વાત નક્કી કરવી જોઈએ કે જો કદાગ્રહાદિમાં ફસાવવું ન હોય તો બુદ્ધિભ્રંશ કદી થવા દેવો નહિ.

યુધિષ્ઠિર જેવાને પણ જુગાર રમવા માટે શકુનિએ ઉશ્કેર્યો (યદિ તે વિદ્યતે ભયં) તો યુધિષ્ઠિર જેવો ધર્મરાજ પણ તેના છટકામાં ફસાઈને બુદ્ધિ ગુમાવી બેઠો.

બુદ્ધિભ્રંશથી અહંકાર, ઈર્ષ્યા, ક્રોધ અને નિન્દારૂપ કષાયની પરિણતિઓ જાગૃત થાય છે. અથવા જાતીય વાસનાઓ રૂપ વિષયની પરિણતિ ઉત્પન્ન થાય છે. બન્ને ખતરનાક છે. કોઈ પણ પરિણતિ ઓછી ખરાબ કહેવાને લાયક નથી.

સ્થૂલભદ્રજી, નંદિષેણમુનિ, લક્ષ્મણા સાધ્વી, સિંહગુફાવાસી મુનિ વગેરે કષાય-પરિણતિમાં ખરડાયા !

કંડરિક-મુનિ, સંભૂતિ મુનિ, રહનેમિજી, અષાઢાભૂતિજી વગેરે વિષય-પરિણતિથી મલિન થયા !

દુર્ગતિની ઉંડી ખાઈઓમાં તાણી જવાની કે પટકી નાંખવાની વિષય કે કષાયની બન્ને પરિણતિમાં સરખી તાકાત છે. જે જીવો વિષયપરિણતિથી પતન પામતા નથી તેમને મોહરાજ કષાયપરિણતિથી ખતમ કરવા માટે જોરદાર પ્રયત્નો કરતો હોય છે. વિષય કરતાં કષાયને 'ઓછો ખરાબ' માનવાની ભૂલ મહેરબાની કરીને કોઈ ન કરે.

## (૨) આરાધકભાવ : જ્ઞાનભાવ

જિનવચનબહુમાન સ્વરૂપ આરાધકભાવના પાંચ આરાધકભાવોમાં ચોથો આરાધકભાવ એ જ્ઞાનભાવ છે. જ્ઞાનભાવથી અજ્ઞાનભાવ ખતમ થાય. પૂર્વે કહ્યું હતું તેમ દીવાથી અંધારું જાય તેમ.

આ જ્ઞાનભાવ સ્વરૂપ આરાધકભાવ એ નવપદમાંનું સાતમું સમ્યગ્જ્ઞાન પદ જ છે એટલે આપણે આ અંગે વિશેષ વિચાર નહિ કરીએ.

## (૩) ઉપાધ્યાય-સ્વરૂપ

જિનશાસનની ચોફેર પ્રભાવના કરતાં આચાર્ય-ભગવંતોની જિનવાણીગર્ભિત દેશના સાંભળીને જે મુમુક્ષુઓ દીક્ષા લે તેમને અધ્યયન વગેરે કરાવવાની જવાબદારી વૃષભો, સ્થવિરો અને ઉપાધ્યાયોના માથે છે. તેઓ જ મુખ્યત્વે દીક્ષિતોને વાચનાનું અને વાત્સલ્યનું અનુપમ દાન કરીને મુનિ-જીવનમાં તેમને સ્થિર કરે છે અને તેમનો દૈનંદિન વર્ધમાન વિકાસ સાધે છે. બને ત્યાં સુધી આચાર્ય ભગવંતોના માથે આ જવાબદારી વિશેષરૂપે આવતી નથી.

વિશેષઆવશ્યકકારે ઉપાધ્યાયજીનો મુખ્ય ગુણ વિનય જણાવેલ છે. તેઓ

પોતાના ગુરુ ઉપરના વિશિષ્ટતમ વિનયભાવને ધારણ કરે છે. એ જોઈને તમામ સાધુઓ વિનીત બને છે. વિનય ગુણને જીવનમાં ઉતારીને સાધુઓને વિનીત બનાવવાનું કાર્ય એ જ વાસ્તવિક કાર્ય છે. માત્ર ઉપદેશ નહિ પરન્તુ જીવનમાં જ તેનું આચરણ.

તેઓ સદા અધ્યાય (પઠન-પાઠન સ્વરૂપ)ની નજીકમાં (ઉપ) જ રહે માટે તેમને ઉપાધ્યાય કહેવામાં આવે છે.

જેમ અરિહંતના મુખ્ય બાર ગુણ છે, સિદ્ધના એકત્રીસ ગુણ છે, આચાર્યના છત્રીસ ગુણ છે, સાધુના સત્યાવીસ ગુણ છે તેમ ઉપાધ્યાયના પચ્ચીસ ગુણ કહ્યા છે.

ઉપાધ્યાય એટલે અપ્રમત્તભાવે સ્વાધ્યાયના આરાધક એવા ગીતાર્થ-સંવિગ્ન મહાત્માઓ. એમનું જીવન સ્વાધ્યાયમય હોય. તેઓ તમામ દીક્ષિતોના જીવનને સ્વાધ્યાય દ્વારા ભરી દઈને-નવરા ન પડવા દેવા દ્વારા- સુરક્ષિત રાખતા હોય.

આચાર્ય ભગવંતોની જિનશાસનની પ્રભાવનામાં અત્યન્ત વિશિષ્ટ પૂરક-તત્વ તરીકેનું તેમનું સ્થાન છે. તેઓ સહુના આશ્રયદાતા હોવાથી વૃક્ષ જેવા છે. આથી જ તેમનો વર્ણ વૃક્ષવત્ લીલો છે.

જો આચાર્યને આપણે સાધુઓના પિતા કહીએ તો ઉપાધ્યાયને તેમની મા કહેવા જોઈએ. દીક્ષા આપવાનું કામ ભલે આચાર્ય કરે પરન્તુ દીક્ષિતને સંભાળવાનું ઘણું મહત્વનું કામ ઉપાધ્યાય કરે છે. હા, વૃષભો, સ્થવિરો, પ્રવર્તકો વગેરેની સહાય લઈને પણ.

ક્યા સાધુનો કેવી રીતે જીવનવિકાસ શક્ય છે ? તે નક્કી કરવાનું ખૂબ કપરું કામ તેઓ કરે છે. કોઈ ઘોડો લગામ ઢીલી મૂકવાથી દોડે છે, કોઈ ઘોડો લગામ ખેંચવાથી દોડતો હોય છે. ક્યા સાધુ માટે શું કરવું ? એ અંગેની બુદ્ધિ ઉપાધ્યાય ભગવંતોમાં તીવ્રપણે હોય છે. તેઓ ભીમ બનીને પણ સાધુનો જીવનવિકાસ કરે, ક્યારેક કાન્ત બનીને પણ જીવનવિકાસ કરે.

જિનશાસનના શણગાર એવા ઉપાધ્યાય ભગવંતો છે.

બુદ્ધિ તો ઘણા બધા પાસે હશે પણ શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિ તો કોક વિરલ પાસે જ હોય છે. આવી જ દીક્ષિત વ્યક્તિઓ ઉપાધ્યાય પદ માટે લાયક હોય

છે. અહીં માત્ર સ્વતઃ મોક્ષારાધન કરવાનું નથી પરન્તુ અનેકોને આ આરાધનાના માર્ગે ચાલતા, દોડતા કરી મૂકવાના છે. આ કાર્ય જરાક પણ નાનુંસૂનું નથી. જબરદસ્ત પુણ્યની સાથે જબરદસ્ત શુદ્ધિનું બળ પણ આ પદ માટે અત્યન્ત આવશ્યક બની રહે છે.

સ્વાધ્યાયમાં સાધુઓને લીન રાખીને જ તેમને વિષય-કષાયની પરિણતિથી અલીન-અદીન રાખી શકાય. જે ગ્રુપમાં સ્વાધ્યાય નથી, જે ગ્રુપમાં વ્યવહારથી કે નિશ્ચયથી જેમને ઉપાધ્યાય કહી શકાય તેવી કોઈ વ્યક્તિ નથી તે ગ્રુપમાં ભલે કદાચ આચાર્ય હોય તો પણ તે ગ્રુપના સાધુઓને સંયમમાર્ગમાં સીદાવવાની શક્યતા ઘણી વધુ રહે છે.

વિનયની અને સ્વાધ્યાયની ટોચ ઉપર જ સ્વયં રહેતા ઉપાધ્યાય દ્વારા સાધુઓ વિનય અને સ્વાધ્યાયને જીવનમાં આત્મસાત્ કરી લે તેમાં કાંઈ નવાઈ નથી.

## (૪-૫) ઉપાધ્યાયની શરણાગતિ અને તેમના (ગુણાનુવાદ કરતાં) ભક્તજનો

જ્યારે ઉપાધ્યાયપદને આપણે યાદ કરીએ ત્યારે તરત જ જિનશાસનમાં થએલા કેટલાક વિરલ કક્ષાના ઉપાધ્યાય-ભગવંતો આપણને યાદ આવે. આપણે તેમને વંદના કરવા દ્વારા તેમનું શરણ સ્વીકારીએ. તેમનો ગુણાનુવાદ કરતાં ભક્તજન બનીએ.

ઉપાધ્યાય ભાનુચન્દ્રજી અને ઉપાધ્યાય શાન્તિચન્દ્રજી એ પૂજ્ય હીરસૂરિજી મહારાજાના સમયના મહાન શાસનપ્રભાવક ઉપાધ્યાયો હતા. ક્રમશઃ જબરદસ્ત આરાધક અને ગીતાર્થ હતા.

ઉપાધ્યાય ઉદયરત્નજી મહાન્ કવિરત્ન અને સૂક્ષ્મના સ્વામી હતા, જેમની પ્રાર્થના માત્રથી ઠાકુરે બંધ કરેલા શંખેશ્વરા પાર્શ્વનાથ પ્રભુજીના જિનાલયના દ્વાર કડાકા કરતાં ઊઘડી ગયા હતા.

ઉપાધ્યાયતુલ્ય પંન્યાસજી સિદ્ધિચન્દ્રજી શાહજહાંના કુટુંબના ગુરૂ હતા. રોજ ઉપદેશદાન કરતા હતા. તેમના સૌન્દર્યથી મોહિત બનેલી શાહજાદીની અનુચિત માંગણીની ઘોર અવગણના કરવા સાથે ઠુકરાવી દીધી હતી! રાજ્યના

માન-સન્માનનો ત્યાગ કરી તેઓ ચાલી ગયા હતા !

ઉપાધ્યાય-ભગવંતોમાં શિરમોર સ્થાને કોઈનું સ્મરણ થતું હોય તો તે મહોપાધ્યાય યશોવિજયજી મહારાજાનું છે. તેમનું પાંડિત્ય અપૂર્વ હતું. તેમની કવિશક્તિ બેનમૂન હતી. ઉત્સૂત્રોની સામે પ્રચંડ પડકાર ફેંકવાની તેમની નીડરતા આશ્ચર્યજનક હતી. યતિસંસ્થાના શિથીલાચારોની સામે અને મૂર્તિપૂજાના ખંડન સામે તો તેઓ જોરદાર બળથી ત્રાટક્યા હતા.

પાંચ ઓષ્ઠ્ય અક્ષરોનો ઉપયોગ કર્યા વિના વાદ કરીને પંડિતને હરાવવો, કાશીના પંડિતોને હરાવીને કાશીની વિશ્વવ્યાપી આબરૂના લીરા ઉડાડતાં પંડિતને થોડીક જ પળોમાં મહાત કરવો, રોજ નિતનવા સ્તવન-સજ્ઝાયોનું સર્જન કરીને પ્રતિક્રમણમાં બોલવા, તાજી વિદ્યા ભણીને ઉત્પન્ન થએલા ગર્વના વડીલગુરુની માત્ર એક જ ટકોરમાં ચૂરેચૂરા કરી નાંખવા, લેખનની ધારાને અતૂટ રાખવામાં ઘણી બધી વખત સાંજનું પાણી પણ વાપરવાનું રહી જવું... વગેરે અઢળક વિશિષ્ટતાઓના સ્વામી આ શિષ્ટતમ સાધુરત્નની ક્યા શબ્દોમાં અનુમોદના કરવી ?

બસ, માત્ર એ લઘુ હરિભદ્રને કોટિ કોટિ વંદન કરીને જ વિરમું છું. આ મહાપુરુષની શક્તિઓના પગે પણ બેસી શકે એવા મહાપુરુષ એમની પછી આજ સુધીમાં કોઈ થયા જણાતા નથી.

# (૧૦) સાધુપદ

## (૧) વિરાધકભાવ : અસહિષ્ણુતાદિ

નિષ્ઠુરપરિણતિ સ્વરૂપ મૂળ વિરાધકભાવનો પાંચમો વિરાધકભાવ છે અસહિષ્ણુતા.

અસહિષ્ણુતા એકલી નથી પરન્તુ તેની સાથે સ્વાર્થિતા, કુટિલતા અને સ્વચ્છંદતા પણ એકબીજા સાથે ચોંટીને જોડાયેલા રહે છે. છતાં આમાં સૌથી મોટો દોષ અસહિષ્ણુતા જ છે. પોતાના જીવનના કે પોતાના કૌટુમ્બિક જીવનના સુખ અને શાંતિનો નાશ કરનારા દોષો આમ તો ઘણા બધા છે પરન્તુ તેમાં ખૂંખાર દોષ અસહિષ્ણુતા છે.

જો માણસ સહન કરવાની-વધુ ને વધુ સહન કરવાની-શક્તિ કેળવે તો થોડીક ધીરજને અન્તે તેનું પરિણામ ઘણું સારું જોવા મળે.

આખા ય કૌરવકુળમાં આ દોષે જ આગ લગાડી દીધી ! આજે પણ લાખો કુટુંબોને આ જ દોષે આગ લગાડી છે. ખાસ કરીને સાસુ-વહુની અસહિષ્ણુતા વ્યાપકપણે જોવા મળતી હોય છે.

આપણે એમ જ સમજતા હોઈએ છીએ કે સહવાની વસ્તુ માત્ર દુઃખ છે. ના, જેમ દુઃખ સહવાનું છે તેમ સુખ સહવાનું છે, બીજાના કડવા વેણ સહવાના છે, બીજાના વિચારોને સહવાના છે. આ દુઃખ, સુખ, વેણ અને વિચારોને સહવાનું કાર્ય ઉત્તરોત્તર વધુ ને વધુ કઠિન બને છે.

જો કે શરીર વગેરેના રોગાદિ દુઃખોને સહવા એ ખૂબ જ કઠિન કામ છે, છતાં હજી દુઃખોને તો સહી જવાશે પરન્તુ સુખને સહેવું એ તો ખૂબ જ કઠિન કામ છે.

દુઃખ સહેવું એટલે દુઃખમાં ડગી ન જવું, હાયવોય ન કરવી, દીનતા ન કરવી.

સુખને સહેવું એટલે આવી મળેલા સુખમાં છકી ન જવું, પાગલ જેવા થઈ ન જવું, લીનતા નહિ લાવવી.

હજી દુઃખ અને સુખ બે ય સહેવાય જો દુઃખે હિંમત ન હારીએ અને સુખે છકી ન જઈએ તો... પણ બીજાના કડવા વેણ સહેવા એ તો બહુ મુશ્કેલ કામ

છે. પેલા કવિએ ખરું ગાયું છે કે, "કડવા કારેલાના ગુણ ન હોય કડવા, કડવા વચન ન હોય કડવા હો રે..." પણ અવસર આવે છે ત્યારે આવા કટૂ વચનો ખમી લેનાર જીવો વિરલ હોય છે.

શબ્દની તાકાત કેટલી પ્રચંડ છે એ જોવું હોય તો કોઈને કડવા ઝેર વચન કહી જોશો ત્યારે ખબર પડશે. સાસુના  કે પતિના કટૂ વચનો ઉપર લાખો વહુઓ ઘાસલેટ છાંટી લઈને સળગી મરી છે.

કટૂ વેણથી પણ વધુ શક્તિ બીજાઓના આપણાથી વિરૂદ્ધ જણાતાં વિચારો (કે અભિપ્રાયો) ને સહન કરવામાં જોઈતી હોય છે. સામાન્ય રીતે જે શક્તિશાળી માણસ હોય છે તેનામાં તેને શક્તિનું અજીર્ણ-અહંકાર (જો ગુરુકૃપા ન પામ્યો હોય તો) પેદા થાય છે. આવા અહંકારને કારણે તે માણસ પોતાનાથી વિરુદ્ધ જતાં વિચારોને સહન કરવા માટે ધરાર કાયર હોય છે. આથી તે તેની સામે પડે છે, ઈર્ષ્યા કરે છે, તેને સમાજ વગેરે માંથી ખતમ કરી નાંખવા વગેરે સુધીના પ્રયત્નો કરે છે. આ બધું બિલકુલ બરોબર નથી. માણસે બીજાઓના વિચારોને પણ તે લોકોના દૃષ્ટિકોણથી વિચારવા જોઈએ, તેમને ન્યાય આપવો જોઈએ.

જૈનદર્શને તો આ સહિષ્ણુતા કેળવવા માટે સ્યાદ્વાદ આપ્યો છે. આ વાદ ગમે તેવા સંઘર્ષોને જડબેસલાક મીટાવી દેવાને સમર્થ છે. એ હંમેશ એક જ વાત કરે છે કે, "તમે બીજાના વિચારોને પણ વિચારો, ધડ કરતાં એનો ધિક્કાર ન કરો."

આ ચાર દુઃખ, સુખ, વેણ અને વિચારને જેઓ સહન કરી શકતા નથી તે સ્ત્રીઓ સાસરે જાય તો ત્યાં સુખી થતી નથી, સાધુ થાય તો ધરાર નિષ્ફળ જાય છે, ધંધા વગેરેમાં નાસીપાસ થાય છે.

આ અસહિષ્ણુતાની સાથે ત્રણ દોષો ચોંટેલા છે : સ્વાર્થતા, કુટિલતા અને સ્વચ્છંદતા. આ ત્રણે ય દોષો અત્યન્ત ખતરનાક છે.

સ્વાર્થભાવ લગીરે સારો નથી. આખું જગત જ્યારે વિવિધ દુઃખોથી પીડાતું હોય, પાપોથી બરબાદ થતું હોય ત્યારે માણસ તો તે કહેવાય જે તેવાઓની મદદે દોડી જાય, સહુને સહાયક બને. જીવમાત્રને સહાયક બનવું એ દુઃખમય જગત્‌ની સૌથી મોટી જરૂરીઆત છે.

સ્વાર્થી માણસો હૈયાના કપટી (કુટીલ) બન્યા વિના રહેતા નથી. તેમના

મન કપટી બની જાય છે. તેઓ ઘણું બધું છુપાવતા હોય છે. આથી તેઓ કોઈની સાથે હળીમળી શકતા નથી. જીવ જો જીવને ન ચાહે તો તેનો જન્મારો એળે ગયો !

આવા જીવો સ્વચ્છંદી પણ હોય છે. તેઓ કોઈને પણ આધીન થઈને - સમર્પિત બનીને-રહી શકતા નથી. બેફામપણે જીવન જીવવું એ જ તેમની મનઃકામના હોય છે. આવા માણસોના જીવનનો વિકાસ સંભવિત નથી, કેમકે તેમને બે સારી-મીઠી શિખામણ કોઈ દઈ શકતું નથી.

જીવનમાં બધું મળે પણ જો કલ્યાણમિત્ર ન મળે તો એ જીવન અંધકારમય બની જાય છે. એકલા ધનથી શું થાય, જો કોઈ સારો મિત્ર ન હોય તો ?

અનાદિકાળના કુસંસ્કારોના જોરને લીધે બધા જીવો સામાન્યતઃ કોઈને કોઈ દોષમાં સપડાયેલાં હોય છે. આવા વખતે કોઈની શીખ સાંભળવાની તૈયારી હોવી જોઈએ. જેઓ સ્વચ્છંદી છે તેમની પાસે આ વાતનું સૌભાગ્ય હોતું નથી !

અસહિષ્ણુતા, સ્વાર્થતા, કુટિલતા અને સ્વચ્છંદતાની આ ચંડાળ ચોકડી કોઈ પણ માણસના કે મુનિના જીવનને ધૂળ કરી નાંખે છે. આમાંનો એકાદ પણ દોષ જીવનને સાફ કરી નાંખે છે. તે જીવના આલોક અને પરલોક બે ય બગાડે છે.

વિનયરત્ન સાધુ કેટલી હદે કુટિલ હતો ! બાર વર્ષ સુધી એણે પોતાના ક્રૂર મનોભાવ કોઈને કળવા દીધા નહિ.

જેણે મોક્ષ પામવો હોય તેણે ધર્મ પામવો જોઈએ. ધર્મ તો માત્ર સરળ હૈયામાં જ સ્થિર થઈને આત્માનું શુદ્ધીકરણ કરે છે.

દત્તમુનિ અને કૂલવાલક મુનિ કેટલા બધા સ્વચ્છંદી હતા ! બન્નેના મન કેવા ખૂંખાર હતા ! વડીલો પ્રત્યે તેઓ કેટલા બધા ઉદ્ધત હતા ?

પોતાને જે ગરમ રાબ પીવી હતી તે દાઢના દુઃખાવાના કારણે ગુરુ વાપરી ગયા એમાં તો તે સ્વાર્થી સાધુ કેટલો બધો ક્રોધે ભરાયો ? એથી ગુરૂ ડરી ગયા અને નાસી ગયા ! અન્ય સમુદાયમાં જઈને અનશન કરીને ટૂંકા દિવસોમાં દેવલોક પણ થઈ ગયા !

સો વાતની એક વાત કે અસહિષ્ણુતાદિની ચોકડી ખરેખર ચંડાળની ઉપમાને લાયક છે. એ ઘણો ભયાનક વિરાધકભાવ છે.

## (૨) આરાધકભાવ : સહિષ્ણુતાદિ

આજ્ઞાબહુમાનરૂપ મુખ્ય એક આરાધકભાવમાં જે પાંચમો આરાધકભાવ છે તે સહિષ્ણુતાદિ સ્વરૂપ છે. જેમ અસહિષ્ણુતાદિ વિરાધકભાવોથી સાધુ શૂન્ય છે તેમ સહિષ્ણુતાદિ આરાધકભાવથી સાધુ પૂર્ણ છે.

મુનિજીવનની સફળતાના મૂળમાં જે સૌથી મુખ્ય કારણ છે તે પ્રતિકૂળતાઓ કે અનુકૂળતાઓને સહન કરવાની શક્તિ છે.

પૂર્વે કહ્યું તેમ સહુએ-જેણે પણ સુખી થવું હોય તે તમામ સાધુઓએ કે સંસારીઓએ-ચાર વસ્તુ સહવી જ પડશે : દુઃખ સહવું (શ્રેણિકની જેમ, કારાવાસમાં), સુખ સહવું (ભરતચક્રીની જેમ સંસારવાસમાં), કટૂ વેણ સહવા (મૃગાવતીજીની જેમ સાધ્વી-જીવનમાં) અને બીજાના વિચારોને સહવા (સ્યાદ્વાદી : શ્રેષ્ઠ જન બનીને).

ના, સહ્યા વિના તો ચાલે જ નહિ. એમાં ય જે 'મોટા' છે; સમાજમાં, કુટુંબમાં કે રાજકારણાદિમાં તે તમામે તો વિશેષ સહવાનું છે. જે મોટા (!) કહેવાતા પુરુષો નાનાઓની આડાઈ, લુચ્ચાઈ કે ક્ષતિઓને સહી શકતા નથી, સામો પડકાર કરે છે તેઓ ખરા અર્થમાં તો 'મોટા' કહેવાને લાયક નથી. 'નાના' બનીને જ મોટા બની શકાય.

બાજરીના વડાને 'વડા' બનવામાં કેટલી બધી ઉગ્ર પ્રક્રિયાઓમાંથી પસાર થવું પડે છે ? તે એમ ને એમ કાંઈ થોડા 'વડા' બની શકાય છે ?

કબીર મહાન્ બન્યા હતા પણ તે પૂર્વે તેમણે હિન્દુઓ અને મુસલમાનો બન્ને તરફથી કેટલું સહેવું પડ્યું હતું ?

સુવર્ણને નિર્મળ થવા માટે અગ્નિમાં કેટલું બધું સહેવું પડે છે ?

તુકારામ કે ટોલસ્ટોય ઘણા મહાન ચિન્તકો બન્યા પણ ખરેખર તો તેમાં મોટો ફાળો તેમની તોફાની પત્નીઓનો જ હતો, જેમણે સહન કરવાની તેમને ફરજ પાડી હતી !

પોતાના સર્કલમાં સહન કરવાની સ્પર્ધા થવી જોઈએ. ભૂલ કબૂલી લેવામાં હોડ બકવી જોઈએ.

એક ગામમાં બધા લોકો પોતાની મોટાઈ દેખાડવા ખાતર બીજાઓ સાથે લડતા હતા. દરેક જણ પોતાને સવા શેર માનતો હતો. તે ગામમાં કોઈ સંત પુરુષ આવ્યા. તેમણે બધાને ભેગા કરીને એક વાત કરી કે, 'જે બે જણામાં બીજાને પહેલો નમસ્કાર કરે તે મોટો.' સરળ દિલના તે માણસોએ આ વાત પકડી લીધી ! પોતાની સામેનો માણસ પહેલો નમસ્કાર કરી ન દે એટલે ખૂબ ઝડપથી પોતે જ સામાને નમી જવા લાગ્યો ! હા, તેમ કરીને તેને થવું હતું તો મોટા જ. પણ આવી મોટા થવાની રમતે ગામમાંથી સંઘર્ષનો નાશ કરી નાંખ્યો. સહુ પહેલાં નમવાની હોડમાં પડી ગયા !

જેની આ તાકાત નથી એ કદી મોટો બની શકતો નથી. માત્ર વય, વડીલપણું વગેરે દૃષ્ટિકોણની મોટાઈ અર્થહીન છે. સાચી મોટાઈ નાના બનીને રહેવામાં છે. તે માટે જેટલું સહન કરવું પડે તેટલું સહન કરવામાં છે.

જીવનમાં સહિષ્ણુતા ગુણ આવે એટલે પૂર્વે જણાવ્યું તેમ બીજા ત્રણ ગુણ તરત જ આવે, કેમકે એ ત્રણ ગુણો સહિષ્ણુતા-ગુણને ચોંટીને રહેલા છે.

**(૧) પરાર્થતા (સહાયક્તા)**
**(૨) સરળતા (અ-કુટિલતા)**
**(૩) સમર્પણભાવ (અ-સ્વચ્છંદતા)**

બીજા વિશ્વયુદ્ધમાં જાપાન અને રશીઆના સૈન્ય વચ્ચે ખૂંખાર જંગ ખેલાયો. બે ય પક્ષે પુષ્કળ ખુવારી થઈ. રાત્રિના સમયે એક રશીયન સૈનિક એ જ રણભૂમિ ઉપર ફરતો હતો ત્યારે તેને કોઈ જાપાનીઝ સૈનિકને કણસતો અને કાંઈક લવારા કરતો જોયો. તેને દયા આવી. તેની પાસે જઈને તેને પાણી પાયું. પેલા જાપાનીઝ સૈનિકે થોથરાતે સ્વરે તેને કહ્યું, "મારા ખિસ્સામાં એક ડાયરી છે. મારા વહાલા કુટુંબીજનોને તે ડાયરી ગમે તેમ કરીને જાપાન પહોંચાડજો. તેમાં સરનામું વગેરે બધું લખેલ છે."

પેલો રશીયન સૈનિક અત્યન્ત પરગજુ હતો. તેણે તેને તેમ કરવાનું વચન આપ્યું. જાપાનીઝ સૈનિકે છેલ્લા શ્વાસ આનંદથી છોડ્યા. રશીયન સૈનિકે ડાયરીમાંથી મળેલા સરનામે તરત તેને ઘેર વિગતવાર પત્ર લખ્યો. છેલ્લે લખ્યું કે, "આ ડાયરી લઈને જૂનની દસમી તારીખે હું તમારે ગામ આવી પહોંચીશ."

પંથ કાપવામાં પુષ્કળ હેરાનગતિ ભોગવીને પણ તે રશીયન સૈનિક જાપાન

પહોંચ્યો. તે ગામે સમયસર પહોંચ્યો. દૂરથી તેણે જોયું તો ગામના તમામ માણસો તેનું સ્વાગત કરવા માટે ગામની બહાર હારતોરા સાથે આવી ઉભા હતા. મૌન રહીને, અશ્રુભીની આંખે સહુએ તેનું સ્વાગત કર્યું. તે કુટુંબીજનો પોતાને ઘેર લઈ ગયા. તેનો ભોજનાદિ સત્કારવિધિ પત્યા બાદ તે મરણ પામેલા સૈનિકની ડાયરી તેણે તેના વૃદ્ધ પિતાના હાથમાં આપી !

એ વખતે એટલી બધી નિઃસ્તબ્ધતા હતી, ડાયરી વાંચવાની-ખાસ કરીને છેલ્લા પાના વાંચવાની-સહુને એટલી બધી ઉત્સુકતા હતી કે જેની હદ નહિ. એ રોજનીશી હતી. મરવાના ત્રણ કલાક પૂર્વે ધ્રૂજતે હાથે છેલ્લા લખાયેલા શબ્દો, છેલ્લો સંદેશ, છેલ્લી અપેક્ષા વગેરે તેમાં વિમાનના બ્લેક બોક્સની જેમ કંડારાએલા હતા.

એ વાંચતા કેવું આક્રંદમય વાતાવરણ બનશે તેની કલ્પનાથી ધ્રૂજી ઉઠેલા મહેમાને સહુ પાસેથી વિદાય લઈ લીધી ! સાચે જ છેલ્લેથી એકેકું પાનું વાંચતા સહુની આંખો ચોધાર રડતી રહી.

આવી સહાયકતા-પરાર્થતા-પ્રત્યેક માનવમાં આવવી જોઈએ. જે આવો પરગજુ નથી તે માણસ જ નથી.

સહાયકતા સાથે ચોંટેલો ગુણ છે, સરળતા.

માષતુષ મુનિ કેટલા બધા સરળ હતા ? ચિલાતી કેવો કાતીલ ખૂની હતો ? છતાં મુનિના ત્રણ જ શબ્દો સાંભળીને જીવન-પરિવર્તન કરી દેવા માટેની સરળતા પણ તેનામાં કેટલી બધી હતી ? કેવા તે સુલભબોધિ હતા ? (સનત્-ચક્રીની જેમ)

રમણ મહર્ષિ પણ ખૂબ સરળ હતા. પોતે કોઈ ચમત્કાર કર્યો ન હતો છતાં લોકોએ વગર બારણું ખોલ્યે બહાર નીકળ્યાની તેમની વાતનો ચમત્કાર જાહેર કર્યો તો તેમણે ખુલાસો આપ્યો કે, "મેં બારણાની તીરાડમાં હાથ નાંખીને બહારથી વાંસેલી કડી ખોલી નાંખી અને હું બહાર નીકળ્યો. વળી તે કડી ચડાવી દીધી અને હું ફરવા નીકળ્યો. આમાં મેં કશો ચમત્કાર કર્યો નથી !"

જેણે મન, વચન, કાયાથી આખા મુનિજીવનકાળમાં માત્ર બહુ સામાન્ય કહેવાય તેવી-એકેકી-ભૂલ કરી હતી, તે પણ તેમણે કોઈ વિશિષ્ટ કોટિના શ્રાવકે પૂછતાં તરત જણાવી હતી ! કેટલી જબરી હાર્દિક સરળતા !

સહિષ્ણુતાને વળગીને રહેલો છેલ્લો ગુણ છે, સમર્પણભાવ.

અસહિષ્ણુ લોકો સ્વચ્છંદી હોય છે તો સહિષ્ણુ લોકો સમર્પિત હોય છે, કેમકે તેમની સહનશક્તિને કારણે તેઓ (વડિલોને) બીજાને સમર્પિત બનીને ગમે તેવા તેમની તરફના દુઃખોને સહી શકે છે.

પત્નીએ પતિને સમર્પિત રહેવું જોઈએ.
શિષ્યે ગુરુને સમર્પિત રહેવું જોઈએ.
સંતાનોએ માબાપને સમર્પિત રહેવું જોઈએ.
વહુએ સાસુને સમર્પિત રહેવું જોઈએ.
નોકરે શેઠને સમર્પિત રહેવું જોઈએ.

આ માટે બધાએ ખૂબ સહિષ્ણુ બનવું જ પડે, કેમકે વડીલો તરફનો જે માર ખાવાનો આવે તે સહનશક્તિ વિના તો હસતે મોંએ ખમી શકાય તેમ નથી.

મયણા, એકલવ્ય, કુણાલ, ઉર્મિલા (લક્ષ્મણની પત્ની) વગેરે કેવા સહિષ્ણુ હતા ! માટે જ કેવા સમર્પિત હતા !

## (૩) સાધુ-સ્વરૂપ

પોતાની જેટલી શક્તિ પહોંચે તે જિનાજ્ઞાના પાલનમાં વાપરે અને તે સિવાયની તમામ જિનાજ્ઞાઓનો જે કટ્ટર પક્ષપાતી હોય તે સાધુ કહેવાય.

જેણે ઘરબાર છોડ્યા હોય, જેનો વૈરાગ્ય જ્ઞાનગર્ભિત હોય, જેને વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વરદેવો અને એમનું શાસન તથા તેના તમામ અંગો અત્યન્ત વહાલાં લાગતા હોય, તેમને જે સદા ભાવભરી વંદનાઓ અર્પતો હોય તે સાધુ કહેવાય. તેના સત્યાવીસ ગુણો કહ્યા છે.

વિશેષાવશ્યકકારશ્રીએ તેનો મુખ્ય ગુણ સહાયકતા કહ્યો છે. સાધુ અન્ય સાધુઓને સહાયક થાય જ, જો તેમ ન બને તો તે સાધુ 'સાધુ' ન કહેવાય.

વળી સાધુમાં સહનશક્તિ પણ તીવ્ર હોય. આ વાત જણાવવા માટે જ તેને 'સાહુ' કહેવાયો છે.

વળી જિનાજ્ઞાનો તે કટ્ટર સાધક હોવાથી 'સાધુ' કહેવાય.

જેનામાં સર્વસત્વહિતાશય હોય તે 'સાધુ' કહેવાય.

જે દેવ-ગુરુનો પરમભક્ત હોય, જીવમાત્રનો જે ભારે મિત્ર હોય અને બ્રહ્મચર્યાદિના પાલનથી જે અત્યન્ત પવિત્ર રહેતો હોય. હા, ક્યારેક દોષ લાગી જાય તો તે તરત સૂક્ષ્મ આલોચના કરીને શુદ્ધ બની જતો હોય તે સાધુ કહેવાય.

ભક્તિ, મૈત્રી અને શુદ્ધિનો ત્રિવેણીસંગમ બનેલાં સાધુમાં સ્વપરનું હિત કરવાનું શૌર્ય હોય. જિનશાસનના ઋણમાંથી મુક્ત થવા માટે કશુંક પરહિત કરી દેવા માટે તે સતત તલસતો હોય. તેવી તકોને તે શોધતો હોય.

સાધુનું જે સામાયિક છે તે સર્વવિરતિ-સામાયિક છે. એ સામાયિકભાવની તાકાત અપ્રતીમ છે. તે પ્રચંડ પુણ્યનું જનક છે અને પ્રચંડ વિશુદ્ધિનું કારક છે. એ પુણ્યનો ઉદય પરજીવોને પણ લાભદાયી બને છે. એ વિશુદ્ધિ સ્વને માટે અત્યન્ત ઉપકારક બને છે. આવી વિશુદ્ધિ સાથેનું પુણ્ય પુણ્યાનુબંધી પુણ્ય કહેવાય છે, જે વિરલ આત્માઓને જ પ્રાપ્ત થાય છે.

વિશ્વમાત્રનું કલ્યાણ કરવાની ભાવનાને સાર્થક કરવા માટે તારક તીર્થંકરદેવોના તમામ તારક આત્માઓ છેલ્લેથી ત્રીજા ભવે આ સર્વવિરતિસામાયિકભાવ સ્વીકારતા હોય છે. છેલ્લા ભવે પણ આ જ સામાયિકભાવ દ્વારા સર્વકલ્યાણની શક્તિ -વીતરાગતાદિ-ને હાંસલ કરતા હોય છે. કોઈ આદિનાથ ભગવંત જેવા એક હજાર વર્ષે વીતરાગ-તીર્થંકર બન્યા, કોઈ વીર-વિભુ જેવા સાડા બાર વર્ષે તે સ્થિતિ પામ્યા તો કોઈ મલ્લિનાથ ભગવંત જેવા ચાર જ પ્રહરમાં પરમ પદ પ્રાપ્ત કરી ગયા ! જેવી જેની ભવિતવ્યતા ! કર્મોની સ્થિતિ !

વર્ત્તમાનમાં જૈન-સાધુઓ થોડુંક પણ ઉત્કૃષ્ટ ત્યાગમય, તપોમય કઠોર જીવન જીવે છે તો તેના પ્રતાપે ભોગી જગત્‌માં થોડોક પણ ધર્મ ટક્યો છે. જો શ્રમણ-સંસ્થામાં શિથિલતા આવશે તો ભોગ-જગત્ ભોગાન્ધ બની જશે, નાસ્તિક બની જશે. જેમ જેમ ભોગીઓ વધુ ને વધુ ભોગરસિક બનતા જશે તેમ તેમ તેમને ધર્મ પમાડવા માટે શ્રમણ-સંસ્થાએ વધુ ને વધુ કઠોર સંયમના પાલક બનવું પડશે. પણ આને બદલે જો તેઓ જ વધુ ને વધુ શિથિલ થતાં જશે તો ભોગીઓની ભોગસુખોની તીવ્રતા તેની બધી મર્યાદાઓ વટાવી જશે.

સાધુ સંયમી હોવો જ જોઈએ, વિદ્વાન કે વ્યાખ્યાનકાર ન હોય તો હજી ચાલે.હા, તેવો પણ હોય તો તેના વડે વિશેષ લાભ થાય ખરો, પણ સંયમધર્મની

કટ્ટરતા વિનાનો સાધુ તો સત્યાનાશ વાળે.

સૈનિક શૂરવીર તો હોવો જ જોઈએ. તે ગવૈયો ન હોય તો આરામથી ચાલે.

હાલમાં સાધુ-સંસ્થામાં વિદ્વત્તાનો પવન (ક્રેઝ) ફૂંકાયો છે. લોકોને વિદ્વાન વ્યાખ્યાનકારોની આવશ્યકતા વધુ જણાય છે. તે સંયમી છે કે નહિ ? તે અંગે સંઘોને ઝાઝી ચિંતા જણાતી નથી. આના ખૂબ જ ખરાબ પરિણામો તેવા સંઘોને જોવા પણ મળે છે, પરન્તુ આ બાબતમાં કશુંક કરવાની લગન કોઈને જણાતી નથી.

ઈલાચી નટે સંયમી સાધુની સંયમભરપૂર વહોરવાની ક્રિયા જોઈ અને તેમાં આગળ વધતા નટના માંચડા ઉપર જ કૈવલ્યની પ્રાપ્તિ થઈ !

ઈર્યાસમિતિની ક્રિયામાં એકચિત્ત સાધુઓને જોઈને તામલી તાપસ સમ્યગ્દર્શન પામી ગયો !

ચંદનબાળાજીના મુખ ઉપરની અપૂર્વ સમતા જોઈને શેડૂવક ખેડૂત સંયમ પામી ગયો !

કોક મહામુનિની ધ્યાનસ્થ-મુદ્રા જોઈને તાજા પરણેલા વજબાહુએ સંયમના પંથે ડગ માંડી દીધું. નવોઢા મનોરમા વગેરેએ તેના પગલે પગલું દબાવ્યું.

હીરસૂરિજી મહારાજના કટ્ટર ચારિત્રપાલનથી જ બાદશાહ અકબર ધર્મ પામ્યો. છ છ માસનું અમારિ પ્રવર્તન સંભવિત બન્યું.

સાધુઓના ગ્રુપની ભાઈચારા વગેરેની એકેકી વાત એવી હોય કે જેને જોઈને ગૃહસ્થ લોકોને સાધુ બનવાનું મન થઈ જાય ! તેઓની આપસી સહાયકતા, પરાર્થતા, સરળતા, સમર્પિતતા, સહિષ્ણુતા વગેરે જોતાં જ ગૃહસ્થોની ભોગવૃત્તિઓ શાન્ત થઈ જાય.

એક જ શ્રેષ્ઠ કક્ષાનો સાધુ તેના સંયમધર્મના પ્રભાવમાત્રથી હજારો આત્માઓને ધર્મ પમાડી શકતો હોય છે. આની સામે કોરા વિદ્વાનો કે વ્યાખ્યાનકારોનું પરાર્થકરણ ઘણું વામણું હોય છે અને માત્ર ઉપરછલ્લું હોય છે. કાશ ! આજે તો એનો જ ભારે ક્રેઝ (પવન) ચાલ્યો છે ! આનાથી એટલું બધું નુકસાન થઈ ચૂક્યું છે કે જે હવેના સો વર્ષે પણ ભરપાઈ થઈ શકે તેમ નથી.

સાધુ વ્યવહારથી કટ્ટર-ક્રિયાકાંડી હોય, નિશ્ચયથી રાગાદિની કાતીલ પરિણતિઓનો ઉપશામક હોય.

આ બન્ને નયનું જેનામાં સંમિલન થયું હોય તે જ સાચો જૈન સાધુ કહેવાય.

હજી કારણવશાત્ ક્રિયાકાંડમાં ક્યાંક ઉત્તરગુણોમાં શિથીલતા ચલાવી શકાય, પણ રાગાદિની સંક્લિષ્ટ પરિણતિને ઉપાદેય માનતી વૃત્તિને તો એકાન્તે ચલાવી શકાય નહિ.

પરમાત્મા મહાવીરદેવે કોઈ કારણે ફ્રુટનો (મોસંબી વગેરેનો) રસ પીવાની પણ રજા (ઉત્સર્ગમાર્ગે તો બધા ફળોનો નિષેધ કરેલ છે.) આપી છે પરન્તુ તે રસ, રસથી (રાગથી) પીવાની રજા તો નથી જ આપી. આનો તો એકાન્તે નિષેધ કર્યો છે.

સાધુઓ માટે પરમાત્માનો એક જ એવો આદેશ છે કે જે એકાન્તે છે, નિરપવાદ છે, જે સંક્લિષ્ટ રાગાદિ પરિણતિઓને ઉપશાન્ત રાખવા સંબંધમાં છે.

વર્તમાનકાળમાં આ આદેશાત્મક વચનની તરફ કેટલાક શ્રમણોએ ધરાર ઉપેક્ષા કરી છે. હકીકતમાં આ ઉપશાન્તિ (કે તેનો પક્ષપાત) જ જિનશાસન છે. એને પમાડતી વ્યવહારનયની ક્રિયાઓ ઉપાદેય ગણાય છે. અન્ય તો સ્વર્ગાદિની પ્રાપક હોઈને હેય કક્ષામાં અન્તે ચાલી જાય છે.

વર્તમાનકાળમાં જેટલાએ શ્રમણધર્મ સ્વીકાર્યો છે તેટલા જ માત્ર જો વ્યવસ્થિત રીતે શ્રમણત્વનું પાલન કરીને સાચા અર્થમાં શ્રમણ બને તો જૈનસંઘનું તો ઠીક, પણ આખા વિશ્વનું હિત-સુખ, શાંતિ અને આબાદી હાથવગાં બની શકે તેમ છે.

ક્રોડો માનવતાવાદીઓ કરતાં લાખો જિનભક્તો ચડિઆતાં છે, તેમનાથી હજારો દેશવિરતિધરોની તાકાત ચડિઆતી છે, તેમનાથી સેંકડો સર્વવિરતિધરોની તાકાત અપરિમિત છે. હજારો લાખો લોકો સુધી જિનધર્મોનો સંદેશ માઈક વગેરે સ્થૂળ બળો દ્વારા વિશ્વમાં પહોંચાડવાની કશી જરૂર નથી. થોડાક જ સાધુઓ પૂરા સાધુઓ બની જાય તો તેમની સૂક્ષ્મની સાધનાજનિત પુણ્યાઈ અને તેમની શુદ્ધિ-આ બે જ બધું બરોબર કરી દેવાની જબરી તાકાત ધરાવે છે !

સબૂર ! આ માટે મદ, મદનાદિની તમામ પરિણતિઓની શાન્તિ ઉપલબ્ધ હોવી જોઈએ અને સર્વનું હિત હૈયે વસેલું હોવું જોઈએ.

ભોગરસિક જીવો માત્ર સાધુવેષ પહેરે તેથી કાંઈ થોડું જ સ્વપર-હિત સધાઈ જાય ?

પૂર્વે જણાવ્યું તેમ ધગધગતી ગરમીના સ્વામી સૂર્યશા એ આદર્શ શ્રમણ-શ્રમણીઓ છે જેમના આલંબનથી જ ૯૮।। ડીગ્રી જેટલી ગરમી પ્રાપ્ત કરીને ભોગીઓની દુનિયા પોતાનું ધર્મસંસ્કૃતિનું જીવન જીવવાનું સૌભાગ્ય પામી શકી છે.

જો જૈન શાસ્ત્રોનું સારી રીતે ચિંતન, મનન અને પરિશીલન થાય તો સાચા સાધુ થવું જરાય મુશ્કેલ જણાતું નથી. ઊલટું સંસારવાસ સેવવાનું જ મુશ્કેલ બની રહે છે. જૈન શાસ્ત્રોમાં સંસારની અસારતાનું એટલું બધું સ્પષ્ટ દર્શન કરાવ્યું છે કે તે પછી થોડોક પણ નિકટભવી જીવ સંસારમાં એક દિવસ માટે પણ થોભી શકે નહિ.

મુનિજીવનના સ્વીકાર વખતે જે સાવદ્ય-યોગોના નવકોટિ પચ્ચક્ખાણનું સૂત્ર-કરેમિ ભંતે-બોલાવાય છે તે જૈનદર્શનનું સર્વોત્કૃષ્ટ સૂત્ર છે. તે પ્રતિજ્ઞાથી જે જીવન જીવવાનું છે તે જગત્‌નું સર્વોત્કૃષ્ટ સુંદર જીવન છે.

જૈન ધર્મનો મુનિ એટલે કુદરતનું બીજું નામ. કુદરતને મુનિ જરાક પણ પજવે નહિ. ઝાડનું પાંદડું તોડે નહિ. ખળખળ વહી જતાં સરિતાના જળમાં પવાલું નાંખીને તેને ડીસ્ટર્બ કરે નહિ.

જે મળ્યો કુદરતી વાયુ તેનાથી જ ચલાવી લેવાનું; નહિ પંખો, નહિ એરકન્ડીશન રૂમ...

જે મળ્યું પ્રાસુક જળ તેનાથી જ નિભાવી લેવાનું; નહિ બરફ, નહિ રેફ્રીજરેટર, નહિ ઠંડા પીણાં.

એક પણ નયા પૈસા વિના જેની આખી જિંદગી જગત્‌ના બેતાજ બાદશાહની જેમ આરામથી અને આનંદથી પસાર થઈ જાય. રસોડા વિના તેનું પેટ ભરાય, ઘર વિના તેનું જીવન જીવાય. અઢાર વર્ણ વિના વિશ્વના કોઈપણ જીવને ન ચાલે અને આ જિનશાસનના શણગાર એવા અણગારને અઢારમાંના એકાદ-

મોચી, ઘાંચી, હજામ વગેરે કોઈની ય કદાપિ જરૂર ન પડે. કેવી કમાલ છે આ જૈન શ્રમણોની !

તરણતારણહાર દેવાધિદેવોએ મોક્ષ બતાડ્યો. તેનું વર્ણન જે સાંભળે તેને મોક્ષ પામવાની ચોક્કસ ઈચ્છા થઈ જાય. પણ જો તેમણે ત્યાં પહોંચવાનો માર્ગ બતાડ્યો ન હોત તો ? પણ આનંદો ! તેમણે મોક્ષમાર્ગ પણ-સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની આરાધનારૂપ-બતાડ્યો. આથી જ સંસારથી વિવિધ રીતે ભડકેલા-દુઃખોથી, પાપોથી, તેના સમ્યગ્જ્ઞાનબળથી-તમામ પુણ્યાત્માઓએ આ મોક્ષમાર્ગે ડગ માંડીને સ્વકલ્યાણ સાધી લીધું. શક્ય તેટલું પરકલ્યાણ પણ કર્યું.

મુખ્યત્વે આ સાધુપદ વ્યવહારપ્રધાન છે પરન્તુ તેમાં નિશ્ચયનું લક્ષ તો અત્યન્ત અનિવાર્ય છે. વ્યવહારનયના ક્રિયાદિપ્રધાન જીવનથી અશુભ નિમિત્તોનો અભાવ થઈ જવાની અતિ સુંદર ભૂમિકા તૈયાર થાય છે. પણ અહીં જો આના દ્વારા રાગ-દ્વેષની સંક્લિષ્ટ પરિણતિઓથી મોક્ષ પામવાનું લક્ષ જ ન હોય તો એવી અનંતી વ્યવહારનયની ધર્મક્રિયાઓ ભેગી થઈને પણ તે મોક્ષ પમાડી શકે તેમ નથી. આથી જ વ્યવહારનયના ઉત્કૃષ્ટ-ઘોર અને ઉગ્ર-તપોમય જીવનના સત્વ કરતાં આ મોક્ષના લક્ષની જૈનદર્શનમાં વધુ કિંમત છે.

લક્ષ વિનાનું સત્વ હોકાયન્ત્ર વિનાની સ્ટીમર જેવું છે, જે ગમે તે દિશામાં અથડાયા કરતું હોય છે.

એટલે વ્યવહારનય અને નિશ્ચયનય ઉભયાત્મક સાધુપદ છે. જેઓ માત્ર નિશ્ચયનયના સાધુત્વની વાત કરે છે તેઓને એ વાતની ખબર હોવી જોઈએ કે નિશ્ચય ત્રણ પ્રકારનો છે : હેતુ, સ્વરૂપ અને અનુબંધ.

તેમાં નિશ્ચયનો જે હેતુ હોય તે હેતુ-નિશ્ચય કહેવાય છે. નિશ્ચયનો હેતુ વ્યવહાર છે, કેમકે તે જ પૂર્વોક્ત નિમિત્તાભાવની-નિશ્ચયની પૂર્વભૂમિકા તૈયાર કરે છે.

રાગ-દ્વેષની પરિણતિઓનો નાશ એ તો સ્વરૂપનિશ્ચય છે. માત્ર તેને માનવાની વાત કરનારો એકાંત નિશ્ચયવાદી છે, જે જૈનદર્શનને જરાય માન્ય નથી. આ સ્વરૂપનિશ્ચયની સાથે હેતુ-નિશ્ચય (વ્યવહારનયનું જીવન) હોવો જ જોઈએ. એમ થાય તો જ અનુબંધ (મોક્ષફળપ્રાપ્તિ) નિશ્ચય સાધી શકાય.

નિશ્ચયવાદીઓએ હેતુ-નિશ્ચયને સ્વીકારવો જ જોઈએ, જે ખરેખર તો

વ્યવહારનયની ભૂમિકારૂપ છે.

વેષમાત્રના સાધુપદથી પૂર્વે જણાવ્યું તેમ ઘણા બધા-મોટી સંખ્યાના યોગ્ય આત્માઓ સાચા અર્થનું ભાવસાધુપણું પામી ગયા છે. એના કારણો પૂર્વે જણાવ્યા છે તેમ અશુભ નિમિત્તાભાવ અને કુસંગાભાવ થતાં બ્રહ્મચર્યની સહેલાઈથી પ્રાપ્તિ, જીવદયાનું પાલન અને ગુરુસેવા, શ્રુતવાચના, ગુરુવાત્સલ્ય વગેરે છે. આ બધો વ્યવહારનય છે.

સાચા અર્થમાં જેના અંતરંગ પરિણામો સાધુત્વના જન્મ પામ્યા હોય અને પછી તેને યોગ્ય વેષને જેઓ ધારણ કરે એવા આત્માઓ દીક્ષિત થનારા સો આત્મામાં દસેક જેટલા જ હશે. બાકીના નેવુંમાંથી સાઈઠ જેટલા જીવો તો વેષ પામ્યા બાદ એ ધન્ય દશાને પામતા હોય છે. હા, ત્રીસ જેટલા જીવો કદાચ આ કઠોર જીવનમાં વેષ પામીને ય જન્માન્તરના સંસ્કારાદિના કારણે સાવ નિષ્ફળ જાય છે. વધુ ખરાબ પણ થાય છે.

કેટલાક નિશ્ચયવાદીઓ કહે છે કે, "વ્યવહાર-સાધુપદ અનંતી વાર લેવા છતાં જીવનો મોક્ષ થયો નથી માટે હવે તેનો આગ્રહ ન રાખતાં માત્ર નિશ્ચયરૂપ સાધુપદનો જ આગ્રહ રાખવો જોઈએ." આ લોકો દર અબજે એકની સરેરાશમાં થએલા ભરત, ગુણસાગર, પૃથ્વીચન્દ્ર વગેરેના દૃષ્ટાંતો આપે છે.

આની સામે પહેલી વાત તો એ છે કે અપવાદરૂપ દૃષ્ટાંત અપાય નહિ. દૂધ પીને કોક મરી ગયો હોય કે ઝેર ખાઈને કોક જીવી ગયો હોય તેથી બધાને દૂધ છોડવાનું કે ઝેર ખાવાનું કહી શકાય નહિ.

વળી ભલે વ્યવહાર-ચારિત્ર અનંતી વાર લેવા છતાં જીવોનો મોક્ષ થયો નથી પણ તે તો બહુ સીધી વાત છે કે મોક્ષ પામવા માટે જેટલી વસ્તુઓની (કારણોની) જરૂર છે તે બધા ભેગા થવા જોઈએ. વ્યવહારચારિત્રની સાથોસાથ મોક્ષ પામવાની તીવ્ર તાલાવેલી (લક્ષ) પણ મોક્ષ પામવામાં એક કારણ છે. તેની જો ગેરહાજરી હોય તો એકલું વ્યવહારચારિત્ર શી રીતે મોક્ષ આપી શકે ?

વળી રાજમાર્ગે જોવા મળે છે કે એકલું મોક્ષલક્ષ પણ મોક્ષ આપી શકતું નથી. વ્યવહારચારિત્રની હાજરી પણ સાથે જરૂરી છે.

વળી ભરત વગેરે ભલે વ્યવહારચારિત્ર (સાધુવેષ વગેરે) વિના કૈવલ્ય પામ્યા પરન્તુ તેમના હૈયે મોક્ષના લક્ષ સહિત વ્યવહારચારિત્ર પામવાની તીવ્ર

ભાવના તો હતી જ. વળી ભલે અનંતા જીવો અનંતીવાર વ્યવહારચારિત્ર પામ્યા છતાં હજી મોક્ષે ગયા નથી પણ એ વાત નક્કી છે કે તેમાંના જે જીવો મોક્ષે જ્યારે જશે ત્યારે પ્રાયઃ (ભરત જેવા અપવાદને બાજુ ઉપર રાખો.) તે તમામ જીવોની પાસે તે વખતે વ્યવહારચારિત્રના સાધુવેષાદિ સાથે રહેશે જ. માટે હજી પણ જો મોક્ષ પામવો હોય તો વ્યવહારચારિત્રનો જ સ્વીકાર કરવો પડશે અને તેમાં ખૂટતી કડી-મોક્ષ પામવાની તીવ્ર તાલાવેલી-પૂરી કરવી પડશે.

આ બધી અપેક્ષાએ વિચારતાં સ્પષ્ટપણે એમ લાગે છે કે આત્માનું કલ્યાણ સાધુપદમાં બિરાજ્યા વિના કોઈ સંયોગમાં શક્ય નથી, વિશેષતઃ આ વીસમી સદીમાં....

ઘરમાં રહીને ધર્મ કરવાની વાત ટી.વી. વગેરેના ભૌતિકરસના ઝેરી વાયુમંડળ વચ્ચે તો ધરાર શક્ય નથી. જો ધર્મ જ આરાધવો છે, જો સ્વકલ્યાણ જ કરવું છે તો મોક્ષ પામવાના એક માત્ર તીવ્ર લક્ષ સાથે સાધુપદ ઉપર આરૂઢ થવું જ રહ્યું. મોક્ષ પામવાનું તીવ્ર લક્ષ હોય અને સાચા ગુરુ પ્રત્યે સર્વથા સમર્પિતભાવ હોય પછી તો મોક્ષ બહુ નજીકના ભવોમાં મળી જ જાય. આ વાતમાં લેશ પણ શંકા કરવી નહિ. આ વાત મહોપાધ્યાયજીએ અધ્યાત્મસાર ગ્રન્થમાં કરી છે. ગુર્વાજ્ઞા-પારતન્ત્ર્ય ઉપર તેમણે ખૂબ ભાર મૂક્યો છે. તે પૂર્વકની દ્રવ્યદીક્ષાઓ પણ ભાવદીક્ષામાં પરિણમી જઈને નિશ્ચિતપણે મોક્ષ આપનારી જણાવી છે.

આ રીતે સાધુપદ પામ્યા પછી સમ્યગ્દર્શનાદિ સ્વરૂપ ઉત્કૃષ્ટ કોટિની રત્નત્રયીને પ્રાપ્ત થતાં બહુ ભવો લાગતા નથી. વળી આ સાધુપદની દીક્ષા માત્ર પોતાનું જ હિત આરાધે છે તેવું પણ નથી. જો પોતાની તમામ પુણ્યની કમાણી પાછળ તે સાધુ એવો સંકલ્પ મૂકે કે, 'મારી આ પુણ્યાઈથી વિશ્વમાત્રનું સાચા અર્થમાં ભલું થાઓ' તો તે સાધુનું અસ્તિત્વમાત્ર ચોપાસના વિસ્તારોમાંથી દુષ્કાળાદિને નાબૂદ કરે છે. તેવા અહિંસક કે મહાબ્રહ્મચારી વગેરે સાધુની નજીક આવીને બેસતા હિંસક કે દુરાચારી જીવોના તે હિંસાદિના પાપો ધ્રૂજી ઊઠીને તેમના આત્મપ્રદેશોમાંથી ભાગી છૂટે છે.

આમ જિનશાસનનો સાચો સાધુ સ્વનું હિત તો આરાધે જ છે પણ સર્વનું હિત પણ એ જ આરાધે છે. જેઓ તેવા સાચા સાધુ નથી તેઓ માઈક વગેરે સ્થૂળ બળોથી ક્યારેય પણ સર્વહિત સાધી શકતા નથી. તેમનું પરહિત પણ

આભાસિક અથવા ક્ષણિક હોય છે. કાલાન્તરે ભંડો ફૂટી જતાં વાર લાગતી નથી. એ વખતે તેના દ્વારા ધર્મ પામેલા તમામ જીવો અધર્મની ખાઈમાં ફેંકાઈ જાય છે. આ રીતે વધુ ફાસ્ટ જતાં ઉપદેશકો અન્તે પટકાઈ પડે છે. બીજા અનેકોને પટકી પણ નાંખે છે. આવી સસલાની દોટ કરતાં નક્કર પરિણામો હાંસલ કરતી કાચબાની ધીમી દોટ સારી.

ચાલો, હવે આપણે આવા સાધુપદને પામવાની તીવ્ર તાલાવેલી સાથે હવે તેવું સાધુપદ ખરેખર જીવનમાં પ્રાપ્ત થાય તે માટે તેવા મહાત્માઓના શરણાગત બનીએ, તેમના ભક્ત બનીએ.

## (૪-૫) સાધુપદના આરાધકો અને શરણાગતો

પૂજ્ય હરિભદ્રસૂરિજીએ યોગશતક ગ્રન્થમાં તો અપુનર્બન્ધક અવસ્થાથી જ એવા અખંડ સામાયિકભાવની કલ્પના મૂકી છે જેના વિવિધ વિભાગો-માર્ગાનુસારિતાદિથી અયોગી કેવલી સુધીના પાડ્યા છે. આમ કહીને તેમણે આ બધી અવસ્થામાં સામાયિકભાવ કહ્યો છે.

વળી શ્રુતસામાયિક, સમ્યક્ત્વ સામાયિક, દેશવિરતિ સામાયિક અને સર્વવિરતિ સામાયિક એવા ચાર સામાયિકો જ્ઞાનીઓએ જણાવ્યા છે.

પ્રસ્તુતમાં આપણે તો સર્વવિરતિ સામાયિકના આરાધકો વગેરેની વાતો કરવી છે.

જ્યાં સુધી સામાયિકનો એકેકો આરાધક-એક સાધુ, એક સાધ્વી (સર્વવિરતિ સામાયિકના આરાધક), એક શ્રાવક, એક શ્રાવિકા (દેશવિરતિ સામાયિકના આરાધક) આ ભરતક્ષેત્રમાં વિદ્યમાન રહેશે ત્યાં સુધી છઠ્ઠા આરાના ભીમ, ભયાનક અને નિધર્મી કાળનું અવતરણ આ ધરતી ઉપર થઈ શકશે નહિ. તે મહાત્માઓના વિરતિના બળથી હજારો વેલંધર-દેવો લવણ સમુદ્રની માઝા મૂકવા માંગતી જલધારાને રોજ બે વાર-પાણીને પાછું હડસેલવા દ્વારા-અટકાવતાં જ રહેશે : આ ધરતીને રસાતાળ થવા દેશે નહિ.

ત્યાં સુધી સૂર્ય, ચન્દ્ર વગેરે નિયમિત રીતે ઉદય અને અસ્ત પામતા રહેશે.

ત્યાં સુધી ધરતીમાં એવા સર્વનાશી કંપનો થઈ શકશે નહિ.

ત્યાં સુધી જિનધર્મોનો નાશ થશે નહિ. હા, પ્રભુ-વીરના નિર્વાણથી એકવીસ હજાર વર્ષ પૂરા થતાં એક પણ વિરતિધર નહિ રહેતાં એ વખતે આ ભયાનક સ્થિતિનું સર્જન અવશ્ય થશે.

'અમેરિકન ટાઈમ'માં હેઝન નામના વૈજ્ઞાનિકે ધરતીના મેગ્નેટીક પાવરની થીઅરી ઉપર આ જ વાત કરી છે કે, "કેટલાક હજાર વર્ષો પછી સૂર્ય અતિ ભયાનક આગ જેવી ઉષ્ણતા (ઓઝોનમાં ગાબડું પડવાથી જ ને ?) ઓકશે. એ વખતે આ ધરતીના લોકો ત્રાહિમામ્ પોકારી જશે. ધરતી ઉપર ક્યાંય હરીયાળી જોવા નહિ મળે."

જાણે કે ભગવતી સૂત્રમાં દેવાધિદેવ પરમાત્મા મહાવીરે ગૌતમને કહેલી છટ્ઠા આરાના સ્વરૂપની વાતોનો આ અનુવાદ જ ન હોય ? તેવું હેઝને જણાવ્યું છે !

પછી છેલ્લે તે લેખમાં તેણે લખ્યું છે કે, "હું તો ઈશ્વરમાં માનતો નથી, છતાં જો ઈશ્વર જેવી કોઈ જગત્ની કર્તા-હર્તા વસ્તુ હોય તો મારી તેને પ્રાર્થના છે કે તે કાળમાં મને આ ધરતી ઉપર જન્મ ન આપે."

સર્વવિરતિ-ધર્મની સ્વાભિમુખ આરાધના કરનારા મહાત્માઓનો કેટલો બધો મોટો સહજ રીતનો પરાર્થ ! વગર કીધે હજારો વેલંધર દેવો ધરતીને સમુદ્રમાં ડૂબી જતી બચાવે ! વગર કીધે તેમના તપોબળમાત્રથી સહજ રીતે ધરતીમાં સુકાળ વગેરે રહ્યા કરે, સૂરજ અને ચંદા નિયત સમયે ઉદયાસ્ત પામ્યા કરે !

માઈક વગેરે વૈજ્ઞાનિક સાધનોથી આના અબજમાં ભાગનું પણ પરકલ્યાણ થઈ શકે તેમ નથી.

જો સર્વવિરતિધર્મની સૂક્ષ્મની તાકાતમાં પરાર્થવાદી, માનવતાવાદી કે પ્રાણી-પ્રેમીઓને પાકી શ્રદ્ધા પેસી જાય તો તે બધા સર્વજનસુખાય, સર્વજનહિતાય સર્વવિરતિધર સાધુ જ બને. બધી નાનકડી નાનકડી સામાજિક સેવાની સ્થૂલ પ્રવૃત્તિઓ લગભગ બંધ કરે.

સાચા પરાર્થરસિક માણસથી પણ આ કાળમાં સારી સંસ્થાઓની સ્થાપના કરીને તેના દ્વારા કામ કરવું એ લોઢાના ચણા ચાવવા જેવું કામ છે. પોતે સારો

છે પણ એને વિરલ ગુણોથી સજ્જ એવા સારા માણસોનો સ્ટાફ, સહકાર ક્યાં મળે છે ? એક હાથે શી રીતે તાળી પડે ? અન્તે તો સાધ્યના સામા કિનારે પહોંચવા ઉત્સાહથી ચાલવા લાગેલું સંસ્થા નામનું નાવ કર્મચારીઓ, કમિટિઓ, ટ્રસ્ટીમંડળ, પ્રોસીજર, ઓડીટીંગ, એજન્ડા, કોરમ વગેરેના ચક્કરોમાં અને એથી પણ ભયાનક જૂથબંધી, ભ્રષ્ટાચાર, અનાચારના જીવલેણ વમળોમાં ક્યાંક ફસાય જ છે, ફસડાઈ પડીને ડૂબે છે. સામે કિનારે પહોંચવાની તો વાત જ સ્વપ્નમાં ઉડી જાય છે. જો કે શરીર, શિષ્ય અને સંસ્થાને આ કલિકાળમાં પ્રશ્નો તો રહેવાના જ છે. એથી અકળાવવાને બદલે એને સતત ઉકેલતા જ રહેવું જોઈએ. પરન્તુ આ અતિ ભગીરથ કાર્ય છે. વિરલ પુણ્યવાન જીવો સિવાય બીજાનું અહીં કામ નહિ.

ઘણા બધા સારા-નરસા, કડવા-મીઠા અનુભવોમાંથી પસાર થયા બાદ, ઘણા બધા હિમાલયન સાહસોમાં ધસી ગયા બાદ, યૌવનના થનગનતા આવેશમાં નહિ પણ જિનશાસનની જબરદસ્ત સેવા કરીને અંશતઃ પણ ઋણમુક્તિ પામવાના તીવ્ર આવેશોમાં ક્યાંક ધસી ગયા બાદ એક વાત ઉપર નિશ્ચિતરૂપે હું આવ્યો છું (જે હું પૂર્વે પણ કરતો હતો, વચમાં છૂટી ગઈ, ફરી તે પાછી આવી છે.) કે કોઈપણ સાધુ કે સાધ્વીજી કોઈ પણ સંસ્થાની સ્થાપના-પ્રેરણા કરે નહિ, તેમાં ઓતપ્રોત થાય નહિ. આ અંગેના કર્તવ્યો શ્રાવકો ભૂલ્યા હોય તો ય ભલે.

આપણી સંસ્થા એટલે ત્રિલોકગુરુ દેવાધિદેવ મહાવીરદેવે સ્થાપેલી વિશ્વકલ્યાણકર જિનશાસન. આપણે તેના જ સદસ્ય.

તેવા આપણે પ્રત્યેક સાધુ, પ્રત્યેક સાધ્વી વન-મેન-સંસ્થા. આપણું આજ્ઞાચુસ્ત જીવન જ મોબાઈલ અને ફર્ટાઈલ સંસ્થા. જેનામાં હજારો વેલંધર દેવોને સતત કામે રાખવાની, ઓઝોનના ગાબડા પૂરવાની, સૃષ્ટિના પ્રાણીમાત્રને હિતકારી બાબતોને જારી રાખવાની વગેરે વગેરે શક્તિ (એટમબોમ્બના ફાટવા જેવી) ધરબાએલી પડી છે. આ વન-મેન-સંસ્થાના અબજમાં ભાગનું કામ પણ જગત્‌ની કોઈ પણ સ્થૂલ સંસ્થા-સદાશયથી સ્થાપી હોય તો ય-કરી શકે તેમ નથી. ઉલટું એ સંસ્થાઓ તો જગત્‌ને પરેશાન કરવાના કામ કરશે. એવા પ્રકારના દૂષિત પ્રદૂષિત અણુ-પરમાણુઓ વિશ્વમાં ફેંકશે જેના દ્વારા અગણિત જીવોના ભાવપ્રાણો રહેંસાઈ જાય. આનાથી વધુ મોટું નુકસાન તો વિશ્વયુદ્ધો પણ ન કરી

શકે.

વળી પ્રભુવીરની વ્યક્તિ, વ્યક્તિસ્વરૂપ જે સર્વવિરતિધર શ્રમણ નામની સંસ્થા છે તેને કદાચ તેની દાહકતા સ્પર્શી જશે, જેના પરિણામે તે પોતાનું સૂક્ષ્મબળ ખોઈ બેસશે.

જેમના ખ્યાલમાં સાધુ-પદની આવી મૂઠીઊંચેરી વિશિષ્ટતાઓ આવી છે તે તમામ આત્માઓએ પરકલ્યાણ કરવા માટે પણ આ સાધુપદનો જ સ્વીકાર કર્યો છે. ના, એ માત્ર સ્વકલ્યાણ કરતું પદ નથી. ખરેખર તો પૂર્વે જણાવ્યા મુજબ તેની પરકલ્યાણકારિતામાં જ શક્તિ સવિશેષ છે.

બેશક, વિશિષ્ટ કોટિનું વ્યાપક પરકલ્યાણ કોઈ સાધુ ન પણ કરી શકે, છતાં એની સાધનાના સ્વરૂપમાં જ જે પરકલ્યાણકારિતા છે તે તો પ્રત્યેક શ્રમણ અને પ્રત્યેક શ્રમણી દ્વારા થયા વિના રહેવાની નથી.

આ રીતે જો દરેક સાધુ સ્વપરકલ્યાણનો આરાધક બનશે તો જ તે એકવીસ હજાર વર્ષ સુધી નિશ્ચિતપણે પ્રકાશ રેડનારા જિનશાસનના દીવડામાં પોતાના તરફથી બે-ચાર ટીપાં જેટલું પણ ઘી પૂરી શકશે. બાકીના તો આભાસિક પરકલ્યાણમાં પડીને તે દીવાને બુઝાવી દેવા માટે નિષ્ફળ કમર કસતા પવનના જન્મદાતા બનશે.

હવે આપણે કેટલાક વિશિષ્ટ કોટિના સાચા સાધુઓની સ્વપરકલ્યાણકારિતાની આરાધનાને નીહાળીએ, તેમને ભાવભરી વંદના કરવા દ્વારા તેમના ભક્ત બનીએ.

અઢાર કોટાકોટિ સાગરોપમ સુધી ચાલેલો મિથ્યાત્વનો ગાઢ અંધકાર પ્રથમ તીર્થપતિ ભગવાન ઋષભદેવજીએ ધર્મશાસનની સ્થાપના કરીને ભેદ્યો. તે પછી પચાસ લાખ સાગરોપમ બાદ અજિતનાથ ભગવંત થયા. આ સમયમાં પ્રથમ રાજા ભરત થયા. તેઓ આરીસાભુવનમાં ભાવના ભાવતાં ભાવતાં જ ગૃહસ્થવેષે વીતરાગદશા અને કૈવલ્ય પામ્યા. એ પછી એ જ ભવનમાં તે જ રીતે આઠ રાજાઓ વીતરાગદશા અને કૈવલ્ય પામ્યા. ત્યાર બાદ અસંખ્ય રાજાઓ દીક્ષા લઈને, સાધના કરીને કેવળજ્ઞાન પામ્યા. વચ્ચે વચ્ચે કેટલાક સર્વાર્થસિદ્ધ વિમાનમાં પણ ગયા. આ બાબતનો વિસ્તાર સિદ્ધદણ્ડિકા ગ્રન્થમાં કરવામાં આવેલ છે. વચ્ચે ક્યારેક તીર્થવિચ્છેદો થયેલ છે પરન્તુ બાકી તો અવિરતપણે

પરમાત્મા આદિનાથજીએ પ્રકાશેલો સર્વવિરતિનો માર્ગ પાંચમા આરાના છેડા સુધી-એક કોટાકોટિ સાગરોપમ સુધી-એકધારો ચાલી રહ્યો છે.

માત્ર રાજર્ષિ ભરતની પાટે થએલા અસંખ્ય રાજાઓ જ આ સાધુપદ પામ્યા નથી, બીજા પણ અસંખ્ય પુણ્યાત્માઓ સાધુપદ પામીને યથાયોગ્ય સદ્ગતિ પામ્યા છે.

રામાયણ તો રજોહરણની ખાણ બની છે.રામ, ભરત, સીતા, લવ, કુશ, કૈકેયી, દશરથ વગેરે હજારો આત્માઓએ સાધુપદનો સ્વીકાર કર્યો હતો. ભરતે એક હજાર પુણ્યાત્માઓ સાથે દીક્ષા લીધી હતી. રામચન્દ્રજીના પૂર્વજોમાં ય ઘણી બધી દીક્ષાઓ થઈ છે, જેમાં વજ્રબાહુકુમારની મનોરમા સાથે લીધે લગ્ને થએલી દીક્ષાદિના પ્રસંગો તો અત્યન્ત નેત્રદીપક છે.

મહાભારત પણ આ સ્પર્ધામાં પાછું પડ્યું નથી. પાંચે ય પાંડવો,દ્રૌપદી, ભીષ્મ, વિદુર, બળદેવ, ગાંધારી વગેરે અનેક આત્માઓ આ પંથે ચાલ્યા.

એ હતું, ભગવાન નેમિનાથનું શાસન. કૃષ્ણના લાડકા ભાઈ ગજસુકુમાળની દીક્ષા થતાંની સાથે-થોડાક જ સમયમાં-સોમીલ સસરાએ હત્યા કરી. તે પ્રસંગથી આખું યાદવ કુટુંબ હચમચી ઉઠ્યું હતું. સંસારની આવી બિહામણી અસારતાને જાણીને શ્રીકૃષ્ણની સેંકડો રાણીઓ તથા રાજીમતીજી વગેરે અઢળક આત્માઓ દીક્ષાના માર્ગે ગયા હતા.

એક રાજકુમાર જયાનંદની દીક્ષા સાંભળીને તેના કુટુંબના પચાસ હજાર તથા તેના નગરની રૈયતના પચાસ હજાર-કુલ એક લાખ-આત્માઓ વૈરાગ્ય પામીને દીક્ષિત બન્યા હતા.

જન્મતાંની સાથે થોડાક જ દિવસમાં બાળ વજ્રને દીક્ષાના ભાવ થયા. ત્રણ વર્ષની ઉંમરે દીક્ષિત થઈને જ રહ્યા.

અતિમુક્તને તેની માએ હોંશે હોંશે છ વર્ષની વયે દીક્ષા આપી. અરે ! નવ વર્ષની વયે તો તેને કેવળજ્ઞાન પણ થઈ ગયું.

મહાન જૈનાચાર્ય આર્યરક્ષિતસૂરિજીની માતાએ ઉસ્તાદી કરીને આખા કુટુંબને દીક્ષાના માર્ગે વાળ્યું.

જેણે પૂર્વના ભવદેવ-મુનિના ભવમાં નવોઢા નાગિલાને છોડ્યાનો બાર

વર્ષ સુધી ઘોર પશ્ચાત્તાપ કર્યો હતો તે આત્મા તે જ ભવથી ભૂલોને સુધારતો ગયો. જંબૂકુમાર બન્યો. અપ્સરાઓ જેવી આઠ રૂપ-રમણીઓ સાથે-પછી ચોવીસ કલાકમાં દીક્ષા આપવાની વાતમાં સંમતિ મેળવીને લગ્ન કર્યું. આડી એક રાત હતી. રૂપરમણીઓ તેના નિર્વિકારભાવને ધૂળ ચાટતો કરી દેવા જીવ ઉપર આવીને પોતાના બધા કામણગારા દાવ રમી ચૂકી પણ નિષ્ફળ ગઈ ! સવારે કુલ ૫૨૭ પુણ્યાત્માઓનો વરઘોડો નીકળ્યો !

આ જિનશાસનમાં તો બહારવટીઆઓ (પૃથ્વીચન્દ્રનો એક ભવનો જીવ), રાજાધિરાજો, ચોર-લૂંટારુંઓ, જુગારીઓ વગેરે અગણિત આત્માઓએ સંયમ-ધર્મ પામીને આત્મકલ્યાણ સાધી લીધું છે !

જો આ મોક્ષમાર્ગ હોત જ નહિ તો ભલે જ્ઞાનની દશાથી નહિ પણ સંસારની જે તે લાત ખાઈને અનુભવદશાથી સંસારની અસારતાનું ભાન કરતાં આત્માઓ ક્યાં જાત ? સંસાર કેવી રીતે છોડત ? કેવી રીતે ધરમ કરત ?

શાલિભદ્રને ખબર પડી કે ગૃહસ્થજીવનમાં પોતાના માથે બે ધણી છે ! એને સુખમય સંસાર અકારો-ખારો ઝેર-લાગી ગયો ! પછી એ ક્યાં જાત, જો દીક્ષાનો માર્ગ કંડારાયેલો ન હોત તો ?

ધન્નાને એની પત્નીએ મહેણું માર્યું ! એણે દીક્ષાની જ વાટ પકડી લીધી !

સ્થૂલભદ્રને પિતાજી શકટાલની હત્યાથી સંસારનું અસાર સ્વરૂપ, પ્રિયતમા રૂપકોશાના તન-બદનના લાવણ્યની વિનાશિતા બરાબર જણાઈ ગઈ ! એ ક્યાં જાત, જો સંયમની વાટ જ ન હોત તો ?

શરીરની રાગમયતાથી થાકી ગએલા શ્રેષ્ઠીપુત્ર અનાથી ક્યાં જાત ?

સંસારની સ્વાર્થમયતાને નજરોનજર નીહાળ્યા પછી સુકોશલ મુનિ, બળદેવ અને વિદુરે સંયમના માર્ગે જ ડગ માંડી દીધો.

રોહિણેય, અર્જુનમાળીએ આના લક્ષે જ ધર્મદશા પ્રાપ્ત કરી !

કેટલો જબરદસ્ત ઉપકાર થયો છે અરિહંતોનો... તેમણે આ કઠોર માર્ગ અતિ કઠોર બનીને આરાધી બતાડ્યો (ઘેર બેઠા કેવળજ્ઞાન તેઓને તો ન જ થાય, કેમકે આ માર્ગ જ્યારે જગત્‌ને તેમણે બતાડવાનો છે ત્યારે તેને તે જ રીતે જીવીને બતાડવો પડે) અને શાસનની સ્થાપના કરીને એ માર્ગે અનેક પાત્ર

જીવોને વાળી દીધા !

સાધુ-માર્ગ કેવો હોય ? તેમાં કપડા કેવા ? ભિક્ષા કેવી ? નાના-મોટાનો વ્યવહાર તથા વ્યવસ્થા કેવી ? વગેરે તમામ બાબતો કલ્પસૂત્ર વગેરે ગ્રન્થોમાં બતાડવામાં આવી છે. આ એક પ્રકારનું નાગરિકશાસ્ત્ર છે. એના આધારે જ દરેક સાધુએ પોતાનું જીવન જીવવાનું છે. એમાં કોઈપણ ગરબડ બાધક દેશ-કાળાદિના નામે ચલાવી શકાય નહિ. પોતે દીક્ષા છોડી દેવામાં ઓછું પાપ છે પણ પોતાની શિથિલતાઓ કે વાસનાઓને પોષવા માટે આ માર્ગના નીતિ-નિયમોમાં મનફાવે તેવા ફેરફારો કરવા એ તો મહાભયંકર પાપ છે !



# ધર્મતત્વ

# (૧૧) સમ્યગ્દર્શન પદ

જૈન શાસનનો ધર્મ એટલે વસ્તુતઃ માત્ર સમ્યક્ચારિત્રધર્મ, સર્વવિરતિધર્મ. વસ્તુતઃ રાગાદિમળોની ભીતરમાં ઉપશાન્તિ એ જ નિશ્ચયનયની દ્રષ્ટિએ વાસ્તવિક ધર્મ છે. તેના પાલન અંગેની સાધના અને તેના સાધનોના વિષયમાં તેનો કોઈ આગ્રહ નથી. આ ધર્મ સિવાય બીજા કોઈ પણ ધર્મને ગૃહસ્થના સામાયિક, પૂજા, પ્રતિક્રમણ, તીર્થયાત્રા વગેરેને પણ તત્વતઃ ધર્મ કહેવામાં આવેલ નથી. પણ વ્યવહારનયથી તો આ બધાને પણ ધર્મ કહી શકાય છે. પણ આ બધાને તે ત્યારે જ ધર્મ કહેવા તૈયાર છે જો તેની પાછળ એકાન્તે મોક્ષ પામવાનું લક્ષ રહેલું હોય. આ લક્ષ હોય તો તે ધર્મક્રિયાઓમાં થતી અવિધિ, આશાતના વગેરે કોઈ બહુ ગંભીર-એકદમ અક્ષન્તવ્ય- બાબતો રહેતી નથી.

મોક્ષના લક્ષપૂર્વકની બધી જ ધર્મક્રિયાઓ એ ધર્મ છે. તે લક્ષ વિનાની બધી ધર્મક્રિયાઓ-મુનિજીવનની કે શ્રાવકજીવનની-માત્ર ધર્મની ક્રિયાઓ છે. ના, તે ધર્મ નથી તેમ તે પાપની ક્રિયાઓ પણ નથી.

જે આત્મા મોક્ષનો લક્ષી હોય તે નિશ્ચિતપણે સંયમનો પક્ષી હોય, કેમકે જિનોક્ત સંયમમાર્ગના પાલન વિના મોક્ષ પ્રાપ્ત થતો નથી. આવા લક્ષ-પક્ષવાળા આત્માની બધી ધર્મક્રિયાઓ ધર્મ કહેવાય, અન્યથા માત્ર ધર્મની ક્રિયાઓથી સંસારના સ્વર્ગાદિના સુખ મળે, મોક્ષ તો ધર્મથી જ મળે. જો મોક્ષ પામવો હોય તો ધર્મ જ કરવો પડે : ધર્મની ક્રિયાઓને ધર્મ બનાવવો જ પડે : તે માટે જરૂરી મોક્ષલક્ષ અને સંયમપક્ષ અંતરમાં એકાકાર કરવા જ પડે. આ લક્ષ-પક્ષ વિનાની ગમે તેટલી ધર્મક્રિયા કરાય તો તે ધર્મ બને નહિ. તેનાથી અનંતકાળ બાદ પણ મોક્ષ થાય નહિ.

લક્ષ-પક્ષની તાકાતની તો શું વાત કરવી ? મોક્ષ ન મળે ત્યાં સુધી આ મહાત્માઓને સંસારમાં કદી દુર્ગતિ પણ ન મળે. ભોગી છતાં એ યોગી કહેવાય. સંસારી છતાં સદ્ગતિનો સ્વામી બનનારો કહેવાય.

લક્ષ-પક્ષ વિનાની (માત્ર) ધર્મક્રિયાઓ દુર્ગતિ કાપી શકે પણ સદ્ગતિ ન

કાપી શકે. જો સદ્ગતિ પણ કાપીને મોક્ષગતિ જ પામવી હોય તો તમામ ધર્મક્રિયાઓને લક્ષ-પક્ષ લાવવા દ્વારા ધર્મ બનાવવો. આટલું થશે એટલે તમામ પાપક્રિયાઓ પાપ નહિ બની શકે. પાપ જ દુર્ગતિમાં લઈ જઈ શકે, માત્ર પાપની ક્રિયાઓમાં દુર્ગતિમાં લઈ જવાની કોઈ તાકાત નથી.

લક્ષ-પક્ષનો કેવો બેવડો ફાયદો !

હવે આ વાત નક્કી થઈ કે નિશ્ચયનયથી રાગાદિમળોની શાન્તિ તે ધર્મ છે અને વ્યવહારનયથી લક્ષ-પક્ષ સહિતની ધર્મક્રિયાઓ પણ ધર્મ છે. આ બન્ને ધર્મ મોક્ષ આપવાની તાકાત ધરાવે છે.

નવપદના પહેલાં પાંચ પદો ગુણી સ્વરૂપ છે, જ્યારે હવે જેમનું વિવરણ શરૂ થાય છે તે ચાર પદો ગુણસ્વરૂપ છે. આ ચાર ધર્મો છે.

આમાં સૌથી મહત્વનો ધર્મ તપ-ધર્મ છે, કેમકે તેના દ્વારા જ મોક્ષ આપનારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં લાગેલા અતિચારોનો મેલ દૂર થાય છે. આ સમ્યક્ત્રિપુટી નિર્મળ હોય તો જ મોક્ષ આપી શકે, અન્યથા નહિ. તેમને નિર્મળ કરી આપે છે, આ સાબુ સ્વરૂપ તપ-ધર્મ.

હવે જો આ ત્રિપુટીમાંનો મુખ્ય ધર્મ શોધવો હોય તો તે છે સમ્યક્ચારિત્રધર્મ, સર્વવિરતિધર્મ. બેશક, આ ચારિત્રધર્મ રાગાદિમળોની આંતરપરિણતિની શાન્તિસ્વરૂપ છે તો ય વ્યવહારનયથી તો તે ચરણસિત્તરી-કરણસિત્તરી સ્વરૂપ કટ્ટર ક્રિયાકાંડરૂપ છે.

આ ચારિત્રધર્મરૂપી પર્વતના અસંખ્ય પગથીઆં (કંડકસ્થાનો) છે. કોઈ જઘન્ય સ્થાને ઉભો હોય, કોઈ ઉપરના પગથીએ હોય. જઘન્યકક્ષાનું પણ ચારિત્ર આઠ વાર સેવાય તો આઠ ભવમાં જ મોક્ષ આપવાનું સામર્થ્ય ધરાવે છે.

આ ચારિત્રધર્મની સફળતા તેના સમ્યક્પણામાં છે. આવું તેનું સમ્યક્પણું એટલે તેની સાથે સમ્યગ્દર્શનનું જોડાણ. જે આત્માને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું હોય તે જ આત્માનું ચારિત્ર સમ્યક્ કહેવાય, અન્યથા મિથ્યાચારિત્ર કહેવાય.

સમ્યગ્દર્શન આવે એટલે જ્ઞાન પણ સમ્યક્ બનીને સમ્યગ્જ્ઞાન કહેવાય. તે બે તો સાથે જ રહે, દીપક અને તેના પ્રકાશની જેમ. હા, તે બે ની સાથે સમ્યક્ચારિત્ર હોય પણ ખરું અને ન પણ હોય.

સામાન્યતઃ તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન આવ્યા એટલે સમ્યક્ચારિત્રને એ આત્માની અંદર પ્રવેશ કરવામાં બહુ સમય લાગતો નથી, કેમકે સમ્યગ્દર્શનથી સુખમય સંસારની અસારતા, પાપભીરૂતા, દુર્ગતિનો ડર, કર્મોની ચાલબાજીની સમજણ, મોક્ષમાં જ એકતાનતા વગેરે એવા જોરદાર પામી જવાય છે કે તે પછી તે જીવ વધુ સમય સંસારમાં રહી શકતો જ નથી. તેને ચારિત્રનો માર્ગ પામ્યા વિના ચેન જ પડતું નથી. તે સતત રટતો હોય છે, **'સસનેહી પ્યારા રે સંયમ કબ હી મીલે.'**

છતાં સમ્યક્ચારિત્ર પામવાના બધા કારણો મળી ગયા તો ય કેટલાક સમકિતી આત્માઓ ચારિત્રમોહનીય કર્મના જોરદાર ઉદયકાળને લીધે ચારિત્રધર્મ પામી ન શકે તેવું બને છે. શ્રેણિક, કૃષ્ણ વગેરેને આમાં દૃષ્ટાન્તરૂપે જણાવી શકાય. બેશક, આવા આત્માઓ તો ઘણા બધા તો ન જ હોય.

સમ્યગ્દર્શન પણ એક જ ભવમાં લાખો વાર આવે અને લાખો વાર ચાલી જાય. એટલે જ્યારે તે પોતે જ જતું રહે ત્યારે સમ્યક્ચારિત્ર પામવાની વાત મૂળમાંથી જ ખતમ થઈ જાય. હા, એ વાત નક્કી છે કે સમકિતી આત્મા પાછો મિથ્યાત્વમાં ગબડી જાય તો પણ સમકિત પામતાં જ તેના અનંત પુદ્ગલપરાવર્તકાળનો જે સંસાર કપાઈ જઈને માત્ર અર્ધ-પુદ્ગલપરાવર્તની અંદર આવી ગયો હતો તેમાં વધારો તો ન જ થાય. અરે ! મિથ્યાત્વમાં પાછો પડી જઈને તે ગમે તેટલા જોરદાર પાપો કરે તો ય વધારો ન થાય. પણ આવા જીવો ય થોડા હોય જેઓ (ગોશાલકની જેમ) સમકિત પામીને નીચે પડી જઈને ઘોર પાપો કરે અને અર્ધપુદ્ગલપરાવર્ત જેટલા કાળ સુધી સંસારમાં ભટકતા રહે. સામાન્યતઃ તો સમકિત પામ્યા પછી જીવના અનંતા ભવો ઉભા રહેવાની બહુ શક્યતા રહેતી નથી.

આ બધું વિચારતાં એમ લાગે છે કે ચાર ગુણોમાં સમ્યક્તપ સૌથી શ્રેષ્ઠ છે પણ ત્રણ ગુણોમાં સમ્યક્ચારિત્ર એ અમુક અપેક્ષાએ શ્રેષ્ઠ છે. બાકી જો તેનામાં સમ્યક્પણું એ સમ્યગ્દર્શન આવે તો જ આવતું હોય તો તો એ અપેક્ષાએ ત્રણ ગુણોમાં સમ્યગ્દર્શન જ શ્રેષ્ઠ છે.

વળી જો ચારિત્રને વેષાદિ બાહ્યસ્વરૂપ કહીએ તો જ્ઞાનીઓ કહે છે કે વેષાદિ વિના પણ વીતરાગભાવ પામી શકાય છે (ભરત, મરૂદેવા, ગુણસાગર, ઈલાચી, પૃથ્વીચન્દ્ર) પરન્તુ આંતરગુણસ્વરૂપ સમ્યગ્દર્શન પામ્યા વિના તો કોઈ પણ

આત્મા કદાપિ વીતરાગભાવ પામી શકે જ નહિ. આ અપેક્ષાએ પણ ત્રણ ગુણોમાં સમ્યગ્દર્શન ગુણને મહાન ગુણ ગણી શકાય.

અસ્તુ. મૂળ વાત ઉપર આવીએ.

હવે આપણી પાસે મોક્ષ પામવા માટેની આખી ચેનલ હાથવગી થઈ ગઈ ! અહા, મુમુક્ષુ જીવો ઉપર જ્ઞાનીઓએ કેટલો બધો ઉપકાર કર્યો છે !

જો મોક્ષ પામવો હોય તો ધર્મ (રત્નત્રયીની એકતા સ્વરૂપ) જ કરવો જોઈએ. આ ધર્મને ધર્મપુરૂષાર્થ બનાવવો જોઈએ. તે માટે ધર્મમાં શાસ્ત્રોક્ત વિધિ અને જયણા જોડવા જોઈએ. તે વિનાનો-નિરંકુશ-ધર્મ એ ધર્મપુરૂષાર્થ નથી. મોક્ષ તો માત્ર ધર્મથી નહિ પણ ધર્મપુરૂષાર્થ બનેલા ધર્મથી મળે છે.

જેમ અર્થ કે કામસેવનથી દુર્ગતિ મળે પરન્તુ જો અર્થ અને કામને ક્રમશઃ નીતિ-સંતોષરૂપ ધર્મોથી અને પરસ્ત્રીગમનત્યાગ-સ્વદારાસંતોષરૂપ ધર્મોથી નિયન્ત્રિત કરી દેવાય તો તે અર્થ અને કામ, અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ બની જાય. અર્થપુરુષાર્થ અને કામપુરુષાર્થ સ્વરૂપ બનેલા અર્થ અને કામ મોક્ષ આપવામાં બાધક બનતા નથી. વ્યવહારનયથી પરંપરયા સાધક બને છે.

હવે આપણે સમ્યગ્દર્શન પદ ઉપર વિગતથી વિચાર કરીએ. જો વિશિષ્ટ કોટિની શાસ્ત્ર-પરિમાર્જિત બુદ્ધિ હોય તો ગીતાર્થ સાધુઓ શાસ્ત્રથી અબાધિત રીતે એકેક શબ્દોનો કે એકેકા પદાર્થનો અનેક સ્વરૂપે વિચાર કરી શકે.

સમ્યગ્દર્શન એ સ્થૂલથી જિનવચનશ્રદ્ધા સ્વરૂપ છે અને તે શ્રદ્ધાની સાથે જે જ્ઞાન જોડાય છે તે સમ્યગ્જ્ઞાન છે.

પણ આ વસ્તુને આપણે અલગ વિષયો આપી શકીએ. તે આ રીતે :

નવ-તત્વ વગેરે જે કોઈ પદાર્થોનું જિનેશ્વરદેવોએ નિરુપણ કર્યું છે તેમની ઉપર પૂર્ણ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન અને તેમને કહેનારા ત્રિલોકગુરુ તીર્થંકરદેવ અંગે સમ્યગ્જ્ઞાન.

ટૂંકમાં વક્તા પુરુષનું બધી રીતે - સાંગોપાંગ - યથાશક્ય જ્ઞાન મેળવી લેવું જોઈએ. જો તેમના જીવનમાં, સ્વરૂપમાં અને તેમના ભગવાનપણામાં કે ત્રિલોકપૂજ્યતાના વિષયમાં ચકાસણી કર્યા બાદ જરાક પણ શંકા રહેતી ન હોય તો આ સમ્યગ્જ્ઞાન થતાં જ આપણે તેમને કહેલી તમામ વાતોમાં આંખ

મીંચીને -કશું વિચાર્યા વિના-પૂર્ણ શ્રદ્ધા મૂકી દેવી જોઈએ. તેની ચર્ચા પણ કરવા મજબૂર બની જવું જોઈએ. આનું નામ સમ્યગ્દર્શન.

ટૂંકમાં, પુરુષના વિષયમાં જ્ઞાન, પદાર્થોના વિષયમાં દર્શન.

આપણે સર્વ તીર્થંકરદેવોના પ્રતિનિધિરૂપે (પ્રતીકરૂપે) પરમાત્મા મહાવીરદેવને નજરમાં રાખીને આ વાત વિચારીએ. ભગવાન મહાવીરદેવને આપણે બરોબર ચકાસીએ. એટલે કે તેઓએ જે કાંઈ કહ્યું છે તે જૂઠું તો નહિ જ કહ્યું હોય ને ? તેઓ ખરેખર સત્યવાદી જ હશે ને ? એ અંગે આપણે તેમને ચકાસવા માટે આપણું બધું જ્ઞાન કામે લગાડીએ.

જૂઠું બોલવાના ત્રણ કારણો છે : રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન).

વીર-પ્રભુના ગૃહસ્થજીવનની અંદર પણ દેખાતી નકરી વિરાગમયતા આપણને તેમની મહાનતામાં જરાય શંકા કરવા દેતી નથી. પ્રભુનો અઢળક સમૃદ્ધિસંપન્ન સંસારત્યાગ અને તે પછીની સાડા બાર વર્ષની અતિ ઘોર અને ઉગ્ર સાધના. એનું વર્ણન આપણા રૂંવાડા ખડાં કરી દે છે. આ સાધના પાછળનો તેમનો એક માત્ર ઉદ્દેશ આત્માની સર્વથા વિશુદ્ધિ પામવાનો અજબગજબનું આશ્ચર્ય પેદા કરે છે. એમનો ઉદ્દેશ જ્ઞાની બનવાનો, જગત્‌માં પૂજાવવાનો લગીરે ન હતો. કેવી કમાલ કહેવાય !

સાડા બાર વર્ષના અંતે તેઓ વીતરાગ અને વીતદ્વેષ બન્યા. તરત જ સર્વજ્ઞ અને સર્વદર્શી બન્યા. આમ તેમના રાગ, દ્વેષ અને મોહ (અજ્ઞાન) ત્રણેય સર્વથા ખતમ થઈ ગયા !

એ પછીના ત્રીસ વર્ષના શેષ જીવનકાળમાં તેમણે ક્યારેય પોતાનો કોઈ મત ઊભો કરવાનો પ્રયત્ન કર્યો નથી, કોઈ વાતની મમત(જીદ) રાખી નથી, કોઈ પણ વસ્તુ ઉપર મમતા જણાઈ નથી.

તો પછી આવા મહાત્મા જૂઠું શા માટે બોલે ? જે વીતરાગ હોય, સર્વજ્ઞ હોય તે અવશ્ય સત્યવાદી હોય. (કેમકે તેમની પાસે જૂઠું બોલાવતા ત્રણે ય અશુભ તત્વો-રાગ, દ્વેષ અને મોહ-ખતમ થઈ ગયા છે.) જે સત્યવાદી હોય તે ત્રિલોકપૂજ્ય બને જ, ત્રિલોકગુરુ બને જ.

ભગવાન વીતરાગ હતા તે તો તેમના જીવનના પ્રત્યેક પ્રસંગમાં જોવા મળે

છે. ભગવાન સર્વજ્ઞ હતા તે માત્ર જૈનાગમોમાં કહ્યું નથી, તેમના સમકાલીન ગૌતમબુદ્ધે ખુદે પોતાના શિષ્ય આનંદને કહ્યું છે કે, “હે આનંદ ! તે જ્ઞાતપુત્ર (મહાવીરદેવ) હું અત્યારે શું કરું છું ? તે બધું જાણે છે અને જુએ છે. તેમને સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવોની ક્યાં, કેટલી સંખ્યા હોય તેનું પુરું જ્ઞાન છે. હે આનંદ ! જો કે મને કીટ-સંખ્યાના જ્ઞાનમાં કોઈ રસ નથી, કેમકે તેનો આપણા આત્મવિકાસમાં કોઈ ઉપયોગ નથી.”

‘મજ્ઝિમનિકાય’ નામના બૌદ્ધધર્મના ત્રિપિટકમાં આ વાત કરવામાં આવી છે. બોલો, હવે વીર-પ્રભુની સર્વજ્ઞતામાં શું શંકા કરવી ? વળી આધુનિક વિજ્ઞાનની તુલનાથી પણ તે સર્વજ્ઞતાને સાબિત કરી શકાય છે. જો કે આ તો ચણોઠીથી સોનાનો તોલ કરવા જેવી અનિચ્છનીય બાબત ગણાય, પણ જેઓ વૈજ્ઞાનિકોને જ ભગવાનતુલ્ય સત્યવાદી માને છે તેવા આજના બુદ્ધિજીવી વર્ગને તો પ્રભુ-વીરના સર્વજ્ઞપણામાં શ્રદ્ધા પેદા કરવા માટે આ રસ્તે પણ જવું પડશે.

હા, તે પૂર્વે એક વાત તેમણે કબૂલવી પડશે કે એવી ૫-૨૫ વાતો વિજ્ઞાનના તોલથી નક્કી થઈ જાય તો બાકીની - વીરપ્રભુની તમામ વાતોને આંખ મીંચીને સ્વીકારી લેવી પડશે.

સાંભળો ત્યારે....

(૧) પૂર્વે જણાવ્યું તેમ હેઝન વૈજ્ઞાનિકે બહુધા માન્ય રાખેલું છઠ્ઠા આરાનું વર્ણન પ્રભુ-વીરે તો તેમના શિષ્ય ગૌતમસ્વામીજીને જણાવી જ દીધું છે.

(૨) વૈજ્ઞાનિકો કહે છે કે, ‘બે વાયુના મિશ્રણથી પાણી બને છે’ આ વાત પણ પ્રભુ-વીરે જ જણાવી છે. અન્ય તમામ હિન્દુ દાર્શનિકોએ પાણી (પરમાણુરૂપ) માંથી જ પાણી બનતું હોવાનું જણાવ્યું છે.

(૩) શબ્દને આકાશનો ગુણ-ન પકડી શકાય તેવો-કહ્યો સર્વ દાર્શનિકોએ ! પ્રભુવીરે જ તેને પુદ્ગલ સ્વરૂપ કહ્યો કે જેને પકડી શકાય. આજે તો શબ્દ ઓડીઓ, રેડીઓ વગેરેમાં કેવો સ્પષ્ટ રીતે પકડાઈ ગએલો જણાય છે !

(૪) પ્રભુ-વીરે કહ્યું છે કે ભારતવર્ષના આકાશમાં બે સૂર્ય છે. (બે ચન્દ્ર છે.) થોડા જ સમય પૂર્વે રશીયન વૈજ્ઞાનિકોએ આ માન્યતાને સ્વીકૃતિ આપી છે !

(૫+૬) આઈન્સ્ટાઈનની અનંત અલોકની કલ્પના, ઈથરની ગતિવાહક તત્વ તરીકેની કલ્પના (ધર્માસ્તિકાય !) પ્રભુ વીરે તો ક્યારના જણાવી દીધેલા પરમ સત્યો છે !

(૭+૮) ડાર્વીનના ઉત્ક્રાન્તિવાદનું અને વૈજ્ઞાનિકોના ગુરુત્વાકર્ષણના નિયમનું હવે વૈજ્ઞાનિકો જ ખંડન કરી રહ્યા છે. પ્રભુ-વીરે આ બે ય વાતોને ક્યારેય પણ માન્ય રાખી નથી.

(૯) આત્માનું-શરીરથી અલગરૂપે-નિત્ય અસ્તિત્વ, તેના પૂર્વજન્મ અને પુનર્જન્મની જે વાતો પ્રભુ-વીરે પોતાના શિષ્યોને વાતવાતમાં કરી છે તે હવે જાતિસ્મરણ, વશીકરણ આદિ અનેક માધ્યમથી સ્વીકારાઈ છે.

(૧૦) વનસ્પતિમાં જીવત્વની શોધ કાંઈ સર જગદીશચન્દ્ર બોઝની શોધ નથી. જીવવિચાર ભણેલી નાનકડી કોઈ જૈન-બેબી પણ આ વાત કરતી હોય છે, કેમકે પરમાત્માએ તો તે જીવસૃષ્ટિ અને તેમાં કોને કેટલી ઈન્દ્રિયો (ચક્ષુ આદિ પાંચમાંથી) હોય તેનું વિભાગીકરણ બહુ અસંદિગ્ધ શબ્દોમાં કરી આપ્યું છે.

આ તો દસ વાત થઈ. આવી સો વાતો આપી શકાય. પણ તે પછી શેષ તમામ વાતોમાં આજના બુદ્ધિજીવી વર્ગે પ્રભુ-વીરને હાર્દિક માન્યતા (સ્વીકૃતિ) આપવા તૈયાર થવું જ રહ્યું.

ઘરમાં રસોઈ કરતી સ્ત્રી પણ તપેલીમાં નાંખીને રાંધવા માટે ચડાવેલા ચોખા-તમામ-સીઝ્યા છે કે નહિ ? તેનો નિર્ણય કરવા માટે ૪-૬ દાણાને જ ચાંપી દઈને-તેની ઉપરથી-શેષ તમામનો નિર્ણય કરી લેતી હોય છે. આ ન્યાય પ્રસ્તુતમાં પણ લગાડવો જોઈએ.

આર્યુવેદમાં હરડે, આમળા,બહેડા વગેરે હજારો વનસ્પતિના ગુણ-ધર્મો જણાવ્યા છે. તેમાંથી ૪ થી ૧૦ વનસ્પતિનો અનુભવ મેળવીને તેના અંગેની આયુર્વેદિક ગ્રન્થની સચ્ચાઈની જો ખાત્રી થઈ જાય તો પછી શેષ હજારો દવા સંબંધમાં તેણે જે નિરુપણ કર્યું હોય તેમાં લેશ પણ શંકા કરવી જોઈએ નહિ.

ટૂંકમાં, મારે એટલું જ કહેવું છે કે બટાટા આદિ કંદમૂળમાં અનંતા જીવ, સ્વર્ગ, નરક, મોક્ષ, પુણ્ય અને પાપકર્મો વગેરે બાબતોમાં વૈજ્ઞાનિક પુરાવા ન

મળે તો ય જો તે પ્રભુ-વીરના કહેલા પદાર્થો હોય તો હવે આંખ મીંચીને તેમને શ્રદ્ધેય બનાવી દેવા જોઈએ.

બે-ચાર અનુભવથી સારા જણાએલા ડોક્ટરને ફેમીલી ડોક્ટર બનાવીને તેમની ઉપર કેવો અટલ વિશ્વાસ મૂકી દેવાય છે ? 'પોઈઝન' લખેલી બાટલીની દવા તે આપે તો તે અંગે કશું પૂછવાની પણ જરૂર જણાતી નથી. આંખ મીંચીને તે દવા લેવાય છે. બસ, આવું જ ભગવાન મહાવીરદેવ માટે બનવું જોઈએ. જેટલી બને તેટલી તમારી જ્ઞાનદશાથી તમે પ્રભુ-વીરને ચકાસી લો. તેમની સત્યવાદિતા સંબંધમાં પાકી ખાત્રી કરી લો.

પણ તે ખાતરી થયા બાદ તેમના કહેલા પદાર્થોની ચકાસણી કરવાની નહિ. તે ઉપર તો અકાટ્ય શ્રદ્ધા મૂકી જ દેવાની. આ રીતે જો સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શનની ગોઠવણ થશે તો સમ્યક્ચારિત્ર પામવાનું કામ અત્યન્ત સરળ બની જશે.

'પુરુષવિશ્વાસે વચનવિશ્વાસ' આ રીતે કરવો જોઈએ. જ્ઞાનદશાથી પુરુષવિશ્વાસ અને શ્રદ્ધેયતાથી વચનવિશ્વાસ.

પછી એ વચનો સંબંધમાં માત્ર એટલું જ પૂછવાનું રહે કે, શું આ વાત મારા વહાલા વીરે કરી છે ? જો હા, તો કશી પણ ચર્ચા કર્યા વિના મને તે સર્વથા મંજૂર છે. આમાં ચર્ચા પણ કરવી તે તો મહાપ્રભુનું અપમાન છે. ક્યાં સાગર જેવા તે ? ક્યાં ફુટપટ્ટી જેવી મારી બુદ્ધિ ?

ચાલો, હવે સમ્યગ્દર્શન ઉપર જ આપણા મનને કેન્દ્રિત કરીએ. તેના વિવિધ સ્વરૂપોને જોઈએ.

## પૂર્ણદર્શન તે સમ્યગ્દર્શન

સમ્યગ્દર્શન એટલે પૂર્ણદર્શન. કોઈ પણ વસ્તુના અધૂરા દર્શનમાં ભૂલ થવાની, તેથી રાગાદિ પરિણતિ જાગ્રત થવાની.

નારીના-ઉપરછલ્લા-અધૂરા દર્શનથી તો તે સોહામણી જ લાગવાની પરન્તુ જો તેનું ભીતરી સ્વરૂપ, કટૂવિપાકજનન સ્વરૂપ વગેરેને બરોબર વિચારમાં લાવવામાં આવે તો તે જ નારી ખૂબ બિહામણી લાગશે. તેની તરફ ધસી જવાને બદલે તેનાથી વિરાગ થઈ જશે. 'નારીના દેહની અશુચિતા કાતીલ છે, વિનાશિતા

ભયંકર છે. તેનું રક્ષણ દુર્ધર છે.' આ રીતે જો નારીનું પૂર્ણદર્શન થાય તો તે સમ્યગ્ જ હોય. એને જ સમ્યગ્દર્શન કહેવાય.

પરપદાર્થના અધૂરા દર્શને રાગ જાગશે.

પૂર્ણ દર્શને વિરાગ જાગશે.

ક્રોધાયમાન થએલો મણિધર, ફણિધર નાગ શત્રુ ઉપર હુમલો કરવાની પૂર્વતૈયારીમાં ડોલી રહ્યો હોય ત્યારે તેનું ઉપરછલ્લું દર્શન કરનારને તે સોહામણો લાગશે. પણ તેનું ક્રોધાદિનું ભીતરી દર્શન કરતાં તો જોરદાર નાસભાગ થવા લાગશે.

જો બાર ભાવનાઓ દ્વારા જડ પદાર્થોનું પૂર્ણદર્શન કરાય તો તેમનાથી વિરાગ થવો એ જ સરળ છે, રાગ થવો એ તો અત્યન્ત મુશ્કેલ છે.

જેને મીઠાઈમાં વિષ્ઠા દેખાય, જેને નારીમાં ડોસીપણું દેખાય, જેને શરીરમાં ગંદકી દેખાય, જેને બુશશર્ટમાં ચીંથરા દેખાય તે આત્માને તે બધી વસ્તુઓથી વિરાગ જ થાય, રાગ ન જ થાય.

આ સંસારમાં દેહ એક જ એવી વિચિત્ર, વિષમ, બિભત્સ, ગંદી વસ્તુ છે કે તેનું જો પૂર્ણદર્શન કરાય તો તેને ઉપભોગનું સાધન બનાવતાં એકદમ અટકી પડાય.

અશરણ કુટુંબ, અશુચિમય દેહ, અનિત્ય પદાર્થો વગેરે તમામ ચિંતનો સંસાર ઉપરથી રાગને ઝટ ખતમ કરી દે તેવા છે.

## ત્રણ પદાર્થોનું સમ્યગ્દર્શન

માનવભવનું અને મુનિજીવનનું શ્રેષ્ઠ જો કોઈ કર્તવ્ય હોય તો તે આત્મસાક્ષાત્કાર છે. પણ આ સ્વાત્મસાક્ષાત્કાર ઈશ્વર-સાક્ષાત્કાર વિના શક્ય નથી. અને તે ઈશ્વરસાક્ષાત્કાર જગત્સાક્ષાત્કાર વિના શક્ય નથી.

પૂર્વે જણાવ્યું તેમ જન્મ, જરા, મરણાદિથી, આધિ, વ્યાધિ, ઉપાધિથી અને હિંસાદિ પાપોથી તથા રાગાદિ મળોથી ભરેલા જગત્ને નીહાળો. તેની ભયાનકતાઓને મનથી કબૂલો. આટલું થશે ત્યારે જ તમારા મગજમાંથી આખું જગત્ નીકળી જશે. તેની ઉપરની રાગદશા સાવ ખતમ જેવી થઈ જશે.

આ પછી હવે ઈશ્વરસાક્ષાત્કાર કરવાનું કામ કઠિન રહેતું નથી. બહાર ભટકતું મન હવે ભટકતું બંધ થઈ ગયું એટલે તે મન ઈશ્વરના ધ્યાનમાં એકદમ લીન-વિલીન બની જશે. આ રીતે પરમાત્માના સ્વરૂપનું આબેહૂબ દર્શન થશે એટલે સ્વાત્માનું પણ તે જ સ્વરૂપ હોવાથી તેનું દર્શન થઈને આત્મસાક્ષાત્કાર થશે.

આ ઉપરથી જણાશે કે સૌથી જરૂરી સાક્ષાત્કાર તે જગત્‌સાક્ષાત્કાર છે. તેના વિના બીજા કોઈ પણ સાક્ષાત્કારની મોટી મોટી વાતો કરી શકાશે પણ તેની અનુભૂતિ કદાપિ થશે નહિ.

એક સ્વામીજીની પાસે કોઈ ભગતને આત્મસાક્ષાત્કાર કરવો હતો. સ્વામીજીએ ભગતને મકાનના એક એવા ભોંયરામાં પંદર દિ' સુધી પૂરી રાખ્યો કે, ખાવા-પીવાદિ તમામ કાર્યો તેમણે ત્યાં જ કરવાના. તે જ ભોંયરામાં ભગતની એક ભેંસ રાખી. તેનું ચિત્ર પંદર દિ'માં તૈયાર કરવાનું કામ ભગતને સોંપાયું.

પંદર દિ' પૂરા થતાં સ્વામીજી તેની પાસે ગયા. જોયું તો કેટલાય ફુલસ્કેપ કાગળો ચકરડા-ભમરડા કરીને બગાડી નાંખ્યા હતા.

ફરી તે કામ માટે બીજા પંદર દિ' આપ્યા ત્યારે ભેંસની સામે સતત જોઈને ભગતે આબેહૂબ ભેંસનું ચિત્ર બનાવ્યું.

પંદર દિ' પછી સ્વામી આવ્યા પણ ચિત્ર હજી વધુ સુંદર બનાવવાનું કહીને વળી પંદર દિ' આપ્યા. જ્યારે સ્વામીજી પંદર દિ' બાદ ફરી આવ્યા ત્યારે ભગત પોતે જ ભેંસનું એકધારું ધ્યાન ધરીને ભેંસસ્વરૂપ બની ગયા હતા. ભેંસની જેમ જ માથું હલાવતાં ચાર પગ કરીને તે સ્વામીજી પાસે આવ્યા. સ્વામીજીએ કહ્યું કે, આનું નામ આત્મસાક્ષાત્કાર.

જ્યાં સુધી જીવનું મન સંસારમાં ભટકશે ત્યાં સુધી તે ઈશ્વરમાં ધ્યાન લગાવશે તો ય ફાવશે નહિ. ચકરડા ભમરડા જ કરતો રહેશે.

પછી તેને ઈશ્વરના સ્વરૂપનું ભાન થશે. છેલ્લે પરમાત્મા સાથે તેનો અભેદ થઈ જશે.

# જગદ્દર્શન

સહુ પ્રથમ જગતૃદર્શન કરો. એની ભીતરી ભયાનકતાનું દર્શન કરો. માત્ર દુઃખથી તો ડરીને ભાગ્યા પ્રભુ પાસે ઘણી વાર... હવે જગત્‌ની પાપમયતાનું દર્શન કરીને દોડી જાઓ પ્રભુ પાસે, ચોંટી પડો એને.

બાવાને જોઈને બી ગએલો બાબો કેવો દોડીને એની બાને બાઝી પડે છે ? બસ, આવું જો થાય તો જગતૃદર્શન થયું કહેવાય. આમાંથી જે બાના શરણ જેવું ઈશ્વર-શરણ સ્વીકારાય તેનું નામ સમ્યગ્દર્શન છે.

જગત્‌માં સુખ છે, સુખની સામગ્રી છે, તેને ખરીદવા માટે ધન છે. આ ત્રણે ય ચીજો ઉત્તરોત્તર વધુ ને વધુ ભયંકર છે.

ભોગસુખોમાં મહારાજા યયાતિ ખૂંપી ગયો. અન્તે પસ્તાયો.

ભોગસુખની સામગ્રીઓમાં ચક્રી બ્રહ્મદત્ત ફસાયો. છેવટે સાતમી નારકે ગયો.

ધનની કાળી મૂચ્છર્ામાં મમ્મણ ફસાયો. સાતમી નારકે ગયો.

કપિલ બ્રાહ્મણ સદ્‌નસીબે ફસાતો બચી ગયો, કેવળજ્ઞાન પામ્યો !

અર્થ (ધન)ને તો સર્વ અનર્થની ખાણ કહેલ છે.

ઈસુ ખ્રિસ્તે પણ ધનલંપટ માટે સ્વર્ગની અસંભાવના જણાવી છે. એણે કહ્યું છે કે, ‘હજી કદાચ સોયના કાણાંમાંથી ઊંટ નીકળી જશે પણ ધની માણસ સ્વર્ગે તો નહિ જ જઈ શકે.’

તુલસીજીએ પણ કહ્યું છે કે, અરબ (અબજ) ખરબ (ખર્વ) કો ધન મિલે, ઉદય (પૂર્વ) અસ્ત (પશ્ચિમ) કો રાજ, તુલસી ! હરિભજન વિના સભી નરક કે સાજ.

લોટરીમાં બમ્પર ડ્રો લાગતાં મળી ગએલા એક ક્રોડ રૂપિઆના લોભમાં ફાઈવ સ્ટાર હોટલમાં તેને ઈન્વેસ્ટ કરતાં બાપે, તેના મેનેજર તરીકે દીકરાને રાખ્યો. બિચારો ! બધા વ્યસનોમાં લપેટાયો, ડ્રગ્સમાં ય ફસાયો, ભરજુવાનવયે પત્નીને વિધવા કરી નાંખી !

અખો, સુકોશલ, વિદુર, બળદેવ, સીતાજી, મીરા, સુલસા વગેરે જે કોઈને જગત્દર્શન થયું એ બધાને તેનાથી તીવ્ર વિરાગ પ્રાપ્ત થયો, જેના પ્રત્યાઘાતરૂપે તે બધા દેવ, ગુરુ,ધર્મના તીવ્ર રાગી બની ગયા !

જગત્ના સુખો જ્યારે પુણ્યકર્માદિને પરાધીન છે ત્યારે તે સુખોને સુખ કેમ કહેવાય ! જે પરવશ તે દુઃખ. આથી જ કોટિશિલા ઉપર પોતાનું નામ લખતી વખતે ભરત ચક્રીની આંખે આંસુ આવ્યા હતા !

આથી જ ભોગસુખે ચકચૂર બનેલા બ્રહ્મદત્ત અને તેની પટ્ટરાણી કુરુમતી ક્રમશઃ સાતમી અને છટ્ઠી નારકામેગા થયા. આજે ય એકબીજાના વિરહની કરૂણ ચીસો પાડી રહ્યા છે !

આથી જ આદિનાથનો પૂર્વભવીય જીવ લલિતાંગ સ્વયંપ્રભાના સજ્જડ રાગભાવે ફસાયો હતો !

જો જગતનું સુખ કર્મરાજાની મહેરભરેલી કૃપાદ્રષ્ટિ ઉપર જ નભતું હોય, જો તેની આંખના ખૂણે પણ લાલાશ (ક્રોધની) ભરાતાં સુખી માણસ રાતોરાત દુઃખી થતો હોય, નિરોગી માણસને લોહીની ઉલટીઓ થવા લાગતી હોય, સાધુ સંસારી બની જતો હોય તો તેવું સુખ તો દુઃખ જ કહેવાય.

નેપોલીઅન, રશીઆનો ઝાર, ચંગીઝખાન જેવા મોટમોટા સુખી સરમુખત્યારો હતા. તેમને કર્મોએ ઘડીના છટ્ઠા ભાગમાં રોળી નાંખ્યા છે. નંદિષેણ, લક્ષ્મણા, રૂકિમ, સિંહગુફાવાસી મુનિ, રહનેમિજી જેવા ધર્માત્માઓના ધરમ ધમરોળી નાંખ્યા છે.

મણિધર નાગે મેદાનમાં મૂકેલો મણિ લોખંડી છાબડે જ્યારે દબાવાઈ દેવાય છે ત્યારે તે તેના તીક્ષ્ણ સોંયા ઉપર માથું પછાડીને મરણ-શરણ થાય છે.

સંસારના સુખો ઉપર ગમે ત્યારે દુઃખોના આવરણ આવે છે તે વખતે માણસ તીવ્ર દુર્ધ્યાનમાં પોતાનું જીવન હણી નાંખતો હોય છે.

જગત્ની ભયાનકતાનું બરોબર દર્શન તે સમ્યગ્દર્શન છે. તેનાથી તેને ब्रह्म सत्यं ( एस अट्ठे, एस परमट्ठे ) થવા લાગે છે. सेसे अनट्ठे થાય છે. આખું જગત્ તેને જુલમગાર લાગે છે.

આ જગત્ દુઃખમય છે. જુઓ, સીતાનું આખું જીવન કેવું દુઃખમય પસાર

થયું હતું ! ગૌતમબુદ્ધને વિરાગ થવામાં જગત્‌ની દુઃખમયતાનું જ દર્શન થયું હતું. તેમણે જીવનમાં પહેલી જ વખત (યૌવન પામતાં) પીળું પડેલું પાંદડું, ઘરડો માણસ અને મડદું જોયું હતું. તેમાંથી તેમને જગન્મિથ્યા એવું દર્શન થયું.

આ જગત્ પાપમય છે.

પોતાના પાપોથી પણ જગત્ ઉપર વિરાગ થાય. બીજાઓના વિશ્વાસઘાતાદિ પાપો જોઈને પણ જગત્ ઉપર નફરત છૂટી જાય.

પોતાની માનેલી બેનના પોતાના ઉપરના અવિશ્વાસને જાણીને અખાને, માતાની પોતાના ઉપરની કારમી મોહદશાને જોઈને સુકોશલને, હાસા-પ્રહાસા દેવીઓ તરફથી મળેલા ફીટકારને જોઈને કુમારનન્દી સોનીને, પિતાજીની કારમી હત્યાના પ્રસંગથી સ્થૂલભદ્રજીને, ગજસુકુમાલ મુનિની હત્યાથી શ્રીકૃષ્ણની સેંકડો રાણીઓ વગેરેને, સગા દીકરાથી માંડીને સહુએ પોતાના શીલને ચૂંથવાના પ્રસંગથી ત્રાસી જઈને કામલક્ષ્મીને આ સંસાર ઉપર જબરદસ્ત નફરત થઈ હતી !

આ સંસાર રાગમય છે.

આદિનાથ ભગવંતનો જીવ લલિતાંગ સ્વયંપ્રભા ઉપર કેવો રાગી બન્યો હતો !

પ્રભુ-વીરનો આત્મા મરીચિ મુનિ, દેહ ઉપર કેવો રાગી બન્યો હતો !

કુમારનન્દી સોની કેટલો બધો કામાન્ધ હતો ! સત્યકીને વાસનાઓ કેટલી સતાવતી હતી ! સિંહગુફાવાસી મુનિ, સંભૂતિ મુનિ, રહનેમિજી, અષાઢાભૂતિ મુનિ, લક્ષ્મણા અને રૂક્મિના જીવનમાં રાગના વમળો કેવા જોરદાર સર્જાયા હતા !

દીકરા-દીકરી ઉપર પેલા રાજાને કેટલો તીવ્ર મોહ હતો, કે જેથી દીકરીને સાસરે વળાવવાનું મોકૂફ રાખીને તેના સગાભાઈ સાથે તેને પરણાવી દીધી !

આ સંસાર સ્વાર્થમય છે.

મૃણાલે પોતાના કામ-વાસનાની પૂર્તિના કાળા સ્વાર્થમાં પ્રિયતમ મુંજાલને જેલમાંથી ભાગી છૂટતો પકડાવી દીધો !

દુર્યોધન અને રાવણે તો હદ વાળી નાંખી ! હાર, કુંડલાદિ પામવાની સ્વાર્થાન્ધતાએ પદ્માવતી રાણી દ્વારા ક્રોડો માણસોનો સંહાર થયો !

આ સંસાર અજ્ઞાનમય : કદાગ્રહ, પૂર્વગ્રહ, અનાગ્રહ-ભરપૂર છે.

કોણિકને છટ્ઠી નારકમાં નહિ, સાતમી નારકે જવું હતું !

જમાલિએ પોતાને તીર્થંકર જાહેર કરેલ. ગોશાલકે પ્રભુ-વીરને જીવતા બાળી નાંખવાની કોશિશ કરી ! સંભૂતિ મુનિ અને અયવંતી સુકુમાલ સંસારસુખ પામવા માટે ધર્મને જુગારમાં મૂકી દેનારા મહા અજ્ઞાની સાહસિકો હતા ! બે ય જગાએ ધર્મ છે એમ કહીને અનાગ્રહી મરીચિ બનેલા મુનિએ દીર્ઘ સંસાર લમણે લગાવ્યો હતો.

આ સંસારના બીજા બધા દુઃખો તો બાજુ ઉપર મૂકો પણ જેની સાથે આત્મા એકરસ બની ગયો છે, તેથી જ જેનું દુઃખ તેને સૌથી વધુ લાગે છે તે શરીર અંગેના ત્રણ દુઃખો- રોગ, ઘડપણ અને મોત તો સંસારની દુઃખમયતાને નક્કર સ્વરૂપે જીવંત કરી મૂકે છે !

અનાથી, સનત્-ચક્રી, વૈશાલીની નર્તકી વાસવદત્તા, કેન્સરની કારમી પીડામાં રાડારાડ કરતાં ખૂંખાર જીવન જીવેલા ડલેસ વગેરેની રોગ-પીડાઓ કેવી અસહ્ય હતી ?

કંચુકીના ઘડપણને જોઈને દશરથ, ગાલ ઉપર પડી ગએલી કરચલી જોઈને વિશ્વસુંદરી મનરો મેરોલીન અહીં યાદ આવે છે. વિદેશોમાં ઘરડાઘરમાં સુપુત્રો (!) દ્વારા ઘાલી દેવાએલા હજારો માબાપો ઘડપણને યાદ કરતાં ધ્રૂજી ઊઠ્યા છે ! અકારી લાગતી પળોમાં આશ્વાસન માટે માત્ર હુંફ આપવાની ફી લેતી વિદેશી સંસ્થાઓના દર્દીઓના ઘડપણને જોઈને તો ઘરડા થયા વિના જ મરી જવાની ઈચ્છા જાગે તેવું છે. આજના કાળમાં તો મોત કરતાં ય ઘડપણ કદાચ વધુ કડવું હશે, જ્યાં સંતાનોને પોતાના ઘરડાં વાલીઓ નકામા, બેકાર, દવાદિ પાછળ પૈસા વેડફાવતાં અકારાં ઝેર લાગી પડ્યા છે ! વહુઓના ત્રાસથી તો સાસુ-સસરાઓ પ્રભુને મોત આપવાની વારંવાર પ્રાર્થના કરવા લાગ્યા છે !

અને મોત.. હાય બાપ ! કેટલું ભયાનક દુઃખ ! બધું સુખ એકી સાથે એ છોડાવી દે, કરેલા પાપોનો ઈન્સાફ કરવા માટે બધા દુઃખો અને દુર્ગતિઓ બીજી જ પળે એક સાથે માથે ઝીંકી દે !

ગમે ત્યારે આવે મોત !

ગમે તેને આવે મોત !

બેશરમ, અત્યન્ત નિર્દય છે આ મોત !

ભરયુવાન પતિની વર્ષગાંઠના દિવસે પાર્ટી ગોઠવીને, પાર્ટી સ્ટાર્ટ કરવા માટે સહુ પ્રથમ પોતાના હાથે પતિને મોં ઉપર કોફીનો ગ્લાસ ધરતાં જ પતિનો પ્રાણ નીકળી ગયો !

લુણાવા ગામે નવોઢાનો પતિ લગ્નથી ચોથા જ દિવસે મૃત્યુ પામ્યો ! એના આઘાતોમાં પતિના શબ ઉપર એ કોડભરી કન્યા સતત પોતાને પછાડતી રહી ! બેભાન બનતી રહી !

કાકા લક્ષ્મણના અકાળે અને અચાનક મૃત્યુથી ધ્રૂજી ઊઠેલા લવ-કુશે સંસાર ત્યાગી દીધો !

પિતાના મડદાને જોઈને-આખા ને આખા પિતા (તેમનું શરીર) હાજર હોવા છતાં 'પિતાજી ગયા... પિતાજી ગયા' ની વાતોથી આશ્ચર્યમુગ્ધ બનીને સંસાર ત્યાગતો રમણ. (ભાવીના રમણ મહર્ષિ)

વળી પણ આ સંસારમાં ભયાનકતાનું દર્શન થાય છે. અજર, અમર, અરુજ, અજન્મા, અપાપ તથા સત્, ચિત્ અને આનંદથી ભરપૂર એવા આત્માને એણે કેવો અનંત કાળથી પાંચ પાંચ ખાનાઓમાં પૂરી દઈને ઘરડો, મરતો, રોગી, જન્મ પામતો, પાપી, દુઃખી કરી મૂક્યો છે. જન્મ પણ ગમે તેવી હલકી જગાઓમાં, જીવન પણ પાપ-ભરપૂર, મોત પણ રિબામણોથી ભરેલા.. હાય ! હે આત્મન્ ! તારા કેવા કેવા સ્વમાનભંગ ! કેવા કેવા અપમાનો ! તારા ઝળહળાટભર્યા પરમ શુદ્ધ સ્વરૂપનું સન્માન કરવાની તો અહીં અપેક્ષા જ ક્યાંથી રખાય ?

સાંભળો ત્યારે.....

સંસાર એ પોતે જ આત્માનું મોટું કેદખાનું છે.

કુટુંબીજનો એ મુસાફરખાનું છે.

શરીર એ પાયખાનું (ગંદકીભરપૂર) છે. (જે સૌથી વધુ મોટું રાગનું સાધન

છે. એ શરીરની અશુચિતા, રોગમયતા અને વિનાશિતા જ જો બરોબર વિચારાય તો એના જેવું વૈરાગ્યનું સાધન આ જગત્માં બીજું કોઈ નથી.)

કર્મો એ કારખાનું છે. (સંસારનું સર્જન એ કરે છે.)

રાગાદિ અશુભ પરિણતિઓ એ કતલખાનું છે. આત્માના ગુણોની કત્લેઆમ ચલાવે છે. (લાખો માણસોના નરસંહાર કરતાં એક જ વાર કરેલા ક્રોધ દ્વારા ક્ષમા ગુણનો કરાતો સંહાર અતિ મોટો છે.)

પારકાઓએ (કર્મોએ, રાગાદિ પરિણતિઓએ) ઘરમાં ઘૂસીને આત્માનું સત્યાનાશ વાળ્યું છે. જો આ પરિણતિઓ જાગે જ નહિ તો કર્મો બંધાય નહિ, શરીર વળગે નહિ, કુટુંબ બને નહિ, સંસારમાં પકડાઈ રહેવાય નહિ. પારકી પરિણતિઓએ આત્માના ઘરમાં પેસીને દાટ વાળ્યો, માલિકને ઘરમાંથી બહાર કાઢ્યો, તેને નિર્વાસિત બનાવ્યો !

આ કર્મો તે પુણ્યકર્મ સ્વરૂપ હોય તો ય નકામા છે. કર્મરાજા પાસે એ મૂડી લેવા જેવી નથી, જેના દ્વારા ભોગસુખ કમાવવાની દુકાન ચાલે. આ કર્મરાજા પઠાણ કરતાં ય ભૂંડો છે, ક્રૂર અને ઘાતકી છે. એનું વ્યાજ સેંકડે બે, ત્રણ ટકા નથી, વીસ ટકા છે. જે તેને ભરી ન શકે તેને તે કૂતરા, બિલાડા, નારક વગેરે બનાવીને લાખો વાર હેરાન હેરાન કરી નાંખે છે. અવધૂત આનંદઘનજીએ કહ્યું છે કે, મૂલડો થોડો ને ભાઈ ! વ્યાજડો ઘણો રે ભાઈ ! વ્યાજડો ઘણો રે !

આ સંસાર દુઃખમય, પાપમય, સ્વાર્થમય, રાગમય, અજ્ઞાનમય છે. તે ક્યારેય સુખમય હતો નહિ, છે નહિ અને થશે પણ નહિ.

પુણ્યકર્મના ઉદયથી પ્રાપ્ત થતું કહેવાતું સુખ એ ય દુઃખ જ છે, કેમકે તેના પરિણામોમાં દુઃખ છે, તેના ભોગવટાના સમયમાં ય અતૃપ્તિ આદિના તાપના તીવ્ર સંતાપનું દુઃખ છે. તે મોતથી નાશ પામનારું છે. કર્મરાજાની મહેરબાનીથી મળેલું છે. જેવી એની મહેરબાની પતી ગઈ કે જીવ પતી ગયો !

કાચા સૂતરના તાંતણે લટકેલા પોતાને સુખી માનતા ભાઈ ! ભ્રમમાંથી જલદી નીકળો. તાંતણો કાચા સૂતરનો છે ! અપેક્ષાનું લટકેલું વજન પાંચ મણ છે ! હમણાં જ ક્યાંક તાંતણો તૂટી પડશે ! તારી કલ્પનાઓ, તારા અરમાનો, તારા વિશ્વાસોના ચૂરેચૂરા થશે !

જે આત્મવશ તે સુખ. જે પરવશ તે દુઃખ... આ છે સુખ-દુઃખના લક્ષણો.

સંસાર-સુખ તો પુણ્યકર્મને પરવશ છે. હવે એને સુખ કહેવાય જ કેમ ?

આમ સંસારને સુખમય માનવાની ભ્રમણામાં કોઈ રહેશો નહિ.

ભોગસુખ પણ મીઠું છે જ નહિ. તેને મીઠું માનવું તેના જેવી મોટી ભ્રમણા આ જગત્‌માં એક પણ નથી. જેને ઝેર ચડ્યું હોય તેને કડવોવખ લીંબડો મીઠો લાગે. તેવું જ અહીં છે. જેને મોહદશાનું ઝેર ચડ્યું હોય તેને જ આ સંસાર-સુખ મીઠું લાગે. જ્ઞાની પુરુષના સત્સંગે આ મોહદશા જેમ જેમ ઉતરતી જાય તેમ તેમ ભોગસુખમાં કડવાશ જણાતી જાય.

ભ્રમણા ભાંગશે ત્યારે જ ભ્રમણ ભાંગશે. ભ્રમણાથી જ ભ્રમણ ચાલ્યું છે અને હજી ચાલ્યા જ કરશે.

જે પુણ્યાત્માને આવું આબેહૂબ પૂર્ણ જગદ્‌દર્શન થાય તેના મગજમાંથી આખું જગત્ નીકળી જાય. હવે જ તે ઈશ્વર-પ્રણિધાનાદિ કરે તો તેને સહેલાઈથી ઈશ્વરસ્વરૂપના દર્શનની વારંવાર સ્વપ્નાદિમાં ઝાંખી થયા જ કરે; સુલસા, મીરા, મયણા, નરસિંહ મહેતા, રામકૃષ્ણ પરમહંસ, ઝરકીનો પતિ રામો વગેરેની જેમ. આ રીતે જે આત્મા ઈશ્વરદર્શન કરે તેને પોતાના આત્માના ઈશ્વરત્વનું દર્શન થાય. અન્તે તો આત્મા એ જ પરમાત્મા છે.

આત્માના દર્શનમાં બે પ્રકારના દર્શન થાય : આત્માના કર્મયુક્ત અશુદ્ધ સ્વરૂપનું દર્શન અને આત્માના કર્મમુક્ત શુદ્ધ સ્વરૂપનું દર્શન. બે ય દર્શન બહુ જરૂરી છે. જ્યાં સુધી આપણો આત્મા કામ, ક્રોધાદિ દોષોની અશુદ્ધિથી ઉભરાએલો છે ત્યાં સુધી પોતાના શુદ્ધ સ્વરૂપની કલ્પના કરીને હું ભગવાન છું, "अहं ब्रह्माऽस्मि" વગેરે સ્વરૂપ આત્મદર્શન કરવામાં અહંકાર અને દંભ (પાખંડ) ને પોષાવવાની પૂરેપૂરી સો ટકાની શક્યતા છે. આમ ન થાય તે માટે પોતે કર્મયુક્ત છે અને તે કર્મોએ પોતાને કેટલો માર્યો છે ? કેવો દુર્ગતિના રવાડે અનંતીવાર ચડાવ્યો છે ? તે બધી સ્થિતિનું આત્મદર્શન કરવું.

આ આત્મદર્શનથી જીવમાત્ર સાથે અભેદભાવજન્ય મૈત્રીભાવ સર્જાય છે. તે આ રીતે : આવું આત્મદર્શન કરતો આત્મા વિચારે છે કે, જેવો હું અશુદ્ધ છું, કર્મયુક્ત છું, પાપી છું, નીચ અને અધમથી ય અધમ છું તેવા જ બધા જીવો છે. તો જ્યારે અમે બધા એકસરખા છીએ, જ્યારે હું પણ કાચના ઘરમાં રહું છું તો

બીજાના કાચના ઘર ઉપર પથ્થર મારવાનો મને લેશ પણ અધિકાર નથી. આ રીતની ભાવનાથી જીવમાત્ર સાથે મૈત્રીભાવ કેળવાય છે. કોઈ પણ કામી, ક્રોધી, પાપી વગેરેને જોતાં ઝટ વિચાર આવે છે કે, હું પણ તેવો જ છું, સાપને ઘેર સાપ પરોણો બન્યો છે ! માટે તેને કશું કહેવાનો મને કોઈ અધિકાર નથી. અમે બધા બહારથી જીવ છીએ, પછી ભલે ભીતરમાં અમે બધા શિવ ગણાઈએ. જીવત્વના નાતે (કર્મયુક્તતાના નાતે) અમે બધા સરખા છીએ, અભિન્ન છીએ, મિત્ર છીએ.

આવું આત્માનું અશુદ્ધસ્વરૂપ આત્મદર્શન થાય તે પછી જ શુદ્ધસ્વરૂપ આત્માનું આત્મદર્શન કરવું જોઈએ.

હા, હવે એ કર્મયુક્ત છે તો પણ તે કર્મોના આવરણને બુદ્ધિ (કલ્પના)ના ખંજરથી ચીરી નાંખીને ત્યાં પેસવું જોઈએ. ત્યાં રહેલા આત્માના શિવસ્વરૂપનું - શુદ્ધાત્માનું - દર્શન કરવું જોઈએ. આ દર્શન એટલે હું શુદ્ધ છું, બુદ્ધ છું, મુક્ત છું, હું શિવ છું, સદાનંદ છું, બ્રહ્મ છું.

ગુરુ શિષ્યને કહે, 'तत् त्वमसि' તું તે (શિવ) છે.

આ ઉપર એકતાન બનીને આત્મા બોલે, "अहं ब्रह्माऽस्मि" હું બ્રહ્મ છું. તે બ્રહ્મ અને હું અભિન્ન છીએ. હું શિવ છું. હું જ શિવ છું. હું ભગવાન છું. હું જ ભગવાન છું. જગત્‌માં સર્વત્ર જીવનો અભેદ છે. તે શિવસ્વરૂપે છે. તે એક જ છે.

આથી જ જિનશાસન એટલે સ્વરૂપ(જિન) શાસન કહેવાય.

આ રીતે પોતાના શિવસ્વરૂપનું આત્મદર્શન થતાં મોક્ષે રહેલા તમામ 'શિવ'(સિદ્ધાત્માઓ) સાથે અભેદભાવ સર્જાય.

જીવત્વના નાતે સર્વ જીવો સાથે અભેદ.

શિવત્વના નાતે સર્વ શિવ સાથે અભેદ. હું, તું (બીજા જીવો), તે (સિદ્ધાત્માઓ) બધા એક.... અભિન્ન...

આ અભેદ-પ્રણિધાન એ સાધનાની પરાકાષ્ટા છે. આ જ બધી સાધનાનું સાધ્ય છે. આ અભેદ-પ્રણિધાનના સમયે સમયે અનંતી પાપરાશિઓના, કાતીલ રાગાદિમળોના છક્કા છૂટી જતા હોય છે. આત્મા પોતાના શિવસ્વરૂપના પ્રાગટ્ય

તરફ સેકંડના હજારો કીલોમીટરની સ્પીડથી ધસતો હોય છે.

આ અભેદ-પ્રણિધાનની પ્રત્યેક પળોમાં અનિવાર્યપણે પેદા થતાં પુણ્યમાં જ સકળ જીવસૃષ્ટિને દુઃખમુક્ત, રોગમુક્ત, પાપમુક્ત, સંક્લેશમુક્ત, સંસારમુક્ત કરવાનું સામર્થ્ય હોય છે.

આ તો બહુ ઊંચા આત્મદર્શનની-જીવ અને શિવના સ્વરૂપદર્શનની વાત થઈ. નહિ તો થોડીક નીચી કક્ષામાં પોતાને જ જીવ અને શિવ તરીકે ન જોતાં બીજા જીવોમાં શિવત્વનું દર્શન કરવું અને પોતાનામાં જીવત્વનું દર્શન કરવું.

બીજા જીવોમાં શિવસ્વરૂપ (શુદ્ધતા) દેખાતાં તેમને ધિક્કારવાનું, ઠપકારવાનું કે તેમની સાથે અમૈત્રી સાધવાનું ખતમ થઈને મૈત્રી સધાશે.

પોતાનામાં જીવસ્વરૂપ (કર્મયુક્ત અશુદ્ધિ)નું દર્શન કરવાથી પોતાના ધર્માદિના આચરણમાંથી પેદા થવાની શક્યતાવાળા અહંકારાદિ દોષો જાગશે જ નહિ.

અસ્તુ. ફરી મૂળ વાત ઉપર આવીએ.

જ્યારે પોતાનો આત્મા બ્રહ્મસ્વરૂપ દેખાય છે ત્યારે આત્માની મસ્તી : ખુમારી પણ અપૂર્વ અને અદ્‌ભુત બની જાય છે. આવી ખુમારી અનુભવતાં આનંદઘનજીએ તો પોતાને જ, 'અહો ! અહો ! હું મને નમું' કહીને નમસ્કાર કર્યો છે.

સિંહનું દર્શન કરીને બકરીના ટોળે ઉછરતાં સિંહને કેવું સ્વરૂપભાન થયું ! કેવું બકરીની જેમ બેં બેં કરવાનું, ઘાસ ખાવાનું અને નાના નાના ઠેકડાં મારવાનું તરત જ છોડી દીધું !

ચાતક-બચ્ચાંને સ્વરૂપનું ભાન થયું કે સ્વાતિ નક્ષત્રમાં વરસેલા વરસાદી પાણી સિવાય કોઈ પણ પાણી-ગંગાજળ પણ-પીને આપણી જાત જીવતાં રહેવાનું પસંદ ન કરે, કે તરત તેણે ગંગાજળ પીવાની માંડવાળ કરીને, આવી શીખ દેતી મા પાસે તે દોડી ગયું !

સાવકી માએ રાજકુમારને કાંક ખવડાવી દઈને ગાંડો કરી દીધો ! પાગલ બનેલો તે રાજકુમાર ભટકતો ભટકતો જંગલમાં ક્યાંક સૂઈ ગયો ! ત્યાં અપુત્રીઆ રાજાની હાથણીએ તેની ઉપર કળશ ઢોળ્યો. તેને તે નગરનો રાજા

બનાવાયો. પેલું કામણટૂમણ ઉપચારથી દૂર થયું. પણ મન્ત્રી, સૈનિકો વગેરે તો તેને ભિખારો જ માનતા, તેથી તેને દાદ દેતા નહિ. એક દિ' આથી ત્રાસી ઉઠેલા રાજાને પોતાની મૂળભૂત જાતનું ભાન થયું. તેની ખુમારીથી ધગધગવા લાગ્યો. બીજા દિવસે રાજસભામાં તેણે પોતાના અસલી સ્વરૂપનો પરચો આપી દીધો ! એક બે ટીકળીખોરોને સપાટામાં લઈ લીધા ! બધા સીધાદોર થઈ ગયા !

પેલો ભવાયો ! સિંહ પણ બની શક્યો. તે વખતે ગામના ઠાકોરના દીકરાએ તેનું પૂંછડું આમળ્યું તો સિંહ જેવી જ રાડ પાડીને બીજી જ પળે તેને ઉભો ને ઉભો ચીરી નાંખ્યો. દીકરાના મોતનું વેર લેવા ઠાકોરે તેને સતીનો પાઠ ભજવવા જણાવ્યું. ભવાયો સતી બન્યો ! છેલ્લે ખરેખર ચિતા ઉપર સૂઈને સળગી પણ ગયો ! ઠાકોર મૂછમાં મલકાયો !

ભવાયાના નકલી સ્વરૂપોમાં પણ કેટલી બધી ખુમારી !

શૃંગી જાતિના મત્સ્યો ખારા પાણીના સમુદ્રમાં રહીને, ખારા પાણી જ પીતા ક્રોડો માછલાંઓ સાથે રહીને ય મીઠાં પાણીના ઝરણાના મીઠા પાણી જ પીએ છે.

અગંધનકુળના નાગ પીચકારી છોડેલું ઝેર કદી પાછું લેતા નથી. આગમાં ભડથું થવું પસંદ કરે છે.

ભાઈ ! આ તો સહુ સહુની ખુમારી છે ! ખુમારીની શું વાત થાય ?

આપણા આત્માના તો અસલી સ્વરૂપમાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખ, અને પૂર્ણ શુદ્ધિ ખીચોખીચ ભરી પડી છે ! તેનું જો ભાન થાય, દર્શન થાય તો કેવી અસલી ખુમારી આવી જાય ! પછી કર્મયુક્તતાજનિત રોગો, દુઃખો વગેરેની સ્થિતિમાં હાયવોય, સંક્લેશ વગેરે તો જોવા જ શેના મળે ? નારીને જોઈને નિર્વિકારિતાની ખુમારીમાં રાચતા આત્માને વિકાર જાગે જ શી રીતે ? પોતાના અવિનાશભાવના આનંદની ખુમારીવાળો આત્મા વિનાશી ધનાદિ પરપદાર્થોમાં મુંઝાય જ શી રીતે ?

જગત્‌દર્શન કરીને ઈશ્વરદર્શન કરીએ.

ઈશ્વરદર્શન કરીને આત્મદર્શન (બે ય સ્વરૂપે) કરીએ.

આનું જ નામ ત્રણ પદાર્થોનું સમ્યગ્દર્શન.

જગત્દર્શનથી જગત્ ઉપર વિરાગ (નફરત) જાગે અને જીવદર્શનથી જીવમાત્ર ઉપર મૈત્રીભાવનો સ્નેહ જાગે. આત્મદર્શનથી આત્મગુણોની ખુમારીનો આનંદ પ્રગટે.

## શરણાગતિ તે સમ્યગ્દર્શન

જેને સાચું જગદ્દર્શન થાય તે બિહામણા જગત્થી ભયભીત બનીને - અઘોરી બાવાથી બી ગએલા બાબાની જેમ - અરિહંતાદિના (બાના) શરણે એકદમ ધસી જાય. આમ જગદ્દર્શનાદિથી શરણાગતિ પેદા થાય છે, જે સમ્યગ્દર્શનનું વરવું સ્વરૂપ છે.

જે આત્માને જગત્ના ભોગોની ભયાનકતા દેખાઈ ગઈ, તેના પરિણામો અત્યન્ત કટૂ છે એ વાત જ્ઞાનદશાથી સમજાઈ, એ કટૂ પરિણામોને સહન કરવાની જેનામાં તાકાત ન હોય, એમ સાથે સાથે સંસાર ત્યાગીને, સાધુ થઈને કઠોર સાધના કરવા દ્વારા કરેલા પાપોને ધોવાની પણ જેનામાં હિંમત ન હોય તેના માટે વચલો માર્ગ છે : અરિહંતાદિ ચાર-અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ-નું અનન્યભાવે અને અકામભાવે (સંસારની કોઈ પણ કામના વિના) શરણ સ્વીકારવું, તેમને સતત વંદનાઓ અર્પવી.

જેમ સંસાર ત્યાગવો એ સાધના છે એમ પોતાના પાપો ઉપર રડવું એ પણ એવી જ સાધના છે.

કરેલા પાપોની ભાવીમાં સંભવિત દુર્ગતિઓની વેદના ખમાય તેમ ન હોય, કર્મક્ષયની સાધના પણ કરી શકાય તેમ ન હોય તેણે વન્દના કરવી.

લલિતવિસ્તરા ગ્રન્થમાં ધર્મનું મૂળ (ધર્મનો આરંભ) વંદના (સુકૃતોની અનુમોદના)થી કહ્યો છે.

જગત્, જગત્પતિ, જીવરાશિ અને જાત-એ ચારનું પૂર્વોક્ત રીતે જો સમ્યગ્દર્શન થાય તો અરિહંતાદિ પાંચ પદોની શરણાગતિ રૂપ સમ્યગ્દર્શન થાય. પહેલું સમ્યગ્દર્શન એ જ્ઞાનસ્વરૂપ છે, બીજું સમ્યગ્દર્શન ભક્તિ-સ્વરૂપ છે.

યાદ રાખો કે દેવ, ગુરુ અને ધર્મની તત્વત્રયી અને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્રની રત્નત્રયી તરફ આપણને દુઃખમય, પાપમય અને

રાગમય એવા સંસારની સ્વરૂપત્રયીએ જબરો નિમિત્તભાવ ભજવ્યો છે. તે આ રીતે :

જ્યારે સંસાર દુ:ખમય છે ત્યારે જ દેવના શરણે દોડી જવાય છે. એના શરણથી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે.

જ્યારે સંસાર પાપમય છે ત્યારે જ ગુરુના શરણે દોડી જવાય છે. એના શરણથી સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

જ્યારે સંસાર રાગમય છે ત્યારે જ વિરાગરૂપ ધર્મના શરણે દોડી જવાય છે. એનાથી સમ્યક્ચારિત્રની પ્રાપ્તિ થાય છે.

| સંસાર | શરણ | પ્રાપ્તિ |
|---|---|---|
| દુ:ખમય | દેવ | સમ્યગ્દર્શન |
| પાપમય | ગુરુ | સમ્યગ્જ્ઞાન |
| રાગમય | ધર્મ | સમ્યક્ચારિત્ર |

આ રીતે જેને તત્વત્રયીની શરણાગતિ પ્રાપ્ત થઈ તેને પોતાના દુષ્કૃતોની ગર્હા પણ પ્રાપ્ત થાય છે. આ આત્મા બીજાઓના સુકૃતોની અનુમોદના કર્યા વિના રહી શકે નહિ. સ્વદુષ્કૃતગર્હા અને પરસુકૃત-અનુમોદના એક સિક્કાની બે બાજુઓ છે, સદા સાથે રહે. જો બેમાંથી એકનો પણ અભાવ કોઈક જીવમાં જોવા મળે તો જેનો સદ્ભાવ દેખાતો હોય તે ભ્રાન્ત સમજવો, આભાસિક સમજવો.

આથી નક્કી થયું કે શરણ, ગર્હા અને અનુમોદના-ત્રણ એક સ્થાને, એક સાથે જ રહેતા હોય છે.

## જિનવચન શ્રદ્ધાન તે સમ્યગ્દર્શન

**तमेव सच्चं निःसंकं जं जिणेहिं पवेइअं ।** જે કોઈ મારા વહાલા વીતરાગ સર્વજ્ઞ-દેવાધિદેવે કહ્યું છે તે બધું અક્ષરશઃ કાના, માત્રના ફેરફાર વગર સર્વથા સાચું છે.

**સાચા છે વીતરાગ સાચી છે વાણી, આધાર છે આજ્ઞા બાકી ધૂલધાણી.**

આવી જે જિનવચન ઉપર અવિહડ શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે.

મયણામાં કેવી અકાટ્ય શ્રદ્ધા હતી ? આથી જ તેણે પિતાજીના ઉત્સૂત્ર વચનોની સામે ઝીંક લીધી હતી ! તેના પ્રત્યાઘાતરૂપે પિતાજી તરફથી જે કાંઈ આફતો ઝીંકાઈ તે તમામને તેણે હસતે મોંએ ઝીલી લીધી હતી !

'પચ્ચીસમા તીર્થંકર હોઈ શકે જ નહિ' એવી શ્રદ્ધા સુલસાની રગરગમાં કેવી પ્રસરી ગઈ હતી ! તમામ જૈનો અંબડ પરિવ્રાજકની ઈન્દ્રજાળમાં ફસાયા પણ સુલસા અડોલ રહી !

બૌદ્ધધર્મી યુવાને છેતરપીંડી કરીને પ્રાપ્ત કરેલી જૈન ધર્મના સુસંસ્કાર અને તત્વજ્ઞાનને પામેલી કન્યાએ જિનવચનશ્રદ્ધાથી સાસરીઆ-પક્ષના તમામ સભ્યોને કેવા સપાટામાં લીધા હતા. સહુ જૈન બનીને જ રહ્યા !

પરમાત્માના પરમ ભક્ત શ્રેણિકની પરમાત્મા ઉપર કેવી પ્રચંડ શ્રદ્ધા હતી !

જગદીશચન્દ્ર બોઝને અંગ્રેજોએ કાવતરુ કરીને બનાવેલું ઝેર ખોટું હોવામાં એટલી બધી શ્રદ્ધા હતી કે તે ઝેર પોતે જ ગટગટાવી ગયા, જીવતા રહ્યા ! અંગ્રેજોને કાવતરાબાજ જાહેર કર્યા. પછી પોતે જ સાચું તાલપુટ ઝેર લઈ આવ્યા. તેનું દ્રાવણ વનસ્પતિના છોડ ઉપર નાંખ્યું ! એક જ સેકંડમાં છોડ કાળોમેંશ થઈ ગયો ! વનસ્પતિમાં જીવતત્વની સાબિતી થઈ ગઈ ! ઈર્ષ્યાળુ અંગ્રેજોના મોઢાં કાળામેંશ થઈ ગયા !

આવો પ્રચંડ જિનવચનવિશ્વાસ તેનું નામ સમ્યગ્દર્શન.

અજ્જા ગુરુણીએ પોતાને મિથ્યાત્વનો ઉદય થતાં પાંચસો ચેલીઓને કહ્યું કે, મને જે કોઢ થયો છે તેનું કારણ પ્રાસુક પાણીનું સેવન છે. આ વાતને માની લઈને ૪૯૯ ચેલીઓએ અચિત્ત પાણી છોડીને કાચું પાણી પીવાનું શરૂ કર્યું. પણ જેને પ્રભુવચનમાં અટલ વિશ્વાસ હતો તે ચેલીએ તે ગુરુવચન ન માન્યું. તેણે ટૂંકા સમયમાં જ વીતરાગપણું પ્રાપ્ત કર્યું !

વૈજ્ઞાનિકોની દુનિયામાં સિદ્ધિઓ મેળવવી હોય તો શંકાઓ જ સતત કરવી પડે. How ? Why ? તે વિના શ્રેષ્ઠ વૈજ્ઞાનિક બની શકાય નહિ.

અધ્યાત્મના ક્ષેત્રમાં સિદ્ધિઓ મેળવવી હોય તો વચન-શ્રદ્ધા રાખવી જ

પડે. કોઈ જ સવાલ નહિ, કોઈ જ ચર્ચા નહિ. 'બાબાવાક્યં પ્રમાણં' સ્વીકાર્યે જ છૂટકો.

શ્રદ્ધાવાળો વૈજ્ઞાનિક થવાને અયોગ્ય છે.

શંકાવાળો ધર્મી થવાને અયોગ્ય છે.

સમ્યગ્દર્શન એ તો ચન્દ્રકાન્ત મણિ છે. એને સાથે લઈને નારક મળે તો ય ત્યાં સમાધિસ્થ બનીને પાપકર્મને ખપાવવાની સાધના થાય અને જો સ્વર્ગ મળે તો ય ત્યાં ભોગમાં વિરક્ત રહીને પુણ્યકર્મોને ખપાવવાની સાધના થાય. આથી જ એક ચિન્તકે પ્રભુને પ્રાર્થના કરી છે કે, "હે પ્રભુ ! તું મને નારક દેજે પણ આ સંસારની મોહિનીમાં તો ન જ સપડાવતો."

સુખ, દુ:ખ બે ય માં સમકિતી જીવ તો સાધક જ હોય. કર્મો ખપાવતો જ રહે.

સમ્યગ્દર્શન પાસે હોય તો જ ધર્મક્રિયા કરતો જીવ ધર્મી કહેવાય. પાપક્રિયાઓ કરવી પડે છતાં તે પાપી ન જ કહેવાય.

સમ્યગ્દર્શનથી ધર્મક્રિયાઓનો અને તેનાથી પ્રાપ્ત થતી લબ્ધિઓ, શક્તિઓ વગેરેનો અહંકાર કદી આવતો નથી. અને પાપક્રિયાઓ કરનારને તેનો તીવ્ર પશ્ચાત્તાપ થયા વિના રહેતો નથી.

તે ધર્મી, ધર્મી નથી જે અહંકારી છે.

તે પાપી, પાપી નથી જે પશ્ચાત્તાપી છે.

સમ્યગ્દૃષ્ટિ જીવને વહાલા પરમાત્માએ પ્રરુપેલા છ મહાસત્યો ઉપર અપૂર્વ શ્રદ્ધા હોય છે.

૧) આત્મા છે.

૨) તે શરીરથી ભિન્ન હોઈને પરિણામિ નિત્ય છે.

૩) તે કર્મોનો કર્તા છે. (બાંધનારો છે.)

૪) તે બાંધેલા કર્મોનો ભોક્તા છે.

૫) કર્મોથી સર્વથા મોક્ષ થઈ શકે છે.

૬) તેનો ઉપાય વિદ્યમાન છે. (રત્નત્રયીની નિર્મળ આરાધના)

## ભક્તિચતુષ્ક એ સમ્યગ્દર્શન

સમ્યગ્દષ્ટિ જીવમાં ભક્તિ, મૈત્રી, શુદ્ધિ અને શૌર્ય અવશ્ય હોય.

તે દેવ, ગુરુ, ચારિત્રધર્મ અને સાધર્મિકોનો પરમ ભક્ત હોય. આથી જ તે જિનપૂજા, સાધુસેવા, સાધર્મિકભક્તિવાળો તથા ચારિત્રધર્મના વિરહકાળમાં તરફડીઆવાળો અવશ્ય હોય.

તે જીવમાત્રનો મિત્ર હોય. તેમની હિંસામાં તે ધ્રૂજતો હોય.

તે કાં જન્મશુદ્ધ હોય, નહિ તો પાપશુદ્ધ (પાપ થયા બાદ તીવ્ર પશ્ચાત્તાપી.) તો હોય જ. તેનામાં જિનશાસનને પામ્યાની અજબ-ગજબની ખુમારી (શૌર્ય) હોય.

પૂ. વીરાચાર્ય, ખુશાલચંદ શેઠ, પૂ. રામસૂરિજી (હેમચન્દ્રસૂરિજીના પટ્ટશિષ્ય), શ્રેણિક, પૂર્વોક્ત બૌદ્ધ સાસરીએ ફસાએલી જૈન પુત્રવધુ, સુલસા, કપર્દી મન્ત્રી, પંન્યાસ સિદ્ધિચન્દ્રજી, બામણવાડાનો પૂજારી, અવધૂત આનંદઘનજી (ઉતરે ન કબહુ ખુમારી), પંડિત ધનપાલ, સિંહને પણ દૂધપાક - પૂરી વગેરે ખાતો કરી દેતો ઉદેપુરના રાજાનો મન્ત્રી-જૈનધર્મને પામ્યાની ખુમારીથી ધગધગતા આ બધા આત્માઓ ! આ ખુમારીએ જ એમનામાં વિષયોના આકર્ષણોને ફટકારી દેવાની તાકાત જન્મ આપી હતી !

## પાપધિક્કાર : રાગવિરાગ તે સમ્યગ્દર્શન

સમ્યગ્દષ્ટિને મન તો ભોગસુખ જ મોટામાં મોટું પાપ છે, કેમકે તેના ભોગવટામાંથી જ બધા પાપો અને બધા દુઃખો પેદા થાય છે. એ તો નીતિથી પણ ધન કમાવવું, સ્વદારા સાથે પણ સંતોષ સાથે વિષયસેવન કરવું તેને ય પાપ જ કહે. સંસાર પોતે જ એક મોટું પાપ છે. બનતા સુધી તો સમ્યગ્દષ્ટિ જીવ પાપ કરે જ નહિ. છતાં જો તેને પાપ કરવું જ પડે તો તેને રૂક્ષ પાપકર્મનો બંધ પડે પણ પાપકર્મનો અનુબંધ તો પડે જ નહિ, કેમકે તે પાપને જરાય સારું નથી માનતો પણ તીવ્રતા સાથે ધિક્કારે છે. પાપના ત્યાગ કરતાં ય પાપનો તિરસ્કાર મહત્વનો છે. તિરસ્કાર વિનાનો ત્યાગ ઝાઝો સમય ટકતો નથી. પેલા હિટલરના નાઝી કેદીઓ ગોરાઓને ધિક્કારતા હતા તે રીતે.

નાઝીઓ અંગ્રેજોને કહેતા કે ભલે તમે અમને જીતી લીધા : પકડી લીધા :

શસ્ત્રહીન કરી દીધા પણ હજી અમારી પાસે તમારા તરફના ધિક્કારનું એક એવું શસ્ત્ર છે, જેનાથી અમે તમારી ઉપર એક દિ' વિજય મેળવીને જ રહીશું.

તપ, ત્યાગ, મહાવ્રત ઉપર મોહરાજા કદાચ અહંકારાદિ પેદા કરીને પાણી ફેરવી નાંખે તો ય પાપધિક્કાર નામનું શસ્ત્ર પાસે હશે (અષાઢાભૂતિ, નંદિષેણ, પંડિત-ચોર, ભીષ્મ, સુલસ, ક્ષીરકદંબક પાઠક, સત્યકી, શ્રેણિક, ગોશાલક વગેરેની જેમ) તો હારની બાજીને જીતમાં ફેરવતાં બહુ સમય નહિ લાગે.

અલ્હાબાદના મ્યુઝીઅમમાં પડેલી રકાબી જેવું સમકિતીનું હૈયું હોય. રકાબીમાં ઝેરી ભોજન પડે અને આના હૈયે પાપ પડે તરત બે ય તડ.. તડ.. તડ.. થવા લાગે, ધ્રૂજવા લાગે.

સમકિતી જીવને ધન, શરીર, સ્ત્રી આદિ પદાર્થો ઉપર ધિક્કાર ન પણ હોય, પરન્તુ તે પદાર્થો ઉપર તેને જે કાંઈ પણ રાગ થતો હોય એ રાગ ઉપર તેને ભયંકર ધિક્કાર હોય. એ રાગ જ બહુ મોટું પાપ છે. પદાર્થના રાગમાત્રથી જીવની દુર્ગતિ ન થાય પણ રાગ ઉપરના રાગથી જ દુર્ગતિ થાય.

રાગ ઉપર રાગ એ જ મિથ્યાત્વ.

રાગ ઉપર વિરાગ (ધિક્કાર) એ જ સમ્યક્ત્વ.

રામચન્દ્રજીને લક્ષ્મણ ઉપર અતીવ રાગ હતો પણ તે રાગને તે ધિક્કારતા હતા. આથી જ જ્યારે જ્ઞાનીના મુખેથી તેમને જાણવા મળ્યું કે તે લક્ષ્મણ-રાગ એક દિ' ખતમ થવાનો છે ત્યારે રામ ખૂબ આનંદમાં આવી ગયા હતા.

અનંતાનુબંધી કષાયનો ઉદય થાય ત્યારે જ (મિથ્યાત્વ-અવસ્થામાં) રાગ ઉપર રાગ થાય. તે કષાયનો હ્રાસ થાય પછી વસ્તુ ઉપર તો રાગ થઈ શકે પણ વસ્તુના રાગ ઉપર તો વિરાગ (નફરત) જ હોય.

આ વિરાગનો બીજો પણ એક અર્થ છે. તે છે વિશિષ્ટ રાગ. એટલે કે ખૂબ રાગ. સમકિતી જીવને સંસાર ઉપર વિરાગ (નફરત) હોય પણ તેને દેવાદિ શુભ તત્વો ઉપર તો ખૂબ રાગ (વિરાગ=વિશિષ્ટ રાગ) હોય. જો તે ન હોય તો સંસાર ઉપર થએલો વિરાગ ભાગી જાય અને ત્યાં જીવ પાછો જોડાઈ જાય.

ડોસા પાસેથી એક સડેલી લાકડી લઈ લીધી પણ બીજી સારી લાકડી તેને ઉભા રહેવા માટે દેવી જ પડે, નહિ તો તે કાં પેલી લાકડી પાછી રાખી લે અથવા

લાકડી વિના ગબડી પડે.

## જાગરણ અને અ-ચિત્તપાત એ સમ્યગ્દર્શન

ચિત્તની સતત જાગ્રતિ : પાપો કરતી વેળાએ પણ આ ખોટું થાય છે એવી સ્પષ્ટ વિવેકદષ્ટિ સમકિતી જીવમાં અવશ્ય હોય. પાપ કરતાં પૂર્વે ય તેને તે ખોટું થવાનું લાગતું હોય, પાપ કરતા ય તે હાલત હોય અને પાપ કર્યા પછી પણ, 'આ ખૂબ ખોટું થઈ ગયું' એવો તીવ્ર પશ્ચાત્તાપ હોય ! હા, જેને ગાઢ ચારિત્રમોહનીય કર્મનો ઉદય હોય તેને કદાચ આખી જિંદગી આવું ચાલ્યા કરે. પણ સબૂર ! આવો પાપક્રિયા કરતો જીવ અંદરની જાગ્રત અવસ્થાને કારણે, પાપ કરવાના સમયોમાં પણ ઢગલાબંધ કર્મોને ખપાવતો પણ જાય. આથી જ તેને કાયપાતી કહ્યો છે, ચિત્તપાતી નહિ. તેની કાયા સંસારમાં રગદોળાય પણ તેનું ચિત્ત સંસારમાં પડી ન જાય. સંસારમાં રહે ખરો પણ રમે તો નહિ જ. એ તો 'મનાજી તું તો જિનચરણે ચિત્ત લાય' એ પંક્તિ સતત રટતો હોય.

ભરત ચક્રી રાજસિંહાસને બેસતાં ત્યારે ય લમણે હાથ દઈને બેસતા. મનમાં બોલતાં, "હાય ! આ રાજનું સ્વામિત્વ મને કઈ નરકમાં લઈ જશે ?"

જંબૂકુમાર અને ગુણસાગર આઠ કન્યાઓની સાથે બેસીને પણ કેટલા બધા જાગ્રત હતા !

તીર્થંકરદેવોના તારક આત્માના જાગરણની તો શી વાત કરવી ? લગ્ન માટે વર્ધમાનને માતા ત્રિશલાએ કેટલા વિનવ્યા હતા ! રાજા ઋષભને પરણવાનો પ્રસ્તાવ ઈન્દ્રે મૂકતા તેમનું મુખ કેવું કરમાએલા ગુલાબની જેમ મ્લાન અને ગ્લાન થઈ ગયું હતું !

વાંદરીના કલેજા જેવું મીઠું અને મૂલ્યવાન્ ચિત્ત ! તેને તો કેમ સંસારમાં પડવા દેવાય ! મગરમચ્છને વાંદરીનું કલેજું મીઠું સમજીને ખાવાની ઈચ્છા થતાં તેણે વાંદરીને તળાવની સહેલગાહે લીધી ! કમર ઉપર બેસાડી દીધી ! તળાવની વચ્ચોવચ્ચ આવતા મગરમચ્છે પોતાનું પોત પ્રકાશ્યું. વાંદરીએ હસી પડતાં કહ્યું, કલેજું તો ઝાડ ઉપર મૂકીને આવી છું. પહેલા મને કહેવું હતું ને ? તો સાથે લઈ આવત.

'કલેજા જેવું ચિત્ત તો જિનેશ્વરદેવોના ચરણે જ સદા મૂકી રાખવાની વસ્તુ

છે' આવી જેની સમજ હોય તે જીવ સમકિતી છે.

આવો સમકિતી સામાન્યતઃ હૈયાથી ખૂબ કોમળ હોય, તેનું માથું પ્રાયઃ ઠંડુ રહેતું હોય.

## સમકિતીની ધર્મ-જ્યોત જ્વાળા બને

મિથ્યાત્વ જ્યારે માંદું પડ્યું હતું ત્યારની વાત જુદી હતી. તે વખતે જે ધર્મ થતો હતો તે નાનકડી દીવાની જ્યોત જેવો હતો. અશુભ કર્મોરૂપી પવનના એક ઝપાટે જ્યોત બુઝાઈ જતી હતી, પણ હવે તો એ જ્યોત જ્વાળાઓ બનીને આકાશને આંબવા લાગી છે. એટલે પેલો મારક કર્મ-પવન તેને સહાયક બનવા લાગે. પવનના સૂસવાટાઓ હવે તે જ્વાળાઓને ચારે દિશામાં ફેલાવી દેવામાં મદદગાર થાય.

અંગ્રેજો સામેની ચળવળમાં જે પોલીસો જવાહરલાલ નહેરૂને પકડી લેતા હતા તે જ પોલીસો સ્વતન્ત્ર બનેલા ભારતના વડાપ્રધાન નહેરૂને સલામ કરવા લાગ્યા હતા.

## આદર, કદર એ સમ્યગ્દર્શન

સમકિતી જીવને ચારિત્રધર્મ ઉપર અતિશય આદર હોય, સંયમધર મહાત્માઓની તે ખૂબ કદર કરતો હોય. શ્રેણિક અને કૃષ્ણ આ વાતની પાકી સાક્ષીરૂપ છે. કૃષ્ણ તો ઉંમરલાયક થએલી પોતાની તમામ દીકરીઓને દીક્ષા અપાવવા માટે પૂછતાં કે, બેટા તારે દાસી થવું છે કે રાણી ? જો રાણી થવું હોય તો પરમાત્મા નેમિનાથજી પાસે દીક્ષા લે.

આજીવિકાના કારણે જેઓ પોતાના સંતાનોને દીક્ષા આપી શકતા નહિ તે કુટુંબોને ભરપૂર ધનથી સન્માનિત કરીને તે ચિન્તાથી મુક્ત કરી દેતા.

શાલિભદ્રે જ્યારે દીક્ષા લીધી ત્યારે છેલ્લા સ્નાન વખતે પીઠી ચોળવા અને વરઘોડામાં ખુલ્લા પગે ચાલવા સાથે છડી પોકારવાનું કામ મગધપતિ શ્રેણિકે કર્યું હતું.

જે વસ્તુપાળ પોતાના સમગ્ર જીવનકાળને અનેક ધર્મોથી ભરી દેતા હતા તેમને ચારિત્ર ન મળ્યું એટલે મૃત્યુની પથારીએ તે બોલ્યા કે મને જૈનધર્મ મળ્યો

પણ હું તેને હારી ગયો ! (पाविओ, हारिओ जिणधम्मो)

ગુર્જરેશ્વર કુમારપાળ પરમાત્માને પ્રાર્થના કરતાં કે, હે દેવાધિદેવ ! અઢાર દેશનું મારું સ્વામિત્વ લઈ લે. મને તારા શાસનનું ભિક્ષુપણું (ચારિત્ર) આપ. (तव शासनस्य भिक्षुत्वं देहि मे परमेश्वर !)

પેલો કર્મસિદ્ધ પટ્ટો મજૂર ! પાંચ પત્થર ઊંચકીને ઝપાટાબંધ કિલ્લાના બાંધકામ માટે મૂકવા જતો હતો ત્યાં સામેથી જૈન-સાધુ મળ્યા ! પાંચે પત્થર મૂકી દઈને વિધિવત્ વંદન કર્યું ! માલિક રાજાએ તેને આમ કરવાનું પ્રયોજન પૂછ્યું. તેણે જવાબ આપ્યો કે, આ લોકો મારાથી ચડીઆતા છે માટે મેં આમ કર્યું. તેઓ રાતે ઊંઘમાં પણ પાંચ મહાવ્રતોનો મહાભાર ઊંચકીને જ સુવે છે.

આવા સમ્યગ્દર્શનની સાથે જો સર્વવિરતિધર્મ જોડાયો હોય તો તો વાંધો નહિ, અન્યથા આ સમકિતને ખતમ થઈ જતાં વાર લાગતી નથી. અવિરતિ નામની ડાકણના ખોળામાં જો સમકિત-બાળક બેઠેલું હોય તો તે ડાકણ ક્યારે તેનું ગળું દાબી દેશે તે કહી શકાય નહિ. આવું થવા ન પામે તે માટે કાં ચારિત્ર-દાબડો ખરીદી લેવો જોઈએ, જેમાં આ સમકિત-રત્નને સાચવીને રાખી શકાય, નહિ તો અવિરતિ ડાકણ કે કોઈ અન્ય દોષોરૂપી કુતરા, બિલાડા તે બાળકને હાનિ ન પહોંચાડી દે તે માટે પાસે એક લટ્ઠ ડાંગ રાખવી જોઈએ. એ ડાંગ એટલે સતત મનમાં રટણ કે, तमेव सच्चं निःसंकं, जं जिणेहिं पवेईअं ।

શ્રાવકધર્મની રક્ષા માટે પણ આવી બીજી ડાંગ છે, સાધુપુરૂષોનો સતત સત્સંગ.

સાધુધર્મની રક્ષા માટે ત્રીજી ડાંગ છે, રજોહરણ તરફ સતત નજર.

## ત્રણ વાંદરા

આંબાના વૃક્ષ આગળ ત્રણ વાંદરા છે. આંબાની સૌથી ઊંચી ડાળે પાકી કેરીઓ છે. તેની નીચેની ડાળે કાચી કેરી છે. ત્રણ વાંદરામાં પહેલા વાંદરાએ સૌથી ઊંચી ડાળને નિશાન બનાવીને એવી કૂદ મારી કે ત્યાં બરોબર પહોંચી ગયો ! પાકી મીઠીમધ જેવી કેરીઓ ખાવા લાગ્યો.

બીજાએ પણ તે જ નિશાન લીધું પણ જરાક માટે ચૂકી ગયો. કાચી કેરીની ડાળે જઈ બેઠો. ત્યાંની કેરી ખાવા લાગ્યો.

ત્રીજો વાંદરો તો મદારીના ખીલે બંધાએલો હતો એટલે કૂદવા માટે મજબૂર હતો. પેલા બે વાંદરાને જોઈને તેની આંખમાં-તેમાંથી કશું ય નહિ પામી શકવા બદલ- આંસુ હતા.

પહેલો વાંદરો તે સર્વવિરતિધર મહાત્મા છે.

બીજો વાંદરો તે દેશવિરતિધર શ્રાવક છે.

ત્રીજો વાંદરો તે સમ્યગ્દૃષ્ટિ જીવ છે.

## વંદન, તે નવપદ-શ્રેષ્ઠ સમ્યગ્દર્શનને

નવપદમાં નિશ્ચયનયથી શ્રેષ્ઠ પદ સમ્યગ્દર્શનપદ છે એ વાત હવે સહુને બરોબર સમજાઈ હશે. જે આ દર્શનથી ભ્રષ્ટ, તે ખરેખરો ભ્રષ્ટ. ચારિત્રવેષ છૂટી જાય તો ય જો આ આત્મા દર્શનને સાચવી લે તો ફરીથી ચારિત્ર પ્રાપ્ત થાય છે.

જૂના રાજાશાહીના જમાનામાં રાજા યુદ્ધમાં મરે તો રાણી ભાવી રાજા-યુવરાજ-ને સંતાડી દે. નાનકડો બાળ હોય તો પોતે જ છુપાવીને નાસી જાય. ઉદેપુરના રાજવંશમાં આવો પ્રસંગ બન્યો છે. જો એ બાળ જીવતો હશે તો તેના પિતાનું ગએલું રાજ ફરી પાછું મેળવી શકશે એવી આ નીતિ પાછળની કલ્પના હતી.

ભલે ચારિત્ર ચાલ્યું જાય પણ જો તે પાછું મેળવવું હોય તો બાળક જેવા સમ્યગ્દર્શનને તો બચાવી રાખવું જ જોઈએ. નંદિષેણ, અષાઢાભૂતિ વગેરે આના દૃષ્ટાન્તો છે.

પૂર્વે કહ્યા મુજબ આ સમકિત ભલે એક જ ભવમાં લાખો વાર ચાલ્યું જાય અને તે વખતે જીવ મિથ્યાત્વભાવમાં આવી જાય પણ તો ય, ભવચક્રના પરિભ્રમણમાં જીવ પહેલી વાર જ્યારે સમકિત (ઉપશમ સમકિત) પ્રાપ્ત કરે છે ત્યારે જ તે અનંતાનંત પુદ્‌ગલપરાવર્ત્ત સુધી ચાલી શકે તેટલો સંસાર એક જ ધડાકે કાપી નાંખીને વધુમાં વધુ - અડધા પુદ્‌ગલપરાવર્ત્ત જેટલા કાળમાં મોક્ષ પામવાની વાત એકદમ પાકી કરી લે છે.

એક સેકંડના ક્રોડમાં ભાગ જેટલા સમયનું જ સમકિત મળે તો ય તેનામાં અનંતાનંત ભવોનો સંભવિત સંસાર કાપી નાંખવાની તાકાત છે.

એક પુદ્‌ગલપરાવર્તકાળમાં અનંતા ભવો થાય. એવા અનંત

પુદ્ગલપરાવર્તો- તે બધા કપાઈ જઈને- અનંતાનંત ભવો કપાઈ જઈને-અડધા પુદ્ગલ-પરાવર્ત્તની મર્યાદામાં આવી જાય. સમકિતની કેટલી જબરી તાકાત છે !

નંદિષેણ, હાલિક ખેડૂત વગેરેનું નિશ્ચિત પતન જોવા છતાં સર્વજ્ઞ પ્રભુ-વીરે તેમને દીક્ષા કેમ આપી ? નંદિષેણને તો પોતે જ આપી. સાતમા ગુણસ્થાન સુધી ચડીને તે ત્યાંથી પડ્યા. ગૌતમસ્વામીજીને મોકલીને હાલિક ખેડૂતને પ્રતિબુદ્ધ કરાવીને દીક્ષા અપાવી. પ્રભુને જોતાં જ સિંહ તરીકેના પોતાના પૂર્વભવના વૈરના કારણે તે ભડકીને ભાગી ગયો !

આવા નિશ્ચિત પતનને જોતાં દેવાધિદેવે દીક્ષા એટલા માટે આપી છે કે તેઓ એક વાર સમકિત પામવાના જ છે. (તેવી તેઓની ભવિતવ્યતા છે.) આ સમકિત પામતાં જ તેમના અનંતાનંત પુદ્ગલપરાવર્તકાળનો સંસાર તો કપાઈ જ ગયો ! હવે તેઓ પતન પામે તો ય પાપો કરીને કેટલો સંસાર ચલાવશે ? અડધા પુદ્ગલપરાવર્ત્તથી વધુ સંસાર તો તેઓ ઉપાર્જી શકે તેમ છે જ નહિ. આ જ તેમને સમકિતપ્રાપ્તિનો ખૂબ મોટો લાભ થાય છે !

વંદન તે વર્ત્તમાન સમ્યગ્દષ્ટિઓને ! ભૂતપૂર્વ સમકિતી જીવોને, જેમનો ઘણો બધો સંસાર કપાઈ ગયો છે.

## સુખે અલીનતાદિ એ સમ્યગ્દર્શન

જે આત્મા સમકિત પામે છે તે પ્રાયઃ તો સર્વવિરતિધર્મ પામ્યા વિના રહેતો નથી. પણ જો કદાચ તેવા કર્મોદયે વિરતિ ન પામી શકે તો ય તેનામાં નીચેની પાંચ વસ્તુઓ તો બરોબર વિકસે છે.

૧) તે સુખે અલીન રહે છે. (ભરત, જંબૂ, શાલિભદ્ર)

૨) તે દુઃખે અદીન રહે છે. (શ્રેણિક વગેરે.)

૩) તે પાપે અપીન (નબળા) રહે છે. (રાવણ વગેરે)

૪) તે બુદ્ધિમાં અહીન રહે છે. (મયણા વગેરે.)

૫) તે ધર્મમાં અક્ષીણ રહે છે. (કુમારપાળ વગેરે.)

નિશ્ચયનયથી જે 'ગેટ વે ઓફ નવપદ' ગણાય છે તે સમ્યગ્દર્શન-ગુણને આપણા સહુના કોટિ કોટિ વંદન.

- દૃષ્ટિ થિરાદિક ચારમાં, મુગતિ પ્રયાણ ન ભાંજે રે,
  રયણી શયન જિમ શ્રમ હરે, સુર નર સુખ તિમ છાજે રે.
- બીજના ચંદ્રમા જેવી, યોગદૃષ્ટિ ખુલ્યે ક્રમે,
  પૂર્ણ યોગ કલા પામી, ભગવાન્ સ્વરૂપે રમે.
- દૃષ્ટિ આઠમી સાર સમાધિ, નામ 'પરા' તસ જાણું જી,
  આપ સ્વભાવે પ્રવૃત્તિ પૂરણ, શશિ સમ બોધ વખાણું જી;

- अहमिक्को खलु सुद्धो दंसणणाणमइओ सदारुवी ।
  णवि अत्थि मज्झ किंचिवि अण्णं परमाणुमित्तंपि ॥
- अचिन्त्यशक्तिः स्वयमेव देवश्चिन्मात्रचिन्तामणिरेव यस्मात् ।
  सर्वार्थसिद्धात्मतया विधत्ते ज्ञानी किमन्यस्य परिग्रहेण ॥
- एदह्मि रदो णिच्चं संतुट्ठो होहि णिच्चमेदह्मि ।
  एदेण होहि तित्तो होहदि तुह उत्तमं सोक्खं ॥

- વ્યવહાર સે દેવ જિન, નિશ્ચે સે હૈ આપ,
  યેહી વચન સે સમજ લે, જિન પ્રવચન કી છાપ.
- જિનપદ નિજપદ એકતા, ભેદભાવ નહિ કાંઈ,
  લક્ષ થવાને તેહનો, કહ્યો શાસ્ત્ર સુખદાઈ.

- આજ કુલગત કેસરી લહે રે, નિજ પદ સિંહ નિહાળ,
  તિમ પ્રભુ ભક્તે ભવિ લહે રે, આતમ શક્તિ સંભાળ.
- દીઠો સુવિધિ જિણંદ સમાધિરસે ભર્યો રે,
  ભાસ્યો આત્મસ્વરૂપ, અનાદિનો વિસર્યો રે.

- દેવ ગુરૂ ધર્મની શુદ્ધિ કહો કિમ રહે ? કિમ રહે શુદ્ધ શ્રદ્ધાન આણો ?
  શુદ્ધ શ્રદ્ધાન વિણ જેહ કિરીયા કરે, છાર પર લીંપણો તેહ જાણો.

- जिह्वे प्रह्वीभव त्वं सुकृतिसुचरितोच्चारणे सुप्रसन्ना ।
भूयास्तामन्यकीर्त्तिश्रुतिरसिकतया मेऽद्य कर्णौ सुकर्णौ ।
विक्ष्यान्यप्रौढलक्ष्मीं द्रुतमुपचिनुतां लोचने रोचनत्वं ।
संसारेऽस्मिन्नसारे फलमिति भवतां जन्मनो मुख्यमेव ॥

- ધન્ય ધન્ય તે જીવ પ્રભુ પદ સેવી હો જે દેશના સુણે નિત્ય,
જ્ઞાન ક્રિયા કરે શુદ્ધ, અનુભવ યોગે હો નિજ સાધના સ્વસ્થ.

- अस्यौचित्यानुसारित्वात्प्रवृत्तिर्नासती भवेत् ।
सत्प्रवृत्तिश्च नियमाद् ध्रूवः कर्मक्षयो यतः ॥
- अनुकंपाऽनुकंप्ये स्याद्भक्तिः पात्रे तु सङ्गता ।
अन्यथाधीस्तु दातृणामतिचारप्रसञ्जिका ॥

- कालेऽल्पमपि लाभाय नाकाले कर्म बह्वपि ।
वृष्टौ वृद्धिः कणस्यापि कणकोटिर्वृथान्यथा ॥
- धर्माङ्गख्यापनार्थं च दानस्यापि महामतिः ।
अवस्थौचित्ययोगेन सर्वस्यैवानुकम्पया ॥

- जो जाणइ अरहंते, दव्वत्तगुणत्तपज्जयत्तेहिं ।
सो जाणइ अप्पाणं, मोहो खलु जाइ तस्स लयं ॥

- જે ઉપાય બહુવિધની રચના, યોગમાયા તે જાણો રે,
શુદ્ધ દ્રવ્ય ગુણ પર્યાય ધ્યાને, શિવ દિયે પ્રભુ સપરાણો રે.

- परगुणपरमाणून्पर्वतीकृत्य नित्यं, निजहृदि विकसंतः संति संतः कियन्तः ।

- પરમેશ્વર અવલંબને રે, મન ધ્યાતા ધ્યેય અભેદ રે,
ધ્યેય સમાપત્તિ હુવે રે મન સાધ્ય સિદ્ધિ અવિચ્છેદ રે...

- તારું ધ્યાન તે સમકિતરૂપ, તેહી જ જ્ઞાન ને ચારિત્ર તે જ છે જી,
તેથી જાયે સઘળા હો પાપ, ધ્યાતા ધ્યેય સ્વરૂપ હોય પછે જી.

- ज्ञाते ह्यात्मनि नो भूयो ज्ञातव्यमवशिष्यते ।
  अज्ञाते पुनरेतस्मिन् ज्ञानमन्यन्निरर्थकम् ॥

- मम शक्त्या गुणग्रामो व्यक्त्या च परमेष्ठिनः ।
  एतावानावयोर्भेदः शक्तिव्यक्तिस्वभावतः ॥

- सोऽहं समरसीभावस्तदेकीकरणं स्मृतम् ।
  अपृथक्त्वेन यत्रात्मा लीयते परमात्मनि ॥

- તિણે મુજ આતમા તુજ થકી નીપજે માહરી સંપદા સકલ મુજ સંપજે.
  તિણ મન મંદિરે ધર્મપ્રભુ ધ્યાઈએ, પરમ દેવચંદ્ર નિજ સિદ્ધિ સુખ પાઈએ
- પ્રગટ તત્વતા ધ્યાવતાં, નિજ તત્વનો ધ્યાતા થાય રે,
  તત્વ રમણ એકાગ્રતા તેહ પૂરણ તત્વ સમાય રે.
- ઈણિ પરે વિમલ જિનરાજની વિમલતા ધ્યાન મનમંદિરે જેહ ધ્યાવે,
  ધ્યાન પૃથક્ત્વ સવિકલ્પતા રંગથી ધ્યાન એકત્વ અવિકલ્પ આવે.
  ધન્ય તું ! ધન્ય તું ! ધન્ય જિનરાજ તું

- अनन्तगुणराजीवबन्धुरप्यत्र वञ्चितः ।
  अहो भवमहाकक्षे प्रागहं कर्मवैरिभिः ॥
  स्वविभ्रमसमुद्भूतै रागाद्यतुलबन्धनैः ।
  बद्धो विडम्बितः कामन्तलं जन्मदुर्गमे ॥
  अद्य रागज्वरो जीर्णो मोहनिद्राद्य निर्गता ।
  ततः कर्मरिपुं हन्मि ध्याननिस्त्रिंशधारया ॥
  अचेतनमिदं दृश्यमदृश्यं चेतनं ततः ।
  क्व रुष्यामि क्व तुष्यामि मध्यस्थोऽहं भवार्णवे ॥

- જે જે અંશે રે નિરુપાધિકપણું, તે તે જાણો રે ધર્મ,
  સમ્યગ્દૃષ્ટિ ગુણઠાણા થકી, જાવ લહે શિવશર્મ.

- शासनात्त्राणशक्तेश्च, बुधैः शास्त्रं निरुच्यते ।
  वचनं वीतरागस्य तच्च नान्यस्य कस्यचित् ॥

- श्रद्धा परमदुल्लहा ।
- चत्तारि परमंगाणि दुल्लहाणीह जंतुणो ।
  माणुसत्तं सुइ सद्धा संजमम्मि अ वीरियं ॥
- શ્રદ્ધા જ્ઞાને જે ગ્રહ્યો રે, તેહી જ કાર્ય કરાય રે...
  કાર્યરુચિ કર્તા થયે રે, કારક સવિ પલટાય રે...
  આતમઘર આતમ રમે રે, નિજ ઘર મંગલ થાય રે...
- સૂત્ર અનુસાર જે ભવિક કિરિયા કરે, તેહનું શુદ્ધ ચારિત્ર પરિખો.
- સઘળું પરવશ તે દુઃખ લક્ષણ નિજવંશ તે સુખ લહીએ,
  એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, કહો સુખ તે કુણ કહીએ રે,
  ભવિકા ! વીર વચન ચિત્ત ધારીયે.
- अतोऽन्यदुत्तरास्वस्मात् पापे कर्मागसाऽपि हि ।
  तप्तलोहपदन्यासतुल्या वृत्तिः क्वचिद्यदि ॥
- એ પદ ગ્રંથી વિભેદથી જી, છેલ્લી પાપ પ્રવૃત્તિ,
  તપ્ત લોહ પદ ધૃતિ સમી જી, અંતસમય નિવૃત્તિ.
- મન મહિલાનું વહાલા ઉપરે, બીજા કામ કરંત રે,
  તિમ શ્રુત ધર્મે મન દૃઢ ધરે, જ્ઞાનાક્ષેપકવંત રે.
- જિન ચરણે ચિત્ત લાવ, વૈસે જિન ચરણે ચિત્ત લાવ,
  ચારો ચરને કારણે રે, ગૌઆ બનમેં જાય,
  ચારો ચરે ફિર ચિહું દિશિ, વાંકી નજર બછુરિઆ માય.
- मायाम्भस्तत्त्वतः पश्यन्ननुद्विग्नस्ततो द्रुतम् ।
  तन्मध्येन प्रयात्येव तथा व्याघातवर्जितः ॥
- भोगान् स्वस्पतः पश्यंस्तथा मायोदकोपमान् ।
  भुञ्जानोऽपि ह्यसङ्गः सन् प्रयात्येव परं पदम् ॥
- स तत्रैव भयोद्विग्नो यथा तिष्ठत्यसंशयम् ।
  मोक्षमार्गेऽपि हि तथा भोगजम्बालमोहितः ॥
- मीमांसाभावतो नित्यं न मोहोऽस्यां यतो भवेत् ।
  अतस्तत्त्वसमावेशात्सदैव हि हितोदयः ॥
- प्रजहाति यदि कामान्सर्वान्पार्थ मनोगतान् ।
  आत्मन्येवात्मना तुष्टः स्थितप्रज्ञस्तदोच्यते ॥
- दुःखेष्वनुद्विग्नमना सुखेषु विगतस्पृहः ।
  वीतरागभयक्रोधः स्थितधीर्मुनिरुच्यते ॥

- कायापातिन एवेह बोधिसत्त्वाः परोदितम् ।
न चित्तपातिनस्तावदेतदत्रापि युक्तिमत् ॥
- भिन्नग्रन्थेस्तु यत्प्रायो मोक्षे चित्तं भवे तनुः ।
तस्य तत्सर्व एवेह योगो योगो हि भावतः ॥

- यदा मरुन्नरेन्द्रश्रीस्त्वया नाथोपभुज्यते ।
यत्र यत्र रतिर्नाम विरक्तत्वं तदापि ते ॥
- सम्मदिट्ठी जीवो जइवि हु पावं समायरे किंचि ।
अप्पोसि होइ बंधो जेण न निद्धंधसं कुणइ ॥

- तद्दर्शनमवाप्नोति कर्मग्रंथि सुदारुणम् ।
निर्भिद्य शुभभावेन कदाचित्कश्चिदेव हि ॥
- सति चास्मिन्नसौ धन्यः सम्यग्दर्शनसंयुतः ।
तत्त्वश्रद्धानपूतात्मा न रमते भवोदधौ ॥

- जन्ममृत्युजराव्याधिरोगशोकाद्युपद्रुतः ।
क्लेशाय केवलं पुंसामहो भीमो भवोदधिः ॥
- सुखाय तु परं मोक्षो जन्मादिक्लेशवर्जितः ।
भयशक्त्या विनिर्मुक्तो सर्वबाधाविवर्जितः ॥

- જો હોય પૂર્વ ભણેલ નવ પણ જીવને જાણ્યો નહિ,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું સાક્ષી છે આગમ અહીં.
એ પૂર્વ સર્વ કહ્યા વિશેષ જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
નહિ ગ્રંથમાંહિ જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિ ચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યા, જ્ઞાન નહિ ભાષા કરી.
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું,જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.
આ જીવ આ દેહ એવો ભેદ જો ભાસ્યો નહિ,
પચ્ચખાણ કીધા ત્યાં સુધી મોક્ષાર્થ તે ભાખ્યા નહિ,
એ પાંચમે અંગે કહ્યો ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

શાસ્ત્રો વિશેષ સહિત પણ જો જાણિયું નિજ રૂપને
કાં તેહવો આશ્રય કરજો ભાવથી સાચા મને.
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

- जो पस्सदि अप्पाणं अबद्धपट्ठमणण्णयं णियदं ।
  अविसेसमसंजुत्तं शुद्धनयं तं वियाणीहि ॥

- પર્યાય દૃષ્ટિ ન દીજીયે, એક જ કનક અભંગ રે,
  નિર્વિકલ્પ રસ પીજીએ, શુદ્ધ નિરંજન એક રે...
- આ સઘળા સંસારની, રમણી નાયકરૂપ,
  એ ત્યાગી ત્યાગ્યું બધું, કેવળ શોક સ્વરૂપ.
- એક વિષયને જીતતાં, જીતીએ સૌ સંસાર,
  નૃપતિ જીતતાં જીતીએ, દળ પુર ને અધિકાર.

- निर्दयः कामचंडालः पंडितानपि पीडयेत् ।
  यदि नाध्यात्मशास्त्रार्थबोधयोधकृपा भवेत् ॥
- धारयन्त्यमृतं वाचि हृदि हालाहलं विषम् ।
  निसर्गकुटिला नार्यो न विद्मः केन निर्मिताः ॥
- वज्रज्वलनलेखेव भोगिदंष्ट्रेव केवलम् ।
  वनितेयं मनुष्याणां संतापभयदायिनी ॥
- उद्भासयति निःशङ्का जगत्पूज्यं गुणव्रजम् ।
  बध्नन्ती वसति चित्ते सतामपि नितम्बिनी ॥
- वरमालिङ्गिता क्रुद्धा चलल्लोलाऽत्र सर्पिणी ।
  न पुनः कौतुकेनापि नारी नरकपद्धतिः ॥
- हृदि दत्ते तथा दाहं न स्पृष्टा हुतभुक्शिखा ।
  वनितेयं यथा पुंसामिन्द्रियार्थप्रकोपिनी ॥
- सन्ध्येव क्षणरागाढ्या निम्नगेवाधरप्रिया ।
  वक्रा बालेन्दुलेखेव भवन्ति नियतं स्त्रियः ॥
- बालधूलीगृहक्रीडातुल्यास्यां भाति धीमताम् ।
  तमोग्रंथिविभेदेन भवचेष्टाखिलैव हि ॥

# (૧૨) સમ્યગ્જ્ઞાનપદ

## સમ્યગ્ એટલે વિશિષ્ટ

સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર એ ત્રણેય જેનામાં હોય તે જ સાધુ, ઉપાધ્યાય અને આચાર્ય કહેવાય. વળી તેઓ સમ્યક્તપ કરતાં જ હોય, કેમકે તે વિના લાગતા દોષોની શુદ્ધિ શી રીતે થાય ?

પરન્તુ જો આપણે સમ્યક્ પદનો અર્થ વિશિષ્ટતા સહિતનું સમ્યક્ એવો કરીએ તો તેવું વિશિષ્ટ કોટિનું સમ્યગ્દર્શન ગૃહસ્થો કરતાં સામાન્યતઃ સાધુઓમાં જ સંભવિત છે. એ જ રીતે સામાન્ય સમ્યક્જ્ઞાન તો માષતુષાદિ બધા મુનિઓમાં હોય પણ વિશિષ્ટ એવું સમ્યગ્જ્ઞાન (આગમપરિકર્મિતબુદ્ધિસ્વરૂપ) તો ઉપાધ્યાયોમાં જ હોય. એ જ રીતે સામાન્ય કોટિનું સમ્યક્ચારિત્ર તો તમામ સાધુઓમાં હોય જ, પરન્તુ વિશિષ્ટ સમ્યક્ચારિત્ર તો આચાર્ય ભગવંતોમાં હોવું જ જોઈએ.

અને સામાન્યતઃ સમ્યક્તપ તો બધા જ છદ્મસ્થ સાધુઓમાં હોય. ઉપાધ્યાય, આચાર્યમાં પણ હોય, પરન્તુ વિશિષ્ટ કોટિનો તપ તો ક્ષપકશ્રેણિના આઠમા ગુણસ્થાન સ્વરૂપ અપૂર્વકરણની ધ્યાનધારાને જ કહ્યો છે. આવો વિશિષ્ટ તપ તો ક્ષપકશ્રેણિ માંડી ચૂકેલા સિદ્ધ ભગવંતોમાં જ મળે.

આમ વિશિષ્ટતાવાળા સમ્યગ્દર્શનાદિ ચાર ગુણો મુખ્યપણે નીચે જણાવ્યા મુજબ ચાર ગુણીઓને પ્રાપ્ત થાય છે :

| | |
|---|---|
| ૧) સમ્યગ્દર્શન | સાધુ |
| ૨) સમ્યગ્જ્ઞાન | ઉપાધ્યાય |
| ૩) સમ્યક્ચારિત્ર | આચાર્ય |
| ૪) સમ્યક્તપ | સિદ્ધ |

નવપદના આઠ પદો આ રીતે પરસ્પર સંકળાએલા છે. હવે રહ્યું એક અરિહંત પદ. એ તો આ આઠે ય પદોની માતા છે. અરિહંતદેવ શાસનની સ્થાપના કરે પછી જ તે શાસનકાળમાં આ બધી બાબતો જન્મ પામે છે.

મરૂદેવા માતા હાથી ઉપર કેવળજ્ઞાન પામ્યા પણ તે ઋષભદેવ ભગવંતે શાસનની સ્થાપના કર્યા બાદ જ-તરત જ.

એટલે આપણે સાધુપદ અને સમ્યગ્દર્શનપદ, ઉપાધ્યાયપદ અને સમ્યગ્જ્ઞાનપદ, આચાર્યપદ અને સમ્યક્ચારિત્રપદને પરસ્પર એકબીજામાં મિશ્રિતરૂપે લઈએ તો કશો વાંધો આવે નહિ.

હવે આપણે સમ્યગ્જ્ઞાન પદ ઉપર વિગતથી નજર કરીએ.

## ફુટપટ્ટીથી તે સમુદ્ર મપાતો હશે ?

સમ્યગ્જ્ઞાનમાં ચૌદે ય પૂર્વોનું જ્ઞાન સમાઈ જાય. એથી ય અનંતગુણ જ્ઞાન કેવળજ્ઞાની ભગવંતના આત્મામાં પ્રગટભાવે પડેલું છે. આટલા બધા જ્ઞાનનો તાગ આપણા જેવા કદી પામી શકે નહિ. વળી ધર્મ તો મુખ્યત્વે અતીન્દ્રિય પદાર્થો સાથે સંબંધિત છે. તેમાં આપણા નાના માથાના નાનકડા જ્ઞાનથી ચંચુપાત કરીએ તો તે હાસ્યાસ્પદ ગણાય.

સાગરને ફુટપટ્ટીથી શી રીતે મપાય ? સૂર્યની ગરમી થર્મોમીટરથી શેં મપાય ? આ વાતને એક નાનકડી વાર્તાથી સમજાવું.

રાજા જનકે એક વાર પ્રજામાં જાહેરાત કરી કે, જે બ્રાહ્મણ પોતાને શ્રેષ્ઠ જ્ઞાની તરીકે સાબિત કરી આપે તેને હૃષ્ટપુષ્ટ તગડી ગાયો સોનાના શીંગડે મઢીને, હીરાથી શણગારીને હું ભેટ આપું.

હજારો બ્રાહ્મણ પોતાને વિદ્વાન જાહેર કરવા દોડી આવ્યા પણ યાજ્ઞવલ્ક્ય નામના એક વિપ્રશ્રેષ્ઠ બધાને હરાવતા ગયા. અન્તે એ વિજેતા તરીકે જાહેર થતાં રાજા જનકે તેમને શણગાર સાથે ખડી રહેલી એક હજાર ગાયો ઘરભણી વાળી દેવાની રજા આપી.

પણ કાશ ! યાજ્ઞવલ્ક્યના શિષ્ય તે ગાયોને ઘર ભણી વાળે ત્યાં જ ગાર્ગી નામની ઈર્ષ્યાળુ બ્રાહ્મણી આગળ આવીને કહે, "સબૂર ! યાજ્ઞવલ્ક્ય ! મને જીતવાની બાકી છે. એ પછી જ તમે ગાયોને ઘરભણી વાળી શકશો."

ગાર્ગી સાથે વાદ શરૂ થયો. ગાર્ગી હારવા લાગી એટલે હારતી ક્રિકેટની ટીમના બોલરો જેમ બમ્પર બોલો નાંખીને બેટ્સમેનનું માથું ફોડવાની ઝનૂની

વૃત્તિમાં આવે તેવું ગાર્ગીનું થયું. તેણે બેફામ બનીને બ્રહ્માણ્ડના ફૂટ પ્રશ્નો પૂછીને યાજ્ઞવલ્ક્યને પરાજિત કરવાનો કનિષ્ઠ પ્રયત્ન કર્યો. એ વખતે યાજ્ઞવલ્કયના હૃદયને ખૂબ આઘાત પહોંચ્યો. તેમને તેમાં ગાર્ગીનું જ અહિત થતું જણાયું. તેથી તેમણે તેને કહ્યું, 'ઓ ગાર્ગી ! આવા ફૂટ પ્રશ્નો ન પૂછ. આમાં તો તારૂં મગજ ભમી જશે, ખલાસ થઈ જશે. ( गार्गी ! मातिप्राक्षीः मूर्धा ते व्यपद्यत )

અને... ગાર્ગીને પોતાની ભૂલ સમજાઈ ગઈ. યાજ્ઞવલ્ક્યના પગમાં પડીને તેણીએ માફી માંગી.

આ ઉપરથી આપણે એ વાત બરોબર સમજી લઈએ કે આપણે અધ્યાત્મજગત્‌ના સૂક્ષ્મ તત્વોમાં ઊતરવા કરતાં તે જગત્‌ના નિષ્ણાતોની વાતને શ્રદ્ધાથી સ્વીકારી જ લેવી જોઈએ.

ભલા ! જીવનકાળમાં હજારો ક્ષેત્રોના જ્ઞાન આપણે નાનકડી જિંદગીમાં શી રીતે મેળવી શકવાના હતા ?

તબીબી વિજ્ઞાનની એમ.બી.બી.એસ.ની ડીગ્રી લીધા પછી જ ફેમીલી ડોક્ટર દ્વારા અપાતી દવા ખાવાની વાત તો મૂર્ખ માણસ કરે.

એલ.એલ.બી. થયા પછી જ કોર્ટમાં વકીલ રોકીને કેસ લડવાની વાત તો મૂર્ખ જ કરે.

જો ટૂંકી જિંદગીમાં ઘણા બધા કામોના ખડકલા કરી દેવા હોય તો એક, બે કે ચાર વિષયમાં વધુમાં વધુ જ્ઞાન મેળવીએ પણ બાકીના વિષયોમાં તેના જ્ઞાનીઓ અને અનુભવીઓ ઉપર વિશ્વાસ જ મૂકી દઈએ. આ રીતે જ સહુનો સંસાર-વ્યવહાર ચાલે છે.

અધ્યાત્મના વિષયમાં જેઓ નિષ્ણાત છે તેમની ઉપર વિશ્વાસ મૂકીને તેઓ જે કહે છે તે બરોબર કહે છે એમ હૃદયથી માનીને જ આપણે તેમની વાતો સાંભળવી જોઈએ, અન્યથા આપણે તે ક્ષેત્રમાં કદી પ્રવેશ કરવો જ ન જોઈએ.

## મોહનીય કર્મના હ્રાસ વિનાના જ્ઞાનાદિ નકામા

જ્ઞાન પણ એકલું નકામું છે. એ સમ્યગ્ હોવું જોઈએ. ઘણા જ્ઞાનની કોઈ

કિંમત નથી. થોડાક પણ સમ્યગ્ જ્ઞાનની જ કિંમત છે-સાડા નવ પૂર્વનું જ્ઞાન ધરાવતા મિથ્યાદૃષ્ટિ જીવો સંસારમાં અનંતકાળ સુધી પણ ભટકી શકે છે અને અષ્ટપ્રવચનમાતાનું જ નાનકડું પણ સમ્યગ્ એવું જ્ઞાન પામેલા માષતુષ મુનિ એ જ ભવે મોક્ષે ગયા છે.

સમ્યગ્દર્શનવાળા પાસે આવેલી ગીતા પણ સમ્યક્શ્રુતમાં પરિણમી જાય.

મિથ્યાદર્શનવાળાના હાથમાં આવેલો આગમ ગ્રન્થ પણ મિથ્યાશ્રુતમાં પરિણમી જાય.

જ્ઞાન ત્યારે જ સમ્યક્ બને જ્યારે તેની સાથે સમ્યગ્દર્શન જોડાએલું હોય. પણ દર્શન ત્યારે જ સમ્યગ્દર્શન બને જ્યારે દર્શનની સાથે મિથ્યાત્વમોહનીય નામના કર્મનો હ્રાસ (ક્ષયોપશમ) થઈ ચૂક્યો હોય.

મિથ્યાત્વમોહનીય કર્મનો ક્ષયોપશમ થાય એટલે એ આત્મામાંથી અનન્તાનુબન્ધી (અનન્તા ભવોનું ભ્રમણ કરાવતું કર્મ)ના કષાયોની ચોકડી (ક્રોધ, માન, માયા, લોભ) ખતમ થાય. આ જ ચાર ક્રોધાદિ અતિ તીવ્ર રસવાળા હોવાથી દર્શનને સમ્યક્ બનવા દેતા નથી. બાકી બીજા પણ ત્રણ ઉત્તરોત્તર મંદ મંદતર રસવાળી બનતી જતી ક્રોધાદિની ચોકડીઓ (અપ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ, પ્રત્યાખ્યાનાવરણ ક્રોધાદિ, સંજ્વલન ક્રોધાદિ) છે. પણ તેઓ દર્શનને સમ્યક્ બનવામાં રૂકાવટ કરતા નથી. હા, આ ત્રણ ચોકડીઓ ક્રમશઃ દેશવિરતિપણાને, સર્વવિરતિપણાને અને વીતરાગ અવસ્થાને જરૂર રોકે છે. જ્યારે છેલ્લી સંજ્વલન ચોકડી ખતમ થાય ત્યારે જ વીતરાગપણું પ્રાપ્ત થાય.

આ ઉપરથી સમજાય કે જૈનદર્શન પ્રમાણે જ્ઞાનાવરણીયાદિ કર્મોના હ્રાસનું વિશેષ મૂલ્ય નથી, કેમકે તે હ્રાસથી માત્ર વિદ્વાન્ વગેરે બની શકાય પરન્તુ સાચા અર્થમાં જ્ઞાની તો ન જ બની શકાય. જ્ઞાની તો તે જ કહેવાય જેણે મોહનીય કર્મનો પણ હ્રાસ કર્યો છે. આ મોહનીય કર્મને લીધે જીવમાં રાગ-દ્વેષ, કામ-ક્રોધ, દર્પ-કંદર્પ, મદ-મદન, રમા-રામા-રસનાના તીવ્ર તોફાની મળો જાગ્રત થાય છે. જેના આ મળો શાન્ત ન પડ્યા હોય તેવા અતિ કામી, ક્રોધી, રસલમ્પટ, અભિમાનીને જ્ઞાની તો કદી ન કહી શકાય. હા, એ વિદ્વાન, વ્યાખ્યાનકાર, ઉપદેશક, લેખક, પુણ્યવાન્ વગેરે જરૂર હોઈ શકે.

જે જ્ઞાની છે તે જરૂર પડે તો મોસંબીનો રસ પણ પીએ, પરન્તુ તે રસથી

(ટેસ્ટથી : તીવ્ર રાગભાવથી) તો ન જ પીએ. એ તો એક પુદ્ગલ (દેહ) બીજા પુદ્ગલ (મોસંબી) ને ખવાતું-પીવાતું માત્ર જોયા કરે. એ ભોક્તા ન હોય, દૃષ્ટા હોય. થર્ડ પાર્ટી હોય. સાક્ષિત્વભાવે એ બે ના તોફાન જોયા કરતો હોય.

મોહનીય કર્મના અને તે કર્મો બાંધતી વખતે આત્મામાં જામ થતા ગએલાં રાગાદિના તીવ્ર સંસ્કારોને નરમ પાડ્યા વિનાનો જૈમિની સંન્યાસી વિદ્વાન હતો પણ જ્ઞાની ન જ હતો. એ કરતાં તો ગૃહસ્થ ભરત (ચક્રી), કશું ખાસ નહિ ભણેલા માષતુષ મુનિ કે રાજા જનકવિદેહી જ્ઞાની હતા. તેમના કદી પતન થયા નથી. વિદ્વાન જૈમિની તો પતનની સાવ નજીક આવી ગયા હતા.

કુમારગિરિ સંન્યાસી મહાવિદ્વાન હતા. જોધપુરનરેશની રાજકુમારીને વેદ, મીમાંસા આદિ-આંખો દિવાલે રાખીને, બ્રહ્મચર્યની રક્ષા માટે, સાવધાન રહીને-ભણાવતા હતા છતાં જ્ઞાની ન હતા માટે એક જ વાર રાજકુમારી તરફ એક જ ક્ષણ માટે નજર થતાં વિકારી બનીને પતન પામી ગયા હતા.

આથી જ જૈન સાધુઓએ સમ્યગ્જ્ઞાની બનવા તરફ જ લક્ષ આપવું જોઈએ, વિદ્વાન કે વ્યાખ્યાનકાર બનવા તરફ તો કદાપિ નહિ. જેણે જ્ઞાની બનવું હોય તેણે મોહનીય કર્મના કુસંસ્કારોને ખતમ કરવા જોઈએ. આ માટે ગુરુકૃપા સિવાય બીજું કોઈ અમોઘ રસાયણ નથી એમ મહોપાધ્યાયજીએ અધ્યાત્મસારમાં કહ્યું છે. ત્યાં તેમણે કામરાજને નિર્દય અને ચંડાળ કહ્યો છે, કેમકે વિદ્વાનોની ઉપર પણ તે નિર્દય બનીને ત્રાટકતો હોય છે. ( निर्दयः कामचण्डालः पण्डितानपि पीडयेत् )

આથી જ જ્ઞાનીઓએ કહ્યું છે કે, અમે તો તેને જ્ઞાન જ માનતા નથી જેના અસ્તિત્વકાળમાં રાગાદિ દોષો તીવ્રતાથી તોફાન કરી શકતા હોય.

પ્રકાશના અસ્તિત્વમાં અંધકાર રહી જ કેવી રીતે શકે ?

तज्ज्ञानमेव न भवति, यस्मिन्नुदिते विभाति रागगणः ।

तमसः कुतोऽस्तु शक्तिः दिनकरकिरणाग्रतः स्थातुम् ॥

અમે તેને પણ જ્ઞાની માનતા નથી જે ધર્મશાસ્ત્રમાં કહેલી ક્રિયાઓમાં કટ્ટર નથી, જેની વિષય-કષાયની પરિણતિ શાન્ત થઈને જેનો આત્મા ભાવિત બન્યો નથી, જેણે ઈન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો નથી, જેના નિર્મળ જીવનનો પ્રભાવ

બીજાને તારવા માટે તેની ઉપર પડતો નથી.

**ज्ञानी क्रियापरः शान्तः भावितात्मा जितेन्द्रियः ।**

**स्वयं तीर्णो भवाम्भोधेः परांस्तारयितुं क्षम : ॥**

આત્મા સ્વરૂપ અંધારા ઓરડાના કચરાને સાફ કરવો હોય તો ત્રણ વસ્તુ જોઈએ : પ્રકાશ, ઝાડુ, બારી-બંધ. આમાં જ્ઞાન એ પ્રકાશ છે, તપ એ ઝાડુ અને સંવર એ બારી-બંધની પ્રક્રિયા છે. ( **नाणं पयासगं, सोहओ तवो संजमो अ गुत्तिकरो.** ) આ ત્રણ ભેગા થાય ત્યારે જ આત્મા મોક્ષ પામે છે.

કષ્ટ કરો, સંજમ ધરો, ગાળો નિજ દેહ,

જ્ઞાન દશા વિણ જીવને નહિ કર્મનો છેહ.

## જ્ઞાની શ્વાસોચ્છ્વાસમાં

જ્ઞાનીઓ કહે છે કે, "ઘણા ક્રોડો વર્ષની સાધનાથી અજ્ઞાની જીવ જેટલું કર્મ ખપાવે છે તેટલું કર્મ જ્ઞાની આત્મા એક જ શ્વાસોચ્છ્વાસમાં ખપાવી નાંખે છે. પણ સબૂર ! આવો જ્ઞાની તે જ હોય જેનો મન-વચન અને કાયાનો યોગ એકદમ કબજામાં (ગુપ્ત) હોય."

આવી ત્રિગુપ્તિની સિદ્ધિ તે પામી શકે જે નિર્મળ બ્રહ્મચર્ય અણિશુદ્ધ પાળતો હોય.

આવું બ્રહ્મચર્ય તે જ પાળી શકે જેનું મોહનીયકર્મ શાન્ત પડી ગયું હોય.

આ કર્મ તેનું જ શાન્ત પડે જેની રસનેન્દ્રિય એકદમ કાબૂમાં હોય.

પાંચ ઈન્દ્રિયોમાં રસનેન્દ્રિય ભયંકર છે. (અક્ખાણ રસણી)

આઠ કર્મોમાં મોહનીય કર્મ ભયંકર છે. (કમ્માણ મોહણી)
પાંચ મહાવ્રતોમાં બ્રહ્મચર્યવ્રત શ્રેષ્ઠ છે. (વયાણ બંભં)
ત્રણ ગુપ્તિમાં મનોગુપ્તિ શ્રેષ્ઠ છે. (ગુત્તીણ મણગુત્તી)

ઘણા જૈન મુનિઓ જ્ઞાની હોય છે, કેમકે તેઓ આ બધી બાબતોમાં વ્યવસ્થિત બનેલા છે. છેલ્લે તેઓ ત્રિગુપ્તિથી ગુપ્ત છે. (**जं अन्नाणी कम्मं खवेई बहुआहिं वासक्रोडीहिं, तन्नाणी तिहिं गुत्तो खवेई उसासमित्तेणं**)

જ્ઞાન દશા વિના તો કેમ ચાલે ? જે આત્મા જીવ કોને કહેવાય અને અજીવ કોને કહેવાય ? એટલું પણ જ્ઞાન ધરાવતો નથી તે સાધુ થાય તો તેનાથી સાધુત્વ શી રીતે પાળી શકાય ?

## જ્ઞાની એટલે સ્યાદ્વાદી

જ્ઞાની તે છે જે સ્યાદ્વાદી છે, એટલે કે તે તેવા જ સત્યને શોધવા માટે પ્રયત્ન કરે છે કે જે સત્યનો સ્વીકાર કરવાથી સંઘર્ષ ટળે છે, મૈત્રીભાવ જાગે છે.

એક જ વ્યક્તિ અલગ અલગ-ભત્રીજો, ભાણીઓ વગેરે-ની અપેક્ષાએ કાકા પણ છે, મામા પણ છે, દીકરાની અપેક્ષાએ બાપા પણ છે.

દરેક આંધળાના હાથમાં હાથીનું જે અંગ આવ્યું તેની અપેક્ષાએ તેણે હાથીનું સ્વરૂપ જણાવ્યું કે, હાથી થાંભલા જેવો છે અથવા હાથી દોરડા જેવો છે. તે બધા પોતાની વાતને જ સાચી પકડીને બેસતા લડી પડ્યા. તેમને કોઈ સ્યાદ્વાદીએ આવીને છોડાવ્યા. તેણે દરેકને એ વાત સમજાવી કે, "તું તારી અપેક્ષાએ અવશ્ય સાચો છે પણ બીજાની અપેક્ષાએ જે બીજો સાચો છે તેને જૂઠો ન કહી દે, તેનો તિરસ્કાર ન કર."

અડધો ભરેલો દૂધનો ગ્લાસ, તેના ઉપરના ખાલી ભાગની અપેક્ષાએ જેમ ખાલી છે તેમ નીચેના દૂધ ભરેલા ગ્લાસની અપેક્ષાએ ભરેલો પણ છે. સ્યાદ્વાદી આ રીતે કામ કરતો હોવાથી તે ઝઘડતો નથી.

ભગવાન મહાવીરદેવે વેદને જૂઠા ઠરાવવાને બદલે વેદની તે બે વિરોધી દેખાતી પંક્તિઓનો સમન્વય કરી આપીને ઈન્દ્રભૂતિ વગેરે બ્રાહ્મણોની શંકાઓનો નિરાસ કર્યો હતો.

ખાવામાં જ જીવનનું સર્વસ્વ જોતાં નાસ્તિક મતને જિનેશ્વરદેવનું પેટસ્વરૂપ અંગ કહીને આનંદઘનજીએ તેને પણ ન્યાય આપ્યો છે. (લોકાયતિક કૂખ જિનવરની.)

જે સ્યાદ્વાદી છે, માટે જ જે જ્ઞાની છે તે બીજાને ઝઘડતો અટકાવવા માટે પ્રાયઃ એમ કહેવા પ્રેરાશે કે, કદાચ તમે ય સાચા હો પણ મારી અપેક્ષાથી હું સાચો છું.

કોઈ પણ સત્ય સાપેક્ષ રીતે જ સત્ય હોય તો જ તેનો આગ્રહ રખાય. નિરપેક્ષ સત્યના સત્યરૂપ માટે આગ્રહ કરાય નહિ.

'હું કાકો છું' એ નિરપેક્ષ સત્ય છે. એના માટે આગ્રહ ન રખાય, કેમકે તે તેના ભાણીઆનો કાકો નથી જ, મામો જ છે.

હા, 'હું મારા ભત્રીજાનો કાકો છું' આ વાક્ય સાપેક્ષ (ભત્રીજાની અપેક્ષાનું) સત્ય છે. આ સત્ય માટે આગ્રહ જરૂર રખાય. હવે જો કોઈ એમ કહી દે કે જે ભત્રીજાનો કાકો છે તે તેના ભાણીઆનો પણ કાકો જ છે તો આપણે તેની સામે પડવું પડે અને સત્યની વિવિધ અપેક્ષાઓ સમજાવીને શાન્ત પાડવો જોઈએ.

કોઈએ તમાચ મારી તો સ્યાદ્વાદી વિચારે કે, લાકડી તો નથી મારી ને ? લાકડીના મારની અપેક્ષાએ તો તમાચાનું દુઃખ કાંઈ નથી ! જોઈ ને કમાલ ! સ્યાદ્વાદીનો સમાધાન શોધવાનો કેવો તરીકો !

કોઈએ માથે રાખ નાંખી તો ફકીરે કહ્યું, 'કેવી ખુદાતાલાની મહેરબાની કે જીવતા અંગારાનો ટોપલો ન ફેંક્યો !'

સ્યાદ્વાદી એટલે જ્ઞાની.

જ્ઞાની એટલે સ્યાદ્વાદી.

સમાધાનકારક એનું વલણ !

એથી જ એને ક્યાંય નહિ મદ (દર્પ) કે મદન (કન્દર્પ) ! કામ કે ક્રોધ ! ઈર્ષ્યા કે નિંદા !

જો કે જિનશાસનમાં મુખ્ય તો જીવદયાનો પરિણામ જ છે પરન્તુ તેને પ્રાપ્ત કરવા માટે પ્રથમ તો સમ્યક્જ્ઞાન જ છે. (पढमं नाणं तओ दया)

## ઉપમિતિમાં સદ્બુદ્ધિનો મહિમા

ઉપમિતિકારે પ્રથમ સ્તબકમાં દ્રમકના રૂપકથી અન્તે એ વાત સમજાવી છે કે આધ્યાત્મિક જીવનનો વિકાસ સતત ગતિશીલ રાખવા માટે સમ્યગ્જ્ઞાનની જ જરૂર છે. સમ્યગ્જ્ઞાન ચોવીસે ય કલાક સાથે રહે. જ્ઞાની આત્મા કોઈ પણ પળે રાગાદિ દોષોનો ભોગ બને જ નહિ. આવું સમ્યગ્જ્ઞાન (સદ્બુદ્ધિ) પામવા માટે ગુરુકૃપા (તદયા)ની જરૂર છે. આવી ગુરુકૃપા તેને જ મળે જેની ઉપર

ઈશાનુગ્રહ (સિદ્ધ ભગવંતની કૃપા = સ્મિત) થાય. ઈશાનુગ્રહ એટલે વસ્તુતઃ જીવનમાં જિનાજ્ઞાના પાલનનો લાભ છે.

આવો ઈશાનુગ્રહ આપણને થયો છે કે નહિ ? તેની ખબર આપણી ઉપર ગુરુની કૃપા ઉતરી છે કે નહિ ? તેની ઉપરથી પડી જાય. (દ્રમક ઉપર સિદ્ધ પરમાત્મા-સુસ્થિત રાજા-નું સ્મિત જોઈને તરત ધર્મબોધકરે (ગુરુએ) એ દ્રમક (જીવ) નો હાથ પકડ્યો હતો.)

આવો ઈશાનુગ્રહ તેને થાય જેનો ચરમાવર્ત્તમાં પ્રવેશ થાય, અર્થાત્ જેની ભવિતવ્યતા પાકી હોય. (દ્વારપાળે દ્રમકને તે રાજમહેલમાં પ્રવેશ આપ્યો ત્યારે જ ઉપરની બધી વિકાસશીલ ઘટનાઓ બની.)

વળી સમ્યગ્જ્ઞાન પણ અભિમાન વિનાનું હોવું જોઈએ. દ્રમકના રૂપકમાં આ વાત જણાવાઈ છે. પોતાને પ્રાપ્ત થએલા સમ્યગ્જ્ઞાનાદિ (પરમાન્ન) બીજાઓને મળે અને તેઓ પણ નિરોગી બને તેવી તેની ભાવના (વિનિયોગ) હતી. આથી તે પરમાન્ન લઈને બજારમાં ઉભો રહ્યો. સહુ રાહદારીને કહેવા લાગ્યો કે, તમે બધા મારૂં પરમાન્ન (રત્નત્રયી) લો. પણ કાશ ! સાંજ પડી ગઈ ત્યાં સુધી કોઈએ ન લીધું.

પછી તેને સદ્બુદ્ધિ દ્વારા ખબર પડી કે, 'હું પરમાન્ન બધાને દઉં' એ ભાવમાં 'હું' નું અભિમાન ઘોળાતું હતું. બેક-ગ્રાઉન્ડમાં અહંકાર વર્ત્તાતો હતો. બીજે દિ' તે દ્રમક ખસી ગયો. એકલું પરમાન્ન મૂકી દીધું.

લૂંટ ચાલી. જોતજોતામાં મોટું પાત્ર પણ ખાલી થઈ ગયું. આજે તેની સાથે 'હું' (દ્રમક) ઉભો ન હતો માટેસ્તો.

સમ્યગ્જ્ઞાનના મહિમાની તો શી વાત કરવી ? કટ્ટર બ્રાહ્મણ-જિનધર્મનો દ્વેષી-હરિભદ્ર પુરોહિત જ્યારે જીવનપરિવર્તન પામીને મહાન્ જૈનાચાર્ય હરિભદ્રસૂરિજી બને છે ત્યારે જિનાગમોના ટોચ અધ્યયનના પરિપાકરૂપે આત્મામાં પેદા થએલું જિનાગમો પ્રત્યેનું બહુમાન તેના મુખેથી શબ્દો સરકાવી દે છે : "પાંચમા આરાના કાતીલ દોષોથી દુષ્ટ એવા અમે આ સંસારમાં હજી કેટલો કાળ ટીચાતા-કુટાતા રહેત, જો અમને આ જિનાગમોની પ્રાપ્તિ ન થઈ હોત તો ?"

ચિલાતી કેટલો બધો વિષયાસક્ત હતો ! પણ ઉપશમ, વિવેક અને સંવર

એ માત્ર ત્રણ શબ્દોના શ્રવણથી તેનું જીવનપરિવર્તન થયું.

રોહિણેય ચોરે માંડ પંદર સેકંડનું જિનવાણીનું શ્રવણ કર્યું, જેના પરિણામે અન્તે તેણે પ્રભુ-વીર પાસે દીક્ષા લીધી !

સનત્ ચક્રીએ રૂપની વિનાશિતાનું સમ્યગ્જ્ઞાન કર્યું અને સંસારથી ચાલતી પકડી.

જગત્‌ની ક્ષણભંગુરતાના જ્ઞાનને આત્મસાત્ કરી ચૂકેલી પેલી માતા ! પોતાના બે દૂધમલ બાળકોના તળાવમાં થએલા ગોઝારા મૃત્યુના સમાચારે પૂર્ણપણે સ્વસ્થ રહી ગઈ. એટલું જ નહિ પણ પોતાના વિધર્મી પતિને પણ રત્નકંકણના ટૂચકાથી આઘાત પામતો ઉગારી લીધો !

એકના એક જુવાન છોકરાનું મૃત્યુ થતાં તેને સ્મશાને વળાવીને ઉપાશ્રયે આવેલા પિતા-શ્રાવકે ગુરુદેવને કહ્યું, આજે મહેમાનને વળાવવા ગયો હતો એટલે વ્યાખ્યાનમાં આવી શક્યો નહિ !

દેદાશાહે કલ્પસૂત્રના સ્વપ્નવર્ણનમાં સાંભળતાં જાણ્યું કે ત્રિશલાદેવી અને સિદ્ધાર્થ રાજા પતિ અને પત્ની છતાં હંમેશ સાથે સૂતા ન હતા કે તરત તેણે પણ નિત્ય સહશય્યાનો ત્યાગ કર્યો !

સન્ધ્યાના રંગોમાં આખા વિશ્વની ક્ષણિકતાને જીવંત સ્વરૂપમાં જોઈને હનુમાનજીએ સંસારપરિત્યાગ કર્યો !

જીવમાત્રની કર્મપરાધીનતા જાણીને-અનુભવીને-સીતાજીએ સંયમના પંથે ડગ માંડ્યો.

સમ્યગ્જ્ઞાન એટલે 'ટેમ્પલ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ.' સમજણનું દેવળ.

અપેક્ષાએ દેરાસર કરતાં ય આ દેવળ ચડી જાય, કેમકે દેરાસરને પણ ઓળખાવે છે તો આ દેવળ જ.

## અજૈનોમાં સમ્યગ્જ્ઞાનની ઝલક

અજૈનોમાં પણ સમ્યગ્જ્ઞાનની આછેરી- ક્યારેક તો મૂઠીઉંચેરી-ઝલક જોવા મળે છે.

કહ્યાગરી અને સર્વદા સહાયક પત્નીના મૃત્યુના સમાચાર ઉપર મંજીરા હાથમાં લઈને ગાતો નરસિંહ મહેતો, "ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજશું શ્રી ભગવાન !"

પેટમાંથી બોલતું ગર્ભસ્થ બાળક (શુકદેવજી), "પિતાજી ! એટલું જ કહો કે, તારી અજન્મા બનવાની જીવન-સાધનામાં અમે તને જરાય રૂકાવટ નહિ કરીએ. એટલે હવે ગર્ભકાળમાં વધારો કરીને માતાને પીડા આપવાનું બંધ કરીને તરત બહાર આવી જાઉં !"

પોતાને માર મારીને ભાગી ગએલા ચોરો (ચોરી કરવા આશ્રમમાં આવેલા પણ કશું ન મળતાં ઉશ્કેરાઈ ગયા.) ને પડકાવી દેવા માટે પોલીસમાં કેફીઅત નોંધાવવા માટે આજ્ઞા માંગતા ભક્તોને જણાવતાં રમણ મહર્ષિ, "અરે ! એવું તો કદી ન થાય. દાંતોની વચ્ચે જીભ કચરાઈ જાય તેથી શું દાંતોને હથોડીથી તોડી નંખાય ? દાંત આપણા, જીભ પણ આપણી !"

માથુરબાબુએ ગુરુની સમાધિ-અવસ્થામાં ખભા ઉપર કાશ્મીરી શાલ નાંખીને ચાલતી પકડી. સમાધિમાંથી બહાર આવ્યા બાદ તે ગુરુ રામકૃષ્ણ પરમહંસ કામળી ઉપર થૂંકવા લાગ્યા. બોલ્યા કે, મને તો આમાં આડા-ઉભા તાણાં-વાણાંથી વિશેષ કશું જ દેખાતું નથી. આને કાશ્મીરી શાલ કોણ કહે ?

કણાદે કહ્યું છે ને કે જગત્ માત્ર પરમાણુસ્વરૂપ છે ! પ્રભુ વીરે દ્રવ્યાર્થિક નયથી જગત્નું સ્વરૂપ આવું જ જણાવ્યું છે. સર જેમ્સ જિન્સે પણ ચાલુ સદીના વૈજ્ઞાનિક જગત્ને તે જેવું (પર્યાયમય) દેખાય છે તેવું નથી (સૂક્ષ્મદ્રવ્યમય છે.) એમ જણાવેલ છે.

સોનાના ટૂકડાને સોનાનો ટૂકડો માનીને પત્નીએ પાછળ ચાલી આવતાં પતિ તેને જોઈને વિચલિત ન થઈ જાય તે માટે તેની ઉપર ધૂળ નાંખી તો પાછળથી તે જગાએ આવીને ધૂળનો ઢગલો ખસેડીને ટૂકડાને જોઈને પતિએ પત્નીને કહ્યું, "અલી ! ધૂળ ઉપર ધૂળ કેમ નાંખી ?"

સૈનિકોએ પકડી આણેલી શત્રુ-મોગલોની રૂપવતી કુમારિકા કન્યાને ટીકી ટીકીને જોતા રહેલા શિવાજી બોલ્યા, "જો આવી રૂપાળી મારી મા હોત તો હું આટલો કાળો ન હોત !"

આ છે, અજૈનોમાં રહેલા સમ્યગ્જ્ઞાનના ચમકારા !

## રત્નત્રયી ઉપર થતાં હુમલાઓ

આજની તો વાત ન્યારી છે. બધું જ બગડી ગયું છે. આખી રત્નત્રયી ઉપર જોરદાર સફળ હુમલા થઈ રહ્યા છે.

વિજ્ઞાનની વાતો (પૃથ્વી ચલ છે વગેરે.)એ સમ્યગ્દર્શન (શ્રદ્ધાસ્વરૂપ) ઉપર ભયાનક આક્રમણ કર્યું છે.

આધુનિક શિક્ષણે માણસોના જ્ઞાનતંતુઓ ઉપર હુમલા કરીને તેનું બ્રેઈન-વોશ કર્યું છે. તેને ભોગરસી, નાસ્તિક (પરલોકની માન્યતાને જૂઠી જણાવતો) અને સંતોદીધી સંસ્કૃતિનો ઉપહાસક બનાવી દીધો છે. આ શિક્ષણે સમ્યગ્જ્ઞાન ઉપર હુમલો કર્યો છે.

યન્ત્રવાદે સમ્યક્ચારિત્ર ઉપર હુમલો કર્યો છે. નિતનવી બહાર પડતી શોધો (ઈલેક્ટ્રોનિક્સ વસ્તુઓ) કેટલાય મુનિઓના ભાવપ્રાણને વધુ ને વધુ ભીંસતી ગઈ છે. કેટલાક તો મરી પણ ગયા છે. રત્નત્રયી ઉપરના આ આક્રમણથી થતું નુકસાન ત્રીજા વિશ્વયુદ્ધથી થનારા ભયાનક નુકસાન કરતાં ય ખૂબ વધુ છે.

## ઓકસીજન ઉપર જીવતી પાઠશાળાઓ

શ્રાવકોના સંતાનોને બીજા બધા સંતાનોની જેમ શેતાન કે પશુ ન દેખાડતી ભેદરેખા આંકતી સમ્યગ્જ્ઞાનની પરબો સમી પાઠશાળાઓ પણ ઓકસીજન ઉપર છેલ્લા શ્વાસ લેતી જીવી રહેલી દેખાય છે. પોતાના જીવનના ઉત્તરાર્ધમાં પ્રવેશી ચૂકેલા પંડિતો ધનની પાછળ મુગ્ધ બનીને પાઠશાળાઓ છોડી દેવા લાગ્યા છે. જે પાઠશાળાઓએ તેમને જીવન આપ્યું, શું ન આપ્યું ? તેને તેમણે ત્યાગી ! ફી સેવા આપીને ઋણમુક્ત થવાના સમયે કાંઈક અંશે કૃતજ્ઞતાને ખોઈ, ખેર.

જૈનો વણિક છે. થોડો વેપાર કરીને બુદ્ધિથી ઘણો પૈસો કમાઈ લેવાની તેનામાં આવડત છે. નવા ચાલેલા ભોગરસના ઝેરી પવનની અસરને લીધે હવે પાઠશાળામાં શિક્ષક તરીકેની નોકરી કરવા માટે કોઈ વાણીઆનો દીકરો તૈયાર નથી. તેને રાતોરાત કરોડપતિ થવાના કોડ જાગ્યા છે. જૈનકોમને હીરાનો ધંધો હાથવગો થતાં ધાર્મિક સંસ્થાઓને પારાવાર નુકસાન થયું છે.જૈનો દાનમાં પૈસો

હજી દઈ દેશે પરન્તુ તે લોહીના બાટલા-શહાદત-તો નહિ જ આપી શકે.

પ્રભુ-વીરે ધર્મ સ્થાપીને અગીઆર બ્રાહ્મણોને ચલાવવા માટે તે સોંપ્યો તેની પાછળ એવો સંકેત તો તેમણે નહિ આપ્યો હોય ને કે,મારો ધર્મ વાણીઆઓથી ચાલી શકશે નહિ ! કાંઈ સમજ પડતી નથી. એક વાત નક્કી સમજાય છે કે ગમે તેમ કરીને પાઠશાળાઓને જીવંત કરવી જોઈએ. તેના ધુરંધર પંડિતોને સ્વધર્મ સમજાવવો જોઈએ. સંચાલકોને પણ તેમનો સ્વધર્મ (ઔદાર્ય વગેરે) બતાડવો જોઈએ.

નહિ તો પછી છેવટે સાધુ-સાધ્વીજીઓએ જ જ્યાં જાય ત્યાં રોજ ૦ll કલાક નાના બાળક-બાલિકાઓને ગાથા-અર્થનું દાન કરવું જોઈએ.

# (૧૩) સમ્યક્ચારિત્ર પદ

દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવના જીવનકાળના સઘળા ય ઉપદેશનો સાર એક જ વાક્યમાં આપવો હોય તો એમ કહી શકાય કે, "મનુષ્યભવ પામીને માણસ બનો, મુનિ થાઓ, મોક્ષે જાઓ."

ચાર ગતિના ભયાનક સંસારને ખતમ કરવો હોય તે આત્માએ માણસાઈના જે ગુણો છે તેનાથી યુક્ત એવા સાચા મુનિ બનવું જ જોઈએ. મુનિજીવનમાં અલબત્ત કષ્ટો છે, પણ તે તો સોંયની સજા જેવા છે. એટલા પણ કષ્ટને સ્વીકારવા જેઓ તૈયાર નથી તેમને કરેલા અગણિત પાપોના ફળરૂપે પ્રાપ્ત થનારી દુર્ગતિના દુઃખોની જે સજા છે તે ભોગવવી જ રહી. આ તો શૂળીથી ય ભૂંડી સજા છે. જો બેમાંથી એક વસ્તુ સ્વીકારવાની જ હોય તો ડાહ્યો માણસ સોંયની સજાને જ સ્વીકારે. વસ્તુતઃ મુનિજીવનનું કષ્ટ એકદમ સ્વૈચ્છિક છે, શૂળીની સજાથી મુક્તિ આપનારું છે. એવું જ્ઞાન હોવાના કારણે આનંદિત બનાવનારું છે.

ધીકતા ધંધાની કમાણીના સુખની સામે દુકાન એક વાગ્યા સુધી ચાલતી રાખીને મોડે સુધી ભૂખ્યા રહેવું પડે એમાં તે વેપારીને ક્યારેય કષ્ટ લાગતું જ નથી.

## વિવિધ પ્રકારના ચારિત્ર

ચારિત્રના અનેક પ્રકારો છે.

(૧) ઔદયિકભાવનું ચારિત્ર, (૬) વ્યવહાર ચારિત્ર,
(૨) ક્ષયોપશમભાવનું ચારિત્ર, (૭) ક્રિયાત્મક ચારિત્ર,
(૩) દ્રવ્ય ચારિત્ર, (૮) જ્ઞાનાત્મક ચારિત્ર,
(૪) ભાવ ચારિત્ર, (૯) ઉત્સર્ગ ચારિત્ર,
(૫) નિશ્ચય ચારિત્ર, (૧૦) અપવાદ ચારિત્ર.

(૧) શાતા વેદનીયકર્મના ઉદયને (ઉદીરણા દ્વારા મેળવેલો પણ હોય તેવાને) લઈને સાધુવેષ લઈને મોજમાં-જલસાબાજીમાં-જે ચારિત્રજીવન જીવવું તે ઔદયિક ચારિત્ર છે. અહીં પૂરી સુખશીલતા હોય છે. કોઈ પ્રતિકૂળતા વેઠવાની તૈયારી હોતી નથી. જિનાજ્ઞાઓને નિષ્ઠુરપણે ઠુકરાવવાની પણ અહીં તૈયારી

હોય છે. આવા સાધુઓ બેફામપણે જીવન જીવતાં હોય છે. તેમના ચેપથી અનેક ચારિત્રીઓ બગડતા જતા હોય છે.

(૨) જ્યારે ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમભાવથી પ્રાપ્ત થએલું ચારિત્ર એ શાસ્ત્રમાન્ય ચારિત્ર છે. અહીં તો પ્રતિકૂળતાઓને ભેટવા જવાનું અને તે રીતે જલદીમાં જલદી અગણિત કર્મોનો કચ્ચરઘાણ બોલાવી દેવાનું એ મહાત્માને સતત મન થયા કરે છે. આ મહાત્માઓને સંલેખના (અનશન) કરવા સુધીના કષ્ટોમાં દુઃખાનુભૂતિ થતી નથી. તેઓ તેમાં ખૂબ આનંદ અનુભવતા હોય છે.

(૩) દ્રવ્યચારિત્ર એટલે ચારિત્રધર્મના પ્રતીકરૂપ વેશ અને તે અંગેની બાહ્ય આવશ્યકાદિ ક્રિયાઓ. આ ક્રિયાઓ ઉપયોગશૂન્ય-ભટકતા મનવાળી હોય તો ય તેની પાછળ તેનું પુષ્કળ દુઃખ હોય તો આ દ્રવ્યચારિત્ર ભવિષ્યમાં ભાવ-ચારિત્રની પ્રાપ્તિનું અવશ્ય કારણ બની રહે છે. આથી આવા દ્રવ્ય- ચારિત્રને પ્રધાન-દ્રવ્યચારિત્ર કહેવાય છે.

(૪) આનાથી વિરૂદ્ધ જતું-અભવ્ય વગેરે (અંગારમર્દક આચાર્ય, ચાણક્યઘાતક મન્ત્રી- સાધુ, મેતાર્યઘાતક સોની-સાધુ) પ્રકારના સાધુઓનું દ્રવ્ય ચારિત્ર તે અપ્રધાન દ્રવ્ય ચારિત્ર કહેવાય છે.

(૫) નિશ્ચય-ચારિત્ર એટલે સાતમા ગુણસ્થાન વગેરેનું અપ્રમત્તભાવનું અતિચાર દોષ વિનાનું ચારિત્ર. દોષોવાળા ચારિત્રને આ નિશ્ચયનય ચારિત્ર કહેવાની જ ના પાડે છે. આ નયથી સાતમા ગુણસ્થાને જ (ચોથે નહિ) સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે, કેમકે અહીં જ સમ્યક્ત્વનું ફળ જોવા મળે છે. એ છે, મુનિપણું, મૌનભાવ. ફળ વિનાના સમ્યક્ત્વને તે સમ્યક્ત્વ કહેવા જ તૈયાર નથી.

(૬) વ્યવહારમાં એટલે કે લોકોમાં જેને ચારિત્ર કહેવાય તે વ્યવહારચારિત્ર. દોષવાળા ચારિત્રધરને પણ-એટલે છટ્ઠા ગુણસ્થાને રહેલા ચારિત્રધર જીવોના ચારિત્રને વ્યવહાર-ચારિત્ર કહેવાય છે. વળી કોઈ ચારિત્રધર હજી ચોથા વગેરે જ ગુણસ્થાને ભીતરમાં હોય તો ય તેના ચારિત્રને પણ વ્યવહાર-ચારિત્ર કહી શકાય.

(૭) ચારિત્રધર્મનો જે બાહ્ય- ચરણસિત્તરી રૂપ ક્રિયાત્મક વિભાગ છે તેને ક્રિયાત્મક ચારિત્ર કહેવાય.

(૮) ચારિત્રધર સાધુના ભીતરના જ્ઞાનાત્મક અંશને જ્ઞાનાત્મક ચારિત્ર કહેવાય.

(૯) ઉત્સર્ગમાર્ગના કઠોર ચારિત્રધર્મના આરાધકનું ચારિત્ર ઉત્સર્ગ ચારિત્ર કહેવાય.

(૧૦) અપવાદ-માર્ગના અવલંબનને કારણે-ગીતાર્થ ગુરુની અનુમતિથી-જે અવલંબન લેવું પડે તે અપવાદચારિત્ર કહેવાય.

## તારકો પણ સંસાર ત્યાગે : દીક્ષા લે

તરણતારણહાર તીર્થંકરદેવોના તારક આત્માઓના હૈયે સર્વે જીવોને મોક્ષ પમાડવાની જે ઉત્તમોત્તમ ભાવના છે તે માટેનું સાધન એક માત્ર ચારિત્રધર્મનો સ્વીકાર છે. આ વિના મોક્ષ મળી શકે નહિ. હવે આવો સ્વીકાર બીજા જીવો કરે એટલે તેનો ઉપદેશ દેનારા તે તારકોએ પણ તે ચારિત્રધર્મના બાહ્યસ્વરૂપનો પણ સ્વીકાર કરવો જ રહ્યો, નહિ તો બાળ જીવો સવાલ કરે કે, તમે ઘેર બેઠા મોક્ષ પામી શકો તો અમે પણ કેમ તેવું ન કરીએ ? આથી જ ભરત, ગુણસાગર, મરુદેવા વગેરેની વાત ન્યારી છે. તેમના માથે સર્વને તારવાનું સામર્થ્ય પામવાની કોઈ વાત નથી. પણ આ તારકોના આત્માઓ તેમની જેમ ઘેર બેઠા વીતરાગ બની શકે જ નહિ તેવું જ તેમનું તથાભવ્યત્વ હોય છે.

એમણે દીક્ષાનું એક વર્ષ બાકી રહે ત્યારે તે વાત અવધિજ્ઞાનથી જાણીને લોકાન્તિક દેવો-પોતાનો તેવો વ્યવહાર પાળવા માટે-તારકની પાસે આવીને 'જય જય નંદા...' વગેરે શબ્દથી તેમને વધાવીને ચારિત્રધર્મનો સ્વીકાર કરવાની વિનંતિ કરે.

આ સમયે તે તારકનો આત્મા માતપિતાદિની તે માટેની સંમતિ મેળવી લે અને વર્ષીદાન શરૂ કરે.

જગત્‌ની અશરણતા, અનિત્યતા, અશુચિતા, દુઃખમયતા, પાપમયતા, અજ્ઞાનમયતા વગેરે જોઈને કરુણાર્ત્ત બનેલો એ તારકનો આત્મા વર્ષીદાનનું એક વર્ષ પૂરું થતા મહાભિનિષ્ક્રમણ કરે.

હા, કરેમિ સામાઈઅં ઈત્યાદિ પાઠ 'નમો સિદ્ધાણં' કહ્યા બાદ બોલીને પ્રતિજ્ઞાપૂર્વક આ માર્ગે તેઓ ડગ માંડે તે જ વખતે દેવેન્દ્ર તેમના ખભા ઉપર

દેવદૂષ્ય નાંખે, જેનાથી દેહનો આગળ-પાછળનો બધો ભાગ ઢંકાઈ જાય. તે વખતે તે તારકના આત્માને મનઃપર્યવજ્ઞાનની પ્રાપ્તિ થાય. (ત્રણ જ્ઞાન તો પૂર્વભવીય-જન્મથી સાથે જ હતા.) હવે તેઓ મૌનપૂર્વક ઘોર સાધનાનો આરંભ કરે. સાધનાકાળમાં તેઓ ચાર ઘાતીકર્મોના ભુકા બોલાવે, જેમાં મુખ્યત્વે તો મોહનીયકર્મનો નાશ જ લક્ષરૂપ હોય. સાધનાકાળ પૂર્ણ થતાં તેઓ વીતરાગ બને, પછી તરત સર્વજ્ઞ બને. આ સર્વજ્ઞો સામાન્ય કેવળજ્ઞાની સ્વરૂપ પણ હોય અને તીર્થંકર-નામકર્મનો વિપાક-ઉદય થાય તો તે તીર્થંકર સ્વરૂપ હોય. તેઓ ચોત્રીશ અતિશય અને વાણીના પાંત્રીસ અતિશયોથી યુક્ત હોય, અષ્ટ પ્રાતિહાર્યોથી સુશોભિત હોય.

## સહુ દીક્ષાના માર્ગે

આવો દીક્ષાનો માર્ગ જાતે જીવી બતાડીને તે તારકોએ સર્વ જીવોને જણાવ્યો. એના વિના દુઃખમોક્ષ, સુખમોક્ષ, પાપમોક્ષ, સંસારમોક્ષ શક્ય જ નથી તે સ્પષ્ટ જણાવ્યું. આથી જ આવા દુઃખાદિથી જે ત્રાસી ઊઠ્યા હતા તે જ્ઞાનગર્ભવિરક્ત આત્માઓએ દીક્ષા લીધી. ષટ્ખંડના સામ્રાજ્યના ચક્રવર્તી રાજાઓ, અન્ય નૃપતિઓ, મહારાણીઓ, મહામન્ત્રીઓ, શ્રેષ્ઠીઓ, શ્રીમંતો, વિદ્વાનો, રૂપરમણીઓ, કુમારો, બાળકો, બાલિકાઓ છેલ્લા ૨૫૦૦ વર્ષમાં લાખોની સંખ્યામાં દીક્ષિત થયા છે.

તણખલાની જેમ ચક્રવર્તીઓએ પોતાના વિરાટ સામ્રાજ્યનો ત્યાગ કરીને આ ચારિત્ર સ્વીકાર્યું છે.

આનું કારણ એક જ છે કે સર્વ દુઃખો અને સઘળા પાપોથી સર્વથા અને સર્વદા થતો મોક્ષ આ ચારિત્ર સિવાય શક્ય જ નથી.

બેશક, આ ચારિત્ર સંસારના માત્ર દુઃખોથી કંટાળીને લીધેલું - મેતાર્યઘાતક સોની કે ચાણક્યશત્રુ મન્ત્રી-સાધુ વગેરેની જેવું ન જ હોવું જોઈએ. તે મોહગર્ભિત પણ ન હોવું જોઈએ. તે જ્ઞાનગર્ભિત હોય (ભોગસુખ કડવું ઝેર હોઈને એ જ સૌથી વધુ ખતરનાક છે એવા જ્ઞાનવાળું) તો જ તે મોક્ષપ્રાપક બની શકે. હા, ક્યારેક દુઃખગર્ભિતાદિ બે ચારિત્ર પણ તેમાં રૂપાન્તર પામી શકે ખરા.

ચારિત્ર-ધર્મ એટલે સર્વ જીવોનું એકાન્તે હિત મનથી ઈચ્છતો આત્માનો

પરિણામ. ટૂંકમાં સર્વસત્વહિતાશય.

સર્વ જીવો પ્રત્યે અહીં અપાર કરુણા હોય, પોતાની જાત પ્રત્યે અહીં જોરદાર કઠોરતા હોય, આથી જ શરીર (મોટામાં મોટો દુશ્મન) સાથે ખૂનખાર જંગ (યથાશક્તિ) ખેલતા હોય અને ઉપકારી જનો પ્રત્યે અહીં ભારોભાર કૃતજ્ઞતા હોય.

## સૂક્ષ્મની તાકાત એ જ ચારિત્ર

સમ્યક્ચારિત્ર એટલે આત્માની આંતર-સૂક્ષ્મ શક્તિઓનો આવિર્ભાવ, જેના દ્વારા સ્વનું કલ્યાણ સાધતી શુદ્ધિ પેદા થાય અને પરનું કલ્યાણ કરવામાં અત્યન્ત જરૂરી પુણ્ય પેદા થાય.

પાંચ લાઠી બરોબર એક પલાઠી. (પ+લાઠી) પલાઠી એટલે યોગાવસ્થા. એનાથી જે આંતર-શક્તિઓનો આવિર્ભાવ થાય છે તે સંભવિત વિશ્વયુદ્ધોને થંભાવી રાખવાની તાકાત ધરાવે છે.

પરત્માત્મા મહાવીરદેવની પ્રથમ દેશનામાં આવો ચારિત્રધર્મ પામનારો એક પણ આત્મા ન નીકળ્યો એટલે એમની દેશના નિષ્ફળ ગયાનું જ્ઞાનીઓએ જાહેર કર્યું. આ નિષ્ફળ દેશના પણ એક સંદેશનું તો ફળ આપીને સફળ બની જ છે કે સ્વપરનું કલ્યાણ સર્વવિરતિધર્મની આરાધના વિના શક્ય જ નથી. જેઓ સર્વમંગલના સાચે જ કામી હોય તેમણે ચારિત્રધર્મની અણિશુદ્ધ આરાધનામાં પૂરા જોડાઈ જવું જોઈએ. એ સાધના કઠોર હોવાથી, એમાં માનપાન અને ખાનપાનની મદમસ્તી ન હોવાથી, એમાં લોકપ્રતિષ્ઠા, લોકપરિચયાદિની જલસાબાજી ન હોવાથી, એમાં રાગાદિભાવોનું ગલગલીઆભર્યું પોષણ ન મળવાથી જો કોઈનાથી તે માર્ગે કદમ ન માંડી શકાય તો કાંઈ વાંધો નહિ. જેનાથી તે અંગેનો વેષ પહેરાઈ ગયો હોય તો તેને તે છોડી દે તેમાં ય કોઈ વાંધો નહિ, પરન્તુ વેષ ધારણ કરીને ચારિત્રધર્મથી વિરૂદ્ધ જવું, ભોગરસોના કસુંબા ઘૂંટવા, ભક્તોના માનપાનો અને મસાલેદાર ખાનપાનોમાં તથા ભક્તાણીઓના જાતજાતના આકર્ષણોમાં આત્માને લૂંટાવી નાંખવો, એ રીતે શિષ્યો અને ભક્તોના ભાવપ્રાણોના નિકંદન કાઢી નાંખવા, દોરા-ધાગાની દુકાનો ચલાવીને પોતાને મહાન ચારિત્રધર કે શાસનપ્રભાવક મનાવવા એ તો અતિ અનિચ્છનીય તત્વ છે. આવા આત્માઓના આશીર્વાદાદિથી કદી કોઈનું

ભલું થયું નથી અને ભલું થવાનું પણ નથી. હા, ક્યારેક ક્યાંક તેઓ નિમિત્ત બની જાય અને જશ ખાટી જાય એ જુદી વાત છે.

ચૌદ રાજલોકમાં જે તારકોના પાંચ કલ્યાણકોની પાંચ ક્ષણોમાં સર્વત્ર સર્વ જીવોને શાતા વેદનીયનો જે અનુભવ થાય છે તેની પાછળ તે તારક તીર્થંકરદેવોના આત્માનું વિશુદ્ધ ચારિત્ર એ જ માત્ર કારણભૂત છે. આટલું શાસ્ત્રથી જાણ્યા બાદ પણ શું પરકલ્યાણના કામી આત્માઓ પોતાના ચારિત્રનો ભુકો બોલાવી દઈને ભક્તોની ભીડમાં ભરાઈ રહેશે ?

અજૈન ધર્મશાસ્ત્રમાં કહેવાય છે કે માનવલોકના ઋષિઓ ઘોર તપ કરે તો મરીને ભવિષ્યમાં ઈન્દ્ર બને. આથી વર્તમાનકાલીન ઈન્દ્ર તેમને તપથી ભ્રષ્ટ કરી દેવા માટે અપ્સરાઓને, મેનકાઓને કે ઉર્વશીઓને મોકલે. આમાં ઘણા બધા ઋષિઓનો તપ ચલાયમાન થઈ ગયાનું સંભળાય છે. લોકોત્તર એવું આ જિનશાસન ! અહીં તો ઊંધું બને છે. તેવી કશી ઈચ્છા નથી છતાં તારકોના ચ્યવનાદિ પાંચેય કલ્યાણકો વખતે ઈન્દ્રોના સિંહાસનો (પેલા ઋષિના તપની જેમ) ચલાયમાન થાય છે. ઉત્કૃષ્ટ કોટિના ચારિત્રબળની સ્વ-પરકલ્યાણકારિતા કેટલી બધી જબરી છે ? આમ છતાં તેને અભરાઈએ ચડાવીને અન્ય સાવ નબળી અને વામણી પદ્ધતિઓથી સ્વ-પરકલ્યાણની વાતો વિચારવી એ તો એ જીવોની નકરી પામરતા છે.

આનંદઘનજીના પેશાબમાં પત્થરને સોનું બનાવવાની શક્તિ હતી.

સનત્ મુનિના થૂંકમાં સર્વરોગોપશમ કરવાની શક્તિ હતી.

જટાયુ પંખીના બધા જ રોગોને ઓલા લબ્ધિધર બે મુનિઓએ સ્પર્શમાત્રથી સાફ કરી નાંખીને તેને દિવ્ય કાન્તિમય બનાવી દીધું હતું.

પાપો ઉપર તીવ્ર પશ્ચાત્તાપ કરતાં પેલા રડતા બાળ-સંન્યાસીને પણ આવી સ્પર્શશક્તિ પ્રાપ્ત થઈ હતી.

કહેવાય છે કે ભગવાન શંકરના જ્ઞાનપ્રાપ્તિ માટે આશિષ મેળવવા કૌમુદી વ્યાકરણના રચયિતા પાણિનીને અડતાલીસ વર્ષ લાગ્યા હતા તે આશિષ માતા સરસ્વતીએ પોતાની સાધના કાશ્મીરમાં આવીને કરવા માટે નીકળેલા હેમચન્દ્રસૂરિજીને ખંભાતમાં સ્વપ્નમાં આવીને આપી દીધા ! તેમાં કાચી સેકંડ પણ ન લાગી !

જૈનધર્મના તત્વની ઊંડાણભરી પ્રાપ્તિ નહોતી કરી છતાં માઈકના ઉપયોગ સંબંધમાં વિનોબાએ વિરોધ કરીને કહ્યું હતું કે આ તો 'બ્રોડકાસ્ટ' કરવા માટેનું સાધન છે. આધ્યાત્મિક તત્વોનું તો 'ડીપકાસ્ટ' કરવાનું હોય. એને માટે આ ચીજ નિરર્થક છે. કેવી સાચી વાત છે ! મોંએ લગાડેલા માઈક કરતાં મોંએ લગાડીને બોધ આપતી મુહપત્તિની તાકાત સાચે જ ક્રોડોગણી વધારે છે.

જો વર્તમાનકાલીન અમે તમામ સાધુ-સાધ્વીઓ (ભલે માત્ર પાંચ-છ હજાર હોઈએ) ચારિત્રધર્મની સૂક્ષ્મની શક્તિમાં સ્વ-પર-સર્વકલ્યાણકારિતાને ખીચોખીચ ધરબાએલી સ્વીકારીને તેની જ અન્તર્મુખ આરાધનામાં અપ્રમત્તપણે લાગી જઈએ તો સ્વનું અને સર્વનું (ઘણા બધાનું) કલ્યાણ -કે જે કરવાની અમને ખૂબ ભાવના જાગી છે, જેમાં અધીરાઈ પણ પેદા થઈ છે તે ઝાઝું છેટું જણાતું નથી.

પણ કાશ ! અમે જ ચારિત્રધર્મની સર્વતારકતાની શક્તિમાંથી વિશ્વાસ ગુમાવ્યો છે, નહિ તો અમે આટલા બધા બહિર્મુખ, ભોગાભિમુખ, ત્રણેય એષણાઓના અત્યન્ત ભૂખ્યા કદી હોત ખરા ?

જો અમારી પાસે રાગાદિમળોનો નાશ કરવાની એક માત્ર ધૂન હોય, જો અમને ભગવાન અને તેમનું પ્રત્યેક વચન અત્યન્ત વહાલું હોય, જો અમે વિરાધનાઓ અને વિરાધકભાવોથી અત્યન્ત ભીરૂ હોઈએ, જો અમે ગુરુને અત્યન્ત સમર્પિત રહીએ, જો અમે સંયમ, સ્વાધ્યાય અને સેવાનો ત્રિવેણીસંગમ બનીએ, જો અમને લાગતાં દોષોનું સૂક્ષ્મતમ પ્રાયશ્ચિત્ત કૃપાલુ ગુરુદેવ પાસે સતત કરતા રહીએ તો અમે ધરતીને ધ્રૂજાવી શકીએ. અમારી આંગળીના ઈશારે અમે માનવજાતના દુઃખો દૂર કરી શકીએ. અમારા સંકલ્પમાત્રથી અનેક જીવોને હિતનો માર્ગ બતાડી શકીએ.

પણ કાશ ! અંદરનું ઘણું બધું સડી ગયું છે અને બહારનો દેખાવ મર્દ તરીકેનો રાખવો છે એટલે ચા પીને, માવો ખાઈને કે કોઈ નશો કરીને જાણે કે ટટાર રહ્યા વિના છૂટકો નથી.

હાય ! ભૂંસા ભરેલા જાડીઆ દેખાતા ખેતરમાં ઊભેલા ચાડીઆ જેવી અમારી જાત ! પણ ક્યાં સુધી ચકલા અમારાથી પ્રભાવિત રહી શકશે ? અન્તે તો બધી પોલ પકડાશે, બધા સ્વરૂપ (વિરૂપ) ઉઘાડા પડશે અને એ ચકલા જ

માથે ચડી બેસશે. અમને ચાંચો મારી મારીને પીંખી પણ નાંખશે !

અમારા તો બે ય બગડ્યા : આલોક અને પરલોક ! પરમલોકનું તો સ્વપ્ન પણ ન રહ્યું !

હાય ! અમે કેટલાક પાક્યા જિનશાસનના હત્યારા !

ચારિત્રધર્મને સાચા અર્થમાં પામેલા જીવો વ્યાખ્યાનાદિ રૂપે બોલીને ઉપદેશદાન દ્વારા પરકલ્યાણ પણ કરે પરન્તુ એનું ચારિત્રબળ એ જ બોલતું - જીવતું-જાગતું વ્યાખ્યાન છે.

વહોરાવવાની ક્રિયામાં ઉત્કૃષ્ટ નિર્વિકારિતા વગેરે જોઈને નટડીના મોહે પડેલો ઈલાચી વાંસ ઉપર જ પોતાને ધિક્કારતો કૈવલ્ય પામી ગયો !

ચંદનબાળાજીના મુખ ઉપર ચારિત્રધર્મજનિત ચિત્તની અપૂર્વ પ્રશાન્તવાહિતા જોઈને અજૈન ખેડૂત શેડુવક સંયમધર્મ પામી ગયો !

ધ્યાનસ્થ મુનિના મોં ઉપર ફાટ ફાટ કરતી પ્રસન્નતાને જોઈને-હજી જેના છેડા બંધાએલા છે, મેંદીનો રંગ ભીનો છે તેવા રાજકુમાર વજ્રબાહુ અને નવોઢા મનોરમાએ સંયમના પંથે ડગ દેવાનો દૃઢ સંકલ્પ કરી લીધો !

મુનિઓની ઈર્યાસમિતિના ઉપયોગની લીનતા જોઈને જ ઘોર તપે પણ જે ન પમાડ્યું તે સમ્યગ્દર્શન તામલી તાપસના હાથમાં આવીને પડ્યું !

ખાવા જ માટે સાધુ થએલો જીવ મરવાની છેલ્લી ક્ષણોમાં ભાવચારિત્રના સ્વીકારના સ્વપ્નામાં રાચતો મર્યો તો જિનશાસનનો મહાન્ પ્રભાવક સમ્રાટ સંપ્રતિ બન્યો !

ઊંઘમાં પડખું ફેરવતી વખતે ઓઘાથી સંથારો પૂંજવાની અપ્રમત્તતા જોઈને તે સાધુને મારવા આવેલો ખૂની સાધુ બની ગયો !

મુનિપદના એકેકા ગુણે અનેક આત્માઓ તરી ગયા છે. તેમના પ્રવચને તો કોણ જાણે કેવા કેવા આશ્ચર્યો સર્જાતા હશે !

વર્ત્તમાન દેશ-કાળની દુર્બળતાને નજરમાં રાખીને હું તો તેને પણ ઉચ્ચ કક્ષાનો સંયમધર સાધુ કહેવા માટે તૈયાર છું જે સંયમ, સ્વાધ્યાય અને ગુરુસેવામાં લીન હોય, ઘણા દોષો વારંવાર સેવે તો ય શુદ્ધ પ્રાયશ્ચિત્તી હોય, હૈયાનો અત્યન્ત સરળ હોય.

# મહાન્ ચારિત્રધરો ઉપર પાંચ હુમલા

જેઓ ચારિત્રને ધારણ કરતા હોય તેમની ઉપર કર્મરાજાનો હુમલો વિશેષ થતો હોય તેવું કેટલીક વાર બને છે. જાણે કે કર્મરાજાને એક આત્મા પોતાની સંસાર-છાવણીમાંથી ઓછો થઈ જવાનો ડર લાગ્યો ન હોય !

કર્મના હુમલાઓ કેટલીક વાર તો અત્યન્ત ખૂંખાર હોય છે. કેટલીક વાર ગેરીલા પદ્ધતિના-અપરાજેય-બની જતા હોય છે. એવા વખતે ઉત્કૃષ્ટ કક્ષાના સંયમધર મહાત્માઓ પણ મુનિજીવનથી ડગી જતા હોય છે, વિચલિત થઈને ક્યારેક તો પતન પણ પામતા હોય છે, દુર્ગતિમાં પણ ચાલ્યા જતા હોય છે.

બેશક, આવા પણ કર્મના હુમલાઓમાં નિમિત્તોનો સંગ અથવા પોતાનો જ અવળો પુરુષાર્થ પણ કામ કરતો હોય છે. એકાન્તે એકલા નિકાચિત કર્મના ઉદયથી તો કવચિત્ જ કોકનું પતન થતું હોય છે.

ઉપદેશમાળામાં ધર્મદાસ ગણિ મહારાજે કહ્યું છે કે મોટા રૂસ્તમ જેવા ઉચ્ચ કક્ષાના સાધકોને પણ પાંચ વસ્તુઓ ગબડાવી દેતી હોય છે. તે આ રીતે :

(૧) **આત્મશ્લાઘા :** ધર્મદત્ત મુનિ આનું આબેહૂબ દૃષ્ટાન્ત છે. પોતાને સિદ્ધ થએલા અહિંસાભાવથી જે હિંસક લોકોએ અને પ્રાણીઓએ હિંસાત્યાગ કર્યો તે ઉપરની પ્રશંસા કરતા- સાંભળતા-તે ધરાતા ન હતા. પોતાના સંસારી પિતાને પણ શિષ્યમુખે પોતાની મહાન્ સિદ્ધિઓનું સવિસ્તર બ્યાન કરાવ્યું હતું.

સ્થૂલભદ્રજીએ પોતાને પ્રાપ્ત થએલી લબ્ધિઓની તાકાત બેન-સાધ્વીજીઓને બતાડી દેવા માટે સિંહનું રૂપ ધારણ કર્યું હતું.

હા, પછી મૂળસ્વરૂપે આવીને મલકાયા હતા. પણ કાશ ! એમાં શ્રી સંઘે સદા માટે ચાર પૂર્વોનું જ્ઞાન (અર્થથી) ગુમાવી દીધું. ગુરુએ તે પ્રસંગ ઉપરથી તેમને જ્ઞાનનું અજીર્ણ થએલું જાણીને આવો નિર્ણય લીધો !

(૨) **પરનિન્દા :** નિત્ય નવકારશીનું પચ્ચક્ખાણ-ક્ષુધા વેદનીય કર્મના તીવ્ર ઉદયને કારણે જ-કૂરગડુ મુનિને કરવું પડતું હતું. તેમની નિંદા કરવાની એક પણ તક ચાર તપસ્વી મહાત્માઓ છોડતા નહિ. સંવત્સરી પર્વના દિવસે તો હદ થઈ ગઈ. મુનિએ આણેલી ભિક્ષાના પાત્રમાં તેઓ થૂંક્યા અને બેફામ નિંદા કરી. ખેર, મુનિ તો મહાત્માઓના થૂંકવાળા તે ભોજનને મિષ્ટ ભોજન

ગણીને આરોગી ગયા ! કોણ મહાન્ ?

ઈશ્વર તરીકેના પૂર્વભવથી જ જેણે જેનીતેની નિન્દા-તિરસ્કાર કરવાનો ગાઢ સંસ્કાર પાડી દીધો હતો તે આત્મા ગોશાલક બનીને સાક્ષાત્ દેવાધિદેવ પ્રભુ મહાવીરને ગાળો દેતો થઈ ગયો ! આગ લગાડી દેવા સુધી તેનો રોષ પહોંચી ગયો !

(૩) **જીભ** : મૂળમાં રસનેન્દ્રિયની કારમી લાલસાના હુમલામાં ઘોર તપસ્વી કંડરિક મુનિ સાતમી નારકે ગયા, યુગપ્રધાન આચાર્ય મંગુ ગટરની ખાળના ભૂત થયા, ઉત્તમ કોટિના સાધુ અષાઢાભૂતિ એક વાર તો મુનિજીવનથી સંપૂર્ણતઃ પતિત થઈ ગયા. મુનિવર બે નારીનો વર બની ગયો. મુક્તિપંથનો એ સંત, બે નારીઓનો કંત બની ગયો !

(૪) **કામવાસના** : આ હુમલાનો ભોગ બનેલા મહામુનિઓમાં સહુ પ્રથમ નજરે ચડે છે ચાર મહિનાના ચોવિહારા ઉપવાસ સાથે સિંહની ગુફા પાસે કાયોત્સર્ગ મુદ્રામાં રહીને, સિંહને પણ શાન્ત કરી દેનારો મુનિ ! રૂપકોશાના એક ક્ષણના રૂપદર્શનથી ખતમ થઈ ગયા ! એમના ભાવપ્રાણોનો દીવો હોલવાઈ ગયો ! એ તો મહાશ્રાવિકા રૂપકોશાએ એને ફરી ચેતવ્યો !

નારીના વાળની લટના સ્પર્શમાત્રથી આજીવન અનશનસ્થ સંભૂતિ મુનિનું અંગેઅંગ કામની આગળ બળીને ભડથું થઈ ગયું !

એ જ ભવે મોક્ષગામી ધ્યાનસ્થ રહનેમિના આ હુમલાએ છક્કા છોડી નાંખ્યા ! નિર્લજ્જ ભાષામાં તેમણે સાધ્વી ભાભી રાજીમતીજી પાસે દેહસુખની માંગણી પણ કરી નાંખી !

(૫) **કષાયો** : પાંચસો મુનિઓને ઘાણીની પીલામણ વચ્ચે અપૂર્વ નિર્યામણા કરાવીને મોક્ષે પહોંચાડવાનો જ્ઞાનાવરણીય કર્મનો પ્રચંડ ક્ષયોપશમભાવ ધરાવતા ગુરુવર સ્કંદકસૂરિજીને ક્રોધનો એટેક આવ્યો. એવી ભયાનક સ્થિતિમાં મુકાઈ ગયા કે હાથવેંતમાં રહેલો તેમનો મોક્ષ ક્યાંય દૂર ભાગી ગયો !

મહાજ્ઞાની પૂ. હરિભદ્રસૂરિજી બૌદ્ધ ભિક્ખુઓ ઉપર ક્રોધાન્ધ બની ગયા ! તેમને ધગધગતા ગરમ તેલમાં તળી નાંખવાનો વિચાર જ ન કર્યો કિન્તુ તે વાતનો આરંભ પણ કર્યો ! એ તો સારું થયું કે એ જ વખતે ગુરુ-દત્ત સંદેશો

મળ્યો અને પશ્ચાત્તાપપૂર્વક ક્રોધ ઉપશાન્ત થઈ ગયો !

ઈતિહાસના પાને કાળા અક્ષરે લખાએલી આ અપયશ-ગાથાઓને નજરમાં રાખીને ઈન્દ્રિયપરાજયશતકકારે સાચું જ કહ્યું છે કે, જો કર્મોદયના ઝંઝાવાતી પવને મેરુ પણ કંપી ઊઠે તો તેમાં અમારા જેવા પાકી ગએલા પીપળાના પાંદડાની તો બૂરી હાલત થવામાં શી બાકી રહે !

સબૂર ! કોઈ અશુભ નિમિત્ત અથડાઈ જ ન પડે તેવી શુભ સ્થિતિ સદા માટે જાળવી રાખવી હોય તો તમે ગુરુના હૈયે જઈને બેસી જાઓ અને નિમિત્ત અથડાવવા છતાં તમારો વાળ વાંકો ન થાય એવી અતિ ધન્ય સ્થિતિ સિદ્ધ કરવી હોય તો તમારા હૈયે દેવાધિદેવશ્રીની સ્થિર પ્રતિષ્ઠા કરી દો. બાકી તો કર્મોના હુમલામાં માર જ ખાવાનો છે.

શ્રેણિક સાથેની અનાથી મુનિની વાતોમાં અનાથી મુનિએ તેને કહ્યું હતું કે, હે રાજન્ ! મારી નાથ-અનાથની વાત પૂરી થઈ. હવે મારા કરતાં પણ વધુ કાતીલ અનાથતાની વાત કરું છું તે તમે શાન્તિથી સાંભળો.

જેઓ સર્વવિરતિધર્મને ધારણ કરીને શિથીલકક્ષાના જીવનનો ભોગ બને છે તે સાધુઓ અને સાધ્વીઓ જેવા અનાથ આ જગત્માં બીજા કોઈ નથી.

જિનપાલિત અને જિનરક્ષિતની કથા દ્વારા જ્ઞાનીઓએ મુનિઓને ખૂબ ગંભીર ઉપદેશ આપ્યો છે કે, જેઓ એક ભાઈની જેમ પાછળ છોડેલા સંસાર તરફ જુએ છે તેઓના ભાવપ્રાણોના ફુરચેફુરચા ઉડે છે. પરન્તુ જેઓ બીજા ભાઈની જેમ ગમે તેવા પ્રલોભનોથી પણ છોડેલા સંસાર તરફ નજર પણ નાંખતાં નથી તેઓ ભવસમુદ્રનો પાર પામીને જ રહે છે.

જગત્માત્રનું કલ્યાણ સાધનારા એકમેવ ઉપાયરૂપ જઘન્યથી પણ તેનું સુંદર પાલન કરનાર આત્માને માત્ર આઠ ભવમાં કૈવલ્ય આપનારા, જીવમાત્રના રક્ષક, જાતના શોધક એવા ચારિત્રપદને આપણા કોટિ કોટિ વંદન.

- એમ પરાજય કરીને ચારિત્ર મોહનો, આવું ત્યાં જ્યાં અપૂર્વ ભાવ જો,
  શ્રેણિ ક્ષપકતણી કરીને આરૂઢતા, અનન્ય ચિંતન અતિશય શુદ્ધ સ્વભાવ જો.

- वैरत्यागोऽन्तिके तस्य फलं चाकृतकर्मणः ।
  रत्नोपस्थानसद्वीर्यलाभो जनुरनुस्मृतिः ॥

- साम्यं विना यस्य तपःक्रियादेर्निष्ठा प्रतिष्ठार्जनमात्र एव ।
  स्वर्धेनुं चिंतामणिकामकुम्भान् करोत्यसौ काणकपर्दीमूल्यान् ॥

- परमट्ठो खलु समओ सुद्धो जो केवली मुणी णाणी ।
  तम्हि ट्ठिदा सहावे मुणिणो पावंति णिव्वाणं ॥

- पणविहसम्मचरणवयववहाराचारसमिइसज्झाए ।
  एगसंवेगो अ रओ, छत्तीसगुणो गुरु जयउ ॥

- एक एव सुहृद्धर्मो मृतमप्यनुयाति यः ।
  शरीरेण समं नाशं सर्वमन्यत्तु गच्छति ॥

- ધાર તરવારની સોહિલી, દોહિલી ચૌદમા જિનતણી ચરણ સેવા,
  ધાર પર નાચતા દેખ બાજીગરા સેવના ધાર પર રહે ન દેવા.

- જિન નિર્મલતા રે રત્ન સ્ફટિકતણી, તેમ જ જીવ સ્વભાવ,
  તે જિન વીરે ધર્મ પ્રકાશીઓ પ્રબળ કષાય અભાવ, શ્રી સીમંધર...

- મનડું કિમહી ન બાજે હો કુંથુજિન ! મનડું કિમહી ન બાજે,
  જિમ જિમ જતન કરીને રાખું, તિમ તિમ અલગું ભાંજે હો,
- સર્વભાવથી ઔદાસીન્ય વૃત્તિ કરી માત્ર દેહ તે સંયમ હેતુ હોય જો,
  અન્ય કારણે અન્ય કશું કલ્પે નહિ, દેહે પણ કિંચિત્ મૂર્ચ્છા નવ હોય જો.
- અપૂર્વ અવસર એવો ક્યારે આવશે ?
  ક્યારે થઈશું બાહ્યાંતર નિર્ગ્રન્થ જો.
- तत्कुतर्केण पर्याप्तमसमञ्जसकारिणा ।
  अतीन्द्रियार्थसिद्ध्यर्थं नावकाशोऽस्य कुत्रचित् ॥

- દર્શનમોહ વ્યતીત થઈ ઉપજ્યો બોધ જે, દેહભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,
  તેથી પ્રક્ષીણ ચારિત્રમોહ વિલોકિયો, વસે એવું શુદ્ધ સ્વરૂપનું ધ્યાન જો. અપૂર્વ..

- આત્મસ્થિરતા ત્રણ સંક્ષિપ્ત યોગની, મુખ્યપણે તો વર્તે દેહ પર્યંત જો,
  ઘોર પરિષહ કે ઉપસર્ગ ભયે કરી, આવી શકે નહિ તે સ્થિરતાનો અંત જો.
- સંયમના હેતુથી યોગ પ્રવર્તના, સ્વરૂપલક્ષે જિન આજ્ઞા આધીન જો,
  તે પણ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં, અંતે થાયે નિજ સ્વરૂપમાં લીન જો.

- પંચ વિષયમાં રાગદ્વેષ વિરહિતતા, પંચ પ્રમાદે ન મળે મનનો ક્ષોભ જો,
  દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ પ્રતિબંધ પણ વિચરવું ઉદયાધીન પણ વીતલોભ જો.
- ક્રોધ પ્રત્યે તો વર્તે ક્રોધ સ્વભાવતા, માન પ્રત્યે તો દીનપણાનું માન જો,
  માયા પ્રત્યે માયા થાય ન રોમમાં નહિ લોભ સમાન જો...

- બહુ ઉપસર્ગ કર્તા પ્રત્યે પણ ક્રોધ નહી વંદે ચક્રી તથાપિ ન મળે માન જો,
  દેહ જાય પણ માયા થાય ન રોમમાં લોભ નહીં છો પ્રબળ સિદ્ધિ નિદાન જો.
- નગ્નભાવ મુંડભાવ સહ અસ્નાતતા અદંતધાવન આદિ પરમ પ્રસિદ્ધ જો,
  કેશ રોમ નખ કે અંગે શૃંગાર નહિ, દ્રવ્ય ભાવ સંયમમય નિર્ગ્રન્થ સિદ્ધ જો.
- શત્રુ મિત્ર પ્રત્યે વર્તે સમદર્શિતા, માન-અમાને વર્તે તે જ સ્વભાવ જો,
  જીવિત કે મરણે નહિ ન્યૂનાધિકતા ભવે મોક્ષે પણ શુદ્ધિ વર્તે સમભાવ જો.
- એકાકી વિચરતો વળી સ્મશાનમાં વળી પર્વતમાં વાઘ સિંહ સંયોગ જો,
  અડોલ આસન ને મનમાં નહિ ક્ષોભતા પરમ મિત્રનો જાણે પામ્યા યોગ જો.
- ઘોર તપશ્ચર્યામાં મનને તાપ નહિ સરસ અન્ને નહીં મનને પ્રસન્ન જો,
  રજકણ કે રિદ્ધિ વૈમાનિક દેવની સર્વ માન્યા પુદ્ગલ એક સ્વભાવ જો...
- મૂરખ જીવ ધરે ચિત્તમેં કહા, જલ્પ વિકલ્પ સદા દુઃખદાયી,
  ધ્યાવહુ બ્રહ્મ સદા અતિ ઉજ્વલ, દૂર તજો સબ સોજ પરાઈ.

- अधीत्य किंचिच्च निशम्य किंचिदसद्ग्रहात्पंडितमानिनो ये ।
  मुखं सुखं चुंबितमस्तु वाचो लीलारहस्यं तु न तैर्जग्राहे ॥

- नियोजयत्येव मतिं न युक्तौ युक्तिं मतौ यः प्रसभं नियुंक्ते ।
  असद्ग्रहादेव न कस्य हास्योऽजले घटारोपणमादधानः ॥

- आग्रही बत निनीषति युक्तिं, तत्र यत्र मतिरस्य निविष्टा ।
  पक्षपातरहितस्य तु युक्तिर्यत्र तत्र मतिरेति निवेशम् ॥

- मनोवत्सो युक्तिगवीं मध्यस्थस्यानुधावति ।
  तामाकर्षति पुच्छेन तुच्छाग्रहमनःकपिः ॥

- वादांश्च प्रतिवादांश्च वदन्तोऽनिश्चितांस्तथा ।
  तत्वान्तं नैव गच्छन्ति तिलपीलकवद्गतौ ॥

- विकल्पकल्पनाशिल्पं प्रायोऽविद्याविनिर्मितम् ।
  तद्योजनामयश्चात्र कुतर्कः किमनेन तत् ॥
  वाद्युक्ते साधने प्रोक्तदोषाणामुद्भावनम् ।
  दूषणं निरवद्ये तु दूषणाभासनामकम् ॥

- असद्ग्रहो यस्य गतो न नाशं, न दीयमानं श्रुतमस्य शस्यम् ।
  न नाम वैकल्यकलङ्कितस्य, प्रौढा प्रदातुं घटते नृपश्रीः ॥
- आमे घटे वारि धृतं यथा सद्विनाशयेत् स्वं च घटं च सद्यः ।
  असद्ग्रहग्रस्तमतेस्तथैव,श्रुतात्प्रदत्तादुभयोर्विनाशः ॥

- असद्ग्रहाग्निज्वलितं यदन्तः, क्व तत्र तत्त्वव्यवसायवल्लिः ।
  प्रशांतिपुष्पाणि हितोपदेशफलानि चान्यत्र गवेषयन्तु ॥
- कुतर्कदात्रेण लुनाति तत्त्ववल्लीं रसात्सिंचति दोषवृक्षम् ।
  क्षिपत्यधः स्वादुफलं शमाख्यमसद्ग्रहछन्नमतिर्मनुष्यः ॥

- असद्ग्रहग्रावमये हि चित्ते, न क्वापि सद्भावरसप्रवेशः ।
  इहांकुरश्चित्तविशुद्धबोधः सिद्धांतवाचां बत कोऽपराधः ॥
- स्थालं स्वबुद्धिः सुगुरोश्च दातुरुपस्थिता काचन मोदकाली ।
  असद्ग्रहः कोऽपि गलेग्रहीता, तथापि भोक्तुं न ददाति दुष्टः ॥

- जीयमानेऽत्र राज्ञीव चमूचरपरिच्छदः ।
  निवर्तते स्वतः शीघ्रं कुतर्कविषमग्रहः ॥

- સૂત્રો જેમાં અમલ જલ છે અર્થ ગંભીર મીઠા,
  સિદ્ધાન્તોના પ્રબળ ઊછળે જ્યાં તરંગો ગરીઠા,
  યુક્તિરૂપી સરસ સરિતા સંગમસ્થાન યત્ર,
  ચારૂ એવો શ્રુતજલનિધિ વર્ણવા કોણ શક્ત ?
  ધીમંતોની પણ મતિગતિ તાગ જેનો ન લાવે,
  બુદ્ધિ જેમાં બુધ જન તણી ક્યાંય નિરુદ્ધ થાવે,
  દેખીને જ્યાં ગુણગણમણિ ચિત્ત થાયે પ્રસક્ત,
  ચારૂ એવો શ્રુતજલનિધિ વર્ણવા કોણ શક્ત ?

- यद्यप्यनन्तगमपर्ययार्थं हेतुनयशब्दरत्नाढ्यम् ।
  सर्वज्ञशासनपुरं प्रवेष्टुमबहुश्रुतैर्दुःखम् ॥
- श्रुतबुद्धिविभवपरिहीणकस्तथाप्यहमशक्तिमविचिन्त्य ।
  द्रमक इवावयवोञ्छकमन्वेष्टुं तत्प्रवेशेप्सुः ॥

- हितं हित्वाहिते स्थित्वा दुर्धीर्दुःखायसे भृशम् ।
  विपर्यये तयारेधि त्वं सुखायिष्यसे सुधीः ॥

- જન્મ મરણ વ્યાધિ જરા, રોગ શોક દુઃખવંત,
  ભવ જોતાંય ઉદ્વેગ ના,અતિ મોહથી લહંત,

- કલેશે વાસિત મન સંસાર, કલેશ રહિત મન તે ભવપાર,
- એવા જ્ઞાને રે વિઘન નિવારણે, ભોગ નહિ ભવહેત,
  નવિ ગુણ દોષ ન વિષય સ્વરૂપથી, મન ગુણ અવગુણ ખેત.

- बाधनेन वितर्काणां प्रतिपक्षस्य भावनात्तथा ।
  योगसौकर्यतोऽमीषां योगाङ्गत्वमुदाहृतम् ॥
- पापामयौषधं शास्त्रं शास्त्रं पुण्यनिबन्धनम् ।
  चक्षुः सर्वत्रगं शास्त्रं शास्त्रं सर्वार्थसाधनम् ॥

- वेदान्यशास्त्रवित् क्लेशं, रसमध्यात्मशास्त्रवित् ।
भाग्यभृद् भोगमाप्नोति, वहते चन्दनं खरः ॥

- દેહ છતાં જેની દશા, વર્તે દેહાતીત,
તે જ્ઞાનીના ચરણમાં, હો વંદન અગણિત.

- કષ્ટ કરો સંયમ ધરો ગાળો નિજ દેહ,
જ્ઞાન દશા વિણ જીવને, નહિ કઠિન કર્મનો છેહ.

- चंचलं हि मनः कृष्ण ! प्रमाथि बलवत् दृढम् ।
तस्याहं निग्रहं मन्ये वायोरिव सुदुष्करम् ॥

- असंशयं महाबाहो ! मनो दुर्निग्रहं चलम् ।
अभ्यासेन तु कौन्तेय ! वैराग्येण च गृह्यते ॥

- એમ જાણીને જ્ઞાનદશા ભજી, રહીએ આપ સ્વરૂપ,
પરપરિણતિથી રે ધર્મ ન છોડીએ, નવિ પડિએ ભવકૂપ,
ઘરને અપને વાલમ કહો રે, કોણ વસ્તુકી ખોટ ?
ફોગટ તદા કિમ લીજીએ પ્યારે, શીશ ભરમકી પોટ.

- पक्षपातो न मे वीरे, न द्वेषः कपिलादिषु ।
युक्तिमद्वचनं यस्य, तस्य कार्यः परिग्रहः ॥

- શબ્દભેદ ઝઘડો કિશ્યોજી ? જો પરમારથ એક,
કહો ગંગા કહો સુરનદીજી, વસ્તુ ફિરે નહિ છેક.

- ભિન્ન ભિન્ન મત દેખીએ, ભેદ દૃષ્ટિનો એહ,
એક તત્વના મૂળમાં, વ્યાપ્યા માનો તેહ,
દર્શન સકલના નય ગ્રહે, આપ રહે નિજ ભાવે રે,
હિતકરી જનને સંજીવની, ચારો હિ ચરાવે.

- परलोकविधौ शास्त्रात् प्रायो नान्यदपेक्षते ।
आसन्नभव्यो मतिमान् श्रद्धाधनसमन्वितः ॥
तस्मात् सदैव धर्मार्थी शास्त्रयत्नः प्रशस्यते ।
लोके मोहान्धकारेऽस्मिन्शास्त्रालोकः प्रवर्तकः ॥

- एवं तत्त्वव्यवस्थित्या स्वं व्यवस्थापयत् स्वयम् ।
  आलंब्य शासनं जैनमनेकांतो व्यवस्थितः ॥
  इमां समक्षं प्रतिपक्षसाक्षिणामुदारघोषामुद्घोषणां ब्रुवे ।
  न वीतरागात्परमस्ति दैवतं न चाप्यनेकान्तमृते नयस्थितिः ॥

- સ્યાદ્વાદી વસ્તુ કહીજે, તસુ ધર્મ અનંત લહીજે,
  સામાન્ય વિશેષનું ધામ, તે દ્રવ્યાસ્તિક પરિણામ,
  અનંત ધર્માત્મક વસ્તુ અત્ર સ્યાદ્વાદનું શાસન એક છત્ર,
  સ્યાદ્વાદ મુદ્રા જન જેહ લોપે, સર્વસ્વ તેનું નૃપ તેજ કોપે,
  રામ કહો રહેમાન કહો કોઉ, કાન કહો કોઉ કૃષ્ણ કહોરી
  ઈશ્વર અલ્લા તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન !

- ષડ્ દરશન જિન અંગ ભણીજે, ન્યાસ ષડંગ જો સાધે રે,
  નમિ જિનવરના ચરણ ઉપાસક ષડ દરશન આરાધે રે.
  વળતું જગગુરૂ ઈણી પરે બોલે, પક્ષપાત સવિ છંડી,
  રાગ-દ્વેષ મોહ પખ વર્જિત, આતમશું રઢ મંડી.
  આતમ ધ્યાન ધરે જો કોઊ, સો ફિર ઈણમેહ નાવે,
  વાગ્જાલ બીજું સહુ જાણે, એહ તત્ત્વ ચિત્ત લાવે.
  જિન સુરપાયપ પાય વખાણું, સાંખ્ય જોગ દોય ભેદે રે,
  આતમ સત્તા વિવરણ કરતાં, લહો દોય અંગ અખેદે રે.
  ભેહ અભેહ સૌગત મીમાંસક, જિનવર કર દોય ભારી રે,
  લોકાલોક અવલંબન ભજીએ, ગુરૂગમથી અવધારી રે...
  લોકાયતિક કૂખ જિનવરની અંશ વિચાર જો કીજે રે,
  તત્ત્વવિચાર સુધારસ ધારા, ગુરૂગમ વિણ કિમ પીજે રે ?
  જૈન જિનેશ્વર વર ઉત્તમ અંગ અંતરંગ બહિરંગ રે,
  અક્ષર ન્યાસ ધુરિ આરાધક, આરાધે ધરી સંગે રે.

- एक एव तु मार्गोऽपि तेषां शमपरायणः ।
  अवस्थाभेदभेदेऽपि जलधौ तीरमार्गवत् ॥
  चित्रा तु देशनैतेषां स्याद्विनेयानुगुण्यतः ।
  यस्मादेते महात्मानो भवव्याधिभिषग्वराः ॥

- આશા ઓરનકી ક્યા કીજે જ્ઞાન સુધારસ પીજે
  ભટકે દ્વાર દ્વાર લોકન કે કુક્કર આશા ધરી
  આશા દાસકી જે જાયે, તે જન જગકે દાસ

- भवबीजाङ्कुरजनना रागाद्याः क्षयमुपागता यस्य ।
  ब्रह्मा वा विष्णुर्वा हरो वा जिनो वा नमस्तस्मै ॥

- અજ્ઞાની નિજ છંદે ચાલે, તસ નિશ્રાએ વિહારી,
  અજ્ઞાની જો ગચ્છને ચલવે, તે તો અનંત સંસારી રે જિનજી...
  જિમ જિમ બહુ શ્રુત બહુ જનસંમત, બહુ શિષ્યે પરિવરિયો,
  તિમ તિમ જિનશાસનનો વૈરી, જો નવિ નિશ્ચય દરિયો રે જિનજી...
  સમભાષી ગીતાર્થ નાણી આગમ માંહે લહીયે રે,
  આતમ ચરણથી શુભમતિ સજ્જન કહો તે વિણ કેમ રહિયે રે.

- શિવ શંકર જગદીશ્વર, ચિદાનંદ ભગવાન લલના...
  જિન અરિહા તીર્થંકરું, જ્યોતિરૂપ અસમાન
  એમ અનેક અનેક અભિધા ધરે રે અનુભવ ગમ્ય વિચાર લલના...
  જે જાણે તેહને કરે રે, આનંદઘન અવતાર રે લલના....

- મોહભાવ ક્ષય હોય જ્યાં, અથવા હોય પ્રશાંત,
  તે કહીયે જ્ઞાનદશા, બાકી બીજી ભ્રાંત,
  સકલ જગત્ તે એકવત્, અથવા સ્વપ્ન સમાન,
  તે કહીયે જ્ઞાની દશા, બાકી વાચા જ્ઞાન.

# (૧૪) સમ્યક્તપ-પદ

આપણે પૂર્વે જોયું કે સમ્યગ્દર્શનાદિ રત્નત્રયીની આરાધનાથી તેમને જ મોક્ષ પ્રાપ્ત થાય છે જેઓ તે આરાધનામાં લાગતાં દોષોની તપ-ધર્મથી પૂર્ણ શુદ્ધિ કરે છે. આ રીતે શુદ્ધ થએલી રત્નત્રયીથી જ મોક્ષ પ્રાપ્ત થાય છે.

આ ઉપરથી સમજાશે કે નવપદમાં સૌથી વધુ મહત્ત્વનું પદ તે તપ-પદ છે.

## બાહ્ય અને અભ્યન્તર તપ

આ તપના બાહ્ય અને અભ્યન્તર બે ભેદ પડે છે. દરેકના છ પ્રકાર છે. બાહ્ય એવા શરીરને લગતાં હોવાથી અથવા બાહ્ય (લૌકિક) ધર્મોને પણ જે તે સ્વરૂપે તપ તરીકે માન્ય હોવાથી અનશન વગેરે છ તપને બાહ્ય-તપ કહેલ છે. જે અભ્યન્તર એવા આત્માને સીધા સ્પર્શે છે અને અભ્યન્તર (લોકોત્તર) ધર્મ જિનધર્મમાં જ તપ તરીકે સુપ્રસિદ્ધ છે તે પ્રાયશ્ચિત્ત વગેરે છ પ્રકારનો અભ્યન્તર તપ કહેવાય છે.

બાહ્યતપની કર્મક્ષયની તાકાત કરતા અભ્યન્તર તપની તે તાકાત અતિ વધુ છે. લોકદષ્ટિએ બાહ્ય તપનું વિશેષ મૂલ્ય છે. લોકોત્તર દષ્ટિએ અભ્યન્તર તપનું વિશેષ મૂલ્ય છે. આમ છતાં અભ્યન્તર તપને સિદ્ધ કરવાની ભૂમિકા પ્રાયઃ બાહ્ય તપના સેવનથી થતી હોવાથી લોકોત્તર દષ્ટિએ બાહ્યતપનું પણ મૂલ્ય ઓછું તો નથી જ.

## અનશનના બાહ્ય ફાયદાઓ

અનશન (ઉપવાસાદિ) કરવાથી દેહના વાત, પિત્તાદિ દોષો ક્ષીણ થવાથી, ખાવા-પીવાની, શૌચાદિ જવાની, માંદા પડવાની, અકાળે ઘરડા થવાની આફતોમાંથી મુક્તિ આપતો હોવાથી બાહ્ય તપ ઓછો ગુણકારી તો નથી જ.

જેટલો આહાર ઘટે તેટલી ઉંઘ ઘટે, તેટલી યોગસાધના વધે, શુદ્ધિ વધે.

જેને શુદ્ધિની સાધના કરવી છે તેણે તો શક્ય તેટલા વધુ ઉપવાસમાં, આયંબિલ આદિમાં રહેવું જ રહ્યું. આમ થાય તો જ ઉપર જણાવ્યા મુજબ

સમયનો બગાડ ઓછો થાય. તેથી સ્વાધ્યાયાદિ સુંદર થાય. ઉત્તમ કોટિનું સંયમ પળાય.

આ અવસર્પિણીકાળના તારક તીર્થંકરદેવોમાં પરમાત્મા આદિનાથે એક હજાર વર્ષના સાધનાકાળમાં ઘણો સમય બાહ્ય-તપમાં વીતાવ્યો હતો. તેમાં તેર માસના તો તેમણે લાગટ ઉપવાસ કર્યા હતા. પરમાત્મા મહાવીરદેવે સાડાબાર વર્ષના સાધનાકાળમાં સાડા અગીઆર વર્ષથી વધુ સમય નિર્જળ ઉપવાસો કર્યા હતા. આ બાહ્ય-તપ તેમની આંતરસાધનામાં (અભ્યન્તર-તપમાં) અત્યન્ત સહાયક નીવડ્યો હતો.

આચારાંગ સૂત્રમાં અનેક સ્થળે પ્રભુ-વીરને તપસ્વી તરીકેનું વિશેષણ લગાડીને જાણે કે મુમુક્ષુઓને એ વાત કાનમાં કરી છે કે અભ્યન્તર-તપની મહાનતા જાણીને બાહ્ય-તપને ગૌણ કરી દેવાનું કામ કરશો નહિ. સ્વાધ્યાયાદિના ઓઠાં નીચે વિગઈઓનો મારો ચલાવશો નહિ !

જેટલી આહારશુદ્ધિ રહે તેટલી જ સત્વશુદ્ધિ થાય. જેટલી સત્વશુદ્ધિ થાય તેટલી જ્ઞાનશુદ્ધિ થાય. તે જ્ઞાન સ્થિર થાય. (आहारशुद्धौ सत्वशुद्धिः, सत्वशुद्धौ ध्रुवा स्मृतिः)

## શરીર જ મોટો શત્રુ

ખરા મહાત્માઓ તો દીક્ષા લેતાંની સાથે જ શરીર સાથે લડવાનું કામ શરૂ કરી દે છે, કેમકે તેમને ગુરૂગમથી જાણવા મળ્યું છે કે આ સંસારમાં પરિભ્રમણ કરવામાં સૌથી મોટો ભાગ દેહે (દેહાસક્તિએ) ભજવ્યો છે. આથી આ જ આપણો સૌથી મોટો દુશ્મન છે.

મોટો દુશ્મન સામે આવી જાય પછી નાના દુશ્મનો સાથેની લડાઈ પડતી મૂકવી એમાં જ બુદ્ધિમત્તા છે.

જેણે દેહની ઉપર જીત મેળવી (બાહ્ય તપ દ્વારા) તેણે ઈન્દ્રિયો (રસ) ઉપર જીત મેળવી, તેણે મન ઉપર જીત મેળવી. સૌથી વધુ કાતીલ દેહની સુખશીલતા છે. એ જીતાઈ જાય તો રસલંપટતા અને મનચંચળતાને કાબૂમાં લાવવાનું કામ

ઘણું કઠિન રહેતું નથી. કહ્યું છે કે ભાઈ જગતને જીત્યો કોણ ? તો કે જેણે રસ જીત્યો તેણે જગત્ આખું જીતી લીધું ! (जितं केन ? रसो हि येन)

જે કાંઈ આપણું ધાર્યું થતું નથી, જે દુરારાધ્ય છે તે બધું તપથી સાધ્ય છે. તપને ઓવર-ટેઈક કરવાની તાકાત કોઈમાં નથી.

यद्दूरं, यद्दूराराध्यं, यच्च दूरे व्यवस्थितं ।

तदपि तपसा साध्यं, तपो हि दूरतिक्रमम् ॥

## તપ શા માટે ? કેવો તપ કરવો ?

પણ સબૂર ! તપ દેહનાશ માટે નથી : વાસનાનાશ માટે છે. હા, વાસનાનાશના ઉદ્દેશથી તપ કરવા જતાં દેહ દુર્બળ થાય તો તેની ચિન્તા કરવી નહિ. પણ તપ કરનારે વાસનાનાશનો સંકલ્પ તો કરવો જ જોઈએ, અન્યથા દેહનાશ થશે, વાસનાનાશ બિલકુલ નહિ થાય. અન્તતો ગત્વા, એવો તપ જગતમાં વગોવાશે.

જ્ઞાનીઓએ કહ્યા મુજબની મર્યાદાપૂર્વક જો તપ થાય તો વગોવણીનો કોઈ સવાલ જ આવે નહિ. તેમણે કહ્યું છે કે, તેટલો જ તપ કરવો જેમાં કોઈ પણ પ્રકારનું આર્ત્તધ્યાન ન થાય, જેમાં પ્રતિક્રમણાદિ તમામ ક્રિયાઓ અપ્રમત્તભાવે કરી શકાય, જેનાથી પાંચ ઈન્દ્રિયો ક્ષીણ ન થઈ જાય.

तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत् ।

यत्र योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि वा ॥

ઈચ્છાનિરોધ એ પણ બહુ મોટો તપ છે. માતાપિતા કે ગુરૂની આજ્ઞાનું પાલન કરવામાં પોતાની કોઈ સારી પણ ઈચ્છાનો રોધ કરવો પડે તો તે પણ તપ જ કહેવાય. આ તપ તો ખાઈ-પીને પણ કરી શકાતો હોવા છતાં તે કરવો ખૂબ મુશ્કેલ છે, કેમકે સામાન્યતઃ જીવ સ્વતન્ત્ર મિજાજી (સ્વચ્છંદી) રહેવાનું વધુ પસંદ કરતો હોય છે.

મુનિઓએ વિશેષતઃ ઉપવાસાદિ તપમાં જે રહેવાનું છે તેમાં માત્ર વાસનાનાશ (સ્વની અહિંસા) કારણભૂત નથી પરન્તુ પરહિંસાનો ત્યાગ પણ

કારણભૂત છે. આધાકર્મ આદિ દોષોના સેવનમાં જીવહિંસાનું પ્રમાણ પણ પુષ્કળ છે. બેશક, પરજીવહિંસા કરતાં કામ, ક્રોધાદિ વાસનાઓ દ્વારા સ્વહિંસા અતિ વધુ ભયાનક છે. બે ય હિંસા સામે આવીને ઉભી રહે તો પરહિંસાને ગૌણ કરવી પણ સ્વહિંસા તો ન જ કરવી. પરહિંસામાં અપવાદ છે. તે ક્યારેક (ના છૂટકે) કરી પણ શકાય પરન્તુ સ્વહિંસા (સ્વગુણહિંસા) તો અપવાદે પણ ન કરી શકાય, કેમકે તે કરવાથી ભવભ્રમણ વધે, જેમાં પરહિંસા પણ પુષ્કળ થવા લાગે.

ફળોના સેવનમાં આસક્તિ (રસ) વધુ પેદા થવાના કારણે જ્ઞાનીઓએ તેના ઉપભોગનો નિષેધ કર્યો છે. છેદગ્રન્થોમાં કહ્યું છે કે કોઈ એવા ગામમાં સાધુ જઈ ચડે જ્યાં બધા લોકો માત્ર ફળોનું સેવન કરતા હોય ત્યાં તેણે ઉપવાસ કરવો અને બીજે દિ' ત્યાંથી વિહાર કરી દેવો. પણ કોઈ આગાઢ કારણસર બીજે દિ' પણ ત્યાં રોકાઈ જવાની ફરજ પડે તો બીજે દિ' પણ ઉપવાસ કરવો. એમ જો છ માસ સુધી ત્યાં રોકાવવાની ફરજ પડે તો છ માસ સુધી નકરા ઉપવાસ કરવા, પણ ફળો તો નહિ જ વાપરવા. ફળરસ પીવો પડે તો ય રસથી તો નહિ જ પીવો.

હવે જો હજી પણ આગળ રોકાણ કરવું પડે તો ૧૮૧મા દિવસે ફળ વાપરવાની છૂટ, ફળોનો રસ વાપરવાની છૂટ પણ આવા અપવાદ માર્ગે ફળોના રસ વાપરતી વખતે તે રસ, રસથી(ટેસ્ટથી : આસક્તિથી) વાપરવાની તો છૂટ નહિ જ. આસક્તિ સેવવા માટે અપવાદ નથી. અપવાદ એ માર્ગ છે, જ્યારે આસક્તિ એ પોતે જ ઉન્માર્ગ છે.

તારકોએ કોઈ પણ વસ્તુના સેવનની એકાન્તે આજ્ઞા નથી કરી કે એકાન્તે નિષેધ નથી કર્યો. માત્ર એક જ વાતની એકાન્તે આજ્ઞા કરી છે કે આસક્તિ તો નહિ જ સેવવાની. (कज्जे सच्चेण होअव्वं)

આ જ કારણસર બ્રહ્મચર્ય વ્રત નિરપવાદ કહ્યું છે, કેમકે અબ્રહ્મનું સેવન આસક્તિ વિના સંભવતું નથી અને આસક્તિમાં કોઈ અપવાદ નથી.

# આંબિલની મહાનતા

ભોજન એ શત્રુનું ઘર છે.

આંબિલ એ મિત્રનું ઘર છે.

જ્યારે ઉપવાસ એ પોતાની માલિકીનું ઘર છે.

ઉપવાસમાં રહેનારને કોઈ મુશ્કેલી ન પડે છતાં સદાના ઉપવાસી બની શકાય નહિ તેથી છેવટે કાયમ આંબિલ કરવું જોઈએ. કઠોળમાં દૂધ-ઘી કરતાં પણ વધુ શક્તિ છે. કદાચ દૂધ-ઘીમાં વધુ શક્તિ હોય તો ય તે શરીરને ભોગક્ષમ કરવા માટેની શક્તિ છે, અબ્રહ્માદિના સેવનમાં તગડા કરવાની શક્તિ છે જે શક્તિ રાક્ષસી છે. કઠોળની શક્તિ જીવતાં રાખીને દેહને ટકાવી રાખે છે, વાસનાઓને શાન્ત રાખે છે. રોજીંદા વ્યવહારમાં કોઈ વાંધો આવતો નથી. લાંબા ગાળા સુધી આંબિલ કરનારાનો દેહ અત્યન્ત નિરોગી રહે છે. તેવાઓને દુર્બળતા કે આંખની અન્ધતા વગેરે કશુંક જણાતું હોય તો તેમની આંબિલમાં થતી ભૂલ-મીઠું, મરી વગેરે લેવાની, વધુ પ્રમાણમાં લેવાની, વધુ પડતું દાબીને ખાવા વગેરે-ના કારણે છે.

મીઠું પોતે જ સૌથી વધુ વાસનાજનક છે. લાગટ છ માસ સુધી મીઠાંનો સદંતર ત્યાગ કરનાર આત્મા છ વિગઈઓ વાપરે તો ય તેની કામવાસના શાન્ત રહે છે. કાચો ગોળ, કાજુ, અડદ અને મીઠું તો મુમુક્ષુ આત્માઓએ બને તેટલા વધુ-સદંતર-ત્યાગવા જોઈએ.

અમદાવાદની ભંડેરી પોળના સંત સરયૂદાસજીએ આયના ઉપર ઘીથી લથપથ લાપસી ચોપડીને અને પછી તેને સૂકા રોટલાથી સાફ કરવા દ્વારા આયનો ચમકતો કરીને તે બે ય સ્થિતિ સંતોને બતાડીને સાબિત કરી આપ્યું હતું કે વિગઈઓના સેવનવાળાને આત્મા ક્યાંય દેખાતો નથી. રૂક્ષભોજનમાં જ આત્મસાક્ષાત્કાર થઈ શકે છે.

## મોક્ષની શોર્ટ કટ : તપ

મુમુક્ષુએ જલદીમાં જલદી મોક્ષ પામવો હોય તો આ તપયોગ છે. હા, તપયોગ એ ખૂબ કઠિન વસ્તુ છે. પરન્તુ જ્યારે શરીરને જ આત્મા માની લઈને બેફામ ભોગરસ આ જીવે કેળવ્યો છે ત્યારે તે શરીરને દેહથી જુદો માત્ર માનવાનો નથી પરન્તુ તે રીતનો અનુભવ પણ કરવો જ રહ્યો. જે શરીરને જ આત્મા માને છે તે તપ કરીને તેને કદી દુઃખી થવા નહિ દે. આ તપ કરવાની તાકાત તેની જ છે જે સ્વથી જુદી વસ્તુ માને છે.

આ માન્યતાને સાચી ઠરાવે છે, તપયોગ.

બાકી, તપ કઠણ પડતો હોય તો મોક્ષ પામવાનો આ શોર્ટ કટ છોડીને તેણે મોક્ષની સરળ-કટ પકડવી. તે છે, ભક્તિયોગ.. અને મોક્ષ પામવાની શ્રેષ્ઠ કટ તો છે, જ્ઞાનયોગ... પરન્તુ વિરલ આત્માઓ જ તેને પામી શકે.

ઉત્તરાધ્યયનસૂત્રકારે તો આત્મદમન ઉપર ખૂબ ભાર મૂક્યો છે. દેહદમન વિના ધર્મની શરૂઆત થઈ શકતી નથી. 'देहदुःखं महाफलं' નું સૂત્ર આત્મસાત્ કર્યા વિના ઝટપટ મોક્ષની તાલાવેલી સફળ બની શકતી નથી.

છ બાહ્યતપની સાથે છ અભ્યન્તર તપ કેવી રીતે સમન્વય પામે છે ? તે આપણે પૂર્વે સિદ્ધપદના વિવરણમાં જોયું છે.

વળી આહારાદિ પર્યાપ્તિઓ (ક્રમથી ગોઠવીને) સાથે છ આવશ્યકો (ઊંધી રીતે ગોઠવીને) કેવો સંબંધ ધરાવે છે ? તે ય આપણે ત્યાં જોયું છે.

## બાર તપમાં જીવનવિકાસના આઠ પગથીઆં

અહીં બારે ય તપમાં ગોઠવાએલી વિકાસની સાધનાને સંક્ષેપમાં જોઈએ.

અનશન, ઉણોદરી અને દ્રવ્યત્યાગ આ ત્રણ બાહ્ય તપો છે. આનાથી મુખ્યત્વે દેહદમન થાય છે. એકલા ઉપવાસાદિ અનશન કરતાં ય નિત્ય ઉણોદરીનો તપ કરવો એ ખૂબ કઠિન છે. એમાંય રોજ બધા દ્રવ્યો વાપરવાને બદલે અમુક જ દ્રવ્યો વાપરવા તે વૃત્તિસંક્ષેપ નામનો તપ પણ સરળ નથી. ટૂંકમાં આ ત્રણ તપ બાહ્ય તોફાની દેહ રૂપ ઘોડાને કહ્યાગરો બનાવવામાં મહત્વનો ભાગ ભજવે

છે. આ રીતે દેહ દ્રવ્યત્યાગની તાલીમ પામે છે.

ત્યાર બાદ રસત્યાગ એટલે કે વિગઈત્યાગ રૂપ ચોથો તપ આવે છે. આહારના દ્રવ્યોનો ત્યાગ પહેલા ત્રણ તપથી કર્યો. હવે આહારની સંજ્ઞાનો (રસનો : આસક્તિનો) ત્યાગ આવ્યો. આહારત્યાગ કરતાં ય આહારસંજ્ઞાત્યાગ વધુ કઠિન છે. માસખમણનો ઘોર તપ કરી શકતા આત્માઓ પારણાના દિવસે આહારસંજ્ઞાની સંપૂર્ણ શરણાગતિ સ્વીકારી લેતા પ્રાયઃ જોવા મળે છે. વસ્તુતઃ આહારનો ત્યાગ (અનશનરૂપે, ઉણોદરીરૂપે કે દ્રવ્યોના સંક્ષેપરૂપે) પણ આહારની સંજ્ઞાના ત્યાગ-અણાહારી પદની પ્રાપ્તિ-માટે જ કરવાનો છે. જો માસખમણ કરીને ય સંજ્ઞા જાય નહિ તો તે અતિ દુઃખની વાત ગણાય, માસખમણનો ઘોર તપ નિષ્ફળ ગયો કહેવાય. સાચું માસખમણ તે છે જેના પારણે તપસ્વીને ફરી ખાવાના દિવસો શરૂ થવાના વિચારે આંખે આંસુ આવી જાય ! જેમ સાધુના બ્રહ્મચર્યાદિની પરીક્ષા પરલોકે સ્વર્ગમાં દેવીઓના સુંવાળા સાન્નિધ્યમાં છે, જેમ ધર્મીના ધર્મની પરીક્ષા દુઃખના દિવસોમાં છે તેમ તપસ્વીના તપની પરીક્ષા પારણામાં છે. જે પારણામાં એકદમ અનાસક્ત રહે છે તે જ સાચો તપસ્વી છે.

વજ્રસ્વામીજી જ્યારે બાળ મુનિ હતા ત્યારે બે વખત દેવોએ તેમને રસનેન્દ્રિયના વિષયમાં લોભાવ્યા હતા પરન્તુ તેમણે તેમાં જીત મેળવી હતી. યુવાન થયા ત્યારે રૂક્મિણીના રૂપે તાણી જવાની કર્મરાજાએ જાળ બિછાવી હતી પણ તેમાં ય પાર ઊતરી ગયા. અન્તિમ સમયે ધગધગતી શિલા ઉપર અનશન કરીને દેહાધ્યાસની કસોટીમાંથી ય પાર ઊતરી ગયા.

સ્વપુરૂષાર્થે અનશન, ઉણોદરી અને દ્રવ્યત્યાગનો બાહ્ય તપ કરી શકાય પણ રસત્યાગની જો સિદ્ધિ મેળવવી હોય તો રસવિજેતા પરમાત્માના ધ્યાન વિના તે મળી શકતી નથી એમ ગીતામાં કહ્યું છે. ભૂખ્યા રહેવું અને અનાસક્ત રહેવું એ બે તદ્દન જુદી વાત છે. અનાસક્ત રહેવું-સંજ્ઞાઓ જ મટાડી દેવી-એ જ મોટી વાત છે. આ આત્માઓ ખાવા છતાં ઉપવાસી છે, વિષયભોગ ભોગવવા છતાં બ્રહ્મચારી છે, સંસારી-વેષે સાધુ છે.

બે વાત થઈ : આહારત્યાગ (ત્રણ બાહ્ય તપથી) અને રસત્યાગ (ચોથા તપ સ્વરૂપ).

આનાથી પણ કઠિન દેહના મમત્વનો ત્યાગ છે. આહાર ત્યાગી શકાય, વિગઈઓ ત્યાગી શકાય અને હંમેશના આંબિલ કરી શકાય પણ દેહની સુખશીલતા ત્યાગવી એ તો બહુ કઠણ વાત છે. આ માટે છેલ્લા બે બાહ્ય તપ કરવા જોઈએ : કાયક્લેશ (દેહ-દમન, લોચ વગેરે) અને સંલીનતા (યોગાસનાદિથી). જ્યારે આહારત્યાગ (૧થી૩), રસત્યાગ (૪) અને દેહાધ્યાસત્યાગ (૫-૬) બરોબર સિદ્ધ થાય ત્યારે છ અભ્યન્તર તપમાં પ્રવેશ કરાય.

આમાં સહુથી પહેલું સ્વદોષદર્શન આવે. ભૂતકાળમાં કરેલા પાપોનું દર્શન કરીને તેની ઉપર તીવ્ર પશ્ચાત્તાપ, વર્તમાનમાં તેનું ગુરૂ પાસે પ્રાયશ્ચિત્ત, ભવિષ્યમાં તે પાપો નહિ કરવાનું પચ્ચક્ખાણ-આ ત્રણ વિભાગવાળું સ્વદોષદર્શન છે. પોતાની મેલી ચાદર ધોયા વિના તો આધ્યાત્મિક વિકાસમાં વિશિષ્ટ પ્રગતિ શક્ય જ નથી. દઢપ્રહારી, ગોશાલક, યમુન-રાજા, ચંડકૌશિક વગેરેએ કેટલું બધું તીવ્ર સ્વદોષદર્શન કર્યું હતું ! આથી જ તેમના ખૂંખાર પાપો નબળા પડી શક્યા હતા !

અભ્યન્તર તપનો પહેલો તપ સ્વદોષદર્શન સ્વરૂપ પ્રાયશ્ચિત્ત છે.

આ પછી પરગુણદર્શનરૂપ વિનય-તપ સેવવાનો છે. જ્યાં અહંકાર છે ત્યાં પરદોષદર્શન છે, જ્યાં નમસ્કાર છે ત્યાં સ્વદોષદર્શન છે અને અન્યના ગુણોનું પરગુણ-દર્શન છે.

વિનયી આત્મા જ પરગુણદર્શન કરે. વિનય પોતે જ પરગુણદર્શનસ્વરૂપ છે. બીજા આત્માઓમાં ગુણોનું દર્શન થાય તો જ તેમને નમસ્કાર કરી શકાય. વિનયગુણ કેળવ્યા વિના એક પણ ગુણ જીવનમાં સારી રીતે સંક્રાંત થઈ શકતો નથી.

પણ આટલાથી કાંઈ આત્માનો પૂર્ણવિકાસ થાય નહિ. તેનો પૂર્ણવિકાસ તો ત્યારે જ કહેવાય જ્યારે આત્મા સમાધિસ્થ બની જાય. સમાધિસ્થ તે જ બની શકે જે શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિથી યુક્ત સ્વાધ્યાયથી યુક્ત હોય, જેણે સ્વાધ્યાયથી સ્વરૂપરમણતા પ્રાપ્ત કરી હોય.

આવી સ્વરૂપમાં રમણતા તે જ પામી શકે જે આત્મા ઈન્દ્રિયોની-પરપદાર્થોની સહજ રમણતામાંથી છૂટી ગયો હોય. આ કામ ખૂબ અઘરું છે. પણ આ કાર્ય વૈયાવચ્ચ ગુણ ખીલવવાથી સહેલું બની જાય છે. આ વૈયાવચ્ચ (સેવા) પણ તેમની કરવાની છે જેઓ પોતે જ ઈન્દ્રિયરમણ નથી. એવા આત્માઓ ચાર છે : બાળ, વૃદ્ધ, ગ્લાન અને તપસ્વી. આ ચાર પ્રકારના આત્માઓની વૈયાવચ્ચ કરવાથી તેમની જેમ આપણામાં ઈન્દ્રિયરમણતાનો ત્યાગ આવી જાય છે.

આ ચારની વૈયાવચ્ચ ન કરવારૂપ અતિચારની અતિચાર-સૂત્રમાં ક્ષમા માંગવામાં આવે છે.

એટલે પહેલા બે અભ્યન્તર તપથી-પ્રાયશ્ચિત્ત અને વિનયથી- સ્વદોષદર્શન અને પરગુણદર્શન થયું. હવે ત્રીજા વૈયાવચ્ચ નામના અભ્યન્તર-તપથી ઈન્દ્રિયરમણતા ગઈ. આ પછી ચોથા અભ્યન્તર તપ- સ્વાધ્યાયથી સ્વરૂપરમણ થતાં વાર ન લાગે.

એ પછી ધ્યાન (મનનું) અને કાયોત્સર્ગ (મનાદિ ત્રણેયનો) ઉત્તરોત્તર ચડીઆતા તપો છે. તેમના દ્વારા સમાધિસ્થ બનાય.

આમ બાર પ્રકારના તપમાં આપણે વિકાસના આઠ પગથીઆં (અષ્ટાપદના આરોહણના આઠ પગથીઆ જેવા) જોયા.

૧) પહેલા ત્રણ તપથી આહારત્યાગ.

૨) ચોથા નંબરના તપથી સંજ્ઞા(રસ) ત્યાગ.

૩) પાંચમા અને છટ્ઠા નંબરના તપથી દેહાધ્યાસત્યાગ.

૪) સાતમા તપથી સ્વદોષદર્શન.

૫) આઠમા નંબરના તપથી પરગુણદર્શન.

૬) નવમા નંબરના તપથી ઈન્દ્રિયરમણતાત્યાગ.

૭) દસમા નંબરના તપથી સ્વરૂપરમણતાની પ્રાપ્તિ.

૮) અગીઆરમા અને બારમા નંબરના તપથી સમાધિસ્થતા.

ચાલો, આપણે માનવજીવનને કે મુનિજીવનને ધન્ય બનાવવા માટે જિનશાસનના સર્વસ્વસમા, સ્વરૂપસમા અને સર્વોત્કૃષ્ટસમા નવપદનું સ્વરૂપ સમજીએ, તેનું ચિંતન અને મનન કરીએ, પછી નવપદનું ધ્યાન કરીએ, નવપદને આપણા હૈયે પધરાવીએ, પછી નવપદમાં ક્યાંક આપણે સમાઈ જઈએ... બસ, આટલું થાય તો જીવન ખરેખર ધન્ય બની જાય. આથી વિશેષ આ કાળમાં બીજું થઈ પણ શું શકે ?

જિનાજ્ઞાવિરૂદ્ધ કાંઈ પણ લખાયું હોય તો મિચ્છા મિ દુક્કડં.

લખ્યા દિનઃ

૨૦૪૭ કા. સુ. એકમ

૧૯-૧૦-૯૦

**ઓ માતાઓ ! ઓ પિતાઓ !**

# તમારો લાડકવાયો

ઉચ્ચ શિક્ષણ સાથે સુસંસ્કાર મેળવે તેવું તમે ઈચ્છો છો ?

ઘડપણમાં તમારી સેવા કરે તેવું તમે ઈચ્છો છો ?

વડિલોનો વિનયી બને તેવું તમે ઈચ્છો છો ?

દેવ અને ગુરુનો ઉપાસક બને તેવું તમે ઈચ્છો છો ?

જિનશાસનનો સાચો શ્રાવક બને તેવું તમે ઈચ્છો છો ?

અને તમારા ઘરનો કુળદીપક બને તેવું તમે ઈચ્છો છો ?

**તો, તેને ત્રણ વર્ષ માટે તપોવનમાં પ્રવેશ આપવો જ રહ્યો.**

**તપોવન સંસ્કારપીઠ**

**મુ. અમિયાપુર,** પો. : સુઘડ, તા.જિ. ગાંધીનગર - ૩૮૨ ૪૨૪.

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૯૦૧, ૨૩૨૭૬૯૦૨

મોબાઈલ : ૯૪૨૬૦૬૦૦૯૩

## તમારાં વહાલાં બાળકોને છેવટે ત્રણ વર્ષ માટે તો 'તપોવન'માં મૂકો જ જૂન માસથી શરૂ થતું સત્ર

ચારે બાજુ વિકૃતિના વાયરા વીંઝાઈ રહ્યા છે. ખૂબ જ નાની-દસથી ચૌદ વર્ષથી જ બાળકોમાં ખરાબ સંસ્કારો પડવા લાગ્યા છે. 'ગંદું' કહેવાય તે બધું તેમના જીવનમાં પેસવા લાગ્યું છે. સમાજ તરફ સૂક્ષ્મ નજર કરતાં આ અતિ કડવું દર્શન કોઈ પણ સંસ્કૃતિપ્રેમીને થશે અને તે તીખી ચીસ પાડી દેશે. સંસારી જીવોની વહાલામાં વહાલી ચીજ તેમના સંતાનો ગણાય. જો તેમનું જ જીવનગુલાબ ખીલ્યું ન ખીલ્યું ત્યાં જ કરમાવા લાગે; તેમાં દોષોના કીડા પડવા લાગે અને કરમાઈ જાય તો એ મા-બાપોએ ક્યાં જવું ? ક્યાં રોવું ? શું આપઘાત કરી નાખવો ?

પોતાના ઘરમાં કે ગમે તેવાં બોર્ડિંગ વગેરેમાં રાખીને બાળકોને શિક્ષણ આપી શકાશે, પરંતુ સંસ્કારો તો નહિ જ આપી શકાય. ઘરમાં મા-બાપો જ ટી.વી. વગેરેથી સમયની બરબાદી કરતાં ચક્કરોમાં જ જો ફસાયા હોય અને બોર્ડિંગોના સંચાલકોને જ બાળ-સંસ્કરણ માટેની કોઈ ગંભીરતા ન હોય તો સંસ્કાર ત્યાં શી રીતે મળશે ?

તપોવનમાં ધાર્મિક અને વ્યાવહારિક - બન્ને પ્રકારનું શિક્ષણ છે. એ શિક્ષણ પણ ઊંચી ગુણવત્તાવાળું છે; પરંતુ તેની સાથોસાથ અહીં બાળકોના જીવનબાગમાં સુસંસ્કારોના છોડોનું વાવેતર કરવાનું કાર્ય તેમજ શારીરિક, શૈક્ષણિક, સામાજિક વગેરે રીતે સુવ્યવસ્થિત કરવાની સાથે તેને માનસિક અને આધ્યાત્મિક રીતે અત્યન્ત સુંદર બનાવવાનું સૌથી પ્રધાન લક્ષ છે. તે વડીલોનો અને દેવગુરુનો ભક્ત બને; સહુનો મિત્ર બને, જાતનો પવિત્ર બને... અને એ બધું બનીને એ શૂરવીર બને; **જેથી રાષ્ટ્રરક્ષા,**

**સંસ્કૃતિરક્ષા અને ધર્મરક્ષાનો એ સબળ યોદ્ધો બને એ જ આ તપોવનનું એકમાત્ર લક્ષ છે.** એનામાં ધાર્મિક્તા, માનવતા અને રાષ્ટ્રીયતા (રાષ્ટ્રદાઝ) જો લાવી ન શકાય તો તપોવનને નીચું જોવાનું થાય એવું તમામ કાર્યકરગણનું મંતવ્ય છે.

જો આ બધી વિચારણામાં અને એના આધારે ગોઠવાયેલા તપોવનના માળખામાં મા-બાપોને રસ પડતો હોય તો તેમનાં બાળકોને વિકૃતિઓનાં ઝંઝાવાતમાંથી ઉગારી લેવા માટે તપોવનમાં (ધોરણ ૫ થી ૧૨ની શાળા માટે) કમસે કમ ત્રણ વર્ષ માટે તો મૂકવાં જ જોઈએ. બાળક તો નાદાન છે. એના ભાવિના ઘડતરના આ કામમાં એને ક્યાંક અગવડતા પડે; એની ઘરેલું સ્વચ્છંદતાને અહીં પોષણ ન મળે તેથી તે તપોવનમાં દાખલ થવામાં અરુચિ બતાવે તો કઠણ કાળજાના બનીને પણ મા-બાપોએ બાળકોના સમગ્ર જીવનના હિતમાં તેને ઓછામાં ઓછું ત્રણ વર્ષનું સંસ્કરણ તપોવનમાં આપવાનો નિર્ણય કરવો જ જોઈએ.

## • યાદ રાખો •

**લાડમાં કે લાગણીમાં મા-બાપો તણાશે તો બાળકોના જીવનને આરંભમાં જ એવું મોટું નુકસાન થઈ જશે જે**

**જીવનભરમાં ભરપાઈ થશે નહિ; જેનાથી આખું કુટુંબ 'ત્રાહિમામ્' પોકારી જશે.**

**ના... હવે શા માટે ક્રિશ્ચ્યાનિટીનો જ પ્રચાર કરવાની નેમવાળી કોન્વેન્ટ-સ્કૂલમાં આપણાં બાળકો જાય ?**

**ધો. ૪ સુધી કોન્વેન્ટમાં ભણનારા બાળકોને તપોવનમાં જરૂર મૂકી શકાશે.**

**હવે તો માત્ર તપોવન એ જ આપણાં સંતાનોનો તરણોપાય.**

પ્રવેશ પહેલા
ઊનાળુ વેકેશન
શિબિરમાં મૂકો

પ્રવેશ પહેલા
ઊનાળુ વેકેશન
શિબિરમાં મૂકો

ટીન એજરોમાં વધતી જતી
ગુનાખોરીને ડામવાનો સમાજ માટે
એક માત્ર વિકલ્પ

# બે તપોવનોમાં પ્રવેશ

## તપોવનની વિશિષ્ટતા

* ધોરણ પાંચથી બારનું શૈક્ષણિક સંકુલ
* S.S.C. અને H.S.C. બોર્ડમાં TOP-TEN માં નંબર
* સ્કેટીંગ - કરાટે - યોગાસન - વક્તૃત્વ - અભિનય નૃત્ય સંગીત વગેરે અનેક શક્તિઓનો સર્વાંગીણ વિકાસ
* ૫૦ કમ્પ્યુટરો યુક્ત કમ્પ્યુટર સેંટરની અદ્યતન લેબ.
* ગુજરાતી માધ્યમ છતાં અંગ્રેજીમાં અસ્ખલિત બોલે તેવી તૈયારી માટે સ્પેશ્યલ અંગ્રેજીનાં સ્પોકન ક્લાસ.

## તપોવની બાળક

* મમ્મી-પપ્પાથી દૂર ગુરુકુલમાં રહીને અભ્યાસ કરતો હોવાથી જાતે નિર્ણયો લેતો નૈતિક હિંમતવાળો બને છે.
* ગમે તેવી પ્રતિકૂળ પરિસ્થિતિનો મુકાબલો કરવા માટે મજબૂત બને છે.
* મમ્મી-પપ્પાની સેવા કરનારો, વડીલોનો વિનયી બનશે.

સંપર્ક સૂત્ર

**તપોવન સંસ્કારપીઠ**

મુ. અમીયાપુર પો. સુઘડ જિ. ગાંધીનગર

ફોન : (૦૭૯) ૨૩૨૭૬૯૦૧-૨-૩

નવસારી તપોવન સંપર્ક
રમેશભાઈ ચાવાલા - ૯૮૨૫૧૧૮૩૪૫
પ્રવીણભાઈ - ૯૮૯૮૧૩૦૭૭૮

અમીયાપુર સાબરમતી
લલિતભાઈ - ૯૪૨૬૦ ૬૦૦૯૩
રાજુભાઈ - ૯૪૨૬૫ ૦૫૮૮૨

**ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના**

**સોપાન સર કરવાના લક્ષને વરેલા**

# તપાવનમા ભણતા બાળકો

**અતિથિઓને નમોનમઃ કરે છે.**

...રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટપ્રકારી જિનપૂજા કરે છે.

... રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શીખે છે.

...કોમ્પ્યુટર શીખે છે ...કરાટે શીખે છે...

...સ્કેટીંગ શીખે છે ...યોગાસન શીખે છે...

...સંગીતકળા શીખે છે... નૃત્યકળા શીખે છે...

...લલીતકળા શીખે છે ...ચિત્રકળા શીખે છે...

...વકતૃત્વકળા શીખે છે ...અભિનયકળા શીખે છે...

...અંગ્રેજીમાં Speech આપતાં પણ શીખે છે...

**માતાપિતાના સેવક બને છે.**

**પ્રભુના ભક્ત બને છે.**

**ગરીબોના બેલી બને છે.**

**પ્રાણીઓના મિત્ર બને છે.**

**શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.**

પૂ.પાદ પં. પ્રવરશ્રી ચન્દ્રશેખરવિજયજી મ.સાહેબના ચિંતનોથી ભરપૂર

# મુક્તિદૂત

## માસિક

**સંપાદક : ગુણવંત શાહ**

**સહસંપાદક : ભદ્રેશ શાહ**

**માસિકના ગ્રાહક બનવાથી આપશ્રીને**

- પૂજ્યશ્રીના પરોક્ષ સત્સંગનો લાભ મળશે.
- ૭૨ વર્ષના અનુભવોનો નિચોડ મળશે.
- ધર્મ-સંસ્કૃતિ-રાષ્ટ્ર રક્ષાના ઉપાયો જાણવા મળશે.

**થોડામાં ઘણુ જાણવાનું મળશે.**

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫૦૦/-

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫૦૦/-

પંચવાર્ષિક લવાજમ માત્ર રૂા. ૫૦૦/-

**લવાજમ ભરવાનું સ્થળ :**

**કમલ પ્રકાશન ટ્રસ્ટ**

૧૦૨/એ, ચંદનબાળા કોમ્પલેક્ષ,

આનંદનગર પોસ્ટ ઓફિસ પાસે, ભઠ્ઠા-પાલડી, અમદાવાદ-૭.

ફોન : ૨૬૬૦૫૩૫૫, ૨૬૬૪૧૫૫૮

